


વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૯મું
એપ્રિલ - ૨૦૧૪
અંક : ૪૩૧

મંગલ મંદિર ● એપ્રિલ-૨૦૧૪ ● ૧
(કુલ પાના : ૧૧૪)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

સંસદ ભવન - દિલ્હી

**આ અંકનું સૌજન્ય**
**શ્રી હરખચંદ કુંવરજી સાવલા, (તલવાણા-ગાંધીનગર) તરફથી પ્રાપ્ત થયેલ છે**

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ મહેતા

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી સાવલા [illegible]
શ્રી કચ્છી જૈન ભવન
[illegible] મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ - [illegible]
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 9060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

# એક અભૂતપૂર્વ સત્ય ઘટના

## ધન્ય ધરા ભુજપુરની – ધન્ય દીકરી ભુજપુરની
## ધન્ય સેવા ને ત્યાગભાવના ભુજપુરની વીરાંગનાની

ત્રણેક મહિના પહેલાં અચાનક મારી તબિયત ઘણી જ બગડી ગઈ હતી. મારે અનેક નિદાન-ચિકિત્સાઓ તથા પીડાઓમાંથી પસાર થવું પડ્યું હતું. શારીરિક-માનસિક કષ્ટો અને વ્યથાઓ પણ ઘણી સહન કરવી પડી હતી.

આવી યાતનામય સ્થિતિમાં એક અવસ્થા અતિ કઠિન — મરણતોલ કહી શકાય તેવી પણ આવી ગઈ, જ્યારે મારા પરિવારનાં બધાં જ સ્વજનોના જીવ અદ્ધર થઈ ગયા હતા.

મારાં વાઈફ મધુરીબેન, અમારા બંને પુત્રો - રાજુ, કલ્પેશ; એમની વહુઓ - સંગીતા, સ્તુતિ ; બંને દીકરીઓ - રેખા, મિતા તેમજ બંને જમાઈઓ - કિરીટકુમાર, મનોજકુમાર - તમામ ખડે પગે સતત મારી સુશ્રુષામાં હાજર રહ્યાં હતાં. અમદાવાદ તથા મુંબઈમાં રહેતાં મારાં કુટુંબીજનોની સતત અવર-જવર રહી હતી. મારી સાસરી-પ્રિન્સ પરિવાર તરફથી પણ ફોન ઉપર મારી તબિયતના સમાચાર સતત પુછાતા રહ્યા હતા. મારી તબિયતના સમાચાર માટે બીજાં પણ અમારાં મુંબઈનિવાસી તમામ સ્વજનોના ફોન સતત આવતા રહ્યા હતા.

આવા નાજુક સમયે અમારી મોટી વહુ સંગીતાએ સંકલ્પપૂર્વક-હૃદયપૂર્વક માનતા લઈ લીધી કે 'મારા સસરાજી ઝડપથી સાજા થઈ જાય ને આ પરિસ્થિતિમાંથી બહાર આવી જાય, તેના માટે હું મારા માથાના બધા વાળ ઊતરાવી નાખું છું.' ને એ સુંદર વહુએ ખરેખર પોતાના સોહાગણનું આભૂષણ તથા સૌંદર્યની નિશાનીસમા માથાના વાળ કઢાવી નાખ્યા!

સંયોગ કહો કે સંગીતાનો પ્રબળ સંકલ્પપૂર્વકનો ત્યાગ - પણ તે જ દિવસથી હું બીમારીમાંથી બહાર આવતો ગયો. મારી તબિયત સુધરતી ગઈ. ને હવે હું ઘણો જ સ્વસ્થ — તંદુરસ્ત થઈ ગયો છું.

અમારી આ વહુ - અ.સૌ. સંગીતા રાજુ હરખચંદ રામજી તેજશી ગાલા (રાયણ) (સુપુત્રી - નાગજી હરશી વેરશી ગોગરી - ભાટિયા ફરિયો, ગામ ભુજપુર) મારી માંદગી વખતે પોતાના સુંદર વાળનો ભોગ આપીને મને જાણે નવજીવન મળવામાં સહાયભૂત બની હોય એવો મને આજે અનુભવ થઈ રહ્યો છે.

ખરેખર, પોતાના સસરા માટે આવી સમર્પિત વહુને કોટિ-કોટિ ધન્યવાદ પણ ઓછા કહેવાય! મારું હૈયું એના પ્રત્યે હંમેશના માટે આશીર્વાદમય બની ગયું છે.

અ.સૌ. સંગીતાની આ અભૂતપૂર્વ માનતા અને ત્યાગ-ભાવનાને અનુલક્ષીને, મને મળેલા નવજીવનની યાદગીરીરૂપે મેં 'ભુજપુર પાંજરાપોળ'ની ગૌમાતાઓના ઘાસચારા માટે ₹ ૧૦૦૦૦૦.૦૦ (એક લાખ) નો ચેક મોકલ્યો છે. ધન્યવાદ !

- છોટુભાઈ ગાલા

**નવનીત એજ્યુકેશન લિમિટેડ : અમદાવાદ–મુંબઈ**

છોટુભાઈ ગાલા - ૦૯૮૭૯૮ ૫૦૦૦૦ ● મધુબેન ગાલા - ૦૯૮૭૯૨ ૫૦૦૦૦
રાજુભાઈ ગાલા - ૦૯૮૭૯૧ ૫૦૦૦૦ ● સંગીતા ગાલા - ૦૯૮૭૯૪ ૮૦૦૦૦

## હૃદયપૂર્વક સામૂહિક આભાર-પ્રગટીકરણ

ત્રણેક મહિના અગાઉ મારા ઘૂંટણના ઓપરેશન બાદ અચાનક મારી તબિયત ઘણી બગડી ગઈ હતી. શરીરમાં અતિશય નબળાઈ આવી જતાં તે સમયે મારું સ્વાસ્થ્ય ઘણું લથડી ગયું, ને બાબત ચિંતાજનક બની ગઈ હતી.

અમારો આખો પરિવાર, અમદાવાદમાં રહેતાં સગાં-સંબંધીઓ-વેવાઈ પક્ષનાં સ્વજનો-મિત્રો ઉપરાંત 'નવનીત' સંસ્થા (અમદાવાદ-મુંબઈ)નો ટોટલ સ્ટાફ, તમામ મુંબઈવાસી-કચ્છવાસી અમારાં પરિવારજનો, સગાં-સંબંધીઓ-પરિચિતો ઉપરાંત સર્વે વેપારીબંધુઓ-તમામેતમામ મારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાશીલ બની ગયાં હતાં. અનેક લોકોએ મારા સાજાપણા માટે શુભેચ્છાઓ પાઠવીને, પ્રાર્થનાઓ કરીને તથા માનતાઓ માનીને મારા પ્રત્યે જે સદ્ભાવ દાખવ્યો છે, તે અનન્ય છે.

આપ સર્વેની પ્રાર્થનાઓ-શુભેચ્છાઓ-માનતાઓથી જ હું ઝડપથી માંદગીમાંથી બહાર આવી ગયો ને હવે હું ઘણો જ તંદુરસ્ત થઈ ગયો છું.

હું આપ તમામ મારાં હિતચિંતકો ને શુભેચ્છકો પ્રત્યે આભારવશતા પ્રગટ કરું છું. આપ સર્વેનો હું સામૂહિક આભાર માનું છું.

ઉપરાંત, વિશ્વસમસ્તની માતા ''ગૌમાતા''ઓના પણ મને પુષ્કળ આશીર્વાદ મળ્યા છે, ને હું ધન્ય બન્યો છું. એ તમામ ગાયમાતાઓના પ્રત્યે અંતઃકરણપૂર્વક આભારવશતા પ્રગટ કરું છું.

સર્વેનો ખૂબ-ખૂબ આભાર.

આપ સર્વેનો

**છોટુભાઈ (હરખચંદ રામજી તેજશી ગાલા – ગામ રાયણ)** તા.૧-૩-૨૦૧૪


Since 1958
Leading. Innovating. Growing.
Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012
ISO 9001 : 2008
V-Trans offers unmatched service edge to all its customers
Our Divisions
V-Trans
Reliable Hard Freight Transport
V-Xpress
Timebound Multimodal Express Cargo Service
V-Logis
Warehousing & Inventory Management
• Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
• Expertise in multi point door pickup and door delivery
• Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
• Geographical presence across India at 400 locations in 26 states - further expanding
• Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof
Corporate Office : V-Trans (India) Limited
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com
V-Trans Toll Free no. : 1800-220-180
V-Xpress Toll Free no. : 1800-220-240





નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....

# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૯૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘાણી)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

## Tanishk Solitaire
The Sky Bungalows

- Eco-Friendly Green Bungalows
- Centrally Air Conditioned
- Individual Automatic Lift




@ Gulbai Tekra

Site
B/h. Polytechnic
Nr. Shruti Apartments
Opp. Muni. Garden
Gulbai Tekra
Ahmedabad.

## Tanishk Princess
3 & 4 BHK Apartments

- One Floor Single Apt.
- Air Conditioned Home
- Imported Itallion Modular Kitchen




@ Sunrise Park
Vastrapur Lake

Site
171 Sunrise Park
Nr Paramount Apts.
Adjoining Lane of
Soham Terrace
Nr Vastrapur Lake
Ahmedabad.

## Tanishk Emerald
3 BHK MODERN APARTMENTS

- Modular Kitchen
- Kids Play Area
- Garden Area
- Senior Citizen Sit Out
- Basement & Ground Level Parking




@ Prahladnagar Road


F.P.No. 41/2
Bh. Venus Atlantis
Adjoining Lane of
Reliance Petrol Pump
Prahladnagar Road
Ahmedabad.


Developer
TANISHK PROPERTIES

**Contact For Below Services**


Commercial & Residential Property Investment with secured returns, Architectural & structural designing, Project Joint venture, Land development, Agricultural & N. A. land trading (Specially in Kutch district), Investment in renewable energy resources, Government project Tendering and joint venture.

Contact : Ankit Savla - 096246 60007 ■ Nilang Vaidya - 098250 22503 ■ Email : tanishk_properties@yahoo.com





# અમારાં વિવિધ વિષયનાં તદ્દન નવાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| રાજગઢી | (નવલકથા) | રામચન્દ્ર પટેલ | 200 |
| ખંડિયેર | (નવલિકા) | રમેશ ર. દવે | 110 |
| અહિંસાની અમરવેલ | (નવલિકા) | આ. પૂર્ણચંદ્રસૂરિ મ. | 150 |
| રેવા ખંડ | (અધ્યાત્મસાહિત્ય) | ભાનુપ્રસાદ જોશી | 100 |
| વિદુરનીતિ | (અધ્યાત્મસાહિત્ય) | સ્વામી સચ્ચિદાનંદ | 160 |
| માણસાઈના દીવા | (નવલિકા) | ઝવેરચંદ મેઘાણી | 140 |
| તન તુલસી મન મોગરો | (નવલિકા) | ડૉ. શરદ ઠાકર | 180 |
| એની સુગંધનો દરિયો | (નવલિકા) | ડૉ. શરદ ઠાકર | 150 |
| સંબંધ પણ ઉમેરો જરા સારવારમાં (ઇનામી) | (નવલિકા) | ડૉ. શરદ ઠાકર | 150 |
| કોઈ પ્રેમ કરે, કોઈ પૂજા | (નવલિકા) | ડૉ. શરદ ઠાકર | 150 |
| શ્વેત કાગળ, લીલી લાગણી | (નવલિકા) | ડૉ. શરદ ઠાકર | 150 |
| ભીતર ભીનું આકાશ | (નવલિકા) | ડૉ. શરદ ઠાકર | 150 |
| તુલસીક્યારાના દીવા | (સંસ્મરણો/રેખાચિત્રો) | મનસુખ સલ્લા | 130 |
| સ્વયંસિદ્ધા | (સંસ્મરણો/રેખાચિત્રો) | ઉષા અરુણ ચતુર્વેદી | 60 |
| 'સચિત્ર પ્રવૃત્તિમય-આનંદ પ્રેરક વિજ્ઞાન' શ્રેણી (પુ. 10) | (બાળસાહિત્ય) | અનુ. પ્રતીતિ તેજસ શાહ | 500 |
| સકળ તીરથ જેના તનમાં રે...આપણા સંતો (પુ. 6) | (બાળસાહિત્ય) | રજની વ્યાસ | 600 |
| જેમણે જગતને અજવાળ્યું : વિશ્વના વૈજ્ઞાનિકો (પુ. 8) | (બાળસાહિત્ય) | રજની વ્યાસ | 800 |
| **ઑલિવર ટ્વિસ્ટ** | **(કિશોરસાહિત્ય)** | **આર. એલ. સ્ટિવન્સન, સં. શ્રીકાન્ત ત્રિવેદી** | **100** |
| **ડૉ. જેકીલ એન્ડ મિ. હાઇડ** | **(કિશોરસાહિત્ય)** | **એલેકઝાન્ડર ડૂમા, સં. શ્રીકાન્ત ત્રિવેદી** | **100** |
| **કાઉન્ટ ઑફ મોન્ટે ક્રિસ્ટો** | **(કિશોરસાહિત્ય)** | **ચાર્લ્સ ડિકન્સ, સં. શ્રીકાન્ત ત્રિવેદી** | **100** |
| **ભારતરત્ન ધોંડુ કેશવ કર્વે** | **(કિશોરસાહિત્ય)** | **કનુભાઈ રાવલ** | **130** |
| **ભારતરત્ન નેલસન મંડેલા** | **(કિશોરસાહિત્ય)** | **ઉષા જોષી** | **80** |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001**

**ફોન : 22144663 ફેક્સ : 22144663**

**ઇ-મેઇલ : *goorjar@yahoo.com***

**સંસ્કાર સાહિત્યમંદિર**

5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

13, શિવરંજની સોસા., ઓવરબ્રિજના છેડે,
અશ્વમેધ બંગલોઝના બસ સ્ટેન્ડ પાસે,
સેટેલાઇટ, અમદાવાદ-15
ફોન : 26761366 મો. 9825268759

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦

ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી

મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)

દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**

દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**

શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**

ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

*તંત્રી લેખ :*


- ઉચ્ચ શિક્ષણ પ્રત્યે સજાગતા ........ અશોક મહેતા ........ ૯
- આતુરતાનો અંત : 'મંગલ મંદિર' આકર્ષક પુરસ્કાર યોજના સંબંધી ઘોષણા ........ ૧૧
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૨


*લેખ વિભાગ :*

## કચ્છ


- કચ્છનો કટાક્ષ : કવિ રણમલ્લ ગઢવી
  કચ્છની રસધાર : મણકો-૧૭ ........ દુલેરાય કારાણી ..... ૧૫
- કચ્છનું રણ અને રણદ્વિપો ........ નરેશ પી. અંતાણી ..... ૧૬


## પ્રજાતંત્ર


- લોકશાહી નામનો આ તમાશો ક્યાં સુધી? ........ ડૉ. યાસીન દલાલ ..... ૧૮
- લોકાયુક્ત કાનૂનનું ભ્રમ નિરસન ........ શશીકાંત ઠક્કર ..... ૨૦


## સંસારચક્ર


- તમે પણ શેરબજારનું કરો છો? ........ ડૉ. ગિરીશ વીછીવોરા ..... ૨૨
- પતિ-પત્ની : સંસારના સ્ટેજ પરથી દાંપત્યનું ડ્યુએટ ગાતા બે કલાકારો ........ દિનેશ પાંચાલ ..... ૨૪


## ભાષા - શિક્ષણ


- ગુજરાતી ભાષા બકરી બેં ........ ડૉ. ગુણવંત શાહ ..... ૨૬


## પરિવર્તન


- હેલો યંગ ફ્રેન્ડ્ઝ! ........ અરુણ યાર્દી ..... ૨૮


## વિચાર મંથન


- **આત્મા અને અધ્યાત્મ** ........ મૂળ લેખક : સુબોધ શાહ
  અનુવાદ સાથે રજૂઆત : મુરજી ગડા ..... ૨૯


## સમાજની ક્ષિતિજો


- જૈનોને લઘુમતી અનામત : સારું કે ખરાબ? ........ ડૉ. યાસીન દલાલ ..... ૩૧
- પ્રેમનું પોષક ઘટક : કામવૃત્તિ
  નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૪ ........ સ્વામી સચ્ચિદાનંદજી ..... ૩૨
- વક્તૃત્વ કલાની મહારાણી
  સંભારણાની સફર : મણકો-૧૧ ........ ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) ..... ૩૩
- શ્રધ્ધા કે અંધશ્રધ્ધા? ........ શાંતિલાલ સંઘવી ..... ૩૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## બોધ-રત્ન


● જિંદગીમાં યાદ રાખવા જેવા દસ બોધપાઠો કયા? ........................ ડૉ. ચંદ્રકાંત મહેતા ..... ૩૬
પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી


## વાર્તા


● સંજનાનું પરિવર્તન .................................................. ડૉ. ઊર્મિલા શાહ ..... ૩૮
● જીકડી .................................................. હરેશ ધોળકિયા ..... ૪૦


## અર્થકારણ


● ભારતીય અર્થતંત્ર – પ્રગતિ, પડકાર અને પ્રતિકાર ......................... પ્રા. સૂર્યકાંત ભટ્ટ ..... ૪૫


## ઇતિહાસ


● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ ..... સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૪૮
પ્રકરણ-૨૭
● દક્ષિણ આફ્રિકાની આઝાદીની લડતમાં ભારતીયોનું યોગદાન ................ ડૉ. માણેક ગડા ..... ૫૧


## તંદુરસ્તી


● મોંઘા મેડિકલ ખર્ચામાંથી બચવાના સચોટ ઉપાયો ........................ શાંતિલાલ વ. શાહ ..... ૫૪


## જીવન ચરિત્ર


● ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા .................................................. દિનકર મહેતા ..... ૫૬


## હળવાશની ક્ષણોમાં


● બાલુડેં જ્યું ગાલિયું ...................................... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૫૮


## માહિતી


● ગુજરાતના યુવાનોએ 'સ્ટાફ સિલેક્શન (SSC)' જેવી પરીક્ષાઓ પણ આપવી જોઈએ ........... ભીમજી નાકરાણી ..... ૬૦
● એશિયાભરમાં સહકારી ધોરણે ચાલતી એકમાત્ર - ચરોતર ગેસ સહકારી મંડળી ........... કિરણ ચાંપાનેરી 'સેતુ' ..... ૬૩
● ફલેશ ચેનલ .................................................. દિનેશ આર. મહેતા ..... ૬૬


## જીવન સફર


● નિવૃત્તિમાં પ્રવૃત્તિ .................................................. પ્રદીપ જોષી ..... ૭૦


## નિયમિત વિભાગો


● આંજો કાગર .................................................. ૭૧
● અન્ય સંસ્થાઓના સમાચાર .................................................. ૭૬
● સાર સમાચાર .................................................. સંકલન : શાંતિલાલ સંઘવી ..... ૭૮
● શબ્દ રમત-૯૨ .................................................. સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૯
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ .................................................. ૮૦
● *Nano 9 Sudoko* (ક્રમાંક : ૧૦૪૮) ........................ સંકલન : રજનીકાંત પારેખ ..... ૮૧
● જાણવા જેવું .................................................. સંકલન : રજનીકાંત પારેખ ..... ૮૩
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી ........... ૮૩
● વલોવતન .................................................. સંકલન : દિનેશ આર. મહેતા ..... ૮૪
● સમાજ દર્પણ .................................................. ૮૯
● સંસ્થા સમાચાર .................................................. ૯૧
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ .................................. ૧૦૪
● ઊડતી નજરે .................................................. ૧૦૮


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ઉચ્ચ શિક્ષણ પ્રત્યે સજાગતા

*– અશોક મહેતા*

આપણને સહુને એ સમાચાર અવારનવાર મળતા રહેવાનો અનુભવ છે કે, જે તે વિદ્યાર્થીને અમેરિકાની કોઈ એક યુનિવર્સિટીએ સ્કોલરશીપ ઑફર કરેલ હોવાથી તે અમેરિકા ભણવા ગયેલ છે. એ સમાચાર પણ મળતા રહે છે કે જે તે વિદ્યાર્થીની હોશિયારી જોઈ અમેરિકાની એ યુનિવર્સિટીએ તેની સ્કોલરશીપ ગ્રાન્ટ કરેલ હોવાથી, હવે પછી તેને અહીંથી ખર્ચના પૈસા મોકલવાની જરૂરત નહીં પડે. પરંતુ ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા ભણવા જતા માત્ર ભારતના જ વિદ્યાર્થી નથી. ત્યાં તો અનેક દેશોમાંથી વિદ્યાર્થીઓ પોતાના ઉચ્ચ અભ્યાસ માટે ભણવા આવે છે અને દરેક બ્રિલિયન્ટ વિદ્યાર્થીને ઉત્તેજન આપવા ત્યાંની યુનિવર્સિટીઓ સ્કોલરશીપ આપે છે. આ બધી વિગતોની જાણ હોવા છતાં ભારતની મોટાભાગની યુનિવર્સિટીઓ પોતાના બ્રિલિયન્ટ વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષણ અંગે સ્કોલરશીપ ઑફર કરી શકતી નથી. જ્યારે અમેરિકન યુનિવર્સિટીઓ પોતાને ત્યાં અભ્યાસ કરતાં દરેક હોશિયાર વિદ્યાર્થી માટે છૂટે હાથે સ્કોલરશીપની લહાણી કરે છે. તેનું કારણ એ છે કે અમેરિકાના સખી ગૃહસ્થો અથવા જે તે યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ત્યાંની યુનિવર્સિટીને કરોડો ડોલરનું ડોનેશન્સ આપે છે, જ્યારે ભારતની યુનિવર્સિટીનો આ પ્રકારનો સમય આવવાનો હજુ બાકી છે. **ભારતના મોટાભાગના માલેતુજારોની માનસિકતામાં ધર્મ, ગૌશાળા, મંદિરો વગેરે પ્રત્યે જેટલી સજાગતા જોવા મળે છે તેટલી અભ્યાસ પ્રત્યે સજાગતા હજુ સુધી પેદા થયેલ નથી.** આ યુગ આવવા માટે આપણને હજુ થોડા વધુ સમયની રાહ જોવાની જરૂરત છે.

આજથી ૨૦૦ વર્ષ અગાઉ અમેરિકાના લોકોને વિદ્યાના ક્ષેત્રની જરૂરિયાત સમજાઈ. ત્યાંના લોકોએ એવું વિચાર્યું કે જો સમાજને આગળ લાવવો હશે તો તેને સમૃધ્ધ બનાવવો પડશે. સમાજમાં સમૃધ્ધિ ત્યારે જ આવશે કે જ્યારે સમાજનો દરેક બાળક ઉચ્ચ વિદ્યાભ્યાસ કરી આગળ વધે અને પોતાની હોશિયારી અને ચાતુર્યથી નાણા કમાય. આ પ્રકારના અનેક યુવાનો નાણા કમાતા થાય, તેના કારણે સમગ્ર સમાજ પણ સમૃધ્ધ બની શકે. પરિણામે દેશ સમૃધ્ધ બની શકે. આ સિધ્ધાંતના આધારે તેઓએ વિદ્યાને અને હોશિયાર વિદ્યાર્થીને ઉત્તેજન આપવાની શરૂઆત કરી. હોશિયાર વિદ્યાર્થીને સ્કોલરશીપ આપી તેના કુટુંબ પર ભણતરના ખર્ચનો બોજ ઉતારી દીધો. આવું તો ત્યાં ઠેર ઠેર બનતું ગયું. પરિણામે હોશિયાર વિદ્યાર્થીઓ ખૂબ જ આગળ ભણતા ગયા અને પોતાની હોશિયારીથી પોતાના ક્ષેત્રમાં આગળ વધી, પોતાની કંપનીને અઢળક નાણા કમાવી આપતા થયા. એ પ્રકારના વિદ્યાર્થીની કિંમત દિન-બદિન વધતી ગઈ અને તેને પોતાને પણ અઢળક નાણા મળવા લાગ્યા. પરિણામે ત્યાંનો દરેક સમાજ સમૃધ્ધ થતો ગયો. સાથે સાથે દેશ પણ સમૃધ્ધ થતો ગયો. જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની સ્કોલરશીપ મેળવ્યા બાદ આગળ ભણીને વિશાળ નામના અને અઢળક ધન પ્રાપ્ત કરેલ હતું, તેમાંના દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટીનો આ રોલ પોતાના જીવનમાંથી કદીયે વિસાર્યો નહીં અને તેમાંના કેટલાકે તો યુનિવર્સિટીને અઢળક દાનો આપ્યા કે જે ૧૦ કરોડ ડોલર કે ૨૦ કરોડ ડોલરની માત્રાથી પણ વિશેષ હતા. પરિણામે આજે એક તરફ ત્યાંનો સમાજ સમૃધ્ધ થતો રહેલ છે જ્યારે અન્ય તરફ યુનિવર્સિટીઓ પાસે પણ આ રીતે કરોડો ડોલર જમા થતા રહ્યા છે. જે આગળ એ જ પ્રમાણેની પ્રક્રિયામાં વપરાય છે. **આ યુનિવર્સિટીઓ ટેલેન્ટને પિછાની તેને આગળ આવવાની જે તક પૂરી પાડે છે, તેના પરિણામે અન્ય અનેક દેશોનું બુધ્ધિધન ખેંચાઈને અમેરિકામાં ઠલવાય છે.** ભારતમાં રહેનાર દરેકને આ હકીકત અવારનવાર મહેસૂસ થતી જ રહે છે. તેના ઉપાય સ્વરૂપે ભારતભરની યુનિવર્સિટીઓ પાસે એટલા મોટા પ્રમાણમાં નાણા નથી કે જેના કારણે તેઓ હોશિયાર વિદ્યાર્થીને સ્કોલરશીપ આપીને આગળ આવવાની તક આપી શકે. આ પ્રકારના માનસિકતા પણ હજુ આપણે ત્યાં પૂરેપૂરા પ્રમાણમાં વિકસી શકેલ નથી.

*પરોપકારથી ઉત્તમ કોઈ સેવા નથી.*

દક્ષિણ ભારતમાં શિક્ષણનું પ્રમાણ સવિશેષ છે પરંતુ તેની પાછળનું કારણ ત્યાંની યુનિવર્સિટીઓની આ પ્રકારની સવલતો છે કે અન્ય કોઈ કારણસર છે, તેનો અભ્યાસ કરવો જરૂરી છે. અન્ય તરફ જ્યાં લગી આપણે પરિસ્થિતિથી જ્ઞાત છીએ ત્યાં લગી મુંબઈના અનેક જ્ઞાતિ સમાજોએ આ પરિસ્થિતિને હલ કરવા પોતાનાથી બનતા બધા જ પ્રયાસ કરી રહેલ છે. તેઓ પોતાની જ્ઞાતિમાંથી ઉચ્ચ શિક્ષણ માટે કરોડો રૂપિયાનું ફંડ એકત્રિત કરી, પોતાની જ્ઞાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે પૂરેપૂરી સહાય કે લોન આપવાની શરૂઆત કરી દીધેલ છે. અને તેના પરિણામે અનેક હોશિયાર વિદ્યાર્થીઓને ભણતરના ક્ષેત્રે પોતાનો અપ્રતિમ વિકાસ સાધવાની તક મળી રહેલ છે.

અમેરિકા જઈને જ ઉચ્ચ શિક્ષણ મેળવી શકાય તેવું માત્ર હવે રહેવા પામેલ નથી. ભારતના કેટલાયે શહેરોમાં ઉચ્ચ પ્રકારનું શિક્ષણ અને તાલીમ આપતી યુનિવર્સિટીઓ અને કોલેજોનું નિર્માણ થઈ ચૂકેલ છે અને બ્રિલિયન્ટ વિદ્યાર્થી પોતાના સમાજ તરફથી ડોનેશન કે લોન મેળવીને અભ્યાસના ક્ષેત્રે ભારતમાં રહીને જ આગળ વધી શકે છે. પોતાના અભ્યાસ બાદ તે ખૂબ જ સારું ક્રિએશન કરી શકે છે. પોતાનો બિઝનેસ કરવો હોય તો તે પોતાના બિઝનેસના ક્ષેત્રે આગળ વધી શકે છે. નહિં તો લલચામણા પેકેજની ઑફર તો તેણે મેળવેલી જ હોય છે. આ બધી પ્રક્રિયાને અંતે તે સ્વયં તો સધ્ધર બને જ છે અને આ પ્રકારના વિદ્યાર્થીઓના ફાલને કારણે સમાજ પણ દિવસો-દિવસ સધ્ધર બનતો જાય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ હવે પછી પોતાનું ધ્યાન ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કેન્દ્રિત કરવા માંગે છે. સમાજના બ્રિલિયન્ટ વિદ્યાર્થીઓ કે જેઓ યોગ્ય લાઈનમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા આગળ વધવા માંગતા હોય તેઓને જરૂરિયાત મુજબની આર્થિક સહાય લોન સ્વરૂપે આપવાનો પૂરેપૂરો પ્રયાસ કરવામાં આવશે કે જેથી તે વિદ્યાર્થી આગળ જતાં પોતે તો સમૃધ્ધ થઈ શકે પરંતુ સાથે સાથે પોતાના પરિવારને, પોતાના સમાજને અને સમય જતાં ભારત દેશને સધ્ધર અને સક્ષમ બનાવી શકે. શ્રી હરખચંદભાઈ સાવલા આ ક્ષેત્રે આ સમાજના પ્રેરણાસ્રોત રહ્યા છે અને તેમના દ્વારા અપાયેલ આર્થિક ઈજનથી આ સમાજ પોતાનું ભંડોળ આ દિશામાં વધારી રહેલ છે. ત્યારબાદ આ સમાજે પોતાના સક્ષમ સભ્યોનો સંપર્ક સાધવાનું શરૂ કરેલ છે અને અમને આશા છે કે આ દિશાના પરિણામો ખૂબ જ પ્રતીતિકર બની રહેશે. આ યોજનાને મૂર્ત સ્વરૂપ પકડતાં કદાચ હજુ થોડો સમય લાગે તેવી શક્યતા છે.

અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજ અગર જો આ દિશામાં પોતાના પ્રયાસો આદરશે તો તે રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં ખૂબ જ ઉપયોગી બની રહેશે. સમાજ સમૃધ્ધ અને સક્ષમ બની શકશે.

## પ્રેરણાસ્રોત

*શ્રી હરખચંદભાઈ સાવલા ઉચ્ચ વિદ્યાના ક્ષેત્રે આ સમાજના પ્રેરણાસ્રોત બની રહ્યા તેની પાછળ એક ઈતિહાસ રચાયેલો છે. તેમના બે પુત્રો અને એક પુત્રીએ તેમના પિતાશ્રી પાસેથી એક પણ પૈસો લીધા વિના અને માત્ર યુનિવર્સિટીમાં સ્કોલરશીપ મેળવી અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે ખૂબ પ્રગતિ સાધેલ છે. ત્યારબાદ આજની પરિસ્થિતિમાં તેઓ ત્રણેએ સારું એવું આર્થિક ઉપાર્જન કરી બતાવેલ છે. શ્રી હરખચંદભાઈ સાવલાના ઘરમાં જ આ જ્વલંત ઉદાહરણ હોવાથી તેમને વિચાર આવ્યો કે મારા સમાજના એકેએક બ્રિલિયન્ટ વિદ્યાર્થીને હું આ દિશા તરફ કેમ આગળ ના લઈ જઉં? તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અધિકારી વર્ગને વાત કરી કે જેનો તરત સ્વીકાર કરવામાં આવ્યો અને શ્રી હરખચંદ સાવલાની જ આ ક્ષેત્રે કાર્ય કરવા માતબર ઑફરના કારણે તેઓ આ સમાજના પ્રેરણાસ્રોત બની રહ્યા.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧***

**Dhiren Shah - Director**
M. : 98795 00916 • E-mail : dhirenshah@favouriteshoes.com

**FAVOURITE**
**Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes**

HITSTEEL WAVES veltex Winner

**FAVOURITE SAFETY PRODUCTS**
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com

**FAVOURITE SHOE COMPANY**
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

*ઉત્સાહમાંથી આત્મબળ પ્રાપ્ત થાય છે.*

# આતુરતાનો અંત : 'મંગલ મંદિર' આકર્ષક પુરસ્કાર યોજના સંબંધી ઘોષણા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે છેલ્લા પચાસ વર્ષની વિરાટ મંજિલમાં વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ સતત વધારીને તેની વિકાસયાત્રામાં સર્વત્ર પ્રશંસા પ્રાપ્ત કરી છે. પોતાની આગવી પ્રણાલિકા, લાક્ષણિકતાથી અમદાવાદ - ગાંધીનગર વિસ્તારના સમાજ પરિવારજનો તેમજ સમગ્ર કચ્છીઓના ઉત્કર્ષને કેન્દ્રમાં રાખીને સમાજને ગૌરવ બક્ષ્યું છે.

તેવી જ રીતે સ્થાનિક તેમજ અન્ય સ્થળો સ્થિત કચ્છી પરિવારજનોને એક તાંતણે બાંધી રાખવા સમાજનું મુખપત્ર 'મંગલ મંદિર' છેલ્લા ૩૯ વર્ષથી સતત કાર્યરત રહ્યું છે. સમયના ઝડપી પ્રવાહમાં સર્જન, નવસર્જન અને વિસર્જનની પ્રક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. આ માહોલમાં કોઈપણ સમાજના મુખપત્રની ભૂમિકા અનેક રીતે અજોડ અને અનોખી હોય છે. 'મંગલ મંદિર' એટલે નિષ્ઠા અને જતનનું સમન્વય અને આ કારણે તેના વાંચકવર્ગના હૃદયનો ધબકાર બન્યું છે. 'મંગલ મંદિર' જ્યારે વાંચકવર્ગના હાથમાં આવે છે ત્યારે તેઓને અનેરા આનંદની અનુભૂતિ થતી હોય છે. આ પ્રકારના અનેક પ્રતિભાવો અત્રે મળતા હોય છે.

કેટલાક વાંચકવર્ગ દ્વારા 'મંગલ મંદિર'ના અંકોને સંદર્ભ તરીકે પોતાની લાઈબ્રેરીમાં સંગ્રહી રાખ્યા છે, તેવો પ્રતિસાદ છેલ્લા કેટલાક સમયથી મળતો હતો. તે અન્વયે 'મંગલ મંદિર' દ્વારા આકર્ષક પુરસ્કારની એક યોજના માસ ડિસેમ્બર-૨૦૧૩ના અંકમાં પ્રકાશિત કરવામાં આવી હતી. સદરહુ યોજના મુજબ જે વાંચકવર્ગે છેલ્લા ૧૦, ૫ અને ૩ વર્ષના અંકો સાચવેલા હોય તેવા અંકો સહિત તેની એક યાદી તા. ૩૧-૩-૨૦૧૪ સુધીમાં અત્રે રજૂ કરવા આહ્વાન કરવામાં આવેલ.

અમને જણાવતા આનંદ ઉપજે છે કે આ વિષયે વાંચકવર્ગ દ્વારા સારો પ્રતિસાદ સાંપડ્યો છે. વાંચકવર્ગ દ્વારા અત્યાર સુધી જે રજૂઆતો અત્રે થઈ છે તેની વિગત નીચે દર્શાવેલ છે.

| ક્રમાંક | યોજનામાં ભાગ લેનારનું નામ | | યોજના અનુસાર કયા વર્ષના અંકો રજૂ કર્યા તેની વિગત | કુલ કેટલા વર્ષના અંકો ગણતરી યોગ્ય | યોજના અનુસાર પુરસ્કારપાત્ર રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી ગુલાબચંદ ડી. સાવલા | અમદાવાદ | વર્ષ ૨૦૦૪થી ૨૦૧૩ | ૧૦ વર્ષના | રૂા. ૧૦,૦૦૦/- |
| ૨. | શ્રીમતી અલ્કા એ. સંઘવી | અમદાવાદ | વર્ષ ૨૦૦૯થી ૨૦૧૩ | ૫ વર્ષના | રૂા. ૫,૦૦૦/- |
| ૩. | શ્રી લીલાધર લખમશી વિસરીઆ | મુંબઈ | વર્ષ ૨૦૦૯થી ૨૦૧૩ | ૫ વર્ષના | રૂા. ૫,૦૦૦/- |
| ૪. | શ્રી રશ્મિનભાઈ ખોના | મુંબઈ | વર્ષ ૨૦૦૯થી ૨૦૧૩ | ૫ વર્ષના | રૂા. ૫,૦૦૦/- |
| ૫. | શ્રી શશીકાંતભાઈ ઠક્કર | માધાપર, ભુજ | વર્ષ ૨૦૦૯થી ૨૦૧૩ | ૫ વર્ષના | રૂા. ૫,૦૦૦/- |
| ૬. | શ્રી નીતિન એચ. સંઘવી | ગાંધીનગર | વર્ષ ૨૦૧૧થી ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |
| ૭. | શ્રી મહેન્દ્ર કે. મહેતા | કોચી | વર્ષ ૨૦૧૧થી ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |
| ૮. | શ્રી અશોકકુમાર ભોગીલાલ શાહ | અમદાવાદ | વર્ષ ૨૦૧૧થી ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |
| ૯. | કામિની સ્નેહલ શેઠ | અમદાવાદ | વર્ષ ૨૦૧૧થી ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |
| ૧૦. | શ્રી જયંત જી. દેઢિયા | મુંબઈ | વર્ષ ૨૦૧૧થી ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |
| ૧૧. | શ્રીમતી દક્ષાબેન ધનસુખલાલ શાહ | અમદાવાદ | વર્ષ ૨૦૧૧થી ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |

*ઉપરોક્ત નામની યાદી સિવાય....*

૧. શ્રી મહેન્દ્ર લખમશીભાઈ મોતા - અમદાવાદ પાસે 'મંગલ મંદિર'ના છેલ્લા ૧૦ વર્ષના અંકોનો સંગ્રહ છે. તે ઉપરાંત ખૂબ જ આશ્ચર્ય સાથે વર્ષ ૧૯૮૦થી ૧૯૯૬ સુધીના કુલ ૧૨૨ અંકો પણ તેમની પાસે મોજૂદ છે. (વચ્ચે અમુક અંકોની અધૂરાશ સાથે) જેની યાદી અત્રે આપવામાં આવી છે. લગભગ ૩૦થી ૩૫ વર્ષ જૂના અંકો સંગ્રહી રાખવાનો તેમનો શોખ પ્રશંસાપાત્ર છે. (***ખાસ નોંધ :*** હકીકતમાં તેઓ રૂા. ૧૦,૦૦૦/-નો પુરસ્કાર મેળવવાપાત્ર છે. આમ છતાં તેમણે કોઈપણ પ્રકારનો પુરસ્કાર ન લેવાનું જાહેર કર્યું છે. તેમની આ ભાવનાને બિરદાવીને આભાર માનીએ છીએ.)

૨. ભારતીબેન દિલીપભાઈ શાહ - બેંગ્લોર તરફથી વર્ષ ૨૦૦૯થી ૨૦૧૩ના અંકોની યાદી મળેલ છે. (જેમાં કુલ ૧૪ અંકોની અધૂરાશ છે.)

૩. શ્રી રાયચંદભાઈ કે. શાહ - અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩ના અંકોની યાદી અત્રે આપવામાં આવી છે.

*સુરક્ષા માટે બેદરકારી ન દાખવો.*

'મંગલ મંદિર' આકર્ષક પુરસ્કાર યોજના અંતર્ગત રજૂઆત કરનાર ઉપરોક્ત તમામ સુજ્ઞ વાંચકવર્ગનો ખૂબ ખૂબ આભાર. **આ પ્રકારની રજૂઆતથી 'મંગલ મંદિર'ની લોકપ્રિયતા અને ઉપયોગીતાનો સહેજે અંદાજ પ્રકાશમાં આવે છે.** યોજના અનુસાર જરૂરી અંકો સાથે ૧૦, ૫ અને ૩ વર્ષના અંકોની લેખિત વિગત રજૂ કરવાની હતી. એટલે સ્વાભાવિક છે કે ૨ અને ૧ વર્ષના અંકોનો 'ખજાનો' સાચવનાર સુજ્ઞ વાંચકવર્ગની સંખ્યા મોટા પ્રમાણમાં હશે. અત્રે એટલું જ કહેવાનું કે.... 'લગે રહો'.

સારી લેખન સામગ્રી યુક્ત મેગેઝિનો અથવા ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ રેફરન્સ તરીકે અનેક સમયે ઉપયોગી બનતા હોય છે. તે વાત સુજ્ઞ વાંચકવર્ગ સારી રીતે જાણે છે તે વિશે વધુ કહેવું ઉચિત બનતું નથી.

યોજનાની જાહેરાત સમયે અમારો સંકલ્પ એવો હતો કે બે અથવા ત્રણ વાંચકવર્ગનો યોગ્ય પ્રતિસાદ મળશે અને તો પણ યોજનાનો ઉદ્દેશ બર આવ્યો ગણાશે. તેની સામે સુજ્ઞ વાંચકવર્ગની યાદી વિસ્તૃત સ્વરૂપની છે. એટલે અમારો પ્રયાસ સંપૂર્ણ રીતે સફળ થયો છે.

યોજના અનુસાર ક્રમાંક ૧ થી ૧૧ વાળી વ્યક્તિઓ પુરસ્કારપાત્ર બને છે. જેની વિગત ઉપર દર્શાવેલ છે.

પુરસ્કાર વિતરણ સંબંધી અન્ય વિગતો હવે પછી યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે.

'મંગલ મંદિર' પરિવાર દરેકનો ખાસ આભાર માને છે.

**તંત્રી મંડળ : 'મંગલ મંદિર'**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • રવિવાર, તા. ૬-૪-૨૦૧૪ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત મેડિકલ સેન્ટર | તબીબી સેવા સમિતિ | આંખના મોતિયાનું નિઃશુલ્ક નિદાન અને કન્સેશનલ દરથી ઑપરેશન |
| • રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪ સવારે ૧૦.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા યલો પેજીસ સમિતિ | ડાયાલિસિસ વિભાગનું ઉદ્ઘાટન તથા 'કચ્છી બિઝનેસ ડિરેક્ટરી'નું વિમોચન |
| • શનિવાર, તા. ૨૬-૪-૨૦૧૪ બપોરે ૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | બચત યોજના અને સલામત ભવિષ્ય તથા હાઉઝી |
| • શનિવાર - રવિવાર તા. ૨૬/૨૭-૪-૨૦૧૪ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી તા. ૨૫-૪-૨૦૧૪ રાત્રે ૧૧.૩૦ કલાકે પ્રયાણ | યુવા વિકાસ સમિતિ | માઉન્ટ આબુનો શૈક્ષણિક પ્રવાસ |
| • શનિવાર, તા. ૩-૫-૨૦૧૪ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | કેરમ વર્કશોપ (૧૨ વર્ષથી ઉપરના માટે) |
| • રવિવાર, તા. ૪-૫-૨૦૧૪ સવારે ૯.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | કેરમ હરીફાઈ - ૨૦૧૪ (૧૨ વર્ષથી ઉપરના માટે) |
| • રવિવાર, તા. ૪-૫-૨૦૧૪ સવારે ૯.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | કેરમ હરીફાઈ - ૨૦૧૪ (૧૨ વર્ષથી ઉપરના માટે) |
| • તા. ૮ થી ૧૦-૫-૨૦૧૪ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ચેસ - વર્કશોપ (૮ વર્ષથી ઉપરના માટે) |
| • રવિવાર, તા. ૧૧-૫-૨૦૧૪ સવારે ૯.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ચેસ હરીફાઈ - ૨૦૧૪ (૮ વર્ષથી ઉપરના માટે) |
| • રવિવાર, તા. ૧૧-૫-૨૦૧૪ બપોરે ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | 'રીટાયરમેન્ટ પ્લાનિંગ' – સેમિનાર (૪૧થી ૬૦ વર્ષના સભ્યો માટે) |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ** : ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક **(Payable at AHMEDABAD)** / ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## "મંગલ મંદિર" : લવાજમનાં દરો

૧ વર્ષના : રૂા. ૧૫૦/- ૫ વર્ષના : રૂા. ૬૦૦/-
૩ વર્ષના : રૂા. ૪૦૦/- આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-

## 'મંગલ મંદિર' ટાઈટલ કવર ઉપરની તસવીરો અંગે

'મંગલ મંદિર'ના પ્રથમ ટાઈટલ કવર ઉપરની તસવીરો કોઈ ખાસ મધ્યવર્તી વિષય પર આધારિત હોય છે.
વર્ષ ૨૦૧૧-૧૨માં 'કચ્છ'ને મુખ્ય વિષય તરીકે લીધેલ.
વર્ષ ૨૦૧૨-૧૩માં 'અમદાવાદ' અને
વર્ષ ૨૦૧૩-૧૪માં 'ગુજરાત'ની ગણના થઈ હતી. તે મુજબ હવે
વર્ષ ૨૦૧૪-૧૫માં 'ભારત' દેશના વિવિધ વિભાગોમાં પ્રખ્યાત સ્થળોની તસવીરો રજૂ થશે.
આશા છે કે, આ પ્રકારનો અભિગમ દરેક વાંચકવર્ગને ગમશે.

***– તંત્રી મંડળ***

*સંકટ સમયે સદ્‌બુદ્ધિથી કામ લો.*

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# શ્રી કાનજી શિવજી ઓસવાળ જૈન બોર્ડિંગ હાઉસ (ગુરૂકુળ)

રજિ. નંબર : એ-૧૬૪ ● સ્થાપના : ૧૯૨૨

કાર્યાલય : જિલ્લા પેઠ, બી.એસ.એન.એલ. ઓફિસની પાસે, જલગાંવ, મહારાષ્ટ્ર-૪૨૫ ૦૦૧.

**અધ્યક્ષ : શ્રી દલિચંદજી હસ્તીમલજી ચોરડિયા**
**ઉપાધ્યક્ષ : શ્રી વિજયરાજજી કપૂરચંદજી કોટેચા**
**શ્રી અનિલકુમાર કેવલચંદજી દેસડા**

**સચિવ : શ્રી પ્રદીપભાઈ જ્ઞાનચંદજી રાયસોની**
**પ્રબંધક સમિતિ અધ્યક્ષ તથા સહસચિવ :**
**શ્રી દિલીપ હસ્તીમલજી ચોપડા**

જલગાંવ (મહારાષ્ટ્ર)માં જ્યારે એક પણ કોલેજ અસ્તિત્વમાં ન હતી ત્યારે સમગ્ર જૈન જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિને પોષકરૂપ અને સંવર્ધક કહી શકાય તેવી આ અગ્રિમ હરોળની સંસ્થા શ્રી કાનજી શિવજી ઓસવાળ જૈન બોર્ડિંગ હાઉસ (ગુરૂકુળ)ની સ્થાપના આજથી ૯૨ વર્ષ અગાઉ એટલે કે વર્ષ ૧૯૨૨માં થઈ હતી. જે એક દંતકથારૂપ કહી શકાય. દાનવીર શ્રી કાનજીભાઈ શિવજી ગામ બારોઈ - કચ્છનાં છે, જે સમગ્ર કચ્છ માટે ગૌરવની વાત છે.

હાલે જલગાંવમાં વિદ્યા મેળવવા ક્ષેત્રે જુદા જુદા વિષયોની લગભગ ૧૬ જેટલી કોલેજો કાર્યરત છે અને તેનો લાભ લેનાર છાત્રોની સંખ્યા મોટા પ્રમાણમાં છે.

ઉપરોક્ત કોલેજોમાં અભ્યાસ માટે દાખલ થનારને રહેવા માટે આ સંસ્થા બોર્ડિંગની સગવડ આપે છે.

- ધોરણ-૧૧થી ઉપરના છાત્રોને આ બોર્ડિંગમાં પ્રવેશ મળશે.
- જલગાંવ સ્થિત ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ પણ ચાલુ છે.
- ભારતભરના જૈન છાત્રો માટે ઉપરોક્ત સગવડતા ઉપલબ્ધ છે.

***પ્રવેશપાત્ર છાત્રો નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરી શકે છે.***

**મેનેજર : શ્રી રમેશચંદ્ર જૈન**
**(૦૨૫૭) ૨૨૩૯૪૫૩**
**મો. ૦૯૯૭૦૦ ૩૯૮૦૮**

**કાર્યકારી સભ્ય : શ્રી રાઘવજી લાલજી સતરા**
**(૦૨૫૭) ૨૨૨૧૨૪૫**
**મો. ૦૯૬૭૩૩૬૪૨૯૦**

કચ્છ

# કચ્છનો કટાક્ષ - કવિ રણમલ્લ ગઢવી

## કચ્છની રસધાર : મણકો-૧૮

● દુલેરાય કારાણી ●

કચ્છના મહારાઓ શ્રી દેશળજી બીજાના વખતમાં એટલે કે આજથી લગભગ સવાસો વર્ષ પહેલાં માંડવી તાલુકામાં આવેલા બા શ્રી સૂરજબાના સરલી ગામમાં રણમલ્લ ગઢવી થઈ ગયા. રણમલ્લ ગઢવી એટલે ગમે તેવા ચમરબંધને પણ મોઢા માથે ખરેખરું ફટકારનાર એક નીડર કવિ. આ કવિરાજ કોઈની શેહમાં તણાઈને દબાઈ જાય એવા ન હતા. આખા કચ્છમાં ફરી ફરીને એમણે ઘણાં ગામો માટે અને ઘણા ઠાકોરો માટે કંઈને કંઈ નુકતેચીની કરી છે.

એક વખત આ રણમલ્લ ગઢવીને કચ્છનો પ્રવાસ કરવાની ઈચ્છા થઈ. પોતાની 'કિયાડી' (કિયાડી = પગોનો નીચેનો ભાગ સફેદ હોય એવી ઘોડી) ઘોડીને તૈયાર કરતાં કવિ કહે છે કે : "કિયાડી! જો તું મારી સાથે ફરવા ચાલે તો તને પુષ્કળ માલવાળા મોટા મોટા જાડેજાઓનાં દર્શન કરાવું."

*કિયાડીને રણમલ્લ કે', છે હેત થકી તું હાલે,*
*જાડેજા દેખાડાં જાલમ, માલ મોકળા મ્હાલે.*

જવાબમાં કિયાડી કહે છે : "ગઢવીજી! તમે મને જ્યાં ત્યાં લઈ તો જાઓ છો, પણ પછી મને ખીલે બાંધીને તમે તમારા ડાયરામાં એવા જામી જાઓ છો કે મારો તો ભાવ જ પૂછતા નથી તેનું શું?"

*કિયાડી ગઢવીને કે' છે, એક વાત સુણ મારી,*
*બાંધીને બેસી રે' બારો, એવી આદત તારી!*

ગઢવી કહે છે : "કિયાડી! તારામાં આવી લાલચુવૃત્તિ ક્યાંથી આવી? ચાર વરસથી તું મારી પાસે આવી છે તેમાં તને કોઈ દિવસ દુઃખણી કરી છે ખરી?"

*ગઢવો કે' છે સુણ રે ઘોડી, લોભવૃત્તિ કાં લીધી?*
*ચાર વરસ ચડતે થ્યા તેમાં કેદિ' દુઃખણી કીધી?*

ઘોડી કહે છે : "જો સાંભળ ત્યારે!"

*ઘોડી કે' છે સાંભળ ગઢવા, વિગતે મારી વાણ,*
*એક રાત જ્યાં રિયા બાંડિયે, ન મલ્યા ખડ-જોગાણ.*

ગઢવી કહે છે : "પણ ઘોડી! તું ભૂલી કેમ જાય છે? બધે ઠેકાણે કાંઈ બાંડિયા ગામ હોતાં નથી."

*ગઢવો કે' છે સુણ રે ઘોડી, ભૂલી કેમ તું ભરમી?*
*બધે ઠેકાણે નો'ય બાંડિયા, ક્યાંક ઘણા છે કરમી.*

કિયાડી ઘોડી સાથે આમ વાર્તાલાપ કરીને આખરે રણમલ્લ ગઢવી પ્રવાસમાં નીકળી પડે છે. કચ્છનાં ગામોનો અને કચ્છના ગરાસીઆનો અનુભવ કરતા અને કડવી - મીઠી વાણીથી દરેકની રૂપરેખા દોરતા રણમલ્લ ગઢવી આખા કચ્છમાં ઘૂમી વળે છે. જ્યાં જેવું જુએ છે ત્યાં તેવું કહી દે છે.

*"રણમલ્લ દેખે તેવું ભાખે, રણમલ્લ છંદો કણું ન રાખે."*

એ કંડિકા એમના પ્રત્યેક દોહરા પાછળ હાજર હોય છે. નાગ્રેચા ગામને માટે કવિ કહે છે-

*નાંગ્રેચે નર-નાયક મલિયા, ચાંદો ભાઈ ચેતા*
*કેસર તણો પોત્રો કરમી, રાખે રુડી રીતાં,*
*ભૂપત દેખે તેડા ભાખે, રણમલ્લ છંદો કણું ન રાખે.*

સાંયરા ગામમાં કવિની ઘોડીને ઉપવાસ આવી પડતાં ગઢવી કહે છે-

*સારો ગામ સાયરો, પણ પીવા ખારો પાણી,*
*ખડ-જોગાણનો પતો ન મળે, કિયાડી કચવાણી.*

નલિયા માટે કવિ કહે છે-

*નલિયામાં તો નેવુ પાંતી, ઠકરાતું કેમ ચાલે?*
*એક એક ને અનેક કુવાંરા, વરસે વધતા હાલે.*

આમ ગામેગામની ખબર લેતા અને ગરાસીઆની કસોટી કરતા કવિ વાગડમાં છેક આડેસર સુધી પહોંચે છે. આડેસરના ઠાકોર કલાજીના સત્કારથી ખુશ થઈને કવિ તેને બિરદાવતાં કહે છે-

*કલાસરીખો દૂજો કોઈ, દીઠો નહિ દાતારાં,*
*આડેસર-રા ધણી ઉપરે, વાગડ આખી વારાં,*
*ભૂપત દેખે તેડા ભાખે, રણમલ્લ છંદો કણું ન રાખે.*

રણમલ્લ ગઢવીની વાણીમાં વેધકતા છે - સચોટતા પણ છે. ક્યાંક તો એમણે ખૂબ જ તીખાં-તમતમતાં વેણ સુણાવી દીધાં છે. કચ્છના ગામેગામના ગરાસીઆઓ રણમલ્લ કવિના નામથી ચમકી ઊઠતા. ભાગ્યે જ કોઈ ભાયાતી ગામ એમની ઝપટમાંથી બચી ગયું હશે!

રણમલ્લ ગઢવીને ઝપાટે જે કોઈ ચડી જાય તેને ચાબખા ફટકારવામાં તે કદી પાછું વાળી જોતા નહિ. એમના તીવ્ર અને અસહ્ય પ્રહારોથી અકળાઈને એક વાર આખા કચ્છના ગરાસીઆઓ ખળભળી ઊઠ્યા હતા. આ કટાક્ષ કવિને કચ્છમાંથી દેશપાર કરવા

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૧ ઉપર)

*મનને શાંતિ કરવા ઉપાયો કરો.*

# કચ્છનું રણ અને રણદ્વિપો

● નરેશ પી. અંતાણી ●

ભારતના સંસ્કૃતિના અંગરૂપ ગુજરાતના પુરાતત્ત્વ, કલા, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના ઈતિહાસમાં કચ્છનું યોગદાન સવિશેષ રહેલું છે. જે રીતે અનેક સંસ્કૃતિઓએ ભારત વર્ષમાં પ્રવેશવા માટે કચ્છ પ્રદેશનો ઉપયોગ કર્યો છે, તે જ રીતે કચ્છી પ્રજાએ પણ પોતાની સંસ્કૃતિનો પ્રસાર વિશ્વભરમાં ફેલાવ્યો છે. **અને આથી કચ્છમાં આવતા કોઈ પણ પ્રવાસીની નજરમાં તરત વસી જાય એવું કંઈ પણ હોય તો કચ્છની કલાની સાથોસાથ કચ્છનું રણ છે.** પ્રવાસી કચ્છની વાત કરે એટલે તેમાં રણનો ઉલ્લેખ તો આવે જ. આનું કારણ કદાચ એ હશે કે કચ્છમાં વસવાટ લાયક જમીન કરતાં રણનો વિસ્તાર વધારે છે અને વળી કચ્છનું રણ પણ અન્ય રણો કરતાં નોખું અને અદ્વિતીય છે. વિશ્વના અજાયબ પ્રદેશોમાંનો એક પ્રદેશ તે કચ્છનું રણ છે. આથી એનું મહત્ત્વ વધારે છે.

કચ્છનું રણ એ 'અલ્લાહ બંધ' ને બાદ કરતાં કચ્છની ભૂમિનું છેલ્લું સર્જન માનવામાં આવે છે. ટેથ્સ કે ટેથીસ સમુદ્ર જયારે ઉત્તર અને દક્ષિણ ભારતને જુદો પાડતો હતો ત્યારે સૌરાષ્ટ્ર એક બેટ હતો. ત્યારે હાલનું કચ્છનું રણ એ ચોક્કસ રીતે સમુદ્રની નીચે ગરક થયેલું હશે. પેરિપ્લસના લેખકે પણ આ પ્રદેશની એ સમયે છીછરા અખાત તરીકે નોંધ કરી છે.

રણનો અર્થ સામાન્ય રીતે જેમાં ક્ષારનું તત્ત્વ વધારે હોય તેવી રેતીવાળી સપાટ ભૂમિ એવો કરાય છે. અને તેના નિર્માણમાં ભરતીના મોજાંઓ અને નદીઓના પૂર મહત્ત્વનો ભાગ ભજવે છે. જો કે આ અર્થ કચ્છના રણને અનુરૂપ નથી.

રણ શબ્દ સંસ્કૃત 'અરણ્ય' કે એરિણ ઉપરથી આવ્યો છે. એનો અર્થ રણ કે ખારોપાટ થાય છે. અરણ્યનો બીજો અર્થ જંગલ પણ થાય છે. જો કે જંગલ સાથે કચ્છનો કોઈ સંબંધ નથી એટલે અહીં તેનો અર્થ ખારોપાટ તરીકે કરી શકાય.

કચ્છના રણનો સૌ પ્રથમ ઉલ્લેખ પરિપ્લસમાં જ જોવા મળ્યો છે. જેમાં રણ માટે 'એરિનોન' શબ્દ વપરાયો છે. જો કે અખાત કે છીછરા પાણીના પ્રદેશ તરીકે આજે પણ કચ્છના રણમાં ચોમાસામાં રણ ઉપર પાણી ફરી વળે ત્યારે અખાત જેવો ભાસ ઊભો કરે છે.

કચ્છનું રણ અસ્તિત્વમાં કઈ રીતે આવ્યું હશે તેવો પ્રશ્ન સહેજે થાય અને તેની ઉત્પત્તિ માટે જુદી જુદી માન્યતાઓ જાણવા મળી છે. બર્ન્સના મત મુજબ સમુદ્ર ખસી જવાને કારણે રણનું નિર્માણ થયું. જયારે મેકમર્ડોની માન્યતા છે કે, સમુદ્રનું તળિયું ઉપર આવવાના કારણે કચ્છનું રણ સર્જાયું; તો ઍબટ નોંધે છે તે મુજબ રણ એ હકરા નદીનો દોઆબ ગણાતો હતો. આ હકરા નદી સિંધની પૂર્વ સીમામાં વહેતી હતી. અંદાજે દસમી સદીથી તેની શાખાઓ ઘટતાં તે ધીમે ધીમે ખસી ગઈ અને પછી બંધ થઈ ગઈ જેનો હવાલો સિંધુએ સંભાળ્યો અને તે પણ પછીથી ખસી ગઈ આથી તેનો દોઆબ ઉજ્જડ બની રણમાં પરિણમ્યો હશે.

એક એવી પણ માન્યતા છે કે સમગ્ર વિસ્તાર સંભવતઃ કોઈ મોટા ધરતીકંપને કારણે ઊંચો આવ્યો હોય. કારણકે કોઈ સામાન્ય કારણથી આમ બનવું શક્ય નથી. ભૂકંપને કારણે આ પ્રદેશ સમુદ્ર સપાટીથી ઊંચો આવ્યો હોય એમ માનવાને સબળ કારણો છે. કચ્છનો ઈસવીસન ૧૮૧૯નો ભૂકંપ 'અલ્લાહ બંધ' ના સર્જન માટે અને અનેક સ્થળોને પાણીમાં ડુબાડી દેનાર તરીકે જાણીતો છે.

કચ્છની આ ધરતી રણમાં પરિવર્તન પામી એ પહેલાં રણને પૂર્વ કાંઠે નગરપારકર અને શ્રીમાળ બંદરો હોવાના પ્રમાણો મળે છે તો અત્યારના નિરોણ અને વીરોવાવ બંદરો પણ હતાં. નાના રણની પૂર્વ તરફના સમી તાલુકાના તારાનગરમાં આજે પણ વહાણ નાંગરવાના કડાંઓ છે. ટૂંકમાં આ પ્રદેશ અગાઉ પાણી નીચે હતો પછી એ ભલેને ખરાબો કે છીછરો અખાત કેમ ન હોય.

## ● કચ્છનું નાનું રણ :

કચ્છનું નાનું રણ એ ઉજ્જડ અને ખારો પ્રદેશ છે જેનું ક્ષેત્રફળ ૧૪૭૪ ચોરસ માઈલ છે. આ રણનો પશ્ચિમ છેડો કંડલા બંદરની હંસસ્થલ ખાડીને મળે છે. પૂર્વ-પશ્ચિમ ફેલાયેલાં આ રણની દક્ષિણે સૌરાષ્ટ્રના માળિયા, બજાણા અને પૂર્વમાં ખારાઘોડા, ઝીંઝુવાડા અને રાધનપુર તથા ઉત્તરમાં સાંતલપુર અને પશ્ચિમે કચ્છ આવેલું છે.

ઉત્તર-પશ્ચિમ ખૂણામાં નાનું રણ મોટાં રણને બે માઈલના ગાળાથી મળે છે. આ ગાળા ઉપરથી દિલ્હી તરફનો રેલ માર્ગ અને સામખિયાળી-પાલનપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થાય છે.

કચ્છનું નાનું રણ પૂર્વ પશ્ચિમ ૧૨૮ કિ.મી. લાંબુ અને ઉત્તર-દક્ષિણ ૧૬ થી ૬૪ કિ.મી. પહોળું છે. એના પશ્ચિમ છેડાની ઓછામાં ઓછી પહોળાઈ ૬.૫ માઈલની છે.

## ● નાના રણમાં પડતી નદીઓ :

કચ્છના રણમાં દક્ષિણમાંથી મચ્છુ, કનકાવતી, ફુલકા અને ચંદ્રભાગા તથા પૂર્વ તથા ઈશાનમાંથી બનાસ, સરસ્વતી અને રૂપેણ આટલી નદીઓ પોતાના પાણી ઠાલવે

*સ્વભાવમાં લઘુતાગ્રંથિ ન રાખો.*

છે. આથી ચોમાસામાં નાનુ રણ જળબંબાકાર બની જાય છે.

ઈસવીસન ૧૯૬૩માં બનાસ નદી ઉપર કચ્છના નાના રણની ઉપરવાસમાં દાંતીવાડા ડેમ બાંધવામાં આવતાં બનાસ નદીના શ્રાવ વિસ્તારમાંથી ૧૧.૫ ચો.મી. વિસ્તાર બંધાઈ જતાં કચ્છમાં આવતાં તેના પાણીમાં ઘટાડો નોંધાયો છે. સરસ્વતી નદી પર પણ પાટણ જિલ્લામાં ડેમ બંધાયો છે. જો કે આ નદી તો સમુદ્ર સંગમ પામતી નથી. રણમાં જ એ અદશ્ય બની જાય છે. જ્યારે રૂપેણ ૧૦૦૦ ચો.મી. શ્રાવ વિસ્તાર ધરાવે છે. મચ્છુના પાણી રણની દક્ષિણ-પશ્ચિમે સૂરજબારી પુલના પશ્ચિમ ભાગમાં પડે છે. એના પર મચ્છુ ૧ તથા ૨ એમ બે બંધો બંધાયા છે. આ પૈકી બીજા નંબરનો ડેમ ઈસવીસન ૧૯૭૯ની મોરબીની અતિવૃષ્ટિમાં તૂટી ગયો છે.

● **કચ્છના નાના રણના બેટો :**

કચ્છના નાના રણમાં પુંગ, ધુતારીમાતા, નાંઢા, મરડક, કેશમારી અને ભાંગટના ટાપુઓ આવેલા છે. આ બેટો પર સાધારણ ઘાસ ઊગે છે. ચોમાસામાં આ બેટની જમીન પાણીની સપાટીથી થોડી ઊંચી રહે છે. મોટા રણ અને નાના રણની વચ્ચે એક સ્થળે માત્ર પંદર જ માઈલની પટ્ટીથી વાગડ વિસ્તારને જોડે છે. સંભવ છે કે, એ પણ એક બેટ હોય. જો એ સ્વીકારીએ તો એ પરિપ્લસે સૂચવેલો છઠ્ઠો બેટ અને બાકીનું કચ્છ એ સાતમો બેટ ગણી શકાય.

બન્ની વિસ્તારની દક્ષિણ-પશ્ચિમ સરહદને અડતા ધીણોધર ડુંગરની પાસે જ્વાળામુખી કે ધરતીકંપ જેવા કારણોસર અકસ્માતને કારણે અહીંનો સમુદ્ર સૂકાઈ ગયો હોવાની અનુશ્રુતિ છે. એની બાજુમાં આવેલા નિરોણાને પણ બંદર કહેવાયું છે. આથી આગળ પૂર્વમાં જતાં ધ્રંગ અને લોડાઈ વિસ્તારમાંથી આજે પણ સમુદ્ર હોવાના ખ્યાલ આપે છે. કહેવાય છે કે એક સમયે અહીંથી સમુદ્રના પાણી જમીન ચીરીને બહાર નીકળતાં અને ચીરઈ સુધી વહેતાં હતા. ચીરાઈ ગામનું નામ પણ આ ઘટનાની સંદર્ભમાં સૂચક છે. આ સમુદ્રના પાણી ચોબારીથી કડોલ, ખારોઈ, નેર, બંધડી, લતાડા ડુંગર અને લુણવા પાસેથી થઈને ઉત્તરે સમુદ્રમાં મળતાં હતા. તે આ અનુમાનને પુષ્ટિ આપે છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, રીંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨/૨૦૪૩૭૨*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

*ભયંકર ભયંકર ગરમીમાંય જેમ પવન હાજર હોય છે, એમ કપરામાં કપરી પરિસ્થિતિ વખતે પણ સુખ હાજર જ હોય છે.*


# MITC ROLLING MILLS PVT. LTD.

MITC TMT

IS : 1786:2008 IS : 2062:2006 IS : 2830-1992

***Manufacturers of :*** **MITC TMT, MILD STEEL & ALLOY, ROUNDS & BILLETS, ISI APPROVED FINE QUALITY OF IRON & STEEL, ALLOY CASTING, SPECIALISTS IN HEAVY CASTINGS.**

***Regd. Office & Factory :*** B-2/2, M.I.D.C., Palkhed Road, Dindori, Nashik-422 202.
**Tel. :** (02557) 228600 ■ **Fax :** (02557) 228610 ■ **E-mail :** mitc.tmt@gmail.com ■ **Website :** www.mitcsteel.com

**REQUIREMENT AT NASHIK**

(1) Electrical Engineers having experience of 3-5 years
(2) Mechaincal Engineers having experience of 3-5 years
(3) Civil Engineers having experience of 3-5 years
(4) Graduate having experience of 3-5 years and must have computer knowledge to look after day to day transaction of incoming and outgoing of materials.
(5) Undergraduate having experience of 1-2 years to look after the work of stores and supervision and must have computer knowledge.

Food & accommodation will be given at factory for Bachelor candidates. Pick & drop facility from Nashik and afternoon food will be given to candidate who wish to settle with his family.

***Interested candidates may apply with complete Bio-Data to***

**MITC ROLLING MILLS PVT. LTD.**

Garodia Market Place, Ground Floor, Plot No. 8, Dr. Sandhu Marg, Near Malhar Hotel,
Chembur (East), Mumbai-400 071. ■ **Tel. No. :** (022) 6157 1234 ■ **E-mail :** mitcsteel@gmail.com


*સંત બનવા માટે સંયમ જરૂરી છે.*

પ્રજાતંત્ર

# લોકશાહી નામનો આ તમાશો ક્યાં સુધી?

• ડૉ. યાસીન દલાલ •

આખરે ૧૫મી લોકસભાનું સત્ર સમાપ્ત થઈ ગયું છે. અધ્યક્ષશ્રી મીરા કુમારે પોતાના વિદાય પ્રવચનમાં કહ્યું કે ભારતીય સંસદના ઈતિહાસમાં આ પહેલીવાર કોઈ મહિલાને સ્પીકર બનાવવામાં આવી અને એ બહુમાન મને અપાયું. મેં આ જવાબદારી પૂરી નિષ્ઠાથી બજાવવાનો પ્રયત્ન કર્યો. આ પાંચ વરસ મારે માટે વસંત જેવા હતા. એમાં ક્યારેક ખરાબ દિવસો પણ આવ્યા છે પણ એ અવરોધો આપણે બધાનાં સહકારથી દૂર કર્યા છે. એમણે એમ કહ્યું કે મારી ઉપર ક્યારેક એવા આરોપો થયા હતા કે હું મહિલાઓ પ્રત્યે પક્ષપાતી છું એ આરોપ સાચા છે. આમ કહ્યું ત્યારે મહિલા સભ્યોએ પોતાના ટેબલ થપથપાવ્યા હતા. વડાપ્રધાને પણ વિદાય પ્રવચન આપ્યું અને રાબેતા મુજબ આભાર દર્શન કર્યું.

આમ આપણી ટેવ મુજબ આપણી લોકશાહીનાં મોટા મોટા ગુણગાન ગવાયા અને દંભનું એક મહાપર્વ પૂરું થયું. **વડાપ્રધાન કે સ્પીકર બંનેની હિંમત ન ચાલી કે સંસદના સત્રનું તટસ્થ મૂલ્યાંકન કરી બતાવે.** તટસ્થ નિરીક્ષકોને લાગે છે કે આપણે લોકશાહીને લાયક જ નથી. તેલંગણા મુદ્દે બે વરસથી તંગદિલી પ્રવર્તતી હતી. આખરે સંસદનાં સમાપન સત્રમાં એ મુદ્દો હાથ પર લેવાયો અને ન થવાનું હતું તે થઈ ગયું. **લોકસભામાં અતિ વરવાં દૃશ્યો જોવા મળ્યા. કેટલાક સંસદસભ્યો ટપોરીની અદામાં હતા. એક સાંસદે તો ચાકૂ કાઢ્યું અને બીજાએ મરચાની ભૂક્કી બીજા સાંસદો ઉપર ઊડાડી. ત્રીજાએ માઈક તોડી નાખ્યું.** આ સિવાય ઘોંઘાટ તો ચાલુ જ રહ્યો. આપણી સંસદના ઈતિહાસમાં ક્યારેય ન બન્યું હોય એવું બન્યું. ખુદ પ્રધાનો જ સંસદની વેલમાં ધસી ગયા. એમને ખબર નથી જે ઠરાવ રજૂ થયો છે એ એમની જ સરકારે રજૂ કર્યો છે. એમના જ સરકારી ઠરાવનો વિરોધ કરીને એ લોકોએ અક્કલનું પ્રદર્શન કર્યું. પણ એમને કોણ સમજાવે કે આ વિરોધાભાસ એમને શોભા દેતો નથી.

**અમુક સાંસદો સંસદની બહાર ઊભા ઊભા ગર્જના કરતા હતા કે તેલંગણાનો ઠરાવ પસાર થશે તો અમે સંસદને આગ લગાડી દેશું. બીજા એક સાંસદે કહ્યું કે કાલે સંસદમાં હું સાપને લઈ જવાનો છું.** આ પછી ખરડા ઉપર મતદાન થયું. ધ્વનિ મતથી લોકસભામાં ખરડો પસાર થઈ ગયો. ભાજપની બેવડી ચાલ આમાં ઉઘાડી પડી ગઈ. એક તરફ એ કહેતું હતું કે અમે તેલંગણાની તરફેણમાં છીએ. બીજી તરફ એના અમુક નેતા વિરોધી સૂર વ્યક્ત કરતા હતા. બીજે દિવસે આ જ ઠરાવ રાજ્યસભામાં આવ્યો ત્યારે એની કસોટી થઈ ગઈ. બુધવારે રાજ્યસભામાં ભાજપે ૪૨ સુધારા સૂચવ્યા. એક અગત્યનો સુધારો એ હતો કે તેલંગણા ખરડામાં કાયદો અને વ્યવસ્થા રાજ્યપાલને આપવાની જોગવાઈ છે જે ગેરબંધારણીય છે. આથી ભાજપે આ સુધારો મંજૂર કરવાનો આગ્રહ રાખ્યો. સરકારનું એમ કહેવું હતું કે આજે આ આગ્રહ રાખો છો તો ગઈકાલે લોકસભામાં કેમ બિનશરતી ટેકો આપ્યો હતો. આ સુધારો સ્વીકારાય તો બંધારણ સુધારવું પડે અને ખરડો લોકસભામાં ફરીથી મોકલવો પડે.

અંતે ભાજપ ટેકો આપવા તૈયાર થઈ ગયું અને એનું નાક કપાતા રહી ગયું. જો કે અડધું નાક તો કપાઈ જ ગયુ હતું. આ વખતે ભાજપે રાબેતા મુજબ મોટાભાગના દિવસોમાં ઘોંઘાટ કરીને સત્ર ખોરવી નાખ્યું હતું. ઉપરથી હવે લોકોને શરમ લાગે છે એટલે કહે છે કે આ વખતે કોંગ્રેસી સભ્યોએ જ કામકાજમાં વિક્ષેપ નાંખેલા એટલે જવાબદારી કોંગ્રેસની ગણાય પણ સુષ્માબેનને માલૂમ થાય કે આ વખતે કોંગ્રેસીઓએ વિક્ષેપ નાખ્યો એ વાત સાચી પણ એ વિક્ષેપનું ચોક્કસ કારણ હતું. તેલંગણા મુદ્દે ખુદ કોંગ્રેસીઓમાં મતભેદ હતા. અડધા કોંગ્રેસીઓ તેલંગણાના પક્ષમાં હતા અને બાકીના અડધા સીમાંધ્રના પક્ષકાર હતા. તેલંગણા કાઢીને આંધ્રનો જે ભાગ વધે એ સીમાંધ તરીકે ઓળખાશે. રાયલ સીમા અને વિજયવાડા એ એના મુખ્ય શહેરો છે. ભાજપના નેતા શ્રી વેંકૈયા નાયડુ સીમાંધ્રના છે. એમણે સંસદમાં ગરજી ગરજીને ભાષણ આપ્યું. એમના ટોન ઉપરથી એવું લાગે કે હવે ખરડાનું આવી બન્યું. પણ વચ્ચે વચ્ચે એ સતત બોલતા હતા કે અમે ખરડાને ટેકો આપશું. આશ્ચર્યજનક રીતે સીપીએમ, જેડીયુ, બીજેડી અને સમાજવાદી પક્ષે ખરડાનો વિરોધ કર્યો. બસપાએ ટેકો આપ્યો અને સાથે વિનંતી કરી કે સીમાંધ્રને પણ ન્યાય મળવો જોઈએ. એમણે નાના રાજ્યોની પણ હિમાયત કરી અને યુ.પી.નાં ચાર ટુકડા કરવાની માંગણી કરી.

**છેલ્લા દિવસે એકજ વધારાનો ખરડો મંજૂર થયો. કેન્સરના દર્દીઓ માટે મોરફીન હવે સરળતાથી મળી શકે એવું આયોજન એમાં છે.** એ સિવાય એક ડઝન જેટલા ખરડા હાથમાં જ લટકતા રહી ગયા. હવે એ બધા ખરડાઓ પસાર કરવા માટે કાં તો સરકારે વટહુકમ કાઢવા પડશે કાં હવે પછીની નવી સરકાર ઉપર એ છોડવા પડશે. સરકારે સત્ર લંબાવવાની માંગણી કરી પણ ભાજપે ના પાડી. આ બધા પક્ષો એકમેકને સહકાર આપવા તૈયાર નથી.

*દરેકનાં પ્રત્યે એકસરખો ભાવ રાખો.*

ટૂંકમાં આપણે સંસદની ગરિમા છેલ્લા બે દાયકામાં કદી જાળવી શક્યા નથી. નહેરુ અને સરદારના દિવસો જુદા હતા. ત્યારે નેતાઓનું કદ વિરાટ હતું. મૌલાના આઝાદ અને આચાર્ય કૃપલાણી તથા રામમનોહર લોહિયા જેવા નેતાઓ પણ કદમાં ઊંચા હતા. એ લોકો પણ વિરોધ કરતાં પણ એમના વિરોધની પદ્ધતિ જુદી હતી. એમના વિરોધમાં આછકલાઈ નહોતી, તેમ ઘોંઘાટ પણ નહોતો. ત્યારના નેતાઓએ સંસદમાં મરચું કે ચાકૂ લઈ જવાની કલ્પના પણ નહીં કરી હોય. કોઈ સભ્ય ક્યારેક રિવોલ્વર લઈને ધસી જાય તો શું થાય? મતલબ કે હવે સમય આવી ગયો છે કે જ્યારે સાંસદોના કપડાં ચકાસીને જ પ્રવેશ અપાય. **છેલ્લી સંસદમાં એક સભ્ય ત્રણ કરોડની નોટો સાથે ઘૂસી ગયા અને ગૃહમાં એનું પ્રદર્શન પણ કર્યું અને કહ્યું કે મને એક રાજકીય પક્ષે પોતાની તરફેણમાં મતદાન કરવા માટે આ લાંચ આપી છે.** પ્રશ્ન એ છે કે આટલી મોટી રકમની નોટો સાથે એમને જવા કેમ દેવાયા? **એ ભુલાય નહીં કે અત્યારે ૫૪૨ માંથી ૧૫૦ સાંસદો તો મેલી મથરાવટીના છે.** એ લોકો ઉપર કેસ ચાલી રહ્યા છે. હમણાં જ લાલુપ્રસાદ યાદવને ઘાસચારા કૌભાંડમાં સજા પણ થઈ છે. જોકે અત્યારે એ જામીન ઉપર છે. હરિયાણાનાં ભૂતપૂર્વ મુખ્યપ્રધાન શ્રી ઓમપ્રકાશ ચૌટાલા એક મહાકૌભાંડ બદલ જેલમાં છે. એમણે હરિયાણામાં હજારો શિક્ષકોની ભરતીમાં દરેક શિક્ષક દીઠ લાખો રૂપિયા ઉઘરાવ્યા હતા. **હમણા ગુજરાતમાં તલાટીની ભરતીનું કૌભાંડ ગાજ્યું છે.** ગાંધીનગરમાં એક કંપની ચલાવતા માણસે એક એક તલાટી પાસેથી દસ-દસ લાખ રૂપિયા ઉઘરાવ્યા અને દરોડામાં એમની પાસેથી દોઢ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા. કલ્યાણસિંહ નામના આ મહાશય મુખ્યમંત્રીશ્રી મોદીની નજીકનાં માણસ ગણાય છે. મોદી સાથે મંચ ઉપર બેઠા હોય એવા ફોટા પણ અખબારોમાં છપાયા છે. એમણે ચૂંટણીની ટિકિટ પણ માગી છે. શ્રી મોદી અત્યારે આખા દેશમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ ગર્જના કરી રહ્યા છે. હવે એમણે પોતાના જ રાજ્યનાં આ ભ્રષ્ટાચારનો જવાબ આપવો પડશે. **શ્રી મોદી બેંગલોર ગયા ત્યારે શ્રી યદુરપ્પાની સાથે બેઠા હતા. યદુરપ્પાજી અત્યારે ભ્રષ્ટાચાર શિરોમણિ તરીકે દેશભરમાં કુખ્યાત છે. એમને ભાજપે જ ભ્રષ્ટાચારના આરોપસર પક્ષમાંથી હાંકી કાઢેલા.** હવે મોદીના દબાણથી એમને પાછા લેવાયા છે. આમ દરેક સ્થળે બેવડા ધોરણ જોવા મળે છે.

સાથે સાથે યુ.પી. અને કાશ્મીર વિધાનસભાના દશ્યો કેમ ભુલાય? **યુ.પી. વિધાનસભામાં અજીતસિંઘના પક્ષના બે સભ્યોએ પોતાનું શર્ટ કાઢી નાખ્યું. ટી.વી. ઉપર દેશ અને દુનિયાએ આ દશ્ય જોયું અને આપણી લોકશાહીની ફિલ્મ ઉતરી ગઈ. ગૃહપ્રધાન શ્રી આઝમખાને ટિપ્પણી કરી કે સારું થયું કે આ લોકોએ પોતાના પેન્ટ ન કાઢી નાખ્યા. એક ખૂણામાં બેઠા બેઠા મુખ્યપ્રધાન શ્રી અખિલેશ યાદવ હસતા હતા.** હવે આપણે કાશ્મીર ઉપડીએ. ત્યાંની વિધાનસભામાં બસીર નામના પીડીપીના એક ધારાસભ્ય ગેરશિસ્ત આચરતા હતા. સ્પીકરે માર્શલને બોલાવીને એમને બહાર કાઢવાનો હુકમ કર્યો. માર્શલ એમને લઈ જતા હતા ત્યારે સતત બસીર સાહેબ એમને થપ્પડો મારતાં હતા. ફરીથી રાજ્યસભામાં આવીએ તો તેલુગુદેશમ પક્ષના એક સભ્ય લોકસભાનાં સચિવના હાથમાંથી કાગળો આંચકી લેતા દેખાયા. સચિવે મજબૂતીથી કાગળ પકડી રાખ્યો. આ ખેંચાખેંચીમાં સચિવશ્રીના ચશ્મા ઊંચા થઈ ગયા. સચિવના મહિલા સહાયક એ સભ્યને સમજાવતા હતા. સ્પીકરે સતત એમને ઠપકો આપ્યો અને માફી માગવાં કહ્યું. પેલા સભ્યે તરત માફી માંગી લીધી. હવે વિચારો, કોઈના હાથમાંથી કાગળ આંચકી લેવાની સજા માત્ર માફી હોઈ શકે? આ સભ્યને તરત જ હાંકી કાઢવો જોઈએ અને એ પક્ષના પ્રમુખને બોલાવીને એમની સામે પગલાં લેવાની માંગણી કરવી જોઈએ. રાજ્યસભામાં માયાવતી બોલતા હતા ત્યારે અમુક સભ્યો હાથમાં બેનર લઈને 'નો... નો...'ની બૂમો પાડતા હતા. પ્રશ્ન એ છે કે સભ્યોને ગૃહમાં બેનર લઈ જવાની છૂટ કોણે આપી? સતત માયાવતી જેવા નેતાને બોલતા અટકાવવા અને સ્પીકર બેઠા બેઠા તમાશો જોતા રહે એ કેવું લાગે? હવે તો હદ થઈ ગઈ. હવે તાત્કાલિક સંસદ અને વિધાનસભાઓમાં થતી ગેરશિસ્ત રોકવાના તાકીદનાં પગલા નહીં લેવાય તો સંસદ અખાડામાં ફેરવાઈ જશે અને એમાં ખૂનામરકી પણ થશે. આ પહેલાની સંસદમાં લોકપાલ ખરડો રજૂ થયો ત્યારે આરજેડીનાં રાજનીતિ પ્રસાદ નામના સભ્યે પ્રધાનનાં હાથમાંથી એ ખરડો ઝૂંટવીને ફાડી નાંખેલો. આમ દુનિયામાં ક્યાંય ન બને એવા દશ્યો આપણે ત્યાં બને છે. દેશહિત ચિંતકો આ બધું જોઈને ઉદાસ થઈ ગયા છે. કેટલાક વક્રદષ્ટાઓ આનાથી નિરાશ થઈને કહે છે કે આના કરતાં તો અંગ્રેજો સારા હતા. ક્યારેક આ જ લોકો કહે છે કે આના કરતાં તો રાજાઓ સારા હતા.

આપણે ત્યાં બ્રિટિશ મોડેલની લોકશાહી છે. દુનિયાનું લાંબામાં લાંબુ બંધારણ છે. પણ આંબેડકરે ચેતવણી આપી હતી તેમ બંધારણનો અમલ કરનારાઓ કેવા છે એના ઉપર બંધારણની સફળતાનો આધાર છે. **હમણાં જેની જન્મ શતાબ્દિ ઉજવાઈ રહી છે એ 'દર્શક'ની 'સોક્રેટીસ' નામની નવલકથામાં આ જ વ્યથા છે. એમણે પૂછ્યું છે કે આપણે રાજ વ્યવસ્થા પશ્ચિમથી લાવ્યા, શિક્ષણ વ્યવસ્થા પણ પશ્ચિમથી લાવ્યા, ન્યાયતંત્ર પણ પશ્ચિમથી લાવ્યા પણ માણસ ક્યાંથી લાવશું?**

વડાપ્રધાન કે સ્પીકર બંનેની હિંમત ન ચાલી કે સંસદના સત્રનું તટસ્થ મૂલ્યાંકન કરી બતાવે.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*મો. (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

*યોગ્ય મંચ પર પોતાની વાત રજૂ કરો.*

# લોકાયુક્ત કાનૂનનું ભ્રમ નિરસન

• શશીકાંત ઠક્કર •

ગુજરાત રાજ્યમાં લોક આયુક્તની નિમણૂક થઈ ચૂકી છે ત્યારે લોક આયુક્તોની સામેની કેવા પ્રકારની ફરિયાદોમાં શું કાર્યવાહી કરી શકે તેની ચર્ચા કરવી આવશ્યક બની છે. ગુજરાત લોક આયુક્ત અધિનિયમ, ૧૯૮૬ તા. ૧૯-૧૧-૮૬થી અમલમાં આવેલ છે. આ કાયદામાં જાહેર હોદ્દેદાર સાથેની ફરિયાદો તપાસવાની જોગવાઈ કરવામાં આવી છે. જાહેર હોદ્દેદારમાં કોઈપણ મંત્રી જેમાં મુખ્યમંત્રી, રાજ્યકક્ષાના મંત્રી, નાયબ મંત્રી અને સંસદીય સચિવનો સમાવેશ થાય છે. આ ઉપરાંત યુનિ.ના કુલપતિ અને કાયદા હેઠળ સ્થપાયેલ રાજ્યની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના કોર્પોરેશનના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તથા સરકારની ૫૧ ટકા અથવા વધારે શેરમૂડી હોય તેવી કંપનીના અને તેની તેવી જ સહાયક કંપનીના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષનો પણ સમાવેશ થાય છે. માત્ર આ હોદ્દેદારો સામેની ફરિયાદો જ લોક આયુક્ત પાસે કરી શકાય છે.

- **કેવા આક્ષેપો અંગે ફરિયાદ થાય?**

(૧) જાહેર હોદ્દેદારે લીધેલું કોઈ પગલું જાહેર હોદ્દેદાર તરીકેની હેસિયતથી લીધું હોય.

(૨) આ પગલું તે ભ્રષ્ટાચાર માટે દોષિત છે અથવા તેમાં કર્તવ્ય નિષ્ઠાનો અભાવ છે તે બતાવવું હોય અથવા

(૩) અંગત હિત અથવા અયોગ્ય કે ભ્રષ્ટ પ્રયોજનોથી પોતાના કાર્યો અદા કરવામાં તેઓ પ્રેરાયા હોય અથવા

(૪) પોતાને અથવા અન્યને કોઈ લાભ મળે અથવા અનુગ્રહ થાય અથવા અન્યને ગેરવાજબી નુકસાન અથવા હાડમારી થાય તે રીતે પોતાના સ્થાનનો દુરુપયોગ કર્યો હોય.

આવી કોઈપણ બાબતની વિગતોનું સોગંદનામું કરવામાં આવે તે કાયદા અન્વયે આક્ષેપ ગણાય છે.

- **લોકઆયુક્તનો તપાસ રિપોર્ટ :**

(૧) જો ફરિયાદ મુખ્યમંત્રી સામે હોય અગર અન્ય સાથે મુખ્યમંત્રી સામે હોય તો તપાસ પછી લોકઆયુક્તને પૂર્ણતઃ કે અંશતઃ આક્ષેપ પુરવાર થતાં હોવાનું જણાય તો પોતાનો રિપોર્ટ તમામ આધાર પુરાવા સાથે મુખ્યમંત્રીને મોકલવો પડે અને મુખ્યમંત્રી તે રિપોર્ટ વિના વિલંબે મંત્રીમંડળ સમક્ષ મૂકે.

આ પછી આ અંગેની કોઈ કાર્યવાહીની કોઈ જોગવાઈ કાયદામાં નથી. જે મંત્રીઓને નીમે મુખ્યમંત્રી, ચાલુ રાખે મુખ્યમંત્રી અને કાઢી મૂકે પણ મુખ્યમંત્રી. તે મુખ્યમંત્રી સામે પુરવાર થતા આક્ષેપનો રિપોર્ટ આવા મંત્રીઓ પાસે મુકાય તે જોગવાઈ હાસ્યાસ્પદ નથી?

(૨) અન્ય કોઈ સામેની ફરિયાદ બાબતે આધાર પુરાવા સાથેનો રિપોર્ટ સરકારે ઠરાવેલા સમાધિકારીને મોકલવાનો રહે અને તે મળ્યાની તારીખથી ત્રણ મહિનામાં લીધેલા અથવા તેવા ધારેલા પગલાંની જાણ તેમણે લોક આયુક્તને કરવાની રહે.

અહીં પણ પગલાં લેવા કે ન લેવા અને કેવા પગલાં લેવા તેની માત્ર જાણ કરવાની જોગવાઈ છે. પરંતુ તે પછીની કોઈ કાર્યવાહીની કોઈ જોગવાઈ નથી અને લોકઆયુક્તને તે અંગે કોઈ સત્તા નથી.

- **પ્રાથમિક તપાસ :**

જાહેર હોદ્દેદાર સામેના આક્ષેપ અંગે તપાસ કરવાની કાર્યવાહી કરતાં અગાઉ તપાસ માટે વાજબી કારણો છે કે કેમ તેની યોગ્ય લાગે તેવી પ્રાથમિક તપાસ લોકઆયુક્ત કરશે અને જો તેવા કારણો નથી તેમ જણાય તો તેનો નિર્ણય નોંધી પ્રકરણ બંધ કરશે અને ફરિયાદીને જાણ કરશે.

સરકારની અનુકૂળતાવાળા લોકઆયુક્ત આ જોગવાઈ હેઠળ વિધિસર તપાસ કરવાનું ટાળી શકે તેવી આ જોગવાઈ છે.

- **તપાસપાત્ર ન હોય તેવી બાબતો :**

(૧) જે અંગે રાજ્ય સેવક (તપાસ) અધિનિયમ, ૧૯૫૦ હેઠળ પદ્ધતિસરની જાહેર તપાસ કરવાનો હુકમ લોકઆયુક્તની સહમતિથી કરવામાં આવ્યો હોય.

(૨) જે બાબત લોકઆયુક્તની ભલામણ ઉપરથી રાજ્ય સરકાર દ્વારા તપાસ કમિશનને તપાસ માટે મોકલવામાં આવી હોય.

(૩) જે બાબતો માટે ઉપર મુજબ તપાસ કરાઈ હોય અને યોગ્ય કોર્ટ દ્વારા છેવટનો નિર્ણય થયો હોય તે બાબતમાં કોઈ પગલાંની તપાસ થઈ શકશે નહીં.

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAK MAK® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

(૪) લોકઆયુક્તની ભલામણ પરથી અને લોકોના હિતમાં જાહેરનામાથી નક્કી કરેલા જાહેર હોદ્દેદારોના કોઈ વર્ગની વ્યક્તિઓ સામેની ફરિયાદો રાજ્ય સરકાર લોકઆયુક્તની હકુમતથી બાકાત કરી હોય તે સંબંધમાં તપાસ થઈ શકે નહી.

(૫) લોક આયુક્તને પોતાને કોઈ વ્યક્તિ બાબત અગર તેમને લગતી બાબત અંગે પૂર્વગ્રહ હોય તો તેની તપાસ થઈ શકે નહીં.

(૬) આક્ષેપિત પગલું લેવાયું હોય તે તારીખથી પાંચ વર્ષના સમય બાદ આવેલી ફરિયાદની તપાસ થઈ શકે નહીં.

- **ફરિયાદ કોણ કરી શકે :**

(૧) રાજ્ય સેવકની હેસિયત સિવાયની કોઈપણ વ્યક્તિ ફરિયાદ કરી શકે.

(૨) નિયમોથી નક્કી થયેલ નમૂનામાં અને નક્કી થયેલ પ્રકારના સોગંદનામાની સાથે ફરિયાદ કરવી જોઈએ.

(૩) નિયમોથી નક્કી કરેલ અધિકારી પાસે રૂપિયા એક હજારની રકમ અનામત મૂકવી જોઈએ.

(૪) જાણી જોઈને અથવા દ્વેષપૂર્વક ફરિયાદમાં ખોટા આક્ષેપ કરનારને બે વર્ષ સુધીની કેદની સજા અને દંડ થઈ શકશે.

- **કાર્યરીતિ :**

(૧) લોક આયુક્ત તપાસ અંગે ફરિયાદી તેમજ આક્ષેપિત હોદ્દેદાર અંગેની ઓળખ ક્યાંય પણ જાહેર કરી શકાશે નહીં અને તપાસની કાર્યરીતિ કેસના સંજોગો મુજબ લોક આયુક્તને યોગ્ય લાગે તેવી રહેશે.

(૨) કોઈ ફરિયાદ ક્ષુલ્લક, ત્રાસદાયક અથવા શુદ્ધબુદ્ધિ વિનાની જણાય અથવા તપાસ માટે પૂરતાં કારણો નથી તેમ જણાય અથવા ફરિયાદી પાસે બીજા ઉપાયો છે અને તેવા ઉપાયોનો લાભ લેવાનું ફરિયાદી માટે વધારે યોગ્ય હોવાનું જણાય તો લોક આયુક્ત ફરિયાદની તપાસ કરવાની ના પાડી શકશે અથવા તપાસ ચલાવવાનું બંધ કરી શકશે. (દરેક બાબતમાં દેશના સામાન્ય કાયદાઓ મુજબ અન્ય ઉપાયો તો હોય જ છે)

(૩) આ કાયદા હેઠળ જે બાબતની તપાસ ચાલુ હોય તેવી બાબતમાં પણ વધુ પગલાં લેવાની આક્ષેપિત હોદ્દેદારની સત્તાને બાધ આવતો નથી.

(૪) માહિતી લોકો અથવા પ્રેસ સમક્ષ પ્રગટ કરવામાં આવે તો બે વર્ષ સુધી કેદની સજા અને દંડ થઈ શકે.

(૫) લોક આયુક્તનો કોઈ નિર્ણય કે કાર્યવાહી કોઈ કોર્ટમાં પડકારી શકાશે નહીં, તેની પુનઃવિચારણા થઈ શકશે નહીં, તે રદ કરી શકાશે નહીં અથવા તેની સામે વાંધો લઈ શકાશે નહીં.

- **ઉપસંહાર :**

**કાયદાની આ મુખ્ય જોગવાઈઓ જોતાં કાયદા હેઠળના લોક આયુક્ત કોઈ સ્વતંત્ર સત્તા વિનાના નખ અને દાંત વિનાના સિંહ જેવા જ ગણાય. એટલું જ નહીં પણ તપાસ કર્યા બાદ દોષ સાબિત થતો હોય તો પણ કોઈપણ પગલાં લેવાની સત્તા તેમને અપાઈ જ નથી.** અપવાદો પણ એવા અને એટલા છે કે સરકાર જેની ઈચ્છે તેની જ તપાસ થઈ શકે અને સરકાર ઈચ્છે તેની સામે અને ઈચ્છે તેવા પગલાં લઈ શકે. આરોપીને સજા કરવાની કોઈ જોગવાઈ વિનાના આ કાયદામાં ફરિયાદી માટેનો લોકઆયુક્ત આક્ષેપ સાચો ન માને તો બે વર્ષની સજા થાય અને કોઈપણ માહિતી બહાર પાડે તો પણ સજા થાય. આ જોગવાઈઓ સમજ્યા પછી એવો કોણ ફરિયાદી હોય કે જે લોક આયુક્તને ફરિયાદ કરે. સિવાય કે અંગત સ્વાર્થ હોય અથવા વ્યક્તિગત હક્કહિતને નુકસાન થયું હોય. **આ કાયદો ભ્રષ્ટાચાર રોકવા માટે છે કે ભ્રષ્ટાચાર બહાર પાડનારાઓને શિક્ષા કરવા માટે છે તે એક મોટો પ્રશ્ન છે.**

કેન્દ્રે તાજેતરમાં પસાર કરેલો લોકપાલ ખરડો જો આવો જ હોય તો તે પણ અર્થ વગરનો બનશે.

*'જલિયાણા',*
*જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂના વાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*

## કચ્છનો કટાક્ષ – કવિ રણમલ્લ ગઢવી

**(અનુસંધાન : પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)**

માટે કચ્છના રાજવી દેશળજી બાવા પાસે ફરિયાદ કરવામાં આવી. ભાયાતો અને અન્ય ગરાસદાર વર્ગની મોટી સભા ભરવામાં આવી. કવિને પણ કચ્છ-દરબારની હાજરીમાં ત્યાં હાજર રાખવામાં આવ્યાં.

કવિ વિરુદ્ધની ફરિયાદમાં પળાંસવાના ઠાકોર પૂંજાજી મુખ્ય હતા. કવિ સામેના પુરાવા રજૂ કરવા બાવાએ ફરમાન કર્યું. એ વખતે સૌ કોઈ એક બીજાનાં મોઢાં સામે જોવા લાગ્યા. આ પ્રસંગે કવિએ રા' દેશળ સન્મુખ એ જ પૂંજાજી ઠાકોરને રુંવાડાં ઊભાં થઈ જાય એવાં વેણ સંભળાવ્યાં. પછી તો આગળ વધવામાં કંઈ માલ નથી એમ સમજીને સૌએ ભીનું સંકેલી લીધું. કવિને દેશવટાને બદલે સરપાવ આપીને વિદાય કરવામાં આવ્યાં. આ હતી રણમલ્લ ગઢવીની વાણીની તાકાત!

આ સ્પષ્ટવક્તા કવિ સંવત ૧૯૨૦માં સ્વર્ગવાસી થયા. કચ્છની જનતા આજ પણ કવિને યાદ કરતાં એમનાં વેણ ઉચ્ચારે છે કે -

*રણમલ્લ દેખે તેડા ભાખે,*
*રણમલ્લ છંદો કણું ન રાખે!* ■

Prakash®
**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
**MFG. ST. STEEL UTENSILS**

સંસારચક્ર

# 'તમે પણ શેરબજારનું કરો છો?'

● ડૉ. ગિરીશ વીછીવોરા ●

એક મિત્રના ઘરે પાર્ટીમાં મહાલતા હતા. કોઈ વિષય ચર્ચાતો હતો કે પાછળથી ધબ્બો પડ્યો. બીજા સાથે વાત પડતી મૂકી પાછળ જોયું. હસતે ચહેરે એક ઓળખીતા ભાઈએ મમરો મૂક્યો. ક્યાં છો? હમણાં તો દેખાતા જ નથી. ઉમેર્યું 'બહુ મોટા માણસ થઈ ગયા છો!' 'ઉંમરમાં ખરો.' સહજભાવે બોલ્યો.

ઓળખીતા કે આંખઓળખીતા ભાઈ બહેનો કોઈ પણ સમારંભમાં સગાવહાલા અને મિત્રો સાથે ઢોકળા ઉપર મરીમસાલો કે કોથમીરનો છંટકાવ કરીએ તેમ મળી જતા હોય છે. કોઈકને સહેજ સ્મિત, કોઈકને ન ઓળખતા હોઈએ તો પણ ઓળખવાની અદાકારી કે ક્યાંક ગળામાં ઘંટની જેમ બંધાઈ જતા ભાઈબહેનોને તાત્પુરતા નભાવી લેવા જોઈએ. શિષ્ટાચારનો સવાલ ખરો.

પેલા ભાઈ ચીટકી પડ્યા. પોતે જ વિષય ગોતતા જાય, બદલતા જાય ને વચવચમાં જરા હળવોસાં ઠોંસો મારતા જાય. બીજું બધું સહન થાય, પણ આ ગોદો! એમની વાતમાં કંઈ દમ નો'તો પણ ઊભાં ઊભા બુફે આરોગતા એ સહન કરવાનું જ રહ્યું.

હમણાં કોઈની સાથે ચાર વાક્યનું સંભાષણ થયું કે પાંચમા વાક્યમાં શેરબજાર પાકું જ. અહીં પણ આવ્યું. હલબલી જવાય એવો ઠોંસો મારતા કહે, 'શું કહો છો તમે હજુ ડીમેટ ખાતુંજ ખોલાવ્યું નથી? લે વેચ કેમ થાય?' સાવ ઠંડે કલેજે કહ્યું કે, 'મને જરા રસ ઓછો ખરો.' પણ, એમ હાર માને તે બીજા. જાણે મારી ફાઈલ એમના કબજામાં હોય તેમ સલાહો, સૂચનો અને યોજનાઓનો એવો તો મારો ચલાવ્યો. એમના ઘર આગળ ઉતાર્યા ત્યારે હાશ થઈ.

**સલાહ આપવી સૌને ગમે છે. કોઈ માગે ને આપીએ તે તો જાણે ઠીક, પણ વણમાગી સલાહ દેનારા કોઈ અપવાદ સિવાય બધા જ હોય છે.** બધાને તે ગમે છે ને ભલે સાંભળનારનું માથું પકવ્યું હોય છતાં મનમાં અજીબની ધરપત અનુભવે છે કે પેલાને પોતાની સલાહથી કેટલો ફાયદો થશે. બીજા બધા ઘરે ગયા. મારી જ વાત કરું તો, જરા વાત નીકળી, ભલે એ વાતને બીમારી સાથે સ્નાનસૂતક ન હોય છતાં મારું ફળદ્રુપ ભેજું એમાંથી કોઈક રોગના લક્ષણ ગોતી કાઢે ને અમુક અમુક દવા લેશો તો બહુજ ફાયદો થશે એના એવા ઢોલ પીટે. પેલો ગમે તે બહાનું કાઢતો મારો સંગાથ છોડતા જે હાશકારો અનુભવે તે જોઈ મારા ભેજામાં હાયકારાની બત્તી થાય.

જ્યારે કાંડા ઘડિયાળ નવી નવાઈ જેવી હતી ત્યારે એક કહેવત ફુટી નીકળી હતી. 'કોઈ પૂછે નહિ તો સમય કહેવાની જરૂરત નથી.' જેમ મોબાઈલ નવાં આવ્યા ત્યારે બધાં હાથમાં રમાડતાં, તેમ કાંડા ઘડિયાળ વિશે પણ હશે. એટલે જ કહેવત આવી, છતાં મુદ્દો તો ચોક્ખો ચણક એક જ છે કે વણમાગી સલાહ ન જ આપવી. મને લાગે છે કે જે લોકો વ્યવસાયી સલાહકાર હોય છે તેમને આ વાતનું જરા કઠતું હશે. એટલે જ પોતાના પાટિયા પર ફલાણાં ઢીંકણાના નિષ્ણાત કે હવે તો અતિનિષ્ણાત લખે છે. કાયદાના સલાહકાર શબ્દ હવે જરા મોળાં ભાસે છે. હા, માર્ગદર્શક શબ્દ વાપરી પોતાનો અહમ્ જરૂર સંતોષે છે. ભલેને એમણે ચડાવેલા વારાણસી જવાના માર્ગે ચાલતાં વૈકુંઠ પહોંચાય તો પણ હવે કોઈને નવાઈ જેવું નથી લાગતું.

**માણસમાત્રમાં બીજાનું ભલું કરવાનો, પરોપકાર કરવાનો સદ્‌ગુણ જન્મથીજ વિકસેલો હોય છે.** નાનું બાળક સલાહસૂચન શું આપી શકે? છતાં ટેબલ પર મૂકેલા પાણી ભરેલા ગ્લાસને ગુલાંટી ખવડાવે ત્યારે એના મનમાં એવું હોય ખરું કે મમ્મીને ટેબલ સાફ કરવાના કામમાં પોતે મદદગાર થઈ રહ્યો છે. મદદગાર પરોપકારનો પર્યાય જ છે. શાળા કોલેજમાં ભણતાં ભણતાં જરા નબળા મનના મુરઘાઓ ડાઘિયાઓના ધ્યાનમાં તરત જ આવી જાય છે. સલાહસૂચનો આપવાનો પોતાનો અબાધિત અધિકાર આવા નબળાઓ પર સબળા જમાવી દે છે. ફળસ્વરૂપ પેલો નબળો એમના મોહપાશમાંથી ન છટકી શક્યો તો જિંદગીભરનો માયકાંગલો થઈ જાય એટલી સુફિયાણી સલાહો એના મગજમાં ઠાંસવામાં આવે છે. આમ ન કર, તેમ ન કર, એવી ટક ટક અતિ ઉત્સાહી, પોતાને સમજદાર સમજનાર માબાપ એમના સંતાનને આપતા જ રહે છે. વગર જરૂરની, વણમાગી સલાહ મળતી રહે તો સંતાન કાં એ સલાહને શિરસાવદ્ય કરી, પોતાની વિચારશક્તિને તાળું મારી હંમેશનું માયકાંગલું થઈ જશે. જો સંતાન સ્વત્વવાળું હોય તો આવી સલાહને અવગણી પોતાનું ધાર્યું કરશે. આવું થશે ત્યારે મા બાપ દુઃખી થઈ બોલી ઊઠશે, શું જમાનો આવ્યો છે. આજનાં છોકરાં માબાપને ગણકારતા જ નથી. બાળકને જેમ બને તેમ ઓછું સલાહસૂચન અપાય તો એની પોતાની વિચારશક્તિ અને વિવેકબુદ્ધિ વધુ ખીલશે. એનું વ્યક્તિત્વ ઘડાશે.

કોઈને પણ વણમાગી સલાહ અપાય છે ત્યારે એમાં સલાહ આપનારનો પોતાનો જ દૃષ્ટિકોણ હોય છે. હોઈ શકે એ દૃષ્ટિકોણ સાચો હોય ને જેને સલાહ આપવામાં આવે છે એને હિતકર્તા પણ હોય. બહુધા આવું જૂજ થતું હોય છે. મોટેભાગે જે સલાહ

*ધર્મનાં નામે વિવાદ કરવો યોગ્ય નથી.*

આપવા માટે છાપરે ચડી પોકારતો હોય છે એના પોતાનામાં પોતાનું સ્વત્વ ઓછું હોય છે. એનું વ્યક્તિત્વ જ નબળું હોવાથી પોતાની ક્યાંક ગણતરી થાય એવા હીનભાવે અહીંતહીં વણમાગ્યાં સલાહસૂચન આપી પોતાના મનનું સમાધાન કરતો હોય છે કે હું પણ કંઈક છું.

સલાહ ને વણમાગી, પાછી સાવ મફત – જીવનના હરક્ષેત્રમાં અપાતી જ રહે છે. પરાપૂર્વથી આ ચાલતું આવ્યું છે છતાં અમુક ક્ષેત્રો સલાહ આપનારાઓ માટે ખાસ પસંદગી પામેલા હોય છે. કપડાં કેવાં પહેરવાં, હેરસ્ટાઈલ કેવી રાખવી કે લટકાચટકા કેવા અને કેટલા કરવા. ટી.વી. આજકાલ એના માટે વણમાગી સલાહ આપતું જ રહે છે. ટીવી બહુ લુચ્ચું છે. મફત સલાહના લીબાશમાં પોતાનો પેટગુજારો કરે છે.

સ્વાસ્થ્ય બાબતમાં હમણાં કદાચ વધુમાં વધુ સલાહ અપાતી હશે. સુપરસ્પેશિયાલિસ્ટ સલાહ આપતાં જરા વિચારશે કારણ કે એ પોતાની જવાબદારી સમજે છે. જેને જે વિષયની જરા પણ ગતાગમ નથી તે છાતી ઠોકી, ખોંખારો ખાઈ, ફલાણી ગોળી કે ઢીંકણું ટોનિક ઈસ્તેમાલ કરવાની જિક્ર કરતા હોય છે. કોઈ ડોક્ટર સારો છે તે એમના મગજમાં બેઠું કે બધાને એની પાસે જ જવાનું કહેશે પછી ભલે એ સર્જન હોય, અને પેલાનું માત્ર માથું દુઃખતું હોય!

જીવનમાં કંઈ પણ ફોક્ટ મળતું નથી એ કુદરતનો નિયમ છે. એ નિયમાનુસાર સલાહ પણ ફ્રી કેમ હોઈ શકે? એટલું સાદું ગણિત ન સમજે એટલું કોઈ મૂર્ખ હોતું નથી. છતાં ઘણીવાર બે પર એક ફ્રી કહી વેપલો કરનારની માયાજાળમાં ભલભલા ચમરબંધીઓ ફસાય છે તેમ ફ્રી અને પાછી સુફિયાણી સલાહ પાછળ ઘણા પોતાને સમજદાર કહેનાર લોકો ફસાય છે. ખુવાર પણ થાય છે. સહેલાઈથી સલાહ સ્વીકારી લેનારનું બહુધા પોતાનું નિજી વ્યક્તિત્વ ઓછું ખીલેલું હોય છે. આવા લોકો બીજાની સલાહ તરત સ્વીકારી લે છે. જે સમજદાર છે, જેને પોતાનું વ્યક્તિત્વ છે, જેને પોતાની ઓળખ છે, તે આવી સલાહ સાંભળી જરૂર લેશે, કદાચ સલાહ આપનારના સંતોષ ખાતર બે શબ્દ આભારના પણ કહી દેશે, પણ એની સલાહ એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાખશે.

વણમાગી સલાહ દેવી એ અન્યની જિંદગીમાં દખલ કરવા બરાબર છે. આવી રીતે દખલ કરવી પાપ છે. **આવો પાપાચાર અટકે એ બધા માટે – સલાહ આપનાર, સ્વીકારનાર કે સમાજ આખા માટે બહુજ લાભદાયક બની રહેશે.** જેમને આવી વણમાગી સલાહ આપવાની ટેવ પડી ગઈ હોય, જે જરા જેટલીવારમા કોઈની બાબતમાં દખલ કરવા વચ્ચે કૂદી પડતા હોય, મેદાન ગજવતા હોય ને સલાહ આપી માથું પકવતા હોય એવા ભાઈ-બહેનો છાતીએ હાથ રાખી જરાક ખમૈયા કરશે તો બાત બની જશે.

*૫૦/૪, રામસદન,*
*માટુંગા, મુંબઈ ૪૦૦ ૦૧૯.*

યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા – પંચતીર્થ
ગીરનાર – સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના –કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી – હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

# પતિ - પત્ની : સંસારના સ્ટેજ પરથી દાંપત્યનું ડ્યુએટ ગાતા બે કલાકારો

● દિનેશ પાંચાલ ●

સાસરેથી પધારેલી માયાએ ફરિયાદ કરીઃ 'યોગેશ એના ગમાઅણગમા મારા પર બળજબરીથી ઠોકી બેસાડે છે. એ કારણે અમારા વચ્ચે મોટો ઝઘડો થઈ જાય છે.' એક દિવસ યોગેશે કહ્યું - 'માયા, તું વાળમાં તેલ નાખે છે તે મને નથી ગમતું. વાળ કોરા રાખ...' મેં એનું મન રાખવા વાળમાં તેલ નાખવાનું બંધ કર્યું.' એક દિવસ એણે કહ્યું - 'તું ઘરમાં મૅક્સી શા માટે પહેરી રાખે છે? સાડી પહેર...!' મેં એને સમજાવ્યો. ઘરમાં આખો દિવસ કામો કરવાના હોય એથી સાડી કરતાં મૅક્સી જ વધુ અનુકૂળ રહે...બધાં મૅક્સી જ પહેરતાં હોય છે. એ ફફડ્યો- 'બીજાની વાત હું ન જાણું... મને જે ગમે તે તારે પહેરવાનું!'

આવી દાંપત્ય દાદાગીરી મોટેભાગે પુરુષો વધુ કરતાં હોય છે. પતિ-પત્નીના ગમાઅણગમા સમાન હોય એનાથી ઉત્તમ વાત બીજી શી હોઈ શકે? પરંતુ એવું હંમેશાં બનતું નથી. **સાડીના મેચીંગની બ્લાઉઝ મળી શકે પણ મનના મેચીંગનો માણિગર ક્યાંથી લાવવો?** એકાદ ટકા દંપતી એવા હશે જેમના બધા ગમાઅણગમા સરખા હોય. એક જ છોડ પર ઊગેલા બે ગુલાબના રંગમાં પણ થોડો ફેર હોય છે. એક છત તળે જીવતા પતિપત્નીના શોખ, રસ-રૂચિ વચ્ચે ભિન્નતા હોય એ સ્વાભાવિક છે. આ સમજદારીનો (અને ખાસ તો) અનુકૂલનનો પ્રશ્ન છે. ઘણા શિક્ષિત દંપતીઓ પણ આ વાત ઠીક રીતે સમજી લેવાને બદલે પોતાનો જ કક્કો ખરો કરાવે છે. આવી સાંસારિક સરમુખત્યારીને કારણે દાંપત્યજીવનમાં મોટો બળવો ફાટી નીકળે છે. એવા બળવામાંથી છૂટાછેડાનો પાયો નંખાય છે.

સાવિત્રીબેન હયાત હતા ત્યારે બચુભાઈ કહે તેમજ તેમણે કરવું પડતું. થોડા જ સમયમાં સાવિત્રીબેન કંટાળી ગયા. એક દિવસ તેમણે માથુ ઊંચક્યું - 'હું કહું કે તમે પેન્ટને બદલે ધોતિયું પહેરો, તો પહેરશો? હું ઈચ્છું કે તમે વીરપ્પન જેવી મૂછો રાખો, તો રાખશો? હું તમને સ્કૂટરને બદલે ઘોડા પર બેસીને ઑફિસે જવા કહું તો જશો? દરેક વાતમાં મારે જ તમારી ઈચ્છા પ્રમાણે શા માટે કરવું? મારી પોતાની પસંદગી પણ હોય કે નહીં? (બચુભાઈ શો જવાબ આપે? હંમેશ મુજબ - 'તારામાં છાંટો અક્કલ નથી' એમ કહી તેઓ ચંપલ પહેરી બહાર નીકળી ગયા)

અરવિંદભાઈને ત્યાં પણ મામલો કંઈક એવો જ. એમની પત્નીને ઓછા તેલવાળુ ભીંડાનું લીલુ શાક ભાવે. અરવિંદભાઈને તેલમાં કકરું કરેલું શાક જ ભાવે. એમને વાલ ભાવે પણ વાલની દાળ ન ભાવે. આવા રૂચિભેદનો તો કંઈકે રસ્તો નીકળે. જેમકે પત્ની પહેલા પોતાને માટે લીલા ભીંડા કાઢી લે, પછી બાકીનું શાક કકરું થવા દે એટલે પત્યું. પણ એક જ રૂમમાં સૂતા હોય એવા દંપતીમાંથી એકને નાઈટલેમ્પ ચાલુ રાખવાની આદત હોય અને બીજાને નાઈટલેમ્પમાં ઊંઘ જ ના આવતી હોય તો શો ઉપાય? ટ્રેનમાં બેઠા હોય અને એક મુસાફરને બારીવાળી સીટ ફાવતી હોય બીજાને ન ફાવતી હોય તો સીટ બદલી શકાય. પણ બન્નેએ બારીવાળી સીટ પર જ બેસવું હોય તો શું થઈ શકે?

આવા માનવીય ગમાઅણગમા દંપતીઓમાં જ હોય એવું નથી. ઑફિસોમાં, ક્લબોમાં, બસ-ગાડીમાં કે જાહેર ક્ષેત્રોમાં, જ્યાં વધારે માણસો ભેગાં થતાં હોય ત્યાં અનુકૂલનના અભાવની સમસ્યાઓ સર્જાય છે. એક વાર અમે મહાબળેશ્વર ગયેલા. લકઝરીબસમાં મોટેથી ટેપરેકોર્ડર વાગતું હતું. એનું સ્પીકર બિલકુલ મારા માથા ઉપર હતું. મને સંગીત ગમે પણ કાનના પરદા ફાડી નાખે એવા ઘોંઘાટિયા સંગીતની સખત ચીડ. લાઉડસ્પીકરમાં લતા મંગેશકરની ચીચિયારીઓ મારાથી સહન થતી નથી. બસના ડ્રાઈવરને વિનંતી કરીને મેં અવાજ ધીમો કરાવ્યો. પરંતુ પાછળના ટુરીસ્ટોએ ફરિયાદ કરી 'અમોને અહીં નથી સંભળાતુ...' ડ્રાઈવરે ફરીથી અવાજ મોટો કર્યો. મારે ન છૂટકે સીટ બદલી પાછળ જવું પડ્યું. ઘર આંગણે પતિ-પત્ની વચ્ચે ગમા-અણગમાના પ્રશ્નો ઉદ્ભવે તેનો કંઈકે તોડ નીકળે પણ ઑફિસમાં એક કર્મચારીને ફૂલ પંખો જોઈતો હોય અને બીજાને ધીમો જોઈતો હોય તો શું કરી શકાય? કોઈકે બાંધછોડ કરવી પડે. પણ કોણ બાંધછોડ કરે? ટ્રેનમાં બે પેસેન્જરો વચ્ચે બારી ખુલ્લી રાખવી કે બંધ રાખવી એ મુદ્દા પર ઘણીવાર ઝઘડા થતા હોય છે. (એ ઝઘડામાં એકવાર એક પેસેન્જરે બારીનો કાચ તોડી નાખ્યો હતો. અનુકૂલન સાધતા ન આવડે તો ગાડીમાં કાચ તૂટે અને સંસારમાં સંબંધો પણ તૂટે. **'લાઈફ ઇઝ એન આર્ટ ઓફ એડજસ્ટમેન્ટ'** એવું કહેવાયું છે તે વાતમાં ખાસ્સો દમ છે.)

એક મિત્ર મોટી કંપનીમાં એન્જિનિયર છે. એમણે એકવાર એમના દાંપત્યની આવી

Aristo™ STAINLESS STEEL
Mfrs. of Aristo Brand Stainless Steel Utensils
ARISTO PLUS
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

સમસ્યા જણાવતાં કહેલું - 'હું આખો દિવસ ઑફિસમાં થાક્યો હોઉં. એથી ઘરે ગયા પછી આરામ કરવાનું જ મને વિશેષ ગમે. પત્ની આખો દિવસ ઘરમાં કંટાળી હોય એથી એ બહાર ફરવા જવાની જીદ પકડે. શરૂઆતમાં એ મુદ્દા પર ઘણાં ઝઘડા થયા. પણ હું મારી વાત પર મક્કમ રહ્યો. એક દિવસ પત્નીએ કહ્યું : 'તમારી વાત સાચી છે. તમે આખો દિવસ થાક્યા હો એથી ઘરે આવ્યા બાદ તમને આરામ કરવાનું જ વિશેષ ગમે એ સ્વાભાવિક છે. હું હવે બહાર જવાની જીદ નહીં પકડું. આપણે ઘરે જ અગાસીમાં બેસીશું.'

પત્નીએ મને સમજવાનો પ્રયત્ન કર્યો તેથી આનંદ થયો. અમે ત્યારબાદ એવો તોડ કાઢ્યો કે અઠવાડિયામાં બે દિવસ બહાર ફરવા જવું અને બાકીના દિવસોમાં ઘરે આરામ કરવો. આવા આયોજનથી બન્નેને ન્યાય મળ્યો. પછી તો એક ક્ષણ એવી આવી કે હું બહું થાકેલો હોઉં તો પણ ઑફિસેથી આવીને ફરવા જવાની તૈયારી બતાવું. પણ પત્ની મારી થાકભરી સ્થિતિ કળી જાય અને એના પગો દુખતા હોવાનું જૂઠું બહાનુ કાઢી મારી આંતરિક સ્થિતિને અનુકૂળ થાય. અમે બન્નેએ સ્વકેન્દ્રિત બની રહેવાને બદલે સામાને સુખી કરવાની ભાવનાને પ્રાધાન્ય આપ્યું. અને એકમેકના મન જાળવી શક્યા. ગની દહીંવાલાએ કોઈ દંપતી માટે જ લખ્યું હશે - **'ન ધરા સુધી ન ગગન સુધી, બસ આપણે તો જવું હતું એકમેકના મન સુધી!'**

એક વાત સમજી લેવામાં ફાયદો છે. પતિપત્ની બનવા માત્રથી બન્નેના ગમાઅણગમા એક થઈ જતાં નથી. બન્ને પરસ્પરને સુખી કરવા કેટલા ઉત્સુક છે, બન્નેમાં સમર્પણની ભાવના કેટલી છે તે પર દાંપત્યસુખનો આધાર રહે છે. જીવનમાં હંમેશાં એક જ વ્યક્તિની ઈચ્છા પ્રમાણે બધું થયા કરે એવું બનતું નથી અને બને તો ઝાઝી વાર ટકતું નથી. દરેકે થોડું જતું કરી સામાને સુખી કરવાની ભાવના કેળવવી પડે. તે વિના સંસારમાં સુખશાંતિ સ્થપાતાં નથી. **હસ્તમેળાપ પાંચ મિનિટમાં પતી જાય, મનમેળાપ માટે આખી જિંદગી નીકળી જાય.** બન્નેએ સમજદારીનો હાથ આગળ વધારવો જોઈએ. એક ફિલ્મીગીતના શબ્દો એ વાત ઠીક રીતે સમજાવી જાય છે. 'દો કદમ તુમભી ચલો, દો કદમ હમભી ચલે.. મંઝિલે ફિર પ્યારકી આયેગી ચલતે ચલતે...!' સ્ટેજ પર એક માઈક પરથી ડ્યુએટ સોંગ ગાતા મેઈલ ફિમેઈલ કલાકારોને આપણે સાંભળ્યા છે. બન્નેનો સ્વર જુદો હોવા છતાં તેમના અવાજનું મધુરું સંમિશ્રણ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દે છે. પતિપત્ની પણ સંસારના સ્ટેજ પર દાંપત્યનું ડ્યુએટ સોંગ ગાતા કલાકારો છે. બન્નેની રૂચિ-પ્રકૃતિ ભિન્ન હોય છતાં તેમને સંસારની રાગરાગીણી આવડે તો જરૂર તેઓ પોતાના સંસારની સરગમને માધુર્યસભર બનાવી શકે.

*સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*



# ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર



**એંકરવાલા અહિંસાધામ**

**An ISO 9001 : 2008 Certified**

**મુંબઈ કાર્યાલય : ૫, ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, કસ્તુરબા ક્રોસ રોડ નં.-૧, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬. ફોન : (૦૨૨) ૨૮૬૨૭૭૯૫, ૨૮૬૫૮૨૬૬**
**કચ્છ ઓફિસ : પ્રાગપુર રોડ જંકશન, તા. મુંદ્રા, કચ્છ. (ગુજરાત) મો. ૦૯૯૨૫૧ ૨૫૨૦૨, ૦૯૯૦૪૭ ૫૭૬૪ ફોન : (૦૨૮૩૮) ૨૨૨૩૫૨**
**ઈ-મેઈલ : ahinshadham_kutch@yahoo.co.in ● વેબસાઈટ : www.ahinsadham.org**

**-: સંસ્થાના સંકુલમાં જોવાલાયક વિભાગો :-**

- **મ્યુઝિયમ (અહિંસા, પર્યાવરણ)**
- **ગોપાલ સ્મૃતિ મંદિર**
- **૧૧,૦૦૦ સ્કે.નું વિશાળ ICU**
- **અંધ અને અપંગ પશુઓ માટેના આવાસ**
- **ઓડિટોરીયમ**
- **યાત્રિકો માટે ભોજનશાળા**

**દેવનાર કતલખાનામાંથી મુક્ત કરાયેલાં જય અને વિજય બળદની જોડી.**

**-: સંકુલથી ૫ કિ.મી.ના અંતરે સંસ્થાના જોવાલાયક અન્ય વિભાગો :-**

- **૩૫ એકરનું વિશાળ એંકરવાલા નંદી સરોવર**
- **પશુ-પક્ષીઓ માટે મુક્ત અભયારણ્ય.**

**આપનું યોગદાન પહોંચશે અબોલ જીવોની સેવા માટે....**

**ચેક "ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર"ના નામે લખવો.**

- **Dena Bank, Borivali (East) Branch, SB A/c. No. 055110013650 RTGS/IFSC Code : BKDN0460551**
- **Abhyudaya Co-Operative Bank Ltd., Borivali (East) Branch, A/c. No. CD 024021100005006 RTGS / IFSC Code : ABHY0065024**

ભાષા-શિક્ષણ

# ગુજરાતી ભાષા બકરી બેં

● ડૉ. ગુણવંત શાહ ●

કેટલાક શબ્દો જે ધરતીની ધૂળમાંથી ઊગી નીકળે છે. 'ધાડ મારવી' જેવા શબ્દપ્રયોગને અંગ્રેજીમાં, હિંદીમાં કે અન્ય ભાષામાં ઢાળવાનો પ્રયત્ન કરી જોવા જેવો છે. તમે લાખ પ્રયત્ન કરો અને અનુવાદને સહજ બનાવવા મથો તોય કોઠે ટાઢક નહીં વળે એ નક્કી. આ વાત ન સમજાય તો 'કોઠે ટાઢક થવી' જેવા કાઠિયાવાડી શબ્દ પ્રયોગને અંગ્રેજીમાં કે હિંદીમાં ઉતારવા પ્રયત્ન કરી જોજો. સુરત બાજુ સ્ત્રીઓ છોકરાને 'ભોંયનાખ્યા' કહીને ગાળ દે છે. આ શબ્દપ્રયોગ અનુવાદથી પર છે. આપણી સ્ત્રીઓ વાતવાતમાં કોઈને 'મૂઆ' કહે છે. તેના જેવો અર્થ 'ભોંયનાખ્યા' થાય છે. 'મૂઆ' ગાળમાં ઉગ્રતાની માત્રા વધે અને જો સામેવાળો વધુ પડતો દુષ્ટ હોય કે મરવાપાત્ર હોય તો સ્ત્રીઓ એને 'ફાટી મૂઆ' કહીને ભાંડે છે. **જેની માએ સવાશેર સૂંઠ ખાધી હોય તે 'ફાટી મૂઆ' શબ્દ પ્રયોગને અંગ્રેજીમાં કે હિંદીમાં ઢાળી બતાવે.**

આખી દુનિયામાં તમે ગમે ત્યાં જાવ અને વળી ભારતમાં બધા રાજ્યોમાં ઘૂમી વળો પરંતુ પોતાની માતૃભાષા પ્રત્યેના ગૌરવનો અભાવ તમને ગુજરાત જેટલો ક્યાંય નહીં જડે. સુખી ગુજરાતીઓના કૂતરાઓ પણ અંગ્રેજી માધ્યમમાં જ પ્રત્યાયન કરી શકે છે. ગુજરાતી બોલતાં નથી ફાવતું એમ કહીને અંગ્રેજીમય ગુજરાતી બોલનારું કોન્વેન્ટ કલ્ચર સુખી ગુજરાતી પરિવારોમાં પાંગરી રહ્યું છે. આવા પરિવારોનાં નાનડિયાં મને સુખવૈભવથી છલકાતા અનાથાશ્રમના ફરજંદો જેવાં દીસે છે. આવા પરિવારોમાં બારીક નજરે દેખાતો સંબંધ વિચ્છેદ (એલીયનેશન) ઝટ ધ્યાનમાં નથી આવતો. **બાપુજીમાંથી પપ્પા અને પપ્પામાંથી ડેડ બનેલાઓને ખ્યાલ પણ નથી આવતો કે પોતે શું ગુમાવી ચૂક્યા છે.**

કોન્વેન્ટ કલ્ચરમાં ઝબોળાઈને ગુજરાતી બોલવામાં નાનમ અનુભવતાં, ખોટું ભેળસેળિયું ગુજરાતી બોલવામાં ગૌરવ અનુભવતા અને માટીના મહેકતા સાદનું સૌંદર્ય ગુમાવી ચૂકેલા દુર્વિદગ્ધ ગુજરાતી પરિવારોને અંગ્રેજ કવિ કિટ્સનું વિધાન અર્પણ કરું છું. કહે છે :

*'શિક્ષણનું અંગ્રેજી માધ્યમ*
*એ ભારત પરની બ્રિટનની*
*મોટામાં મોટી બુરાઈ હતી.*
*એણે ગૌરવવંત પ્રજાને*
*રંગલા-જંગલા જેવી*
*આત્મગૌરવવિહોણી બનાવી દીધી.'*

જો ગુજરાતીઓ આજથી નહીં જાગે તો ગુજરાતી પ્રકાશકોની દુકાનો આવતા દાયકાઓમાં ક્યાં તો પસ્તીભંડાર કે પછી વિડિયોકેસેટ લાઈબ્રેરીઓ બની જશે. ગુજરાતી ભાષા જાણે આમરણ ઉપવાસ પર ઊતરી છે અને ગુજરાતીઓ નસકોરાં બોલાવે છે. ગુજરાતી ભાષા ધીરે ધીરે મરી રહી હોય એવી લાગણી છેક બિનપાયાદાર નથી. કોઈ પણ પ્રજાની અસ્મિતા માતૃભાષાના ધાવણ પામ્યા વગર ન જળવાઈ શકે. ગુજરાતી ભાષા બકરી બેં જેવી સ્થિતિમાં હોય તો ગુજરાતીઓ કદી સિંહ જેવા ગૌરવશાળી ન હોઈ શકે. માણસ એની ભાષા થકી પ્રગટ થતો હોય છે. **ઉચ્ચ શિક્ષણમાં પણ માધ્યમ તરીકે ગુજરાતી જ હોય એવો દૃઢ આગ્રહ રાખનાર સદ્ગત મગનભાઈ પ્ર. દેસાઈનું સ્મરણ થાય છે.** ગુજરાતના ભદ્ર વર્ગની એમણે ઘણી ગાળ ખાધી પણ તેઓ એકના બે ન થયા. તેઓ અંગ્રેજીના વિરોધી ન હતા. એમનું અંગ્રેજી અંગ્રેજીના ચુસ્ત હિમાયતીઓ કરતાં અનેકગણું સારું હતું. **અંગ્રેજીનો વિરોધ ન હતો, અંગ્રેજી દ્વારા ભણવાનો વિરોધ હતો.**

શેખાદમ આબુવાલાને જ્યારે ખબર પડી ગઈ કે પોતે માત્ર થોડાક દિવસોના જ મહેમાન છે ત્યારે એક દિવસ ઓચિંતા વલસાડ પહોંચી ગયા. ત્યાં સરકીટ હાઉસમાંથી એમણે આચાર્ય રમેશ દેસાઈને ફોન કરી બોલાવી લીધા. બંને મિત્રો ખૂબ ભેટ્યા અને ખૂબ રડ્યા. પછી તો કલાકો સુધી વાતો થતી રહી જેમાંની એક વાત આ હતી.

શેખાદમ અને આલ્બર્ટ આઈન્સ્ટાઈન વચ્ચે મુલાકાત થયેલી એ વાત ઝાઝી જાણીતી નથી. આઈન્સ્ટાઈન જ્યાં રહેતા હતા તે જ નગરમાં પહોંચેલા શેખાદમે આઈન્સ્ટાઈનને ફોન જોડીને થોડોક સમય ફાળવવા વિનંતી કરી. આઈન્સ્ટાઈન પાસે સમય ન હતો પરંતુ શેખાદમે આગ્રહ કર્યો ત્યારે મહાન વિજ્ઞાનીએ રસ્તો કાઢ્યો અને કહ્યું : સારું, તમે અમારી પ્રાર્થનામાં જોડાઈ શકો છો.

શેખાદમ આપેલા સમયે પહોંચી ગયા અને પરિવારની પ્રાર્થનામાં સામેલ થયા. પ્રાર્થનાને અંતે કોઈ એક પુસ્તકમાંથી થોડું

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
EXCLUSIVE FANCY KOTA
EXCLUSIVELY
(RETAIL ONLY ON SATURDAY)
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

વાંચવાનો રિવાજ હશે એટલે આઈન્સ્ટાઈને વાંચવાનું શરૂ કર્યું. મહાત્મા ગાંધીની આત્મકથામાંથી તેઓએ બે-ત્રણ ફકરા અંગ્રેજીમાં વાંચી સંભળાવ્યા. આ વાત કર્યા પછી શેખાદમે રમેશ દેસાઈને કહ્યું : ઝાઝી વાતો ન થઈ શકી પરંતુ એક વાત હું ભૂલી શકું તેમ નથી. અમદાવાદના નવજીવન પ્રકાશન તરફથી પ્રકાશિત થયેલા એ અંગ્રેજી પુસ્તકના પુંઠા પર રિવાજ મુજબ (લોગોના) વર્તુળમાં ગુજરાતીમાં જ 'નવજીવન' લખેલું. તે વાંચીને એક ગુજરાતી તરીકે હું અંદરથી હરખાયેલો.

આ પ્રસંગ અંગ્રેજી માધ્યમની નિશાળમાં જ પોતાનાં બાળકો ભણે એવા ફેશનેબલ રિવાજના ભમ્મરિયા કૂવામાં હોંશેહોંશે ઝંપલાવનારાં નાદાન ગુજરાતી માતા-પિતાને અર્પણ કરું છું. આમ કરવામાં ક્યાંય અંગ્રેજીનો વિરોધ નથી કે નથી એમાં સંકુચિત ગુજરાતવાદી આક્રમકતા. સંકુચિતતા બીજા બધાને પાલવે; ગુજરાતીને નહીં. અંગ્રેજી ભણવું અને ખૂબ સારી રીતે ભણવું પરંતુ માધ્યમ તો માતૃભાષાનું જ યોગ્ય ગણાય. **અંગ્રેજી ભણવું એક વાત છે અને અંગ્રેજી દ્વારા ભણવું એ સાવ જુદી વાત છે.** ગુજરાતી માધ્યમની શાળામાં ઉત્તમ ગુજરાતી સાથે ઉત્તમ અંગ્રેજી ભણવાની જોગવાઈ થવી જોઈએ. આમાં અંગ્રેજીનો વિરોધ ક્યાં રહ્યો?

એક જમાનો હતો જ્યારે મુંબઈના ગુજરાતીઓ અશુદ્ધ મરાઠી બોલી જાણતા અને મહારાષ્ટ્રીઓ અશુદ્ધ ગુજરાતી બોલી જાણતા. હવે થોડીક પ્રગતિ થઈ છે. હવે અહીંના ગુજરાતીઓ અશુદ્ધ ગુજરાતી બોલે છે અને મહારાષ્ટ્રીઓ અશુદ્ધ મરાઠી બોલે છે. વળી બંને પ્રજાઓ સરખી ક્ષમતા સાથે લગભગ ખોટું અંગ્રેજી ખાસ્સી ઝડપથી બોલી જાણે છે. નહીં ત્રણમાં, નહીં તેરમા અને નહીં છપ્પનના મેળમાં! પરદેશી ભાષાઓમાં આપણને અંગ્રેજી પ્રત્યે પક્ષપાત હોય એ ક્ષમ્ય છે. આપણું કોલોનિયલ માઈન્ડ અંગ્રેજી તરફ ઢળે તેમાં ઈતિહાસનો વાંક છે, આપણો નથી. બાકી નગરોની કેટલીક નિશાળોમાં અંગ્રેજી ઉપરાંત રશિયન, ફ્રેન્ચ અને સ્પેનિશ શીખવવા માટેની સગવડ હોવી જોઈએ.

માતૃભાષા આપણી આંખ છે. એ આંખ વધારે સારું જોઈ શકે એ માટે અન્ય ભાષાનાં શ્રેષ્ઠત્તમ ચશ્માંની મદદ લેવી જોઈએ. ટપાલી તો કોરો પોસ્ટકાર્ડ પણ યોગ્ય સરનામે પહોંચાડી શકે. ભાષા દ્વારા પ્રત્યાયન થાય છે. પરંતુ પ્રત્યાયનનું વસ્તુ (કન્ટેન્ટ) માણસની સમજણમાં ઉતરે તો જ પ્રત્યાયન કામનું. શિક્ષક વિદ્યાર્થીઓને ગુરુત્વાકર્ષણ વિશે ભણાવી રહ્યા છે. 'ગુરુત્વાકર્ષણ' એક સંકલ્પના (કન્સેપ્ટ) છે, માત્ર માહિતીનું પાર્સલ નથી. માહિતી ગોખી શકાય, યાદ રાખી શકાય અને જરૂર પડે ત્યારે ઓકી પણ શકાય. સંકલ્પનાનો સંબંધ સમજણ સાથે છે અને સમજણ પામવામાં માતૃભાષા જ વધારે ખપ લાગે. **પાઉડરના દૂધનો વિરોધ નથી પરંતુ પાઉડરના દૂધને માતાના ધાવણ કરતાંય વધારે આદર મળે તેનો વિરોધ જરૂર છે.** કોઈ અંગ્રેજ બચ્ચાને ગુજરાતી દ્વારા ભણાવી તો જોજો. મોંમાં ફીણ આવી જશે.

મુંબઈના માળાઓમાં રહેતાં લાખો ગુજરાતી પંખીઓના કોન્વેન્ટગામી બચ્ચાઓ હ્રસ્વ અને દીર્ઘ વચ્ચેનો તફાવત ભૂલી ગયા છે. તેઓ હવે હ્, ષ, જ્ઞ, ઋ અને ક્ષ લખવામાં ભારે મુશ્કેલી અનુભવે છે. ગુજરાતી ભણાવનારા શિક્ષકોને સાર્થ જોડણીકોશ વાપરતાં આવડતું નથી. અનુસ્વારની તો વાત જ ન કરશો. એક જમાનામાં કવિ સુન્દરમે અનુસ્વારના નિયમોને વણી લેતું સુંદર કાવ્ય લખેલું. ગુજરાતનાં અખબારોમાં પ્રુફ સુધારનારાઓ મૂળ લખાણમાં લેખકે સમજપૂર્વક અનુસ્વાર ન મૂક્યું હોય એવી જગ્યાએ પણ અનુસ્વાર ઉમેરીને પોતાની મૌલિકતા માથે મારે છે.

શુદ્ધ ગુજરાતીમાં પાંચ વાક્યો બોલનારો યુવાન ક્યાંક ભેટી જાય ત્યારે દિવસ સુધરી ગયો હોય એવી લાગણી થાય છે. એ વળી ખરું અંગ્રેજી બોલે ત્યારે લાગે કે ભવ સુધરી ગયો. મને ગુજરાતી બોલતાં ફાવતું નથી એમ કહીને સાવ ખોટું અંગ્રેજી બોલનારને લાફો મારવાનું મન થાય છે.

મુંબઈના ગુજરાતીઓને ખાસ ભલામણ છે. તમારા નાનડિયાને સુરેશ દલાલ કે હરીન્દ્ર દવે કે અનિલ જોશી કે રમેશ પારેખની કવિતાઓનો ચસકો લગાડો. કવિતા ન પચે તો ગીતોનું ઘેલું લગાડો. આમ કરવામાં ક્યાંક થોડીક અકવિતા ઘુસી જાય તો તેની દરકાર ન કરશો.

*'સર્વનાશે સમુત્પન્ને અર્ધં ત્યજતિ પંડિતઃ'*

આગ લાગે ત્યારે બંબાવાળાઓ ટ્રાફિકના બધા જ નિયમો પાળતા નથી. બહુ વાયડા થવામાં ગુજરાતી સપૂચું છૂટી જશે અને પોતાના જ છોકરાં પરાયાં પરાયાં જણાશે. આ પરાયાપણાનું રસાયણશાસ્ત્ર સમજી રાખવા જેવું છે.

**અંગ્રેજી માધ્યમમાં ભણનારાં ગુજરાતી બાળકો નરસિંહ મહેતાના કાવ્ય 'નાગદમન'થી વંચિત રહ્યાં અને વળી વર્ડઝવર્થના કાવ્ય 'ધ ડેફોડિલ્સ'નું સૌંદર્ય પણ ન પામ્યા. કલાપીની 'ગ્રામમાતા' ન ભણ્યાં તે તો ઠીક પરંતુ થોમસ હાર્ડીની 'વેધર્સ'ની સૌંદર્યાનુભૂતિ પણ ન પામ્યા. તેઓ પ્રેમાનંદ કે મેઘાણીને ન પામ્યા અને વળી વોલ્ટ વ્હીટમનથી પણ અનભિજ્ઞ રહી ગયા. બિચારા ન ઘરનાં રહ્યાં, ન ઘાટના.** નાદાન માતા-પિતાને આ બધું કોણ સમજાવે? વિચારવાની ટેવ છૂટી જાય પછી તો પોપટની માફક 'થેંકયુ', 'ઓ.કે.' અને 'સોરી' બોલનારો લાડકો ગગો પણ સ્માર્ટ લાગે છે.

**સમજણ વગરની સ્માર્ટનેસ કોમ્પ્રેસર વગરના એરકન્ડિશનર જેવી કે પછી રીફીલ વગરની રૂપાળી પેન જેવી છે.** ■

Inter PLASTICA PVT. LTD.
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY
SHAILESH V. HARIA
Director
MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.
NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS
Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com

પરિવર્તન

# હેલો યંગ ફ્રેન્ડ્ઝ!

● અરુણ ચાર્દી ●

*હેલો યંગ ફ્રેન્ડ્ઝ!*

*કેમ છો?*

મારે યુવાન મિત્રો સાથે બગાડ (Wastage) અંગે થોડી વાતો કરવી છે. એમ થાય છે કે કેટલાક અપવાદો બાદ કરતાં આપણી વર્તમાન સંસ્કૃતિ એ બચતની નહીં પણ બગાડની સંસ્કૃતિ બનવા લાગી છે. મને એમ પણ લાગે છે કે આપણે ત્યાં વિકાસની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. જે વધુ બગાડ કરી શકે તે વધુ વિકસિત છે એવી ગેરસમજ આપણા મનમાં દ્રઢ થવા લાગી છે.

શરૂઆતમાં એક ઉદાહરણ લઈએ. હાલમાં લગ્નની સીઝન ચાલી રહી છે. તાજેતરમાં એક ભવ્ય લગ્ન સમારંભમાં જવાનું થયું... સંગીત, ગરબા, લગ્ન... બધું ભેગું મળીને ત્રણ દિવસના જલસા હતા. એક ડીશ ફક્ત રૂા. ૧૧૦૦/-ની હતી! અસંખ્ય વાનગીઓ હતી. પોતાની ડીશ લઈને લોકો આમતેમ ફરતા હતા. અસંખ્ય વાનગીઓમાંથી બે-ચાર વાનગીઓ સમજાઈ, બાકીની સમજ્યા વગર બીજાએ લીધી માટે લોકો લેતા હતા. લોકોની સગવડ ખાતર દરેક વાનગીઓનાં નામો પણ લખેલાં.

આપણે સમાજ તરીકે ગેરસમજનાં વમળોમાં ફસાતા જઈએ છીએ, જેમાં ભણેલા અને અભણ સરખા જ છે. લગ્ન સમારંભના ભોજનની જ વાત લઈએ તો ડીશ જેટલી મોંઘી અને વાનગીઓ જેટલી વધારે તેટલી પ્રતિષ્ઠા વધારે એવી આપણી ગેરસમજ છે.

મિત્રો, જરા શાંતિથી વિચારો. જાણીતી ૪-૫ વાનગીઓ (દાળ, ભાત, શાક, રોટલી, બે-એક મિષ્ટાન્ન)થી વધુ સંતોષ મળે કે ખબર ન હોય તેવી ૨૦-૨૫ વાનગીઓ ખાવાથી વધુ સંતોષ મળે? **શું પેટની તૃપ્તિ માટે વધુ વાનગીઓની જરૂર છે ખરી? શું મેડિકલ વિજ્ઞાનની દૃષ્ટિએ તે યોગ્ય છે?**

મિત્રો, પ્રગતિ શામાં છે? બચતમાં કે બગાડમાં? વિકાસ કોને કહેવાય? બચતને કે બગાડને? બગાડને વિકાસ કહેનાર સંસ્કૃતિના એક સભ્ય હોવું એ શું આપણા માટે ગૌરવની વાત છે? અનેક વાનગીઓવાળા મોંઘાદાટ ભોજનને વેળા-કવેળાએ પેટમાં ઠાંસીને ડૉક્ટરનાં બીલ ભરવાની આપણી કુટેવને આપણે વિકાસ કહેવા લાગ્યા છીએ. તેને Status Symbol માનવા લાગ્યા છીએ.

મિત્રો, આપણી સમજમાં ક્યાંક કોઈ ગરબડ છે એવું તમને નથી લાગતું? સમાજ વારંવાર સમાજ સુધારકો પર આધારિત રહે છે. સમય સમય પર સમાજ સુધારકો આવીને ખોટી રૂઢિઓને બદલે છે. મિત્રો, બગાડની સંસ્કૃતિ પર બ્રેક મારનાર સમાજ સુધારકની જરૂર છે.

**ધારે તો પ્રત્યેક યુવાન આ પડકાર સ્વીકારી શકે છે. 'મારા લગ્નમાં સાદું, સસ્તું છતાં સ્વાદિષ્ટ ભોજન રાખશો તો જ હું પરણીશ' એમ દ્રઢતાપૂર્વક કહેનાર યુવક-યુવતીઓ આ દિશામાં નક્કી પરિવર્તન લાવી શકે.**

લગ્ન પ્રસંગ આનંદ કરવાનો, મોજમસ્તી કરવાનો પવિત્ર પ્રસંગ છે. તે એક ઉત્સવ છે. તેમાં કોઈ વિવાદ ન હોઈ શકે. વાત માત્ર વિવેકની અને પ્રમાણભાનની છે. ભોજન અને બગાડ ન કરવો એ બંનેમાં કોઈ વિરોધાભાસ - 'બગાડ એટલે આનંદ' એ ગેરસમજને દૂર કરવાની જરૂર છે.

પેટ્રોલનો વપરાશ, વીજળીનો વપરાશ, પાણીનો વપરાશ... એ બધામાં પણ આ જ વિકૃતિનાં દર્શન થાય છે. ઘરમાં, સંસ્થાઓમાં લાઈટ, પંખા, એ.સી. ચાલુ જ રહે છે. નળમાંથી પાણી વહેતું જ રહે છે. રસ્તાઓ, સોસાયટીઓ પેટ્રોલ પર ચાલતાં વાહનોથી ઊભરાઈ રહ્યાં છે.

વાસ્તવમાં ભારત ગરીબ દેશ છે જ નહીં. તે આજે પણ સમૃદ્ધ છે. બગાડ કરવાની આપણી વિકૃતિએ તેને ગરીબ બનાવ્યો છે.

મિત્રો, જરા વિચાર કરો - પેટ્રોલ, વીજળી, પાણીનો બગાડ અટકે તો ચમત્કારો સર્જાય.

**પોતાની જાતને, પોતાના કુટુંબને અને પોતાના રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવાની ચાવી આપણા હાથમાં છે અને તે છે બચતવૃત્તિ.**

શું આપણે શરૂઆત કરી શકીએ?

*મો. ૯૪૨૭૬ ૧૪૭૨૧*

**ઘણા લોકો એવું માનતા હોય છે કે દુઃખનો સામનો કરવા કરતાં એનાથી દૂર ભાગી જવું વધારે સારું. પણ એ લોકો ભૂલી જાય છે કે એવું કરવાથી દુઃખ ટળતા નથી, બેવડાય છે.**

JNK Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

વિચાર-મંથન

# આત્મા અને અધ્યાત્મ

મૂળ લેખક : સુબોધ શાહ ● અનુવાદ સાથે રજૂઆત : મુરજી ગડા

અધ્યાત્મ એટલે આત્મા વિશેનું જ્ઞાન. આત્મા નથી તો અધ્યાત્મ નથી અને પરમ આત્મા પણ નથી. તાત્પર્ય કે ઈશ્વર વિશેની બધી ફિલસૂફીઓમાં આત્માનું અસ્તિત્વ માની લીધેલું હોય છે. વિચારવંત મનુષ્ય આત્માના અસ્તિત્વને કેટલી હદ સુધી સ્વીકારી શકે તે બંને બાજુઓ ટૂંકમાં તપાસીએ.

આત્મા છે એમ માનવા માટે બે દલીલો કરાય છે : (૧) ફિરસ્તાઓ અને મહાપુરુષોએ કહ્યું છે એટલે માનો, શ્રદ્ધા રાખો; પ્રશ્નો ન પૂછાય. (૨) આત્મા એટલે ચેતન, ચૈતન્ય, જીવ. મૃત્યુનો અર્થ એ જ કે આત્મા વિદાય થયો. જીવતા માણસમાં આત્મા હોય, એના મડદામાં નહિ. સજીવમાં આત્મા હોય, જડમાં નહિ. આત્મા ન હોય તો જીવન ન હોય.

**આત્માની પહેલી દલીલ શ્રદ્ધા વિશે છે.** આ ગૂઢત્વ કે રહસ્યવાદ છે. એ બુદ્ધિને બાજુએ રાખવાનો અભિગમ છે એટલે ચર્ચાને ટાળવાની વાત છે. મગજના ઉપયોગ પર પ્રતિબંધ મૂકો એટલે વાતચીત જ બંધ. આ અભિગમ Reason, Rationality, Science, Objectivity — આ બધા કરતાં તદ્દન અલગ પ્રકારનો છે.

**બીજી દલીલમાં જીવન શું છે, મૃત્યુ શું છે,** એ જગજૂનો મહાપ્રશ્ન સમાયેલો છે ને એમાં નીચેના મુદ્દાઓ અત્યંત વિચારણીય છે.

૧. સજીવ અને નિર્જીવ વચ્ચેની ભેદરેખા ખૂબ પાતળી છે. જીવનનું એક લક્ષણ એવી પ્રજોત્પત્તિ ઉત્પન્ન કરવાની ક્ષમતા, વાઈરસમાં નથી. અન્ય જીવંત પ્રજાતિના આધાર વિના બીજું વાઈરસ જન્મી શકતું નથી. તો પછી વાઈરસને સજીવ કહેવાય કે નિર્જીવ? એનામાં આત્મા હોય? સજીવ - નિર્જીવની ભેદરેખા ઉપર એ જીવે છે. **વાઈરસ અને બેક્ટેરિયા એ બંનેમાં Mutation થાય. આખી પ્રજાતિ બદલાઈ જાય.** એટલે આત્મા એનો એ જ રહ્યો કે બદલાઈ ગયો કહેવાય? આવા પ્રકારના બધા પ્રશ્નોના જવાબમાં ધર્મના પંડિતો કહે છે, 'ખબર નથી.' આ બે શબ્દો આસ્તિકોનો બચાવ કરવા સાથે તેમને વિનયી ને નમ્ર પણ દેખાડે છે. સત્ય એ છે કે કોઈ ધર્મના ફિરસ્તાના યુગમાં સૂક્ષ્મદર્શક યંત્રો (માઈક્રોસ્કોપ) શોધાયા ન હતા, ને આ સૂક્ષ્મ જીવો કોઈએ જાણ્યા કે કલ્પ્યા પણ ન હતા.

૨. માણસ કે પ્રાણીની મૃત્યુની ચોક્કસ ક્ષણ ક્યારે, એ આપણે ધારીએ છીએ એવું સ્પષ્ટ નથી. માણસનું હૃદય બંધ પડ્યા પછી એને ફરી કામ કરતું કરી શકાય છે. મગજથી મરેલો (Brain Dead) માણસ પણ જીવે છે. તો પછી માણસ મર્યો ક્યારે? એનો આત્મા ક્યાં હતો? કઈ ક્ષણે એને છોડીને ગયો? અવયવોમાં અર્ધોપર્ધો જીવંત હતો? હજી છે? બીજા અવતારના ગર્ભમાં પ્રવેશવાની રાહ જોતો હતો? ઘણા જંતુઓ માથું કપાયા પછી પણ જીવે છે. અનેકને મગજ હોતું જ નથી. અનેકને હૃદય નથી. પ્રાણીશાસ્ત્રનું આવું જ્ઞાન કેટલાને હોય છે?

૩. **શરીરમાં આત્મા ક્યારે પ્રવેશ કરે? ચેતન કે જીવ એ જ આત્મા હોય તો ગર્ભધારણની ક્ષણને જ જન્મ કહેવો પડે.** કારણ ગર્ભમાં જીવ છે જ. સ્ત્રીનો અંડકોષ ને પુરુષનો શુક્રાણુ બંનેમાં આત્મા હોય? ફલીકરણ સમયે બે આત્મામાંથી એક જ થયો, તો બીજાનું શું થયું? આ ક્ષણે પ્રકૃતિ કરોડો શુક્રાણુઓનો નાશ કરે છે. એટલે આત્માઓનો નાશ થયો કહેવાય? આ બધા પ્રશ્નો ધારીએ એટલા ઉપલક નથી, ગંભીર છે. ગર્ભપાત (Abortion)ના કાયદા વિશેની ચર્ચામાં અમેરિકામાં આ પ્રશ્નો ચર્ચવા પડે છે. જન્મ અને મૃત્યુની ચોક્કસ ક્ષણ ક્યારે, એ વિશે કોર્ટોમાં અનેક યુદ્ધો ચાલે છે. આજે તો મા-બાપ બંને મરી ગયા હોય તો પણ એમનું બાળક જન્મી શકે છે. એટલે કે શીતાગારમાં સંગ્રહ કરેલા શુક્રાણુમાં માણસનું અમરત્વ સુરક્ષિત છે. **આંબાને કલમ થાય છે, કપાયેલી ડાળ વાવવાથી નવો છોડ ઊગે છે. આત્માના પુરસ્કર્તાઓને વનસ્પતિશાસ્ત્ર અને જીવશાસ્ત્ર કેટલું આવડે છે?**

૪. દરેક માણસના દેહમાં ત્રણ લાખ અબજ જેટલા કોષો છે. દરેક કોષ જીવંત છે. એનું પોતાનું જન્મ, જીવન, મૃત્યુનું ચક્ર છે. એક બીજમાંથી વિશાળ વૃક્ષ વિકસે છે. દરેક કોષ, દરેક બીજને પોતાનો અલગ આત્મા હોય? હોય તો એક વૃક્ષમાં કેટલા આત્મા થયા? ન હોય તો બીજમાંથી વૃક્ષ કેમ જન્મ્યું?

૫. **આત્માની કલ્પના દરેક ધર્મમાં અલગ પ્રકારની છે.** ખ્રિસ્તીઓ માને છે કે પ્રાણીઓમાં આત્મા ન હોય. હિંદુઓ માને છે કે દરેક જીવમાં આત્મા હોય. પ્રાણીઓને ખાવા જોઈએ. સજીવ વનસ્પતિને ખવાય? દહીંમાં જીવંત બેક્ટેરિયા હોય છે તો દહીં ખવાય? સંપૂર્ણ અહિંસક બનીને કોઈ પણ જીવી શકે? સૂક્ષ્મ જીવાણુઓ જીવંત છે, ને એ તો સર્વત્ર છે.

*પ્રેમ હોય ત્યાં શાંતિ આપમેળે આવે છે.*

૬. અજર, અમર, અનંત માનવામાં આવતો **આત્મા પહેલવહેલો ક્યાંથી અને ક્યારે આવ્યો?** આત્મા તેજોબિંદુ માત્ર હોય. અશરીરી હોય, સ્વતંત્ર હોય, સુખ-દુઃખ એને લાગતા જ ન હોય, તો એને મોક્ષ શામાંથી જોઈએ છે? જે જેલમાં નથી એને જેલમાંથી છૂટવું છે એમ શા માટે?

૭. અવયવોની અદલાબદલી (Organ transplant), કૃત્રિમ પ્રાણીઓ (Cloning), નવ ગર્ભકોષો (Stem Cells) વિશેનું સંશોધન, વગેરે પ્રયોગોથી વાકેફ હોય એવી કોઈપણ વિચારવંત વ્યક્તિ આત્માના અસ્તિત્વમાં માની શકે એ આજે સંભવિત નથી. સિવાય કે વિજ્ઞાન પૂર્વેના કાળના પુરાતન સંસ્કારોને કોઈ પણ ભોગે એ વળગી રહેવા માગતી હોય. અગમનિગમ અને ગૂઢવાદ (Mysticism)ને છોડી શકતી ન હોય. કાર્બન નામના મૂળ તત્ત્વ વિના કોઈ જીવ બન્યો નથી. એમ મનાતું કે એના સંયોજનોને ભગવાન સિવાય કોઈ બનાવી શકે નહિ. ૧૮૪૮માં પ્રયોગશાળામાં રસાયણશાસ્ત્રીઓએ કાર્બનનું સંયોજન એવું યુરિયા પહેલવહેલું બનાવીને એ માન્યતા ખોટી પાડી. **આજે તો પ્રોટીન પણ બને છે. હજારો જૈવિક પદાર્થો બને છે અને જનીન દ્રવ્ય વિશે અદ્‌ભુત સંશોધનો થઈ રહ્યા છે.** કાલે ઊઠીને વૈજ્ઞાનિકો સ્વયં સંયોજાતા અણુઓ (Self Duplicating Molecules) બનાવશે ત્યારે આત્માના આ વિશેષજ્ઞો શું કહેશે? આત્માનો જન્મ દિન ઉજવશે?

પ્રશ્નોનો પાર નથી. કલ્પના સિવાય કશાનો આધાર નથી. છતાં આત્મા આવો છે, તેવો છે, પામવો છે, તારવો છે, એવી ઝંખનાઓ અપાર છે.

**વિજ્ઞાનના ત્રણસો વર્ષના એકધારા પ્રહારોથી બધા ધર્મોને તાર્કિક રીતે ગંભીર માર પડ્યો છે.** એમના ફિલસૂફોએ જવાબો આપવાના નિષ્ફળ યત્ન કર્યા છે પણ એક ધર્મના જવાબને બીજાનો જવાબ નકારે છે. છેવટે બાકી રહે છે એમનો એક જ આશરો અને તે છે, "શ્રદ્ધા રાખો."

બુદ્ધિ કે સામાન્ય સમજ ધાર્મિક માન્યતાઓની સાબિતી આપી શકતી નથી. એમને અસંગત થતાં અટકાવી શકતી નથી. શક્ય, સંભવિત કે સમજી શકાય તેવી પણ બનાવી શકતી નથી. છતાં અનેક બુદ્ધિશાળી વ્યક્તિઓ ધર્મને છોડી શકતી નથી. એનાં કારણો અતિમાનુષી (Superhuman) નહિ, માનસિક અને સામાજિક છે.

નીતિશાસ્ત્ર (Ethics) અને ધર્મ વચ્ચેના સંબંધ વિશેના સામાજિક ખ્યાલો ભુલાવામાં નાખે છે. નાનપણથી મેળવેલ કેળવણી કે સંસ્કારો સહેલાઈથી છોડી શકાતા નથી. કોઈ ધર્મગુરુના વ્યક્તિત્વનું આકર્ષણ ચુંબક જેવું કામ કરે છે. ઉત્ક્રાંતિના ક્રમમાં બુદ્ધિશક્તિ નવી છે ને મુખ્યત્વે માણસમાં જ છે. લાગણી તંત્ર (Emotion) મગજમાં સર્વવ્યાપી છે ને સર્વ પ્રાણીઓમાં છે પરંતુ બુદ્ધિશક્તિ (Reason) મગજના ઉપરના જમણા ભાગ (Cerebral cortex)માં કેન્દ્રિત થયેલ હોય છે. તેથી લાગણીનું જોર વધુ હોય એ સ્વાભાવિક છે. બીજા થોડાંક મનોવૈજ્ઞાનિક કારણો પણ ભાગ ભજવે છે. દા.ત. અત્યંત બુદ્ધિમાન પુરુષ પણ જીવનમાં પ્રત્યેક ક્ષણે Rational રહી શકતો નથી. એ પણ છેવટે તો માનવી છે ને! માનસિક ભૂખ, તાણ, તૃષા, અંદેશા, અનિશ્ચિતતા, ભય, બધું આપણને બધાને અસર કરે છે. માણસ કોઈ આદર્શને અત્યંત અગત્યનો ગણતો હોય ત્યારે એનો બચાવ કરવા બેહદ પ્રયત્ન કરે છે. **કેટલાક અધ્યાત્મવાદી બુદ્ધિશાળી હોવા છતાં અધ્યાત્મની બીજી બાજુને જોવાની અનિચ્છા ધરાવે છે.** કેટલાકને ચિંતા છે કે અધ્યાત્મને છોડવાથી જીવનમાં શૂન્યાવકાશ પેદા થશે. બર્ટ્રાન્ડ રસેલ જેવા ઘણા જાણીતા - અજાણ્યા મનુષ્યોનાં જીવન વૃત્તાંતોથી એ સાબિત થયેલું છે કે આ અંદેશો તદ્દન પાયાવિહીન છે. મારો અને મારા ઘણા અંગત મિત્રોનો આ જ અનુભવ છે.

ઉપરનાં બધાં કારણોથી માણસને અધ્યાત્મ સ્વાભાવિક રીતે મળે છે. અનધ્યાત્મ અપવાદ બને છે. એક કે વધારે કારણોસર લાગણીતંત્રનો કબજો જમાવીને મગજ ઊંડે ઊંડે બેઠેલા અગમ્યવાદ (Mysticism) ને છોડવો મુશ્કેલ બને છે. **બુદ્ધિવાદને સ્વીકારવાનું તો ઠીક, યથાર્થ સમજવાનું સુદ્ધાં સહેલું નથી.** અજ્ઞેયવાદી (Agnostic), વિવેકવાદી (Rationalist) કે નાસ્તિક (Atheist) જેવા લોકોએ પણ ઉપરનાં કારણોની પ્રબળતા લક્ષમાં લઈને ધાર્મિક લાગણી સાથે યોગ્ય ધીરજ, સન્માન ને સમભાવથી વર્તવું જોઈએ.

*(સાભાર : 'Culture Can Kill' પુસ્તકમાંથી)*

***૧, શ્યામ વાટિકા સોસાયટી,***
***વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.***
***મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯***

*(નોંધ : નાનપણથી જ આપણી વિચારસરણીમાં નિરૂપણ કરવામાં આવેલ છે કે આત્મા અને શરીર એ બંને અલગ અલગ વસ્તુ છે. લેખકે તો આ લેખ દ્વારા આત્માના અસ્તિત્વ સામે જ પડકાર ફેંકેલ છે. આ લેખમાં આપેલ હકીકતોને ખંડિત કરતી બુધ્ધિગમ્ય દલીલોને 'મંગલ મંદિર' આવકારશે અને તેને પ્રસારિત પણ કરશે. દલીલો માન્યતાના કે શ્રધ્ધાના ધોરણે ના હોવી જોઈએ પરંતુ બુધ્ધિજન્ય હોવી જોઈએ.*

*— તંત્રી મંડળ)*

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

સમાજની ક્ષિતિજો

# જૈનોને લઘુમતી અનામત : સારું કે ખરાબ?

● ડૉ. યાસીન દલાલ ●

તાજેતરમાં કેન્દ્ર સરકારે જૈનોને લઘુમતીમાં ગણવાનો ઠરાવ કર્યો છે. આ ઠરાવનાં મિશ્ર પ્રત્યાઘાત પડ્યા છે. એક વર્ગ એમ કહે છે કે લઘુમતીનો દરજ્જો આર્થિક અને સામાજિક પછાતપણા માટે છે. જૈનો આ બંને દૃષ્ટિએ પછાત નથી. આ જ વર્ગ એમ માને છે કે જૈન હિંદુત્વનો જ ભાગ છે. પણ બીજી બાજુ એ પણ હકીકત છે કે ખુદ જૈનોએ આની માંગણી કરી હતી અને દેશના કેટલાક રાજ્યોમાં જૈનોને આ પહેલા જ લઘુમતીમાં મૂકી દેવાયા છે. દા.ત. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં એમને લઘુમતીમાં ગણવામાં આવે છે. **વસતિની દૃષ્ટિએ જોઈએ તો આખા દેશમાં જૈનોની કુલ વસતિ માત્ર દોઢથી બે ટકા જેટલી જ છે. ગુજરાતમાં એમની વસતિ ૧.૦૩ ટકા છે.** જૈનો મોટાભાગે ભણેલા છે અને વેપારી કોમ છે. એમનામાં બીજી કોમો જેટલી ગરીબી નથી.

લઘુમતીમાં ગણાવવાને કારણે જૈનોની ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં સરકારી હસ્તક્ષેપ અટકશે. આ ટ્રસ્ટોને ટેક્ષ પણ નહીં ભરવો પડે. શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશમાં એમને અનામતનો લાભ મળશે. તેમજ સરકારી નોકરીઓમાં પણ પ્રવેશ સરળતાથી મળશે. કલ્યાણ યોજનાઓ માટે રખાતા કેન્દ્રિય ફંડમાંથી એમને પણ ફાયદો મળશે. બીજી અનેક લઘુમતીઓને મળતા તમામ લાભ એમને પણ મળી શકશે. ૧૯૯૭માં આ વાત ચર્ચાતી હતી. ૨૦૦૫માં સુપ્રીમ કોર્ટે આવી અરજી ફગાવી દીધી હતી. હવે શ્રી રાહુલ ગાંધીના પ્રયત્નોથી આ વાત સ્વીકારાઈ. **તરત જ મુંબઈમાં કેટલાક જૈન મુનિઓએ આવી જાહેરાતની ઉજવણીમાં સમારંભ કર્યો અને જે કેન્દ્રીય પ્રધાનોએ એમાં ભાગ ભજવ્યો એમનું સન્માન કર્યું.**

એક ધારણા એવી છે કે આ નિર્ણયથી જૈનો હિંદુ સમાજથી વિખુટા પડી જશે અને હિંદુઓમાં ભાગલા પડી જશે. પણ આ ભય સાચો નથી. જૈનોની વસતિ એટલી ઓછી છે કે એમને લઘુમતીનો દરજ્જો આપવાથી કોઈ ફેર પડશે નહીં. ૧૯૨૭માં ગેટપ્પા વિરુદ્ધ એરમ્મા કેસમાં ચુકાદો આપતી વખતે મદ્રાસ હાઈકોર્ટે સ્પષ્ટ કહેલું કે જૈન ધર્મ ઈસુના જન્મ પહેલાનો જુદો ધર્મ છે અને સનાતન ધર્મની કેટલીક વિધિઓનો અસ્વીકાર કરે છે. **૧૯૩૯માં હીરાચંદ ગાંગજી વિરુદ્ધ રાવજી સેજપાલ કેસમાં મુંબઈ હાઈકોર્ટે ઠરાવેલું કે હિંદુઓ વટલાઈને જૈન થયા છે એમ માનવું ખોટું છે. જૈન એ સ્વતંત્ર ધર્મ છે.** એ જ રીતે ૧૯૪૯માં જવાહરલાલ નહેરુએ કહેલું કે ભારત હિંદુ બહુમતી ધરાવતો દેશ છે. પણ અહીં મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, શીખ અને જૈન લોકો પણ વસે છે. હિંદુ રાષ્ટ્ર બનાવવાથી એમને અન્યાય થશે.

**ભારત એક બહુવિધ સંસ્કૃતિ ધરાવતો દેશ છે. અહીં દક્ષિણના રાજ્યોમાં દ્રવિડો બહુમતીમાં છે. તામિલનાડુમાં લોકો રાવણને નાયક માને છે અને રામને ખલનાયક ગણે છે.** ૧૯૯૩માં રાષ્ટ્રીય લઘુમતી પંચે જૈનોને લઘુમતીમાં મૂકવાની ભલામણ કરી હતી. જૈન ધર્મ ઈશ્વરમાં નથી માનતો પણ તીર્થંકરમાં માને છે. એના ત્રણ સિદ્ધાંતો : અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ છે.

દેશમાં અનેક લઘુમતીઓ છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે જાટ સમુદાયને પણ લઘુમતીના લાભ આપવાનું નક્કી કર્યું છે. રાજસ્થાનમાં આ મુદ્દે થોડા વરસ પહેલાં હિંસક આંદોલન થયું હતું. વી.પી. સિંહ વડાપ્રધાન હતા ત્યારે દેવીલાલે અચાનક ટેકો પાછો ખેંચી લેતાં તેઓ મુશ્કેલીમાં મુકાયા અને અચાનક જ મંડલ પંચનો અહેવાલ કાઢીને એને અમલમાં મૂક્યો. એની વિરુદ્ધ દિલ્હીમાં કેટલાક યુવાનો સળગી મર્યા પણ સરકાર અડગ રહી. આ અનામતોને ઓ.બી.સી. એટલે કે અન્ય પછાત વર્ગને અનામત કહે છે. હવે મુસ્લિમોની પણ અનામતની માગણી ઊભી થઈ છે. આંધ્ર સરકારે મુસ્લિમોને નોકરીઓમાં ૫ ટકા અનામત આપી પણ દીધું છે. એ જ રીતે તામિલનાડુ અને કર્ણાટકમાં પણ આ અનામત અમલમાં છે. કેન્દ્ર સરકારે પણ અનામતમાં અનામત રૂપે ઓળખાતી વ્યવસ્થાની દરખાસ્ત રજૂ કરી છે. આનો મતલબ એ થાય કે ઓ.બી.સી.માં જે અનામતની જોગવાઈ છે એમાંથી અમુક ટકા મુસ્લિમોને માટે રાખવામાં આવે.

**ભારત એક વિશાળ દેશ છે. અહિંયા જાતજાતના ધર્મો અને જ્ઞાતિઓ વસે છે. પંજાબમાં શીખ બહુમતી છે, કાશ્મીરમાં મુસ્લિમ બહુમતી છે તો પૂર્વના ચાર રાજ્યોમાં ખ્રિસ્તી બહુમતી છે.** તામિલનાડુમાં જયલલિતાની સરકારે બ્રાહ્મણોને અનામત આપી પણ એ ઠરાવ ઊડી ગયો કારણકે સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે અનામતનું પ્રમાણ ૪૯ ટકાથી વધવું જોઈએ નહીં. વધી જાય તો એ અનામતને બંધારણના નવમાં પરિચ્છેદમાં મૂકવું પડે. આમ કરવા માટે બંધારણ સુધારવું પડે. આ એક લાંબી અને અટપટી પ્રક્રિયા છે.

**અત્યારે તો દેશમાં પછાત ગણાવાની એક વિચિત્ર સ્પર્ધા શરૂ થઈ છે.** કદાચ એક દિવસ એવો પણ આવશે કે દેશમાં દરેક ધર્મ અને દરેક જ્ઞાતિ એના વસતિના પ્રમાણમાં અનામત આપીને સો એ સો ટકા અનામતની જોગવાઈ કરવામાં આવે. આપણા રાજકારણીઓની તાસીર જોતાં આવું થાય તો નવાઈ નહીં.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*મો. (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

*બાળકોને રૂચિ મુજબનું જ શિક્ષણ આપો.*

## નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા (પ્રકરણ-૪)

# પ્રેમનું પોષક ઘટક : કામવૃત્તિ

● સ્વામી શ્રી સચ્ચિદાનંદજી ●

પતિ-પત્નીના સંબંધોમાં કામવાસનાના મહત્ત્વનો ભાગ ભજવે છે, તે આપણે જોયું. **જો કામવાસના હોય જ નહિ તો કદાચ પતિ-પત્નીના સંબંધ પણ ન હોય. અથવા એમ કહો કે નર-નારીનું એકબીજા પ્રત્યેનું આકર્ષણ પણ ન હોય.** એકબીજામાં જે સુખ દેખાય છે તેમાં કામવાસના સૌથી મોટું અને પ્રબળ ઘટક છે. તેનો સંપૂર્ણ નાશ શક્ય જ નથી. હા, તેનો સંયમ શક્ય છે, જે કુદરતસહજ પણ છે. કામશક્તિથી ભરપૂર પતિ અને પત્ની એકબીજાને વધુ સુખી કરી શકે છે. બેમાંથી એકમાં પણ જો આ શક્તિ ઓછી હોય તો અતૃપ્તિનો શિકાર થઈ શકાય છે. સદા અને સતત અતૃપ્તિ વેઠનાર અમાન્ય માર્ગે ચઢી શકે છે. એમાં અનર્થોના ઘણા કાંટાઓ વેરાયેલા છે. આ દુઃખનો માર્ગ છે. તેનાથી બચવું હોય તો પતિ-પત્ની બન્નેએ સામર્થ્યવાન થવાનું. માયકાંગલાં, દૂબળાં કે હતવીર્ય થશે તો બન્ને એકબીજાને સુખ નહિ પણ દુઃખ આપતાં થઈ જશે, એટલું જ નહિ બીજા માર્ગે પણ ચઢી જશે. એટલે યોગ્ય સામર્થ્યવાળો આહાર વગેરે જરૂરી છે.

કામશક્તિ ભરપૂર હોવા છતાં પણ કામવૃત્તિને વિકૃત કરવામાં આવે તો તે દુઃખદાયી થઈ શકે છે. વિકૃતિ એટલે કુદરતસહજ સીમાનું અતિક્રમણ. કુદરતે પ્રત્યેક વૃત્તિની સામે એક મર્યાદાની લીટી દોરેલી છે. માનો કે ક્ષુધાવૃત્તિ કુદરતસહજ છે. એટલે માણસને ખાવાનું મન થાય છે. પણ માણસમાં ક્ષુધાશક્તિ જ ન હોય તો તેણે ખાધેલું પચી ન શકે. અજીર્ણ થાય. પણ માણસમાં પૂરેપૂરી ક્ષુધાશક્તિ પણ છે, અને ક્ષુધાવૃત્તિ પણ છે. તો બન્ને એકબીજાનાં પૂરક બનીને સુખ ઉત્પન્ન કરશે. વ્યક્તિ અને પ્રજા સુખી થશે. પણ હવે ક્ષુધાશક્તિ હોવા છતાં પણ ક્ષુધાવિકૃતિ થવા લાગી. એટલે કે પચે નહિ તેટલું ખાવાની વૃત્તિ; અપથ્ય વસ્તુઓને ખાવાની વૃત્તિ અથવા સતત ખા-ખા કરવાની વૃત્તિ - આ બધી વિકૃતિ છે. આ વિકૃતિથી બચવું જરૂરી છે. **જે માણસ ક્ષુધાશક્તિની મર્યાદામાં રહીને આહાર કરે છે તે જ આહારનું સુખ ભોગવી શકે છે. વિકૃતિવાળો રોગ જ મેળવે છે.** આહારનું સુખ એટલે કે એક તો સ્વાદસુખ, બીજું તેમાંથી ઉત્પન્ન થતા રસો વગેરેમાંથી બળ, સૌંદર્ય, મેધા વગેરેની પ્રાપ્તિ થવાનું સુખ.

આવી જ રીતે કામવૃત્તિ અને કામશક્તિનો યથાયોગ્ય સુમેળ કરવામાં આવે તો પ્રજાને બળ, બુદ્ધિ અને સૌંદર્ય પણ મળી શકે છે. તેની વિકૃતિથી રોગો અને વિનાશ પણ મળી શકે છે. **એકદમ આહારનો ત્યાગ કરનારા દુર્બળ, ક્ષીણ અને હીન થઈ જાય છે તેમ કામવૃત્તિનો સદંતર ત્યાગ કરવા માટે કામશક્તિનો નાશ કરવા મથનાર પણ દુર્બળ અને ક્ષીણ-હીન થઈ જાય છે. એટલે તો મોટા ભાગના બ્રહ્મચારીઓ વહેલા મરી જાય છે.** તેઓ નિસ્તેજ અને ક્ષીણહીન થઈ જાય છે. આ નિરોધ છે, જે એક છેડો છે, જે હાનિકારક છે. આ પણ અકુદરતી માર્ગ છે, એટલે વિકૃતિ જ કહેવાય. અત્યંત નિરોધ અને અત્યંત અતિરેક એમ બન્ને છેડાથી પ્રજાને બચાવીને મધ્યમમાર્ગ - સંયમમાર્ગ ઉપર ચલાવવી એ સુયોગ છે, આ 'કામયોગ' છે, જે કલ્યાણકારી છે. આ માર્ગે માણસ એકધારી ગતિથી લાંબો સમય ચાલી શકે છે. આમાં માણસ હારતો કે થાકતો નથી પણ તરોતાજા રહે છે. હા, સંતોષપૂર્વકનો સંયમ હોય તો.

શરીરની ઉંમર સાથે બધી જ ઇન્દ્રિયોની શક્તિમાં ક્ષીણતા આવવાની જ છે, કારણ કે આ કુદરતી વ્યવસ્થા છે. આંખ ઓછું જોતી થઈ જાય, કાન ઓછું સાંભળતા થઈ જાય, દાંત પડી જાય - આવી બધી અનેક પ્રકારની ક્ષીણતા ઉંમરની સાથે સૌને ઓછીવત્તી આવતી જ હોય છે. આવી જ રીતે કામશક્તિની ક્ષીણતા પણ સમય સાથે - ઉંમર પ્રમાણે સૌને આવતી જ હોય છે. આ પણ કુદરતી વ્યવસ્થા છે. તોપણ કામશક્તિ વિનાની કામવૃત્તિ તો અકબંધ રહી જતી હોય છે. જેમ જોવાની, સાંભળવાની કે ખાવાની ઈચ્છાઓ રહેતી જ હોય છે તેમ. તોપણ કેટલાક લોકો લાંબી ઉંમર સુધી પૂરેપૂરું જોઈ શકતા હોય છે, પૂરેપૂરું સાંભળી શકતા હોય છે. દાંત વગેરે પણ બરાબર કામ કરતા હોય છે. આવી જ રીતે ઘણા લોકો લાંબા સમય સુધી કામશક્તિ પણ ધરાવતા રહે છે. વૈદિક પ્રાર્થનામાં આવું જ માગ્યું છે :

*શતં જીવેમ શરદઃ, શત શ્રુણુયામ્ શરદઃ,*
*શતં પ્રબવામ્ શરદઃ શતમદીનાઃ સ્યામ્ શરદઃ વગેરે.*

આ મંત્રમાં સો વર્ષ સુધી બધી ઇન્દ્રિયોની પૂરી ક્ષમતા સુધી અને અદીના એટલે કે પરાવલંબી થયા વિના પૂર્ણ સ્વાવલંબી થઈને જીવવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે. આ જીવનનો સ્વીકાર છે. એટલું જ નહિ, જીવન એક માણવાની વસ્તુ છે તેનો પણ સ્વીકાર છે.

એવી વિચારધારા શા કામની જે કુદરત વિરુદ્ધ નિષ્ફળ જીવન જીવવાની પ્રેરણા આપે? માનો કે પૂરેપૂરી સાવધાની છતાં ઇન્દ્રિયોની શક્તિમાં ક્ષીણતા આવી ગઈ, તો પણ શું થઈ ગયું? આંધળા-બહેરા માણસો

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)

*વિનમ્રતા થકી સૌના દિલ જીતી શકાશે.*

# વક્તૃત્વકલાની મહારાણી

## સંભારણાની સફર : મણકો - ૧૧

• ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) •

ઉષા મારી નાનપણની મિત્ર હતી. અમે શાળા-કોલેજમાં જોડે જ અભ્યાસ કર્યો હતો. તે વક્તૃત્વકલામાં નિષ્ણાત. જ્યારે જ્યારે આંતરકૉલેજ વક્તૃત્વ સ્પર્ધા હોય, ત્યારે ઉષાને બોલતી સાંભળવા કૉલેજમાંથી ગાપચી મારીને અમે હૉલ પર પહોંચી જતાં. ઉષાની તૈયારી એવી મુદ્દાસરની અને રજૂઆત એવી સ્વાભાવિક છતાંય વિદ્વતાપૂર્ણ હોય, કે બધાં મંત્રમુગ્ધ થઈ જાય. તેના પ્રતિસ્પર્ધીઓ પણ તેની વાણીના અસ્ખલિત પ્રવાહને બિરદાવ્યા વગર રહી ન શકતા. અમે તેને 'વક્તૃત્વકલાની મહારાણી' કહેતાં.

કૉલેજનો એ મુક્તપંખીસમ સ્વૈરવિહાર પૂરો થયો. અમે બધાં વારાફરતી પરણ્યાં. ઉષાનાં લગ્ન અનિલ નામના એક મિકેનિકલ એન્જિનિયર યુવક સાથે થયાં. તે મુંબઈમાં સ્થાયી થઈ. તેથી અમારું મળવાનું ઓછું થઈ ગયું. અનિલને લઘુઉદ્યોગ કહી શકાય તેવું કારખાનું હતું તથા તેમની કમાણી સારી હતી. વરલી વિસ્તારમાં બિલકુલ દરિયાની સામે જે જૂજ વિશાળ ફ્લેટો છે, તેમાંના એકમાં તે રહેતી હતી. હવે તો તેની એકની એક પુત્રી પણ લગ્ન કરીને અમેરિકામાં સ્થાયી થઈ હતી. મુંબઈની એક જાણીતી કૉલેજમાં 'સોશિયોલૉજી' વિભાગની તે હેડ હતી. ખરેખર, કોઈને પણ ઈર્ષ્યા થાય તેવું આ નાનકડું સુખી કુટુંબ હતું.

હું જ્યારે મુંબઈ જાઉં ત્યારે ઉષાને અચૂક મળું. મારી એક મુલાકાત દરમ્યાન મેં ઉષાને ઘેર જ ઉતારો રાખ્યો હતો. ઉષાને વર્ષો જૂની એક કામવાળી હતી. તુલસી એનું નામ. તુલસીનું મૂળ વતન દક્ષિણ મહારાષ્ટ્રનો સોલાપુર જિલ્લો. આ વિસ્તાર લગભગ દર વર્ષે દુષ્કાળનો ભોગ બને, તેથી ત્યાંની ઘણી વસતિ હવે નાગપુર, પૂના, મુંબઈ જેવાં મોટાં શહેરોમાં સ્થળાંતર કરી ગઈ છે. કુલી, બાઈ, ઘરઘાટી કે બાંધકામની સાઈટો પર મજૂર તરીકે ગોઠવાઈ જાય. વર્ષોનાં વર્ષો પ્રાર્થના કરે કે સારો વરસાદ થાય તો દેશ પાછા ફરીએ. છેવટે વરસાદની આશામાં શહેરોની બસ્તીમાં જ આયખું ઓછું કરે. ક્યારેય ગામનું મોં ન જુએ.

હું જ્યારે જ્યારે ઉષાને ઘેર જાઉં ત્યારે તુલસી સાથે તેની ભાષામાં વાત કરું. તમે 'હુરટ' ના હો, ને લંડનમાં ટ્રેનમાં કોઈ 'ની' અને 'ઓહે' વાળો 'હુરટી' ભટકાઈ જાય, તો જે આનંદ થાય તેવો જ આનંદ તુલસીને મારી સાથે વાતો કરીને થાય. અમે બંને લગભગ એક જ વિસ્તારમાં મોટાં થયેલાં. તેથી અમારી ભાષા એક જ. તુલસી ખૂબ જ મહેનતકશ, સમયની કડક પાબંદીવાળી તથા ભરોસાપાત્ર હોવાથી ઉષાને પણ તેના વગર ઘડીભર ન ચાલે.

એક વાર હું ઉષાને ઘેર રહી હતી ત્યારે તુલસી સવારે કામે ન આવી. ઉષા તો ધૂંઆપૂંઆ થઈ ગઈ. મુંબઈમાં સમાજશાસ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય કોન્ફરસ હતી, જેમાં ઉષાને પેપર વાંચવાનું હતું. ખરેખર, એકવાર નોકરચાકરની આદત પડી જાય, પછી તમને તેમના વગર ચાલે જ નહીં. ઉષા તો બેબાકળી થઈ ગઈ. મને તેની હાલત જોઈને હસવું આવતું હતું. તુલસીએ ખરેખર તેને પાંગળી કરી નાખી હતી.

મને હસતી જોઈને ઉષા કહે, 'તારે ઠીક છે, હસી લે. આ કમજાત તુલસીને મેં કેટકેટલી મદદ કરી છે! પણ આપણો વખત સાચવવાનો હોય, ત્યારે મારાં વા'લાં એવાં સિફતપૂર્વક ખસી જાય, કે વાત ન પૂછો! એને ખબર છે કે આજે મારે ગરજ છે, એટલે ભાવ ખાય છે. આ બધાંને ગમે તેટલા માથે બેસાડો, જાત પર ગયા વગર ના રહે. તને શી ખબર, મારે માથે આજની કોન્ફરન્સની કેટલી મોટી જવાબદારી છે! તું કોઈ વસ્તુને સિરિયસલી લેતી જ નથી ને! એટલે જ તો આજ સુધી તું વિઝિટિંગ પ્રોફેસર જ રહી છું. હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટની ફરજોનો તને ક્યાંથી ખ્યાલ હોય?'

ઉષાની વાતનું મને સહેજપણ ખોટું ન લાગ્યું. આજકાલ તો મોઢામોઢ સાચું કહી દે તેવા મિત્રોય ક્યાં છે?

મેં ઉષાને કહ્યું, 'તેં તુલસીનું ઘર જોયું છે? ચાલ, આપણે તેના ઘેર આંટો મારીને જોતાં આવીએ કે તે કેમ આવી નથી? ઘેર બેઠાં ગુસ્સો કરવાથી તો બ્લડપ્રેશર વધશે. ચાલ.'

ઉષાના ઘરની નજીકમાં જ એક ઝૂંપડપટ્ટીમાં તુલસી રહેતી હતી. મોટાં શહેરોની આ જ તો કરુણતા છે! એક તરફ ધનિકોનાં ભવ્ય મહેલસમા આવાસો અને તેને અડોઅડ જ દસ ગણી વસ્તી નાનકડી જગ્યામાં પશુથીયે બદતર હાલતમાં ઝૂંપડપટ્ટીમાં સડી જાય. ઉષાને તુલસીને ઘેર જવું જ ન હતું, પણ છૂટકોય નહોતો.

તુલસીનું ઝૂંપડું નજીક આવ્યું ત્યારે મોટેમોટેથી ગાળાગાળી સંભળાઈ. ઝૂંપડપટ્ટીઓમાં નજીવા કારણસર ઝગડા થઈ જતા હોય છે. રોજની પાણીની બબાલ, દારૂ, ઢગલો છોકરાં ને ખાવા ધાન ન હોય. બીજુંય ઘણુંબધું. માણસ ક્યાં સુધી સહન કર્યે જાય? દૂરથી જ ખ્યાલ આવી ગયો કે તુલસી જ મોટેમોટેથી બોલી રહી હતી. તેના વર સાથે માથાકૂટ ચાલતી હતી. તુલસી બેફામ ગાળો બોલતી હતી અને રમણ નીચી મૂંડીએ બધું સાંભળે જતો હતો. મને તો લાગતું હતું કે તુલસીએ એના વરને બે-ત્રણ અડબોથ પણ ઠોકી દીધી હશે. પાડોશીઓ ભેગાં થઈ ગયાં હતાં પણ બધાં તુલસીના પક્ષે હતાં.

*જીવનમાં અવલોકન કરવાની ટેવ પાડો.*

મેં તુલસીને અમારી બોલીમાં કહ્યું, 'તુલસી ગાળાગાળી બંધ કર. બૈરાંના મોંમાં આવાં વેણ શોભે?'

અમને જોઈને તુલસી જરાતરા શરમાઈ, ઠંડી પડી. પછી રડતી રડતી કહે, 'બહેન, મહામહેનતે મેં જાત તોડીને પૈશા બચાયેલા. ગામથી અહીં આઈ એ દા'ડાથી પાછું વળીને જોયું નથી. મારી બાનું મરતું મોં જોવાય નો પામી. ને બધા પૈશામોંથી ચાર હોનાની બંગડિયું ને અછોડો લીધેલો. હવે આ મારા રોયા રમણિયાને પાન-બીડીથી દુકાન કરવી છ તે હંધુય વાણિયાને ઘેર ગિરવે મેલી આયો, હરામી! બહેન, તમે જ હમજાવો, ઈને! મારી આખી જિંદગીની કમાણી ઘડીકવારમાં ઉડાડી મારી. વાણિયાવેરે ગયેલી વસ્તુ પાછી આવતી ભાળી કોઈ દિ, બહેન? હમજાવો, માળા અક્કલના અધૂરાને. મનેય ખબર સે, કે બે'નને આજે કોઈ મિટિગુમાં જવાનું સ, ને ભાષણ દેવાનું સ, પણ હવારના પો'રમાં કાળમૂખાએ મને સનાનના હમાચાર આલ્યા. તે મારાથી રહેવાણું નહીં. તમ-તમારે જાઓ બહેન, હું આવું છું.'

મને તુલસીની હાલતનો અહેસાસ થતો હતો. સમાજસેવા દરમ્યાન આવી જ સ્ત્રીઓ સાથે મારે કામ કરવાનું થાય છે; કે જેમના જીવનમાં ફાઈવસ્ટાર હોટેલો, 'એ' ગ્રુપની કંપનીના શેરો, ડોલરની વધઘટ, હીરાના દાગીના, ફેશન કે બોલીવુડથી ક્યારેય કશો ફરક પડતો નથી. તેમને મતલબ હોય છે રોટલા અને ઓટલાથી. પોતાનું બાળક ભૂખ્યું ઊઠે પણ ભૂખ્યું સૂવે નહીં. તેથી.

અમે તુલસીને ઘેરથી પાછા ફરતાં હતાં ત્યારે રસ્તામાં ઉષા તદ્દન શાંત થઈ ગઈ હતી. મને થયું કે, ઘેર કામના ઢગલા પડ્યા છે એટલે ઉષાને ટેન્શન હશે. મેં કહ્યું, 'ઉષા! કામનું ટેન્શન ન કરીશ. આપણે હાથોહાથ કરી લઈશું. અને પછી તો તુલસી આવશેય ખરી. આ લોકો તો ભડભડાટ બોલી જાય અને પછી ભૂલીય જાય. સાંજ પડે તો વર-બૈરી જોડે ફિલમ જોવા ઊપડી જશે.'

અમે ઉષાના વિશાળ ફ્લેટ પર પહોંચ્યાં. મેં રાતના વાસણ અને લોટા પવાલા ઉટકવા માંડ્યા. ઉષાએ ચા મૂકી. મને એકાએક ડૂસકાંનો અવાજ સંભળાયો. મેં ઊંચું જોયું તો ઉષા રડતી હતી. મોંમાં સાડીના છેડાનો ડૂચો ખોસીને રડવાના અવાજને દબાવવાનો તે નિષ્ફળ પ્રયાસ કરી રહી હતી. આંખમાંથી આંસુ વહ્યે જ જતાં હતાં. મેં મારો ભીનો હાથ તેના ખભે દબાવ્યો. તરત મને ખ્યાલ આવ્યો કે જરૂર આ નાનકડા સુખી કુટુંબની ફોટોફ્રેમમાં ક્યાંક તડ પડી છે.

મારા પ્રેમાળ હાથની ઉષ્મા અનુભવીને તે વધારે રડવા લાગી. મને કહે, 'સુધા, મારી દશા તો તુલસી કરતાંય ભૂંડી છે. તને ખબર છે, મારો આટલાં વર્ષોનો બધો પગાર આ ફ્લેટ ખરીદવા માટે મેં અનિલને આપ્યો. ઈન્કમટેક્ષમાં લફરા ન થાય તે માટે ફ્લેટ અનિલના નામે જ રાખ્યો હતો. થોડા વખત પહેલાં બપોરે રજિસ્ટર્ડ પોસ્ટથી એક કાગળ આવ્યો. પત્ર તેમના નામે હતો અને અમારી બેન્ક તરફથી હતો. અનિલે મારી સંમતિ લીધા વગર આ ફ્લેટ બેન્કમાં ગિરવે મૂકી દીધો છે. છેલ્લા થોડા વખતથી અમારા કારખાનામાં થોડા પ્રોબ્લેમ થયા હતા, પણ આ રીતે મને જણાવ્યા વગર આખો ફ્લેટ મોર્ગેજ કરી દેવાય? મને જ્યારે ખબર પડી કે મારી આખી જિંદગીની કમાણી પર પાણી ફરી વળ્યું હતું, ત્યારે મને ગુસ્સો તો ઘણોય આવ્યો! પણ આપણે એવી પોકળ, મિથ્યાભિમાની, કહેવાતી હાઈ સોસાયટીમાં જીવીએ છીએ કે વરને ગાળ પણ ન દઈ શકીએ. અરે, અવાજ પણ ઊંચો ન કરી શકીએ! આ કહેવાતી 'સિવિલાઈઝ્ડ સોસાયટી' માં દીવાલોને પણ કાન હોય છે. પતિ જોડે લડીએ તો આપણી વાતો થાય. આપણે 'દેશી' અને 'મેનરલેસ' કહેવાઈએ. 'અનસિવિલાઈઝ્ડ પીગ' તરીકે ઓળખાઈએ.

આ તુલસી મારા કરતાં વધારે નસીબદાર છે, જે પોતાના વરને ગાળ દઈને, બે લાફા ચોડી શકે છે અને પછી બધું ભૂલી શકે છે! હું તો જ્યારે અનિલને જોઉં છું ત્યારે મને તેની પર ઘૃણા થાય છે. તેણે મને છેતરી છે તેવો સતત અહેસાસ થાય છે!

હું શું બોલું? ઉષાના ઘરની સુંદર બાલ્કનીમાંથી ઊછળતો દરિયો દેખાતો હતો. ક્યાં ગઈ મારી કૉલેજકાળની સભાઓ ગજવતી ઉષા? ક્યાં છે એ સોશિયોલૉજી ડિપાર્ટમેન્ટની હેડ ઉષા? અહીં તો તદ્દન દબાયેલી, કચડાયેલી, સુકાઈને કોકડું થઈ ગયેલ એક સ્ત્રી ઊભી હતી! મારું મન આળું થઈ ગયું. વાતનો વિષય બદલવા અને વાતાવરણને હળવું બનાવવા મેં ઉષાને પૂછ્યું, 'આજે મિટીંગમાં તારે કયા વિષય પર બોલવાનું છે?'

'Freedom of Speech - વક્તવ્યની આઝાદી.' ઉષાએ કહ્યું. ■

## પ્રેમનું પોષક ઘટક : કામવૃત્તિ

**(અનુસંધાન : પાના નં.-૩૨ ઉપરથી ચાલુ)**

પણ જીવનને રસપૂર્વક જીવી શકે છે તો કામશક્તિની ક્ષીણતા પછી પણ માણસ ધારે તો જીવન માણી શકે છે. ખાસ કરીને પતિ-પત્નીને એકબીજાની હૂંફ મળે, સાથ-સહયોગ મળે. સ્પર્શાદિ દ્વારા પણ કામવૃત્તિનું શમન શક્ય છે. એટલું જ નહિ, આવો પ્રેમ એક બહુ મોટું ટૉનિક બની શકે છે. આવાં વૃદ્ધ પ્રેમીયુગલોના ચહેરાની ચમક જોજો. કારણકે તેમને પ્રેમ અને હૂંફનું મોટું ટૉનિક પ્રાપ્ત થયા કરે છે. **એકાકી વ્યક્તિઓની નિસ્તેજતા, વ્યાકુળતા અને ખાલીપણું તેમના જીવનને ભારરૂપ બનાવી દે છે.** ધર્મ અને સમાજની એવી વ્યવસ્થા હોવી જોઈએ કે જેથી વિવશ થઈને માણસને એકાકીપણું કે ખાલીપણું ભોગવવું ન પડે. જીવનની વાસ્તવિકતાનો સ્વીકાર કરીને જે દર્શનો, વિચારો, ધારણાઓ બની હશે તે જ માનવતાવાદી - કલ્યાણકારી વ્યવસ્થાઓ ગોઠવી શકશે. **જે લોકો વાસ્તવિકતાની ઉપેક્ષા કરીને માત્ર કાલ્પનિક આદર્શોના જોરે વ્યવસ્થા ગોઠવશે, તે, લોકોને રિબાવનારી, ગૂંગળાવનારી અને જીવનને વ્યર્થ બનાવનારી થઈ જશે.**

*ભક્તિ નિકેતન આશ્રમ*
*પો.બો નં. ૧૯, પેટલાદ (દંતાલી)*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

*ઘરે આવેલા દુશ્મનનું પણ સન્માન કરો.*

# શ્રધ્ધા કે અંધશ્રધ્ધા?

• શાંતિલાલ સંઘવી •

આપણે ત્યાં શ્રધ્ધાનું ભારે મહત્ત્વ છે. લગભગ દરેક ધર્મપંથવાળા શ્રધ્ધા રાખવાનો ઉપદેશ આપે છે. અમારા ભગવાનો કહી ગયા છે તેમાં શ્રધ્ધા રાખો, અમે કહીએ છીએ એમાં શ્રધ્ધા રાખો, ચર્ચા ન કરો, શંકા ન કરો, દલીલ ન કરો, વાદવિવાદ ન કરો, માત્ર શ્રધ્ધા રાખો કારણકે 'સંશયાત્મા વિનશ્યતિ' એમ ગીતામાં કૃષ્ણ ભગવાને સ્પષ્ટ કહેલ છે.

કોના પર શ્રધ્ધા રાખવી? ભગવાનોના અનેક પ્રકાર છે. દેવી દેવતાઓના સેંકડો પ્રકાર છે, શાસ્ત્રોના હજારો પ્રકાર છે, ધર્મગુરુઓની સંખ્યા અગણિત છે.

અને આ તમામના ભક્તો - અનુયાયીઓ ભારપૂર્વક કહે છે કે અમારા ભગવાન, અમારા ઈષ્ટદેવ, અમારા ગુરુ જ સાચા છે. માટે એમાં જ શ્રધ્ધા રાખો. બીજાની વાતો માનશો નહીં!

આ ઓછું હોય તેમ એક જ ભગવાનને કે એક જ દેવ-દેવીને માનવાવાળામાં પણ તેમના ભક્તો અલગ, સંપ્રદાયો અલગ, ગુરુઓ અલગ, દેવસ્થાનો અલગ.

જયાં નજર કરો ત્યાં માત્ર અરાજકતા. કોઈ મોટા મોલમાં કોઈ વસ્તુના વિવિધ મોડેલ હોય છે, ગાડીઓનાં મોડેલ હોય છે, સેલફોનના અનેક મોડેલ હોય છે, ગમે તે - તમને પસંદ પડે તે - મોડેલ ખરીદો. તેમજ ભગવાનનાં, દેવી દેવતાઓનાં, ગુરુઓના પણ અનેક મોડેલ ઠેર ઠેર હાજર સ્ટોકમાં છે. ગમે તેને પસંદ કરો. પછી એમાં શ્રધ્ધા રાખો. કશું જ પૂછો નહીં, માત્ર શ્રધ્ધા રાખો. કારણકે શાસ્ત્રોમાં કશી શંકા કરવી એટલે જ નાસ્તિકતા. અને નાસ્તિકની સદ્ગતિ અસંભવ. અમારા સિવાય બીજાઓની વાત માનશો તો નરકમાં જશો. માટે આંખો બંધ રાખો, મગજ પણ બંધ રાખો, અક્કલને દૂર રાખો.

જે ભગવાન કે દેવી દેવતા કે ગુરૂજી પર શ્રધ્ધા હોય તેના કરોડો - અબજો રૂપિયાના મંદિરો બનાવો, તેમની મૂર્તિને સોના-ચાંદી - હીરામોતીથી સજાવો. એના પર સોનાના મુગટ ચડાવો, એને સોનાના સિંહાસન પર બિરાજમાન કરો, વાર તહેવારે એના ભવ્યાતિભવ્ય વરઘોડા કાઢો, એને છપ્પનભોગ ધરો કે છપ્પન ગજની ધજા ચડાવો, જયંતીઓ ઉજવો, ઉજવણી વખતે વધારેમાં વધારે ઘોંઘાટ કરો, અન્ય લોકોને વધુમાં વધુ હાડમારી વેઠવી પડે, અગવડ પડે, એની કદી ચિંતા કરવી નહીં. ગમે તે વસ્તુનો ગમે તેટલો બગાડ થાય એની ચિંતા ન કરો, પર્યાવરણનો દાટ વળી જાય તો પણ તેની ચિંતા ન કરો. બને તેટલી વધારેમાં વધારે ગંદકી કરો, નદીઓને ગટર બનાવી દો, ગંધાતા પાણીમાં ડૂબકીઓ મારો - આખા દેશનું સત્યાનાશ કરી દો એનું નામ જ સાચી શ્રધ્ધા.

માત્ર નાતજાતના ક્રિયાકાંડ કરતા રહો. વિવિધ પ્રકારના ખર્ચાળ પૂજાપાઠ, દર્શન, યાત્રા, યજ્ઞ, હવન, ઉત્સવો કરતા રહો - બસ કરતા રહો, એ જ શ્રધ્ધા. વિચાર કરવાની સખત મનાઈ છે.

શક્ય હોય તો કરોડ - બે કરોડ અથવા છેવટે લાખો ભક્તોને ભેગા કરો, ભીડભાડ અને ધક્કામુક્કી કરો એમાં પાંચ-પચ્ચીસ મરી જાય તો સ્વર્ગે ગયા એમ માનો, એ જ સાચી શ્રધ્ધા.

બાવાઓ, બાપુઓ, બાપજીઓ, ધ.ધૂ.પ.પૂ.ઓ, જે મળે તેના પગ પૂજો. કારણકે એના આશીર્વાદથી દીકરો, પૈસા, નોકરી, છોકરી, દર્દ નિવારણ થશે એમ માનવું એટલે જ લોભિયા - ધૂતારાની દિવ્ય જોડી.

શ્રધ્ધામાં વળી ગરીબ લોકોની - દુઃખી લોકોની વાત ક્યાં આવી? પેલો વિવેકાનંદ કહી ગયો છે કે **'ગરીબ, અભણ, અજ્ઞાની, દુઃખી, પતિતો, પીડિતો વગેરેની સેવા એ જ પરમ ધર્મ છે.'**

*('ધસ સ્પોક વિવેકાનંદ'માંથી)*

શ્રધ્ધા અને સમજણ એ બે વચ્ચે ક્યારેય મેળ ન ખાય એવો સંબંધ ખરો? શ્રધ્ધામાં પ્રેમ, કરુણા અને વિવેક અને સેવાની જરૂર નથી? ફિલસૂફીનું કામ જ સંશય કરવાનું છે, જાંચ-પડતાલ કરવાનું છે, જીજ્ઞાસામાંથી શંકા પેદા થાય છે. શંકામાંથી સંશોધન થાય છે અને સંશોધન દ્વારા સત્ય પ્રગટ થાય છે. અને સત્ય સદા પ્રિય હોય એવું બનતું નથી. શ્રધ્ધાળુઓ પોતાની માની લીધેલી શ્રધ્ધાથી અલગ સત્યને સ્વીકારી શકતા નથી. તેઓ ક્યારેક અસહિષ્ણુ બની જાય છે, ઝનુની બની જાય છે, હિંસક બની જાય છે અને ત્યારે ભગવાન ભુલાઈ જાય છે.

આપણે જયારે એમ કહીએ છીએ કે અમારે તો ફલાણા ભગવાન અથવા ફલાણા દેવ કે ગુરુમાં પૂરી શ્રધ્ધા છે ત્યારે એ વાત સમજણથી બહાર રહી જાય છે કે આખરે આપણી શ્રધ્ધાની કિંમત કેટલી? સમજવાની જરૂર છે કે આપણી કોઈપણ પ્રકારની શ્રધ્ધાની કિંમત તો છે ઝીરો.

મૂળ વાત આપણને ભગવાનમાં કેટલી અને કેવી શ્રધ્ધા છે તે નથી પણ મૂળ વાત ભગવાનને આપણામાં કેટલી શ્રધ્ધા છે, તે છે. જો ભગવાનને આપણામા એટલી શ્રધ્ધા હોય કે આ માણસ (સ્ત્રી કે પુરુષ) ક્યારેય મને છેતરશે નહિ અને દગો દેશે નહિં તો આપણો ફેરો સફળ. બાકીનું બધું ઝીરો. ભગવાનને શ્રધ્ધાળુઓ વધુ વહાલા છે એ માન્યતા ભૂલભરેલી છે. ભગવાન કદી આસ્તિક - નાસ્તિકમાં ભેદ કરતા જ નથી.

તમને ક્યાંય પણ ગુરૂ અને શિષ્ય વચ્ચે મૈત્રી - દોસ્તીનો સંબંધ જોવા નહીં મળે. કોઈપણ બે ગુરૂ - ભલે એક જ ધર્મ તથા એક જ સંપ્રદાયના હોય તો પણ તેમના વચ્ચે દોસ્તીનો સંબંધ જોવા નહીં મળે. કોઈ બાવા, બાપજી, મહંત, મઠાધીશ, મૌલવી, મહારાજશ્રી વચ્ચે જીગરી દોસ્ત જેવો સંબંધ જોવા નહીં મળે. કોઈ બે ધાર્મિક ગુરૂઓ વચ્ચે પ્રેમ કે દોસ્તી હોતાં નથી.

***આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,***
***કાશીરામ અગ્રવાલ હોલની પાસે,***
***અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***ફોન : ૨૬૩૦૧૭૨૯***

*સાંભળો સૌનું, પણ નિર્ણય બુધ્ધિથી જ કરો.*

બોધ રત્ન

# જિંદગીમાં યાદ રાખવા જેવા દસ બોધપાઠો કયા?

• ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી •

જિંદગી પોતે જ તાલીમશાળા છે, એણે આપેલી તકોમાંથી કશુંક શીખવાની આપણી દાનત હોય તો. માણસ પોતાના અનુભવોમાંથી પણ શીખી શકે અને બીજાના અનુભવોમાંથી પણ! હકીકત એ છે કે પ્રત્યેક ઉઘાડી આંખ જોવાલાયક જોઈ શકતી નથી. ચાલતા પ્રત્યેક ચરણની દિશા નિર્ધારિત હોય છે, પણ લક્ષ્ય ધૂંધળું હોય છે. બંધાતા નવા નવા સંબંધો દાનતની દૃષ્ટિએ શુદ્ધ નથી હોતા. જિંદગી કોઈનેય છેતરવાનો અધિકાર આપતી નથી.

જિંદગી જીવવાની કલાનો ભોમિયો વેચાતો નથી મળતો અને જે વેચાતો મળે તે કોઈકની જીવન દૃષ્ટિથી અભડાયેલો હોય છે. એટલે જિંદગીની કેડી માણસે જાતે જ કંડારવાની હોય છે. માણસે દૃષ્ટિનો વિસ્તાર કરવો જોઈએ. ઊંધું ઘાલીને દોડવાની ઉતાવળનો નહીં. ક્ષુદ્ર વસ્તુઓમાં અટવાયેલા રહેવાનો માણસનો સ્વભાવ તેની આસપાસ ક્ષુદ્રતાનું એવું વર્તુળ રચે છે, જેમાંથી તે ક્યારેય બહાર નીકળી શકતો નથી! માણસ પોતાની મોટાભાગની શક્તિ જે છે તે જોવામાં ખર્ચી નાખે છે. એટલે જે હોવું જોઈએ, તેને અંગે વિચારવાનો એને સમય જ નથી રહેતો. શ્રીમતી બાર્બરા બુશે જિંદગીમાંથી જડેલાં કેટલાંક બોધરત્નો વિશે વાત કરી છે. દરેક મા-બાપે પોતાના સંતાનોને શીખવવા જેવા અને પોતે પણ જિંદગીમાં આચરવા જેવા આ દસ મૂલ્યવાન સૂચનો અહીં સંક્ષેપમાં રજૂ કર્યા છે. 'પર્સનલ એક્સલન્સ'માં સંકલિત શ્રીમતી બાર્બરા બુશનો 'લેસન્સ ઈન લાઈફ' લેખ એ દૃષ્ટિએ અત્યંત પ્રેરક છે. તેનો આધાર લઈ મુખ્ય મુદ્દાની વિસ્તૃત ચર્ચા કરી છે.

### ૧. લોકોમાં સારપ શોધો અને તેમના દોષો ભૂલી જાઓઃ

માણસની અપેક્ષાઓ બીજા દ્વારા ફળે ત્યારે એ ખુશખુશાલ થઈ જાય છે અને પોતાનું ધાર્યું ન થાય તો એની લાગણી દુભાય છે. લેખિકાએ પોતાની માતા દ્વારા લાગણી દુભાયાના સંદર્ભે ગ્રેસ વોકરની સલાહ ટાંકી છે : 'તમારી માતાની સુંદર બાબતો યાદ રાખો. તમે ચાહતા હો એ બધું એના સંદર્ભે વિચારો અને તેવી સારી બાબતો યાદ કરી ગૌરવાન્વિત થાઓ.' આપણને માણસના દોષો ગણવાની ટેવ છે. એને બદલે તેના ગુણો ગણવા બેસીએ તો આપણે વિસ્મિત થઈ જઈએ એટલી મોટી યાદી થઈ જાય! દુનિયામાં નથી આપણે સંપૂર્ણ કે નથી બીજું કોઈ પણ સંપૂર્ણ. એટલે બીજામાં રહેલી સારપનું દર્શન કરો.

### ૨. મિત્રો બનાવો, દુશ્મનો નહીં :

રેડક્રોસના સ્થાપક અને અધ્યક્ષ ક્લેરા બાર્ટનને એક મિત્રે ભૂતકાળમાં તેમના કોઈ એક મિત્રે તેમની સાથે દાખવેલી ખરાબ બાબતનું સ્મરણ કરાવ્યું અને પૂછ્યું : તમને યાદ છે? ક્લેરાએ ત્યારે ચોખ્ખી ના પાડી હતી ત્યારે કારણકે શત્રુતા વિસ્મરવા એવું બધું ભૂલવું જરૂરી છે. માણસને મન મળ્યું છે મધુ સંચય માટે, વિષ એકઠું કરવા નહીં. એક મિત્ર મોડો વધે તો વાંધો નહીં, એક શત્રુ તો સત્વરે ઘટવો જ જોઈએ! શત્રુતા નાબૂદ કરવાની રીત છે ઔદાર્યપૂર્ણ ક્ષમાભાવ! મૈત્રીભાવનું પવિત્ર ઝરણું માણસના હોઠેથી તો વહે છે, પણ હૈયેથી વહેતું હોત તો આ જગતની તાસીર અને તસવીર જુદાં હોત!

### ૩. પૈસા હોવા - ન હોવાની વાતો લોકો સમક્ષ કરશો નહીં :

માણસ ધનને જિંદગીનું લક્ષ્ય બનાવી ધનની પ્રદક્ષિણા કર્યા જ કરે છે! પોતાની પાસે ધન હોય તો બડાશ અને ધન ન હોયતો બળાપા! ધનનાં બણગાં અને ધનનાં રોદણાં – બંને બાબતો શોભાસ્પદ નથી. એટલે એવી ચર્ચાઓથી અળગા રહેવું ઉચિત છે.

### ૪. ન પોસાય તેવું ખરીદશો નહીં :

ધનવાન હોવા કરતાં આજના માણસને ધનિક દેખાવાનો ચસકો લાગ્યો છે. અનેક લોકો દેખાદેખીમાં ન પોસાય તેવી વસ્તુની ખરીદી કરીને દેવાદાર બને છે અને આર્થિક દૃષ્ટિએ પાયમાલ થઈ જાય છે.

### ૫. પડોશી કરતાં ઊંચા દેખાવાની કોશિશ ન કરશો :

ટેલીવિઝન, ફર્નિચર, મોટું મકાન, જીવન જરૂરિયાતની વસ્તુ વગેરે હોવાની બાબતમાં પોતાની જાતની પડોશીઓ સાથે સરખામણી કરવી કે તેના કરતાં પોતાની પાસે વધુ છે, એવા ખ્યાલથી પ્રેરાઈને બિનજરૂરી ખરીદી કરવી એ નિરર્થક છે. જેની પાસે તમારા કરતાં જે કાંઈ વધુ છે, તેમને તે વસ્તુઓની માલિકીમાં રસ હોય છે. તમે શું ખરીદો છો કે નથી ખરીદતાં તેની તેમને લેશમાત્ર પરવા નથી હોતી!

### ૬. અન્ય પાસેથી મળે તેનો બદલો વાળવાનો પ્રયત્ન કરો :

સંબંધ વસુલાત પર નહીં પણ શ્રેષ્ઠ વ્યવહાર પર ચાલે છે. સંબંધી કે સ્નેહી તમને ભોજન માટે નોંતરે કે ફરવા લઈ જાય તો એનાથી સંતુષ્ટ થઈ બેસી રહેવાથી સંબંધની શાન ન વધે. માણ્યું તેનો પ્રતિસાદ પણ આવશ્યક છે. પ્રાચીન ભારતીય સમાજમાં એટલે

*દાન આપતી વખતે ભાવના ચોખ્ખી રાખો.*

જ 'વાડકી વ્યવહાર'નું મહત્ત્વ હતું. જે કાંઈ ઉત્તમ તમે બનાવી શકો, ઘરમાં રાંધી શકાય, તેનાથી પણ સ્નેહીઓ - સ્વજનોનું ઉમળકાભેર આતિથ્ય કરી શકાય. મહત્ત્વ વસ્તુનું નથી, ભાવનાનું છે. એકતરફી વ્યવહાર કે લાભ લેવાની દાનત સંબંધને દીર્ઘજીવી ન જ બનાવી શકે!

**૭. મૈત્રીનું મૂલ્ય સમજો :**

મિત્રો એ માણસની સૌથી મોંઘેરી સંપત્તિ છે. મૈત્રીમાં વફાદારી એ મહત્ત્વની વસ્તુ છે. વફાદારી એ એક હાથની તાલીનો વિષય નથી જ નથી. એ દ્વિમાર્ગી શેરી છે. એમાં ચઢાવ ઉતાર પણ આવવાના, પરંતુ જે મિત્રો તમને વફાદાર છે, એની વફાદારીમાં લેશમાત્ર કચાશ દાખવશો નહીં. વડીલોએ દાખવેલી આવી વફાદારીની ઘટનાઓ સંતાનો માટે પ્રેરક બની શકે! મૈત્રીમાં માપવા કરતાં પામવાની દાનત કેન્દ્રસ્થાનમાં રહે તો મૈત્રીને નુકસાન પહોંચે.

**૮. સંતાનોને ચાહો :**

સંતાનોને ભરપૂર ચાહવા, એટલે જિંદગીને આનંદથી છલકાતી રાખવી. એવી ચાહ માટે સંતાનોને આજ્ઞાંકિત બનાવવાના અભરખા રાખવા જોઈએ નહીં. પોતાનાં સંતાનોને મહત્ત્વના અને મહાન ગણી એમને અનરાધાર વર્ષાથી ભીંજવવાં એ ઉત્તમ માતા-પિતાનું વણલખ્યું કર્તવ્ય છે. રોબર્ટ ફલઘમે નોંધ્યું છે : 'તમારા સંતાનો તમારી વાત ધ્યાને લેતાં નથી એની ચિંતા ન કરશો, પણ એ વાતની ચિંતા રાખજો કે તેઓ સતત તમારું નિરીક્ષણ કરી રહ્યા છે!'

**૯. પ્રભુના ઉપકાર ખાતર પણ જિંદગીને ચાહજો :**

જે હતું અને જે નથી, એને મુદ્દો બનાવી જિંદગીમાં રડારોળ મચાવશો નહીં. જે મળ્યું છે તે પૂરી તાકાત સાથે માણી લો. માણસ પાસે બે વિકલ્પો છે : તમને ગમતા પર પસંદગીનો કળશ ઢોળવો એ વધુ સલાહભર્યું છે, આનંદદાયક પણ. આપણે ન ગમતા લોકોને પણ મદદરૂપ થઈ પોતીકા બનાવી લેવા. તેમના દોષો બદલ ક્ષમાદાન કરવું. 'તુલસી ઇસ સંસારમેં ભાંતિ-ભાંતિ કે લોગ' – એ સચ્ચાઈ નજર સમક્ષ રાખવી હિતાવહ છે.

**૧૦. ઈશ્વરમાં શ્રદ્ધા રાખો :**

ભક્તિભાવભરી શ્રદ્ધાપૂર્ણ વાણીમાં કહીએ તો 'હરિને ભજતાં હજી રે કોઈની લાજ જતાં નથી જાણી રે' – આ વાતમાં માણસે શ્રદ્ધા રાખવી જોઈએ અને પોતાનાં સંતાનોને પણ તે શ્રદ્ધા રાખતાં શીખવવું જોઈએ. શ્રીમતી બાર્બરા બુશ પોતાને તથા પોતાના પતિ યુ.એસ. પ્રેસિડેન્ટ જ્યોર્જ બુશને ઈશ્વરની કૃપા અને કરુણાની બાબતમાં ભાગ્યશાળી માને છે. આંધી, તોફાનો, ટોળાં એ બધું તો જિંદગીમાં આવતું - જતું રહેવાનું. પણ ઈશ્વરમાં વિશ્વાસ, પરિવાર અને મિત્રોનું જિંદગીમાં આગવું મહત્ત્વ છે અને એ બાબતમાં બુશ દંપતી ઈશ્વરની અસીમ કૃપા અને કરુણા બદલ પોતાની જાતને ધન્ય માને છે.

કોમ્પ્યુટરમાં કંપોઝ કરી રાખેલા પણ નહીં મોકલાએલા પત્ર તરીકે રીડર્સ ડાઈજેસ્ટે તેમની અનુમતિથી વાચકોને સુલભ બનાવેલા આ વિચારો જીવનને શ્રદ્ધાશીલ અને ભર્યું-ભર્યું બનાવે તેવા ઉદાત્ત છે.

માણસ જિંદગીનો ફરિયાદી બની જાય છે અથવા સ્વનિયુક્ત ન્યાયાધીશ, પણ શ્રદ્ધાશીલ દૃષ્ટા બનવામાં લગભગ નિષ્ફળ જાય છે! દુઃખવૃદ્ધિ પણ જીવન વિષયક દૃષ્ટિશુદ્ધિ માટે જ થતી હશે, એવી શ્રદ્ધા ધરાવનારના જીવનમાં દુઃખની બાદબાકી થઈ જાય છે!

*૧૬, હેવન પાર્ક,*
*રામદેવ નગર પાસે, સેટેલાઈટ રોડ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬*

## મહેનતની કમાણી

એક લુહાર હતો.

ખૂબ મહેનત કરી ગુજરાન ચલાવતો હતો.

તે પરિશ્રમી અને પ્રામાણિક હતો.

તેને એક છોકરો હતો.

છોકરો ઉડાઉ અને આળસુ હતો.

છોકરાના સ્વભાવને કારણે તેના પિતા દુઃખી હતા.

એક દિવસ પિતાએ પુત્રને કડક ભાષામાં આજ્ઞા કરી કે એકાદ રૂપિયો તું કમાઈ નહિ લાવે તો ખાવાનું નહિ મળે.

છોકરાએ કમાવવા પ્રયત્ન કર્યો, પરંતુ નિષ્ફળતા મળી. તેથી પોતાની પાસે બચાવેલ રૂપિયો પિતાને આપ્યો.

પિતાએ એનો રૂપિયો લઈ ભઠ્ઠીમાં ફેંકી દીધો.

છેવટે પુત્રએ કમાવવાનો નિશ્ચય કર્યો.

સખત મહેનત કરી એક દિવસ રૂપિયો કમાયો.

પિતા રૂપિયો ભઠ્ઠીમાં નાખવા ગયા.

અને પુત્ર બરાડી ઊઠ્યો : 'ના બાપુ, આ રૂપિયો ભઠ્ઠીમાં નાખશો નહિ. સખત મહેનત કરીને કમાયો છું.'

પિતા ખુશ થઈ ગયા. હસ્યા અને કહ્યું : 'બસ બેટા, હવે તને ખબર પડીને કે, પૈસા કમાવવા સહેલા નથી. પૈસાનું મૂલ્ય સમજવું જોઈએ. મહેનતની કમાઈ ખોટી રીતે વેડફી દેવાય નહિ.'

**બોધ વાક્યો :**

★ પરિશ્રમની કમાણી જ સાચી કમાણી ગણાય.

★ મહેનત વગર મળે તેનું મૂલ્ય ન હોય!

★ બિનજરૂરી ખર્ચ માણસને દુઃખી કરે છે.

★ સ્વાવલંબી બની, આપકમાઈ કરનાર દુઃખી થતો નથી

★ પરિશ્રમ જ માનવીને આબાદ બનાવે છે.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

*ભૌતિક સુખ-સુવિધા પાછળ ગાંડા ન થવું.*

વાર્તા

# સંજનાનું પરિવર્તન

• ડૉ. ઊર્મિલા શાહ •

'સંજના! તું આજે સાંજે કેટલા વાગે પાછી આવવાની છે? મારું એક કામ કરીશ?'

'શું કામ છે પાછું? મમ્મી તને તો રોજ જ કંઈ કામ સોંપવાની ટેવ પડી ગઈ છે. શું બધું જ મારે કરવાનું? ઘરમાં તું છે, પપ્પા છે ને છતાંય જ્યારે હોય ત્યારે બહારનું કામ તું મને જ સોંપે છે.'

'બેટા! એવું નથી. એમ તો પપ્પા ઓફિસથી આવતાં બે-ચાર કામ પતાવીને નથી આવતા? ને હુંય ક્યારેક બહારની ખરીદી બપોરે પતાવી આવું જ છું ને! પણ આ તો હમણાં જ સુજાતાનો ફોન આવ્યો કે આજે બપોરે અહીં આવવાની છે ને સાંજ સુધી રોકાવાની છે. એટલે મેં સ્તુતિને ય ફોન કર્યો, 'તું પણ આવ.' તમે ત્રણેય દીકરીઓ ભેગી થાવ તો તમને લોકોને ય કેવી મજા આવે! મને તો બહુ જ સારું લાગે. સુજાતા અને સ્તુતિ બિચારી પરણીને સાસરે ગઈ પછી એમને શાંતિથી અહીં આવવાનો ટાઈમ જ ક્યાં મળે છે? તેમાં વળી હવે તો બેઉનાં છોકરાં ભણતાં થયાં એટલે સ્કૂલ પડે તેનો પણ પ્રોબ્લેમ. આ તો આજે વળી મેળ પડ્યો છે, તો મને થયું તું આવતાં આઈસ્ક્રીમ લેતી આવે તો સારું. બધાં સાથે બેસી ખવાય. સુજાતાને આઈસ્ક્રીમ બહુ ભાવે છે.'

અને એ સાંભળી સંજના એકદમ અકળાઈ ઊઠી. મનમાં એકદમ ગુસ્સો ચડ્યો. 'મમ્મીને તો જાણે જ્યારે જુઓ ત્યારે બિચારી સુજાતા ને... બિચારી સ્તુતિ... હું ક્યારેય તેને બિચારી લાગી છું ખરી? એ બેય પરણીને સાસરે ગઈ છે ત્યારથી કોણ જાણે એવી તે શું ધાડ મારી છે કે મમ્મી તેમનો જ પક્ષ લીધા કરે છે. એ આવવાના હોય ત્યારે જાણે શું નું શું કરી નાખું એટલી ધમાલ કરે છે. નવાઈના ન જોયાં હોય તો. તેણે ગુસ્સાથી મમ્મીને કહી દીધું, 'મને ટાઈમ નથી. હું આજે કોલેજથી સીધી બહાર જવાની છું.'

'બહાર? ક્યાં જવાની છું બેટા? કાલે જાય તો નથી ચાલે તેવું? સુજાતા અને સ્તુતિ આવવાના છે એટલે...'

'તે આવવાના હોય તો આવે. મેં ક્યાં ના કહી છે? મને ટાઈમ નથી. મેં તને એકવાર કહ્યું ને મમ્મી! હવે મને વારેવારે પૂછપરછ ન કરીશ.' અને સંજના એકદમ છણકાઈને રૂમમાં ચાલી ગઈ.

સુમીબહેનને ય ખૂબ દુ:ખ થયું. પહેલાં, કંઈ સંજના આવું નહોતી કરતી. અરે! ત્રણે દીકરીઓમાં નાની ભલે તે હતી, પણ જ્યારે ઘરમાં કોઈ આવવાનું હોય કે કંઈ પ્રસંગ હોય, કોઈ તહેવાર હોય ત્યારે એ જ બધામાં આગળ હોય. એનો થનગનાટ, એના ઉત્સાહ. અરે! જ્યારે જુઓ ત્યારે તે હસતી ને ખીલતી જ હોય. એના વિના ઘરમાં વાતાવરણ જાણે સૂનમૂન લાગે. દિવાળી હોય તો રંગોળી તો સંજના જ કરે. પંદર દિવસ પહેલાં તો તેના મગજમાં ગડમથલ શરૂ થઈ જાય. 'આ વખતે કઈ રંગોળી કરીશું. જુદા જુદા ચિત્રો, કાર્ડ બધું જોઈ જોઈને ભેગું કરે ને મગજમાં રંગોળીની ડિઝાઈન નક્કી કરી રાખે. અરે! દિવાળીમાં અભિનંદન કાર્ડ પણ જાતે જ બનાવે. ઈશ્વરે એનામાં કળા પણ એવી મૂકી છે ને! કોણ જાણે એના હાથમાં તો જાણે પદ્મ છે પદ્મ! જોતજોતામાં તો એવું સરસ ચિત્ર કરી નાખે. એકાદ બે દિવસ સાંજે કોલેજથી આવતાં જ કાર્ડ માટેનાં સરસ કાર્ડપેપર લાવે. ક્યારે કાપે ને તૈયાર કરી રાખે તેય ખબર ન પડે ને પછી બેસી જાય. પીંછી ને રંગો લઈને જોતજોતામાં બે-ત્રણ ડઝન કાર્ડ ક્યાંય બનાવી દે. એક જુઓ ને એક ભૂલો. એનામાં કલાની દૃષ્ટિ, કલાની સૂઝ પણ કંઈ અદ્‌ભુત છે. સ્તુતિ તો ક્યારેક કહે પણ ખરી : 'મૂકને આ બધી લપ. બજારમાં કેટલા સરસ કાર્ડ મળે છે!' પણ સંજના તો કહે, 'પોતાના હાથે કરેલા કાર્ડ ને બજારના કાર્ડમાં તો આસમાન જમીનનો ફેર પડે. પર્સનલ ટચની તો વાત જ કંઈ અજબ છે. પ્રોફેશનલ એટલે પ્રોફેશનલ. જાતે કરીને મોકલીએ તો એમાં પ્રેમ અને આત્મીયતા કેટલી બધી લાગે!' અને એટલે સ્તુતિ અને સુજાતા પણ એની પાસે જ કાર્ડ ચિતરાવતાં. ને સંજનાય હોંશે હોંશે બધા માટે કાર્ડ બનાવતી.

અરે! ધૂળેટીમાં હાથમાં ગુલાલ સંતાડી રંગવાની પહેલ પણ તે જ કરે. સ્તુતિને રમવું બહુ ન ગમે પણ સંજના એમ કંઈ છોડે! સુજાતા સ્તુતિને બરાબર જ રંગી કાઢે. સંજના વિના તો એક્કેય તહેવાર કે એક્કેય પ્રસંગ જાણે દીપે જ નહીં.

પણ સુજાતા અને સ્તુતિના લગ્ન થયાં. પછી સંજના એકદમ જ બદલાઈ ગઈ છે. સુજાતાના એકલીનાં લગ્ન થયા હતાં ત્યાં સુધી તો એ બહુ બદલાઈ ન હતી. હતી તેવી ને તેવી! અને સંજનાની ગડમથલ ચાલ્યા કરતી હોય. હા... મને સુજાતા યાદ આવ્યા કરે ખરી પણ સ્તુતિનાં લગ્ન થયા પછી તો ઘર જાણે સાવ સૂમસામ બની ગયું છે. મને તો જાણે ઘર ક્યારેક ખાવા ધાય છે. હું ક્યારેક સ્તુતિને કહું પણ ખરી. મને ખૂબ એકલું લાગે છે. તું ને સુજાતા આવતાં નથી તો ઉપરથી સ્તુતિ મને કહે, 'મમ્મી તું ય ખરી છું. સંજના તો છે. તું એકલી ક્યાં છે? સંજનાની તો કેટલી વસ્તી હોય છે? સંજના એટલે તો બસ ધાંધલ ધમાલ.'

સ્તુતિની વાતેય કંઈ ખોટી નથી. સંજના નાની હતી ત્યારથી એવી જ હતી. હંમેશાં એને જ કારણે ઘર જીવંત બની રહે. એને બોલવાનુંય ખૂબ અને બોલે ય કેવું? મીઠું ને વહાલું લાગે તેવું. મેં ક્યારેય એનું

*જીવનમાં દરેક કામ સમજી વિચારીને કરો.*

મોઢું ચડેલું જોયું નથી. નહીં તો ત્રણ ત્રણ બહેનો. ક્યારેક ગમતું ન ગમતું નહીં થતું હોય! પણ એ તો બધું જ સ્વીકારી લે. નાની હતી ત્યારથી જ એનો સ્વભાવ પેલા આનંદી કાગડા જેવો. ગમે તેવા સંજોગોમાં ય તે હસતી ને ખીલતી જ હોય. તેનામાં સ્વીકાર્યતા ગજબ હતી ને મળતાવડી ય એવી. ઘરમાં અવરજવર પણ તેના કારણે જ વધારે રહે. એના મિત્રો, એના ફોન કંઈ ને કંઈ ચાલુ જ હોય! અરે સ્તુતિ કે સુજાતાની બહેનપણીઓ આવે તેય તરત સંજનાને યાદ કરે. 'સંજના વિના જામતું નથી. બધું સૂનું લાગે છે.' સંજનાનો આવો સ્વભાવ. પણ સ્તુતિના લગ્ન થયા ત્યારથી જાણે સંજના સાવ જ બદલાઈ ગઈ છે. સ્તુતિની વિદાય વખતે ય તે કેટલું બધું રડી હતી? અને ત્યાર પછી એના મોં પર મેં ક્યારેય પહેલાં જેવી પ્રસન્નતા, પહેલાં જેવું તેનું કિલકિલાટ હાસ્ય જોયું જ નથી. શરૂમાં તો મને થતું, 'બિચારી એકલી પડી ગઈ છે ને! એને એ એકલતા કોરી ખાતી હશે. એટલે હું ખાસ એને કંપની આપવા વધુ પ્રયત્નો કર્યા કરું. પણ મારો ય મૂઈનો સ્વભાવ એવો છે ને કે મને ય વાતવાતમાં સુજાતા અને સ્તુતિ સાંભરી આવે. આમેય માણસમાત્રનો સ્વભાવ જ એવો હોય છે કે જે નજર આગળ ન હોય એની અપેક્ષા રાખે. એના ગુણગાન ગાય ને એમાંય હું તો પાછી મા. સાસરે ગયેલ દીકરીઓ ભલે રાજરાણી જેટલા સુખવૈભવમાં હોય છતાંય તેનું મન તો સતત દીકરીમાં ભરાયેલું રહે જ અને એટલે સંજના સાથેની વાતચીતમાં ય મારાથી વારંવાર 'બિચારી સુજાતા ને બિચારી સ્તુતિ થઈ જ જાય.' ને હું એ પણ જોઉં છું કે આવું થાય છે ત્યારે સંજનાને ખૂબ ખરાબ લાગે છે... મને ક્યારેક એવો ખ્યાલ આવે છે કે એને ઓછું આવી જાય છે ને હું પાછી મારી ભૂલ સુધારવા પ્રયત્ન કરું છું. સંજનાને ખાસ વહાલથી પાસે લઉં છું પણ એક આઘાત લાગ્યો તે લાગ્યો. 'માથું કાપ્યા પછી પાઘડી પહેરાવવાનો શો અર્થ?' એવી વાત છે. અને એમ કરતાં કરતાં તો ત્રણેક વર્ષ વીતવા આવ્યાં. સંજનાનું સ્મિત ખોવાયું છે તે પાછું આવતું જ નથી. હુંય હવે ખાસ્સી સજાગ થતી જાઉં છું કે સંજનાને ઓછું ન આવે તેને માટે ખાસ ધ્યાન રાખું છું. પણ સંજનામાં ક્યાંય ફેર દેખાતો નથી. મેં તેને ક્યારેય આવી અકળાતી કે આવી છણકાતી જોઈ નથી. અરે! સ્તુતિ ને સુજાતાને જોઈ તે ગાંડીઘેલી થઈ જતી હતી. તેને બદલે હવે એ લોકો આવવાનાં હોય તો ગમે તે બહાનું કાઢી ઘરથી બહાર જ રહેવાનું પસંદ કરે છે. એને એ બહેનોને મળવાનું મન નહીં થતું હોય! એના મનમાં આટલી બધી અકળામણ કેમ હશે? મારોય વાંક ખરો કે હું જરા વધુ લાગણીવશ થઈ સુજાતા અને સ્તુતિનું વધુ ગા ગા કરું છું. પણ તે ય હવે તો મેં સાવ જ ઓછું કરી નાખ્યું છે. પણ મગજમાં Neglected Feeling પેઠી છે તે કાઢવી ઓછી સહેલી છે? ને તેથીય વધુ તો એને કદાચ એમ નહીં થતું હોય! 'બે બહેનો સંસાર લઈને બેઠી છે, હવે હું ક્યારે? સુખી સંસારનાં શમણાં કોને ન હોય! ને એનું નક્કી થયું નથી ત્યાં સુધી એ અનિશ્ચિતતા તો તેને નહીં સતાવતી હોય! પણ દરેક વસ્તુને તેનો યોગ્ય સમય આવે ત્યારે જ તે થાય છે. હજી તે ભણે છે. નક્કી કરવાની ઉતાવળ કરું તો એ ડિગ્રી વિનાની રહી જાય. ભણેલું જીવનમાં ક્યારે, કયા સંજોગોમાં જરૂરી બની રહે છે એ કોને ખબર છે? અને એટલે હમણાં હું એનું ગોઠવવાની ઉતાવળ કરતી નથી. કદાચ તેને એને કારણે તો અકળામણ નહીં હોય! એના મગજમાંથી આ ગ્રંથિ મારે કાઢવી કેવી રીતે? ચામડી પર પડેલા ઘા તો દવાથીય રૂઝાય છે. કુદરતનો એ ક્રમ છે. પણ હૃદય પર પડેલા ઉઝરડા! એને રૂઝવવા એ બહુ કઠિન કામ છે. ભરપૂર પ્રેમ સિવાય તેનો બીજો કોઈ ઉપાય જ નથી.

*૨૫, પાર્શ્વ બંગલોઝ, એસ.જી. હાઈવે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

## નાની વાતનું મોટું સત્ય

સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ એકવાર રાજ્યોનો પ્રવાસ કરી રહ્યા હતા.

પ્રવાસ દરમિયાન એમનાં જૂતાંનાં તળિયાં ઘસાઈ ગયાં. તેથી પગમાં દર્દ થવા લાગ્યું. પગમાં જૂતાંની ખીલીઓ ભોંકાતી હતી.

એ સ્થળેથી દસ કિલોમીટર દૂર ચર્મકેન્દ્ર હતું. ત્યાં પોતાના સચિવને જૂતાં લેવા મોકલ્યાં. સચિવ જૂતાં લઈ આવ્યા.

જૂતા પહેરી રાષ્ટ્રપતિએ કિંમત પૂછી.

સચિવે કહ્યું : 'ઓગણીસ રૂપિયા.'

'ગયા વર્ષે તો આ જૂતાંના અગિયાર રૂપિયા જ હતા!' રાજેન્દ્રપ્રસાદે કહ્યું.

'અગિયાર રૂપિયાવાળા જાડા અને હલકા પ્રકારના, કડક ચામડાના છે' સચિવે કહ્યું.

રાજેન્દ્રપ્રસાદે જૂતાં પાછાં આપતાં કહ્યું : 'લો, આ લઈ જાવ પાછા. અગિયાર રૂપિયાવાળા જૂતાંથી કામ ચાલતું હોય તો ઓગણીસ રૂપિયાવાળાં જૂતાંની શી જરૂર?'

— અને પેટ્રોલના પૈસા ન વપરાય તે માટે તેમણે એક માણસ પાસે અગિયાર રૂપિયાવાળાં જૂતાં મંગાવ્યાં.

આ ઘટના ભલે નાની લાગતી હોય, પરંતુ આજના નેતાઓ અને સમાજસેવકોએ સમજવા જેવી છે!

**બોધ વાક્યો :**

★ નાની-નાની બાબતોનું મહત્ત્વ ઓછું સમજવું જોઈએ નહિ.

★ રાષ્ટ્રની સંપતિનો પાઈએ પાઈનો હિસાબ રાખવો જોઈએ.

★ નાના-નાના સદ્ગુણોથી જ મહાન બનાય છે.

★ અનાવશ્યક ચીજવસ્તુઓનો ઉપયોગ કરાય નહિ

★ થોડાથી, ઓછાથી ચાલતું હોય તો વધુનો ત્યાગ કરવો જોઈએ.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

*એકલી વ્યક્તિ પણ ઘણું બધું કરી શકે છે.*

# જીકડી

• હરેશ ધોળકિયા •

અચાનક જોરથી જયજયકાર સંભળાતાં જીકડીએ રથનો પડદો ઊંચો કરી બહાર નજર કરી.

પાસે ચાલતા ચોકીદારને પૂછ્યું, 'અલ્યા, શેનો જયજયકાર થાય છે?'

ચોકીદારે મસ્તક નમાવી જવાબ આપ્યો, 'જીકડીબા, કંથકોટ પાસે આવી રહ્યું છે.'

જીકડીનું હૈયું ધબકી ઉઠ્યું. ઓહો! કંથકોટ આવી ગયું? તેની આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. તેણે હાથ જોડી માથું નમાવ્યું. પછી ફરી પડદો ઊંચો કરી બહાર જોવા લાગી.

બહાર તો તડકો વરસતો હતો. વાતાવરણમાં શાંતિ હતી. પવન શાંત હતો. ઝાડો ચૂપચાપ ઊભા હતા. લાલાશવાળી જમીન પર ક્યાંક ઘાસ દેખાતું હતું. બાકી તો ધૂળી જમીન હતી. જીકડીની નજર તેના પર ફરતી રહી.

પછી તેની નજર આગળ ગઈ. લશ્કર વળાંક લેતું હતું. સૌથી આગળ જામ ફૂલનો રથ ચાલતો હતો. રંગીન વસ્ત્રોથી તે શણગારેલ હતો. તેની ચારેબાજુ ચોકીદારો કડક થઈ હાથમાં હથિયાર સાથે ચાલતા હતા.

જીકડી પ્રેમથી એ રથને જોઈ રહી. જામ ફૂલ. તેની સાથે તેની રાણી લીરલ પણ બેઠી હશે. કેવું સુંદર જોડું છે બંનેનું! જીકડીનું હૈયું તો સ્નેહથી છલકાઈ ઉઠ્યું. તેણે પડદો ફરી નીચો કરી નાખ્યો. આંખ બંધ કરી દીધી.

અને તે એક સ્વપ્નામાં સરી પડી. તેની આંખો દૂરના ભૂતકાળમાં પહોંચી ગઈ. તેને શોરબકોર સંભળાવા લાગ્યો.

★

'અરે! આ શેનો શોરબકોર છે?' મહારાણી લીલીબાએ બૂમ મારી. તેને સમજ પડતી ન હતી કે અચાનક શેનો અવાજ આવતો હતો. પણ તેનું હૃદય શંકાથી ધબકતું હતું. ફારક તેના પાસે જ કુંવર ફૂલને લઈને ઊભી હતી.

અચાનક ચાર-પાંચ ચોકીદારો દોડતા અને હાંફતા આવ્યા. રાડ પાડી બોલ્યા, 'મહારાણી બા, મહારાજના ચોકીદારો આપને મળવા માગે છે!'

'મહારાજ આવી ગયા?' રાણીએ હરખથી કહ્યું.

'મહારાજ તો નથી આવ્યા, પણ ચોકીદારો આવ્યા છે. આપને મળવા માગે છે.'

'બોલાવો.' મહારાણીએ કહ્યું.

પળમાં ચોકીદારો આવી ગયા. મસ્તક નમાવી ઊભા રહ્યા.

મહારાણીએ જોયું તો તેઓ પણ ખૂબ જ જોરથી હાંફતા હતા. ધ્રુજતા પણ હતા. તેમનાં વસ્ત્રો ધૂળથી ખરડાઈ ગયા હતા. આંખો ભયથી ફાટી ગઈ હતી. માંડ ઊભા રહી શકતા હતા.

મહારાણીને અંદેશો આવી ગયો. તેની આંખોમાં પણ ભય ડોકાયો. તેણે ફારક સામે જોયું. ફારકે કુંવરને જોરથી પકડી પોતાની નજીક લઈ લીધા.

'શું છે રામજી?' મહારાણીએ એક ચોકીદારને પૂછ્યું.

ચોકીદારે મસ્તક નમાવ્યું. તેની આંખમાં પણ આંસુ હતા. 'મહારાણી...' તે આગળ બોલી ન શક્યો.

'જલદી બોલ, રામજી,' મહારાણીએ ધ્રુજતા અવાજે કહ્યું.

ચોકીદારના હોઠમાંથી ડૂસકું નીકળી ગયું. 'રાણીબા,' તે આગળ બોલી ન શક્યો.

'ભસી મર,' રાણીનો અવાજ મોટો થઈ ગયો.

પાસેના બીજા ચોકીદારે કહ્યું, 'રાણીબા, મહારાજ.....!'

'મહારાજ શું?'

'.....દેવ થઈ ગયા.' તે માંડ માંડ બોલી શક્યો.

રાણી તો ધબ્બ દઈ જમીન પર બેસી ગયાં. રડવા જ લાગ્યા.

ફારકે ધ્રુજતાં પૂછ્યું, 'પણ કેમ?'

'રાણીબાના ભાઈ ધરણ વાઘેલાએ મહારાજની હત્યા કરી નાખી.'

રાણી તો ચીસ પાડી ઊઠી. બોલી, 'મેં મહારાજને મારા ભાઈનો વિશ્વાસ ન કરવા જ કહેલ, પણ તે ભોળવાઈ ગયા અને તેના પાસે ગયા. આમ જ થવાનું હતું.' અને જોરથી રડી પડ્યા.

વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો. બધા જ રડવા લાગ્યા. પાંચેક મિનિટ તો વાતાવરણમાં કરુણતા છવાઈ ગઈ. નાનો કુંવર તો કશું સમજતો ન હતો. તે દોડીને માતાના ખોળામાં બેસી ગયો.

જેવો ફૂલ ખોળામાં બેઠો, તરત રાણીનું રૂદન અટકી ગયું. તેણે આંસુ લૂછી નાખ્યાં.

બધાં તો તેનું આ સ્વરુપ જોઈ ચમકી જ ગયા.

બધાને તેણે બહાર કાઢ્યા. પછી ફારકને કહ્યું, 'ફારક, આ કુંવરને તેં જ ઉછેર્યો છે. તું જ મારી સૌથી વફાદાર દાસી છો. દાસી શું, બહેન જ છો. હવે આ કુંવર તો તને જ હવાલે કરું છું.'

ફારકે માથું નમાવ્યું.

'જો, મારો ભાઈ આવો દગાખોર નીકળશે તેનો મને અંદેશો હતો જ. મહારાજને ખૂબ સમજાવતી હતી. પણ તે

*એકાંતનું ધ્યાન પ્રભુની નજીક લઈ જાય છે.*

ભોળા માર ખાઈ ગયા અને મોતને પામ્યા. ખેર! થવાનું હતું તે થઈ ગયું. પણ મારો ભાઈ હજી સંતોષ પામ્યો નહીં હોય. તેને મહારાજના વંશનું નિકંદન જ કાઢવું હશે. રાજ લઈ લેવું જ હશે. તે આવતો જ હશે. કુંવરને જીવતો રહેવા નહીં દે. પણ હું તેને એમ આવવા નહીં દઉં. તે મારી લાશ પરથી જ આવી શકશે. હું તેની સામે લડવા જઈશ.

ફારક તો રાણીનું ખુન્નસ જોઈ જ રહી. તે આ લીલીબા વાઘેલાને ઓળખતી હતી. લગ્ન પછી તેમની સાથે જ આવી હતી. તેને જ વફાદાર રહી હતી. ધીમે ધીમે તેમનો પ્રેમ મેળવી લીધો હતો. આવા અજાણ્યા વાતાવરણમાં તેજ તેની એકમાત્ર સાથી રહી હતી. રાણી તેની સાથે બહેનની જેમ જ વર્તતી હતી. ફૂલ જન્મ્યો, ત્યારે તેને જ સોંપી દીધો હતો. કહેલ, 'ફારક, આને તારો જ દીકરો માનજે. તારા દીકરા સાથે જ તેને ઉછેરજે. મને કંઈ પણ થાય તો સંભાળજે.'

ફારકને ખ્યાલ હતો કે મહારાણીના ભાઈ ધરણ વાઘેલાને તેની બહેન તેમના સાથે પરણી તે ગમ્યું ન હતું. તેથી તેને મહારાવ સાડથી બનતું ન હતું. તેનો વિકાસ તે સહન કરી શકતો ન હતો. લોકો તેનાં વખાણ કરતા હતા, તે તેનાથી સહન થતાં ન હતા. તેને દૂર કરવા અને મારી નાખવા તે બધા જ પ્રયાસો કરતો હતો. પણ સાડ એટલો બળવાન હતો કે કશું થઈ શકે તેમ ન હતું. એટલે તેણે પોતાની ચાલ બદલાવી હતી અને તેને વહાલો થવા પ્રયાસ કરતો હતો. સાડ થોડો ભોળો હતો. તેથી માની લેતો હતો કે તેનો સાળો સુધરતો હતો. પણ રાણી જાણતા હતાં કે આ તેના ભાઈની ચાલ હતી. તે સાડને ચેતતા રહેવા કહેતા. સાડ ચેતતો રહેતો, પણ છતાં વિશ્વાસ પણ કરતો હતો.

અને એક દિવસ ધરણે સાડને ગેડી આવવા આમંત્રણ આપ્યું. સાડ માની ગયો અને જવા તૈયાર થઈ ગયો. મહારાણીએ તેને ખૂબ સમજાવ્યો પણ સાડે તેમને હસી કાઢ્યાં અને ગયા. ધરણે તેનું ખૂબ સરસ રીતે સ્વાગત કર્યું. રાતે તેના માનમાં એક સમારંભ પણ યોજ્યો. સાડ અને તેના સેનાપતિ તથા સૈનિકોને ખૂબ દારૂ પીવડાવ્યો. પછી એક પળમાં છરો કાઢી તેની હત્યા કરી નાખી. તેનાથી તેને સંતોષ ન થયો. તે તો તેના વંશનું કાસળ કાઢવા જ માગતો હતો. તેથી સૈનિકોને મોકલ્યા કે ફૂલને પણ શોધી મારી નાખે. અને તેની સેના આવતી હતી એમ રામજીએ કહ્યું. રાણીની શંકા સાચી પડી હતી અને હવે લશ્કર આવતું હતું અને કંથકોટનો કબજો લઈ ફૂલને મારી નાખવા માગતા હતા.

રાણી ટટ્ટાર થઈ. તેણે ફારકને કહ્યું, 'કુંવરને સંભાળજે. મારે લડવા જવું જ પડશે.'

'મહારાણી, તમે?' ફારકે કહ્યું.

'હા, એમ મારા ભાઈને આવવા ન દેવાય. તે મારી લાશ પરથી જ આવી શકશે. મારું મોત નક્કી છે. ફારક, ભાગ. કુંવરને ક્યાંક છુપાવી દે. તેને ઉછેરજે. તેને કહેજે કે તેણે ફરી આ કંથકોટ મેળવવાનું છે અને તેના મામાને મારીને રાજા બનવાનું છે. ફારક, ભાગી જા.' અને મહારાણી લડવા માટે સજ્જ થવા ગયા.

ફારકને એક પળ તો સમજ ન પડી કે શું કરવું. પણ પછી તરત તૈયાર થઈ ગઈ. તેણે પોતાના પુત્ર તથા કુંવર ફૂલને તેડી લીધા અને મહેલના પાછળના દરવાજાથી નાસી. પાછળ ગાઢ જંગલ હતું. બંનેને કાખમાં લઈ દોડવા લાગી. તેને ખ્યાલ હતો કે રાણી સૈન્યને અટકાવશે. લડાઈ થશે. ભલે રાણી જીતશે નહીં, પણ લડાઈના કારણે થોડો સમય તો જશે જ. આ દરમ્યાન તેણે દૂર ભાગી જવાનું હતું અને કુંવરને બચાવવાના હતા.

તે તો નાસવા લાગી. તેને દૂરથી 'મારો... કાપો...'ના અવાજો સંભળાતા હતા. લડાઈ જામી હશે તેની કલ્પના કરતી હતી. તે ધ્રુજતી પણ હતી. પણ આ પળે તેને રોકાવું પોષાય તેમ ન હતું. પળે પળે તે હાંફતી હાંફતી કંથકોટથી દૂરને દૂર જતી હતી. જંગલ તેનાથી પરિચિત હતું. તેથી છુપાતી છુપાતી દોડતી હતી.

આ બાજુ ધરણના સૈનિકો બે દિવસ પછી કંથકોટમાં આવી પહોંચ્યા. તો ગામ બહાર મહારાણી પોતાની સેના સાથે સજ્જ થઈ લડવા ઊભા હતા. સૈનિકો પહેલાં તો હબક ખાઈ ગયા કે રાણી વળી લડવા આવે? પણ તેમને તો ધરણની આજ્ઞા હતી કે તેમણે ગમે તેમ કરીને ફૂલને પકડીને મારી નાખવાનો છે. એટલે તેઓ તો રાણીની સેના સામે લડવા લાગ્યા. તેમનું સૈન્ય મોટું હતું. વળી, સાડના સૈનિકો હતાશ હતા. તેથી લડાઈ બહુ લાંબી ન ચાલી અને રાણીની પણ હત્યા કરી નાખવામાં આવી. એટલે રાણીના સૈનિકો ભાગી ગયા અથવા શરણે આવી ગયા.

સૈનિકો તો ચિચિયારી કરતા મહેલમાં પ્રવેશ્યા અને ફૂલને શોધવા લાગ્યા. ખૂબ શોધખોળ કરવા છતાં તેમને ક્યાંય ફૂલ ન મળ્યો. તેથી તેઓ રઘવાયા થઈ ગયા અને દરેક દાસીને પકડી પકડીને પૂછવા લાગ્યા કે ફૂલ ક્યાં હતો? જે પણ જવાબ દેતા ખચકાય, તેનું માથું ધડથી જુદું કરી નાખતા હતા. આખો મહેલ ફરી વળ્યા, પણ ફૂલ ન જ મળ્યો.

છેવટે એક નોકરનું માથું કાપવા જતા હતા ત્યાં તે બોલી ગયો કે ફૂલને લઈને તો તેની દાસી ભાગી ગઈ છે.

સૈનિકો તો અકળાઈ ગયા. જો તે ભાગી ગઈ હોય અને ન મળે, તો તો તેના રાજા ધરણ તેમનું જ માથું કાપી નાખવાના. એટલે ગમે તેમ કરીને ફૂલને શોધવો જ રહ્યો.

તેમણે તે નોકરને પૂછ્યું કે કઈ બાજુથી નાસી ગયા હતા?

નોકરે કહ્યું કે બંને જંગલમાં નાસી ગયા હતા.

સૈનિકો તો મહેલના પાછળના દરવાજામાંથી થઈ જંગલ તરફ દોડવા લાગ્યા. તેમને હતું જ કે બે દિવસ નીકળી ગયા છે એટલે દાસી દૂર નીકળી ગઈ હશે. એટલે ઘોડાઓને પૂરપાટ દોડાવતા આગળ વધ્યા.

*ઉત્તમ વારસાની પરંપરાને આગળ વધારો.*

આ બાજુ ફારક પણ બંને છોકરાઓને લઈને દોડતી હતી. તેને હતું જ કે તે બહુ દૂર સુધી તો નહીં જ ભાગી શકે. એટલે કુમારને કેમ બચાવવો એના બીજા ઉપાયો પણ વિચારતી હતી. તેણે પોતાના દીકરાને એક જગ્યાએ નવડાવ્યો અને સાફસૂફ કર્યો. ફૂલનાં રાજવી કપડાં તેને પહેરાવી દીધા. ફૂલને મેલોઘેલો કરી નાખ્યો અને પોતાના પુત્રનાં ફાટેલા કપડાં પહેરાવી દીધા. પછી ફરી આગળ વધી.

ચોથા દિવસે તેને દૂરથી ઘોડાના ડાબલાના અવાજ સંભળાયા. તે સમજી ગઈ કે ધરણના સૈનિકો હવે નજીક આવતા જાય છે. એટલે તેણે થોડે દૂર રહેલ એક ઘાસના પૂળામાં ફૂલને છૂપાવી દીધો અને તેને કહ્યું કે તે જરા પણ અવાજ ન કરે. પછી પોતાના પુત્રને તેડીને ધીમે ધીમે ચાલવા લાગી.

થોડીવારમાં તો સૈનિકો આવી પહોંચ્યા. તેમણે ફારકને જોઈ. સાથે તેના દીકરાને જોયો. માની લીધું આ કુંવર જ છે. તલવાર ખેંચી તેને અટકાવી.

ફારક તો તેમને જોઈ ધ્રુજવાનો અભિનય કરવા માંડી.

'તારું નામ ફારક છે?' એક સૈનિકે પૂછ્યું.

ફારકે મસ્તક હલાવ્યું.

'આ છોકરો કોણ છે?'

ફારક ચાહીને મૂંગી રહી.

'બોલ, કોણ છે આ છોકરો? નહીં તો તારું મસ્તક કાપી નાખશું.' પેલાએ બૂમ મારી.

ફારકે ડરતાં ડરતાં જવાબ આપ્યો, 'આ કુંવર ફૂલ છે.'

સૈનિકો ખુશ થઈ ગયા. તો ફૂલ છેવટે મળ્યો ખરો. તેમણે ફારકના હાથમાંથી તેને ઝુંટવી લીધો. ફારકે તેને ન આપવા પ્રયાસ કર્યો. લઈ લીધા પછી તેને પાછો આપવા કાલાવાલા કર્યા. રડવા લાગી. સૈનિકો તેની સામે જોઈ હસતા હતા.

'દાસી, આ તારો રાજકુમાર ગયો સમજ.'

'કેમ?'

'તેનો બાપ પણ ગયો. હવે આનો વારો. સાડનો વંશ ન રહેવો જોઈએ.'

ફારક તો જોરથી રડવા લાગી.

અચાનક એક સૈનિકે તેના પુત્રનું મસ્તક ઉડાવી દીધું.

ફારક તો ચીસ પાડી ઉઠી. પોતાના પુત્રનું મોત થતું જોઈ ન શકી. ધબ્બ દઈને નીચે બેસી ગઈ. તેને સહન કરવામાં તકલીફ પડતી હતી.

સૈનિકો 'હા... હા...' કરતા જોરથી અટ્ટહાસ્ય કરી ઉઠ્યા. પછી માથું લઈ ઘોડા પર બેસી ગયા અને ઘોડા ફરી દોડાવી દીધા.

હવે ખરેખર ફારક ચીસ પાડી રડી ઊઠી. તેણે નજર સામે પોતાનો એકનો એક પુત્ર મરતો જોયો હતો. તે ડૂસકાં ભરતી અર્ધબેભાન થઈ રડવા લાગી. થોડીવાર રડતી રહી.

પછી અચાનક જાગૃત થઈ. આંખ લૂછી, ઊભી થઈ, થોડે દૂર ઘાસના પૂળા પાસે ગઈ જ્યાં કુંવરને છુપાવ્યો હતો. ઘાસનો પૂળો હટાવ્યો. જોયું તો ફૂલ ધ્રુજતો હતો. ફારકને જોતાં જ તે તેને વળગી પડ્યો.

ફારક પણ તેને વળગી પડી. પછી કાખમાં લઈ આગળ ચાલવા લાગી. તેને ખબર હતી કે સામે તેના પુત્રનુ શરીર પડ્યું હતું. એટલે થોડો રસ્તો બદલાવી નાખ્યો. થોડીવાર તો ફૂલ ન બોલ્યો. પણ પછી પેલાનું નામ લઈ પૂછ્યું, 'એ ક્યાં ગયો?'

ફારકે ગળામાં ખોંખારો ખાઈ કહ્યું, 'બેટા, તેને સૈનિકો લઈ ગયા.'

'કેમ?'

'તેને તે લોકો મોટો કરશે. પછી આવશે પાછો.' માંડ ડૂસકું અટકાવી શકતી હતી.

ફૂલ તો નાનો હતો. સમજવાની તેની ઉંમર ન હતી. એટલે માની ગયો અને ચૂપ થઈ ગયો.

હવે ફારક આગળ વધી અને સિંધમાં પ્રવેશી. અહીં રાજા ધુલારો રાજ કરતો હતો.

હવે તે ભયમુક્ત થઈ ગઈ. અહીં તેને કોઈ ઓળખતું ન હતું. એટલે ચૂપચાપ તે બાંભણસર ગામમાં જઈ રહેવા લાગી. અહીં ફારકે પોતાનું અને ફૂલનું નામ પણ બદલાવી નાખ્યું. પોતાનું નામ જીકડી કર્યું અને ફૂલનું નામ વીકો રાખ્યું. તે રાજાના બે કારભારી અજા અને અણગોરની વિશાળ હવેલીમાં નોકરાણી થઈને રહેવા લાગી. અહીં તે સુરક્ષિત થઈ ગઈ કારણકે હવેલીનું રક્ષણ તો બળવાન ચોકિયાતો કરતા હતા. અહીં પણ તે પોતાની વફાદારીના કારણે બધાની લોકપ્રિય બની ગઈ.

પણ જીકડી કંઈ માત્ર કામ કરવા નહોતી આવી. તેને ખબર હતી કે કચ્છનો ભાવિ રાજા તેના ખોળામાં ઉછરતો હતો. તેને તેણે ભાવિ માટે તૈયાર કરવાનો હતો. એટલે તે તેનું ખૂબ જ સારી રીતે પાલન કરતી હતી. અને ખ્યાલ રાખતી હતી કે આ છોકરામાં કોઈને વિશેષ રસ ન જાગી જાય.

દિવસે દિવસે આ વીકો મોટો થતો જતો હતો. રાજલોહી હતું એટલે સુંદર અને સુદૃઢ પણ થતો જતો હતો. ઘણીવાર કોઈ કહેતું, 'જીકડી, તારો દીકરો તો રાજકુંવર જેવો છે, હોં!' જીકડીના મનમાં ફાળ પડતી. પણ હસીને વાત ઉડાવી દેતી.

કારભારીઓ પાસે ગાય ભેંસો હતી. વીકો મોટો થતાં જ આ ગાય ભેંસોને સાચવવાની કામગીરીમાં જોડાઈ ગયો. તેને રોજ સીમમાં લઈ જતો અને ચરાવતો. તેનું દૂધ પી તે પણ લાલઘૂમ થવા લાગ્યો. તેનું મદમસ્ત અને બળવાન શરીર જોઈ જીકડી હરખાતી અને ક્યારે તે તેનું રાજ પાછું મેળવે તેનાં સ્વપ્નાં જોતી.

આ વાછરડાં સાથે ગામના એક લુહારનાં પણ વાછરડાં હતા. તેનું પણ વીકો ધ્યાન રાખતો. એકવાર લુહારે તે બાબતે તેને પૈસા આપવા માંડ્યા. તો વીકાએ ના પાડી. તેણે કહ્યું, 'કાકા, પૈસા નથી જોતા. પણ વાછરડાં સાચવવા મને એકાદ હથિયાર બનાવી દો તો સારી રીતે સચવાય.'

લુહારે તેને લોઢાની સાંગ બનાવી આપી. આ સાંગને જ્યારે વીકાએ પહેલીવાર

*નારી શક્તિનું કાયમ સન્માન કરવું જોઈએ.*

હાથમાં લીધી, ત્યારે તેના અંગે અંગમાં ઝણઝણાટી પ્રગટી નીકળી. તેના શરીરની ચેતના જાગી ઊઠી. તેને લોહીની હાકલ સંભળાઈ. પણ તે ચૂપ રહ્યો. પણ હવે તે જ્યારે જાનવરો ચરતાં હોય, ત્યારે તે સાંગ ફેરવવાના દાવ શીખવા લાગ્યો. થોડા જ દિવસોમાં આ કળામાં તે પ્રવીણ બની ગયો. હવે હિંસક પશુઓ પણ તેના હાથમાં સાંગ જોઈ ડરવા લાગ્યા અને દૂર રહેવા લાગ્યા. વીકો દિન પ્રતિદિન વધારે ને વધારે નીડર બનવા લાગ્યો. જીકડી તેને ચેતવવા કહેતી તો હસીને વાત ઊડાવી દેતો. જીકડી તેને કહેતી કે તે ક્યારે પોતાની આ કળાની વાત કોઈને ન કરે. વીકો જવાબ ન આપતો. પણ તેને વિચાર થતો કે મા આમ શા માટે કહે છે? પણ ચૂપ રહેતો.

આ બાજુ કારભારીઓ પણ આ છોકરાને જોઈને વિચારમાં પડી જતા કે આવો પ્રભાવશાળી છોકરો આ નોકરાણીને કેમ છે! તેમને વહેમ જતો. પૂછતા પણ ખરા. પણ જીકડી આડાઅવળા જવાબો આપી દેતી. પણ કારભારીઓ સમજી ગયા હતા કે આ છોકરાનું કંઈક તો રહસ્ય છે જ.

★

અને એક દિવસ આ શૌર્ય પ્રગટ થઈ ગયું.

બાંભણસરની સીમમાં અચાનક એક વાઘ જંગલમાંથી આવી ચડ્યો અને શિકાર કરવા લાગ્યો. ખેડૂતો વગેરે તો ભાગીને ગામમાં આવી ગયા. રાડ પડી ગઈ. રાજા ધુલારા પાસે તેની ફરિયાદ પહોંચી. તે તો સવારી સાથે વાઘનો શિકાર કરવા નીકળી પડ્યો. સવારીને પસાર થતી જોઈ વીકાના અંતરમાં પણ શૌર્યનું વાવાઝોડું ઉઠ્યું. તે તેમની સાથે ભળી ગયો. પાછળ પાછળ ચાલવા લાગ્યો.

આસપાસ ફરતા વાઘને અચાનક માણસની ગંધ આવી ગઈ અને દોડ્યો. અકસ્માતે તે રાજાના માણસો વચ્ચે ઘેરાઈ ગયો. તે ગભરાઈ ગયો અને તેમની સામે જ દોડ્યો. ગભરાટમાં વાઘ રાજા સામે જ આવી ગયો. તે પોતાનો જીવ બચાવવા ઝનુની બની ગયો અને રાજા પર જ કૂદ્યો. રાજા તો ફાટી આંખે આ જોઈ જ રહ્યો. બીજા સૈનિકો પણ ગભરાઈ ગયા. બધાને થયું કે રાજા ગયા!

પણ જેવો વાઘ રાજા પર કૂદ્યો કે તરત સુસવાટા મારતી એક સાંગ આવી અને વાઘના શરીરને વીંધી તેની આરપાર નીકળી ગઈ. વાઘ તો સ્તબ્ધ થઈ ગયો. ગોથું ખાઈ નીચે પછડાયો અને પળમાં નિશ્ચેત થઈ ગયો.

બધા તો સ્તબ્ધતાથી જોતા હતા. રાજા પણ ગભરાયેલ હતા. પણ અચાનક વાઘને જમીન પર પડતો જોયો અને મૃત્યુ પામતો જોયો. રાજાને હાશ થઇ અને તે આનંદની કિકિયારી કરવા લાગ્યા.

પછી તેમણે પોતાને ઉગારનાર એ નવજવાનને બોલાવ્યો અને તેને ભેટી પડ્યા. કહ્યું, 'બેટા, તારી સમયસૂચકતા અને બહાદુરીએ જ આજે મને બચાવ્યો છે. મારે તારા શું વખાણ કરવા? તેં તો મને જીવતદાન આપ્યું છે.'

એ યુવાન વીકો જ હતો. તે નમ્ર થઈ રાજા સામે ઊભો રહ્યો અને બોલ્યો, 'મહારાજ, મેં તો મારી ફરજ બજાવી છે.'

ધુલારાએ આ યુવાનને સવારીમાં લઈ લેવા કહ્યું અને વાજતેગાજતે ગામમાં થઈ મહેલમાં લઈ આવવાની આજ્ઞા કરી.

આ બાજુ જીકડીને ખબર પડી કે વાઘ જંગલમાં આવી ગયો છે. બધા પર હુમલો કરે છે. આ સાંભળી તે તો ગભરાઈ જ ગઈ અને રડવા લાગી. તેને થયું કે તે ફૂલને નુકસાન પહોંચાડશે. કદાચ મારી પણ નાખશે. તો તેનું કર્યું કારવ્યું નિષ્ફળ જશે. બધા તેને આશ્વાસન આપતા હતા. પણ તેને શાંતિ મળતી ન હતી.

ત્યાં તો સમાચાર આવ્યા કે વીકાએ વાઘને મારી નાખી મહારાજા ધુલારાને બચાવી લીધા હતા. રાજા તેના પર ખુશ થઈ તેડી લાવતા હતા. જીકડીને આ સાંભળી શાંતિ થઈ. તે ખુશ પણ થઈ ગઈ. સાથે તેને એ પણ ભય લાગ્યો કે હવે તેની ઓળખ ખુલ્લી થઈ જશે. તે કેમ છુપાવવી તેના વિચાર કરવા લાગી.

ધુલારાએ તો આવીને દરબારના પ્રાંગણમાં રાજકચેરી બોલાવી. ત્યાં તેણે વીકાના વખાણ કર્યા. વીકાની મા જીકડીને પણ માનભેર બોલાવવામાં આવી.

ધુલારાએ જીકડીને પૂછ્યું, 'બાઈ, તમારા આ દીકરાના લલાટ પર તો તેજ છલકે છે. સાચું કહો, શું આ તમારો જ દીકરો છે?'

જીકડી મૂંઝાઈ ગઈ. છતાં બોલી, 'હા મહારાજ, આ દીકરો મારો જ છે.'

તરત અજો કારભારી બોલ્યો, 'ના બાઈ, તમે મનમાં કશુંક છુપાવીને બેઠા છો એમ મને લાગ્યા કરે છે. સાચું બોલો. અને નિશ્ચિત રહેજો. આ સિંધની ધરતી છે. વિશ્વાસ રાખજો. મને પણ ઘણા સમયથી થયા કરે છે કે આ છોકરો તમારો નથી. મહારાજની વાત સાંભળી મને મારી ધારણા સાચી લાગે છે. સાચું કહી દો મહારાજને, મુંઝાવાની જરૂર નથી.'

ધુલારાએ ટેકો આપતા કહ્યું, 'બહેન, ભય રાખ્યા વગર બોલો, સાચું કહી દો.'

જીકડીનો જીવ ચુંથાતો હતો. શું કહેવું તેની સમજ પડતી ન હતી. એટલે તે બોલી, 'મહારાજ, વીકો મારો જ દીકરો છે. પણ તે ઈનામને યોગ્ય છે તેની ખાતરી રાખજો.'

તરત ધુલારાએ વીકાને ચોવીસ ગામની જાગીર આપવાની જાહેરાત કરી. બધાએ રાજની પ્રશંસા કરી.

પણ વીકો કોણ છે તેની ખબર ન પડી. તેથી રાજા ઉચાટમાં રહ્યા. તેણે વીકા તથા જીકડીને મહેલમાં જ ગોઠવી દીધા.

આ બાજુ રાજની કુંવરી લીરલ વીકાના પ્રેમમાં પડી ગઈ. તેણે તેની મા પાસે આ વાત કરી. રાણીએ રાજાને વાત કરી. રાજાને પણ ગમ્યું. પણ નિર્ણય લેતા પહેલાં તેણે કારભારીની હાજરીમાં જીકડીને બોલાવી પૂછ્યું, 'બહેન, મારે હજી વીકાને કશુંક વધારે આપવું છે. પણ તમે તેની ઓળખ છતી કરો તો વિચારું.'

હવે જો કે જીકડીને રાજા તથા કારભારી પર પૂરો વિશ્વાસ બેસી ગયો હતો.

*શક્તિનો ઉપયોગ જ્ઞાન અને વિવેકથી કરો.*

છતાં તે અચકાતી હતી. પણ છેવટે નિર્ણય કરી તે બોલી, 'મહારાજ, હું પાટગઢના રાજા સાડનાં રાણીની દાસી છું. મારું સાચું નામ ફારક છે. આ છોકરો સાડનો દીકરો રાજકુમાર ફૂલ છે.'

'હેં?' રાજાના મોંમાંથી રાડ નીકળી ગઈ. 'શું આ કચ્છની ધરતીનો બેટો ફૂલ છે?'

'હા, મહારાજ.'

તરત ધુલારો આનંદથી બોલી ઉઠ્યો, 'તો તો હું મારી દીકરી લીરલને જામ ફૂલા સાથે જ વેરાવું છું.'

જીકડી તો આ સાંભળી હરખઘેલી થઈ ગઈ. તે પોતાને ધન્ય માનવા લાગી.

અને વીકો ફૂલ તરીકે જાહેર થઈ ગયો. ધુલારા અને કારભારી અણગોરે તેને વચન આપ્યું કે લગ્ન પછી તેને લશ્કરી મદદ આપી રાજ્ય પાછું અપાવશે.

અને ફૂલનાં લગ્ન થઈ ગયા.

જામ ફૂલ પણ ગદગદ થઈ ગયો. તેને પોતાની ઓળખ મળવાથી તે આનંદમાં આવી ગયો. તે જીકડીને ભેટી જ પડ્યો. તેને પગે લાગ્યો.

જીકડીએ તેને કહ્યું, 'મારા જામ ફૂલ, રાજકુમાર, હવે તમે તૈયાર થાવ. તમે તમારા માતાનું ધાવણ પુરવાર કરી દો. તમારા નઠોર મામાને કચ્છની ભૂમિ પરથી ઉખેડીને ફેંકી દો અને ગાદીએ બેસો. તો મારી મહેનત સફળ જશે.'

ફૂલે પોતાની વિશાળ છાતી પર હાથ પછાડતા કહ્યું, 'મા, તમારી સામે પ્રતિજ્ઞા લઉં છું કે મારા પિતાના હત્યારા મારા મામાને ભગાડી ન મૂકું ત્યાં સુધી સુખની સેજ પર નહીં સૂઉં.'

લીરલે પણ તેને ટેકો આપ્યો.

જીકડી તો આનંદથી છલકાઈ ગઈ.

અને ફૂલ લશ્કર લઈ કચ્છ પર કૂચ કરી ગયો. હબાયને જીતી લીધો. સમગ્ર કચ્છને ખબર પડી ગઈ કે જામ ફૂલ તો જીવતો છે. પ્રજા ઉત્સાહિત થઈ ગઈ. તે લશ્કર સાથે જોડાઈ ગઈ. ધરણ વાઘેલો ચમકી ગયો કે ફૂલ તો જીવતો છે. તે તો પ્રજા પ્રત્યે નિર્દય બન્યો હતો. એટલે તે તો થથરી ઉઠ્યો. પોતાની જાન બચાવવા કંથકોટ છોડી ગેડી તરફ નાસી જ ગયો.

ફૂલને લડાઈ કરવી જ ન પડી. એટલે તેણે કંથકોટ તરફ લશ્કર સાથે પ્રયાણ કર્યું. ત્યાં સમગ્ર પ્રજા તેની રાહ જોતી હતી. અને તેઓ કંથકોટ પાસે આવી પહોંચ્યા હતા.

★

અચાનક શહેનાઈનો અવાજ સંભળાયો.

જીકડી પોતાના સ્વપ્નમાંથી જાગી ઉઠી. તેણે ફરી રથનો પડદો ખસેડ્યો અને ચોકીદારને પૂછ્યું, 'શું થયું?'

ચોકીદારે મસ્તક નમાવી જવાબ આપ્યો, 'મહારાણી બા, કંથકોટ આવી ગયું.'

જીકડીનું હૃદય ધબકી ઉઠ્યું. તેની આંખો ભરાઈ આવી. ઓહો! કંથકોટ આવ્યું? તેણે સામે નજર કરી. કંથકોટના ઝાડવાં જાણે તેને આવકારતા હતા. સામેનો ડુંગર તેને જાણે તાકી તાકીને જોતો હતો. જાણે તેનો આભાર માનતો હતો કે તેણે ફૂલન પાછો આપ્યો હતો. જીકડી ધરાઈ ધરાઈને જમીનને જોતી હતી. તેની આંખોમાંથી આંસુ વહી જતા હતા. મનોમન કહેતી રહી, મહારાણી સાહેબા, તમે સોંપેલ કામ પૂરું કર્યું છે. મારી જવાબદારી પૂરી થાય છે. આપોઆપ તેનું મસ્તક પણ નમી ગયું.

ત્યાં તો શોરબકોર શરૂ થયો. તેણે આસપાસ જોયું. અચાનક ચોકીદાર અદબભેર ખસી ગયો.

જોયું તો સામેથી ફૂલ અને લીરલ આવતા હતા. તેમની પાછળ સૈનિકો હતા.

જીકડી તો આ વિશાળ છાતીવાળા ફૂલને જોઈ જ રહી.

ફૂલ નજીક આવ્યો. તેણે પડદાને વધારે ઊંચો કર્યો. પછી હળવેથી જીકડીનો હાથ પકડી તેને નીચે ઉતારી.

જેવી જીકડી બહાર આવી, તરત ત્યાં ઊભેલા હજારો લોકોએ તેની જય બોલાવી.

—અરે! હું તો દાસી છું... જીકડી મનમાં બોલી.

જામ ફૂલે તેનાં ચરણોનો સ્પર્શ કર્યો. પછી લીરલ પણ તેને પગે લાગી.

જીકડી સહન ન કરી શકી. તે રડી પડી.

જામ ફૂલ તેને વળગી પડ્યો. પછી બધાને સંબોધી બોલ્યો, 'હે પ્રજાજનો! આજે તમારી સામે ઊભો રહી શક્યો છું તેનું કારણ કેવળ આ મારી મા જીકડી એટલે કે તમારા ફારક છે.'

પ્રજાજનોએ ફરી તેની જય બોલાવી.

જીકડી નીચું મોં કરી ઊભી હતી. આંખો વહેતી હતી.

અનેક લોકો આવતા હતા અને તેને પગે લાગતા હતા.

અને જામ ફૂલે મોટા અવાજે જાહેરાત કરી, 'આ જીકડી મા, આજથી આ કચ્છનાં રાજમાતા છે. બધા તેમને રાજમાતા તરીકે જ માન આપશે. તેમનો બોલ જ આખરી મનાશે. હું પણ તેમને જ તાબે રહીશ. બધાને કબૂલ છે?'

અને ત્યાં હાજર બધા પ્રજાજનોએ રાજમાતા જીકડી બા ની ફરી ફરી જય બોલાવી.

જીકડી ચૂપચાપ આનંદના આંસુ સારતી હતી.

સમગ્ર કચ્છની ધરતી આ રાજમાતાને મનોમન વંદન કરતી હતી.

*ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING
AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents

અર્થકારણ

# ભારતીય અર્થતંત્ર – પ્રગતિ, પડકાર અને પ્રતિકાર

● પ્રા. સૂર્યકાંત ભટ્ટ ●

વિશ્વની હાલની અર્થવ્યવસ્થાઓને નાણાંનું અવમૂલ્યન કે ઉર્ધ્વમૂલન, ફુગાવો, બેરોજગારી, મંદી જેવી અનેક આર્થિક સમસ્યાઓએ ભરડામાં લીધી છે. ભારતીય અર્થતંત્રની પ્રગતિનો આંક થોડો વધતો જાય છે. જે પંચવર્ષીય યોજનાઓના પરિણામો દ્વારા જાણી શકાય છે. ભારત કૃષિપ્રધાન દેશ તરીકે વિશ્વમાં પ્રસિધ્ધ છે. ભારતની જનસંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે. જે આજે એક અબજ એકવીસ કરોડને આંબી જવા પામી છે. ભારતમાં સાડા પાંચ લાખ ગામડાંઓ છે.

● **કૃષિક્ષેત્ર :**

ભારતીય અર્થતંત્ર બજાર વિનિમય દરના આધારે વિશ્વમાં ૧૨મું અને જી.ડી.પી.ની રીતે ચોથી મોટી અર્થવ્યવસ્થા છે. આજે પણ કૃષિક્ષેત્ર ભારતના ૫૫ ટકા લોકોને રોજગારી પૂરી પાડે છે અને કુલ જી.ડી.પી.માં ૧૬થી ૧૭ ટકા ફાળો પૂરો પાડે છે. ઈ.સ. ૧૯૫૧થી શરૂ થયેલ પ્રથમ પંચવર્ષીય યોજનામાં કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ ઝોક અપાયો. ઈ.સ. ૧૯૬૦માં Intensive Agricultural Development Programme દાખલ કરાતાં ભારતીય કૃષિ વિકાસના પગલાં ભરવા લાગી. ભારતમાં ખેડૂતોને કૃષિ ધીરાણ, કરમુક્તિ, યાંત્રીકરણ, રાસાયણિક ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, સિંચાઈ વ્યવસ્થા અને અદ્યતન ટેકનોલોજી દ્વારા સંપન્ન બનાવવામાં આવી રહ્યા છે. જેની નોંધ યુનાઈટેડ નેશન્સે લીધી છે. આ ક્ષેત્રે ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. ભારતની કૃષિ માત્ર પાંચ કરોડ ટન અનાજ પકવતી હતી. આજે તે ૨૫થી ૨૬ કરોડ ટન અનાજ પકવે છે. અનાજ - કઠોળના વધતા ઉત્પાદનના આંકડા નીચે આપેલા છે.

ભારતમાં છેલ્લા છ વર્ષનું અનાજ અને કઠોળનું ઉત્પાદન મિ. ટનમાં.

● **અન્ન ઉત્પાદન :**

| પાક | ૨૦૦૭-૦૮ (મિ. ટન) | ૨૦૧૧-૧૨ (મિ. ટન) |
|---|---|---|
| ચોખા | ૯૬.૬૯ | ૧૦૫.૩૦ |
| ઘઉં | ૭૮.૫૭ | ૯૪.૮૮ |
| જુવાર | ૭.૯૩ | ૫.૯૮ |
| બાજરી | ૯.૯૭ | ૧૦.૨૮ |
| મકાઈ | ૧૮.૯૬ | ૨૧.૭૬ |

દેશના સર્વાંગી વિકાસ માટે યોજનાઓમાં સ્વતંત્ર ફાળવણી કરવામાં આવી. પૂ. ગાંધીજીના વિચારો પર ધ્યાન કેન્દ્રિત કરીને પ્રથમ યોજનાથી તેનો અમલ થયો હોત તો દેશની કરોડરજ્જુસમા ભારતના ગામડાઓ નંદનવન બની જવા પામત.

● **વિકાસ ખર્ચ :**

*ગ્રામીણ વિકાસ અંતર્ગત થયેલ સ્વતંત્ર ખર્ચ*
*(૬ઠ્ઠી યોજનાથી ૧૧મી યોજના)*

| યોજના | કુલ યોજનાકીય ખર્ચ (કરોડમાં) | ગ્રામીણ વિકાસ પાછળ ખર્ચ (કરોડમાં) | કુલ ખર્ચમાં ટકાવારી હિસ્સો |
|---|---|---|---|
| ૬ઠ્ઠી (૧૯૮૦-૮૫) | ૯૭,૫૦૦ | ૫,૬૬૪ | ૫.૮૦% |
| ૭મી (૧૯૮૫-૯૦) | ૧,૮૦,૦૦૦ | ૯,૦૭૪ | ૫.૦૪% |
| ૮મી (૧૯૯૨-૯૭) | ૪,૩૪,૨૦૦ | ૩૪,૪૨૫ | ૭.૯૩% |
| ૯મી (૧૯૯૭-૨૦૦૨) | ૮,૫૯,૨૦૦ | ૭૪,૬૮૬ | ૮.૬૯% |
| ૧૦મી (૨૦૦૨-૦૭) | ૧૫,૨૫,૬૩૯ | ૧,૨૧,૯૨૮ | ૭.૯૯% |
| ૧૧મી (૨૦૦૭-૧૨) | ૩૬,૪૪,૭૧૮ | ૩,૦૨,૦૬૯ | ૮.૨૬% |
| ૧૨મી (૨૦૧૨-૧૭) | | | ૯.૦૦% (અંદાજ) |

● **ઉચ્ચ શિક્ષણ :**

સંપૂર્ણ શિક્ષણના માળખામાં જો પ્રાથમિક શિક્ષણ તેનો પાયો છે, તો ઉચ્ચ શિક્ષણ તેનો તાજ કહી શકાય. યુવા પેઢી શિક્ષણનું મૂલ્ય સમજતી થઈ છે. કોઈપણ દેશના વિકાસનું ભાવિ તે દેશના શિક્ષણ સાથે અવશ્ય સંકળાયેલું રહ્યું છે. શિક્ષણના માળખામાંથી જ વૈજ્ઞાનિકો, સાહિત્યકારો, તબીબો, ન્યાયાધીશો, પ્રાધ્યાપકો સર્જાય છે.

| પંચવર્ષીય યોજના | વર્ષ | ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ખર્ચ |
|---|---|---|
| પ્રથમ યોજના | ૧૯૫૧-૫૬ | ૧૧૭ લાખ રૂપિયા |
| ત્રીજી યોજના | ૧૯૬૧-૬૬ | ૮૭૦ લાખ રૂપિયા |
| પાંચમી યોજના | ૧૯૭૪-૭૯ | ૩૧૮૮ લાખ રૂપિયા |
| આઠમી યોજના | ૧૯૯૨-૯૭ | ૨૦૯૪૪ લાખ રૂપિયા |
| અગિયારમી યોજના | ૨૦૦૭-૧૨ | ૮૫૦૦૦ કરોડ રૂપિયા |

*ખામીઓ દૂર કરી જીવન વધુ સારું બનાવો.*

પ્રાદેશિક અસમાનતા, વસતી વૃધ્ધિ, જૂનવાણી માનસ, કૃષિ પ્રધાનતા, અશિક્ષિતતા, સંયુક્ત પરિવાર જેવા કેટલાક પરિબળોના કારણે ભારતમાં ગરીબી, ભૂખમરો દશ્યમાન થાય છે. જેને નાબૂદ કરવા સરકારના પ્રયત્નો યથાવત્ રહેવા પામ્યા છે. જુલાઈ-૨૦૧૩માં આયોજન પંચે જણાવ્યું કે 'ગ્રામીણ ક્ષેત્રે માથાદીઠ દૈનિક રૂા. ૨૭.૩૦ અને શહેરી ક્ષેત્રે રૂા. ૩૩.૦૦ની આવક ગરીબીની લક્ષ્મણરેખા નક્કી કરવા પર્યાપ્ત ગણવામાં આવશે.'

● **ગરીબી :**

*ઈ.સ. ૨૦૧૧-૧૨માં ગ્રામીણ અને શહેરી ક્ષેત્રે ગરીબીનું પ્રમાણ*

| ક્ષેત્ર | ટકાવારી |
|---|---|
| ગ્રામીણ | ૨૫.૭ |
| શહેરો | ૧૩.૭ |
| સમગ્ર ભારત | ૨૧.૯ |

● **નિવારણ :**

૧. ગરીબી નિવારણાર્થે સ્વર્ણ જયંતી સ્વરોજગાર યોજના ૧૯૯૯.
૨. રોજગાર આશ્વાસન યોજના, ૧૯૯૩
૩. સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના, ૧૯૯૧
૪. સ્વર્ણ જયંતી શહેરી રોજગાર યોજના, ૧૯૯૭
૫. જયપ્રકાશ નારાયણ રોજગાર યોજના, ૨૦૦૨
૬. જવાહર રોજગાર યોજના, ૧૯૮૯
૭. પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ, ૨૦૦૮.

આ તમામ કાર્યક્રમો દ્વારા ગરીબી નિવારણ માટે પ્રયત્ન કરવામાં આવે છે. કિંતુ ગરીબ અભણ પ્રજા આ યોજનાઓનો લાભ લઈ શકવા સમર્થ નથી. આ યોજનાઓ ગામડે ગામડે સમજાવવા ઉચિત પ્રયત્નો આવકાર્ય છે.

● **ભારતમાં ગરીબોનું પ્રમાણ અને ગરીબોની સંખ્યા:**

| વર્ષ | ગરીબીનું પ્રમાણ (ટકામાં) | ગરીબોની સંખ્યા (કરોડમાં) |
|---|---|---|
| ૧૯૯૩-૯૪ | ૪૫.૩ | ૪૦.૩૭ |
| ૨૦૦૪-૦૫ | ૩૭.૨ | ૪૦.૭૧ |
| ૨૦૦૯-૧૦ | ૨૯.૮ | ૩૫.૪૭ |
| ૨૦૧૧-૧૨ | ૨૧.૯ | ૨૬.૯૩ |

કોઈપણ દેશ વિદેશ વ્યાપાર ક્ષેત્રે નિકાસોમાં પ્રાધાન્ય ધરાવતો હોય અને વિશ્વમાં તે દેશનું ફલક વિસ્તરેલું હોય તો તેનો આંતરરાષ્ટ્રીય વ્યાપાર ખીલી ઉઠે. વિદેશ વ્યાપારનો વ્યાપ વિસ્તરતો રહે - સારૂં એવું વિદેશી હુંડિયામણ તે દેશને પ્રાપ્ત થતું રહે.

● **નિકાસ :**

*ભારતની નિકાસની દિશાઓ*

| ક્રમ | દેશો | ૧૯૯૦-૯૧% | ૨૦૧૦-૧૧% |
|---|---|---|---|
| ૧. | ઓ.ઈ.સી.ડી. (O.E.C.D.) | ૫૬.૪ | ૪૪.૭ |
| ૨. | ઑપેક (OPEC) | ૫.૬ | ૧૪.૮ |
| ૩. | પૂર્વીય યુરોપ | ૧૭.૯ | ૧.૯ |
| ૪. | વિકાસશીલ દેશો | ૧૭.૧ | ૩૮.૭ |
| ૫. | અન્ય | ૩.૦ | ૦.૩ |

O.E.C.D. : Organisation for Economic Co-operation and Development

OPEC = Organisation of Petroleum Exporting Countries

ઈ.સ. ૨૦૦૯માં ભારતે ૧૬૮ અબજ ડોલરની ચીજવસ્તુઓની નિકાસો કરેલી. ઈ.સ. ૨૦૧૧માં ૨૦૦ અબજ ડોલરની નિકાસો કરી. આમ છતાં આજ પર્યંત આપણી આયાતોનું પ્રમાણ વિશેષ છે.

● **વિદેશ વ્યાપાર**

| વર્ષ | આયાત (અબજ ડોલરમાં) | નિકાસ (અબજ ડોલરમાં) |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૯૦.૭ | ૧૨૮.૯ |
| ૨૦૦૭-૦૮ | ૨૫૭.૬ | ૧૬૬.૨ |
| ૨૦૦૮-૦૯ | ૩૦૭.૭ | ૧૮૯.૦ |
| ૨૦૦૯-૧૦ | ૨૯૯.૫ | ૧૮૨.૨ |

નિકાસને લગતા બાહ્ય પરિબળો, વહીવટી શિથિલતા ઉપરોક્ત ચિત્ર માટે જવાબદાર ગણાય. સેવાઓની નિકાસને પ્રોત્સાહિત કરવા માટે સંવર્ધન પરિષદ Service Export Promotion Councilની સ્થાપના કરવામાં આવી છે.

છેલ્લા દાયકામાં સરેરાશ માથાદીઠ આવકમાં ૨૦ ટકાનો વધારો જથ્થાબંધ ગુણાંકની તુલનાએ નોંધાયો છે. ખેતીવાડી ક્ષેત્રે મજૂરીના વાસ્તવિક દરમાં ૬.૮ ટકાનો વધારો નોંધાયેલ છે. ૨૦૦૪થી ૨૦૧૪ દરમ્યાન કાચી રાષ્ટ્રીય પેદાશની સરેરાશ વૃધ્ધિ ૭.૭ ટકા રહી છે.

● **પ્રકીર્ણ :**

૧૨મી યોજના દરમ્યાન આરોગ્ય ક્ષેત્રે ફાળવણી રૂા. ૩ લાખ કરોડ જેટલી છે. હાલે મૃત્યુદરમાં ઘટાડો નોંધાયો છે છતાં પ્રજા કુપોષણથી મુક્ત નથી. હવે શહેરી ગરીબો માટે પણ "રાષ્ટ્રીય શહેરી આરોગ્ય નિશાન" શરૂ કરાયું છે.

*બુધ્ધિ અને બળ સાથે વિવેક પણ જરૂરી છે.*

રોજગાર ક્ષેત્રે "મનરેગા યોજના" વિશ્વની મોટી સામાજિક કલ્યાણ યોજના બનવા પામી છે. માળખાગત સુવિધાઓની ખીલવણી થવા પામી છે. રેલવે વ્યવહાર, રસ્તા વ્યવહાર, ટેલી કોમ્યુનિકેશનો વ્યાપ વધ્યો છે. લગભગ છેલ્લા નવ વર્ષમાં ૧૭,૩૯૪ કિ.મી. લંબાઈ ધરાવતા ધોરી માર્ગોનું બાંધકામ અને નવીનીકરણ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા થવા પામ્યું છે.

ઊર્જા તથા સિંચાઈ ક્ષેત્રે નવા સાધનોનો ઉપયોગ થઈ રહ્યો છે. આમ, ભારતનું અર્થકારણ મજબૂતીની દિશામાં પ્રયાણ કરતું હોવા છતાં એકતરફ પાડોશી રાજ્યોની ઘૂસણખોર નીતિ આપણા સંરક્ષણ ખર્ચમાં વધારો કરાવી રહી છે, બીજી તરફ ત્રાસવાદી હુમલા માનવ શાંતિ હરી લે છે, તો ત્રીજી તરફ ખટપટ સભર રાજકારણીઓનું રાજકારણ, વિકાસના માર્ગને હડસેલી કંટકો પાથરી રહ્યું છે.

ભારતમાં પ્રત્યેક ક્ષેત્રે પ્રગતિ તો દશ્યમાન થાય છે છતાં સમતોલ આર્થિક વિકાસના અનેક પડકારો મોજૂદ છે. જેનો પ્રતિકાર National Character ઊભું કરીને થઈ શકશે.

*(લેખક ભુજના શ્રી આર.આર. લાલન ગવ. કૉલેજના અર્થશાસ્ત્રના નિવૃત્ત પ્રાધ્યાપક છે.)*

***૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

**Dalal**
**S. Nitinkumar & Co.**
**CANVASSING AGENT**
115/1-B, Sindhi Commercial Market,
Kalupur, Chokha Bazar, Ahmedabad-380 002.
**Ph. : (O) 22120051, 22124474, 22123210**
**(R) 22867064, 22865433**
**M. : 93761 14024 (Nitinbhai),**
**93772 09530 (Dhami)**
★
● Sister Concern ●
**SUCHIT TRADING CO.**
Gali L, No.-12, A.P.M.C. Market No.-2,
Phase-II, Sector-19, Vashi,
New Mumbai-400 703.
Ph. : (022) 27651033, 27651037, 32997068
M. : 93200 89056 (Suchitbhai)

## માહિતી અધિકાર અધિનિયમ - ૨૦૦૫ અંગે આપ શું જાણો છો?

● **કાયદો કોને લાગુ પડે?**

તમામ સરકારી કચેરીઓ, બોર્ડ, નિગમ, સરકાર પાસેથી અનુદાન મેળવતી સહકારી કે બિનસરકારી સંગઠનો/સંસ્થાઓ

● **માહિતી કેવી રીતે મેળવી શકાય?**

★ સંબંધિત કચેરીમાં રૂબરૂ અરજીથી/ટપાલથી
★ ઈ-મેઈલ દ્વારા અને રેકર્ડના રૂબરૂ નિરીક્ષણથી
★ અરજી સાદા કાગળમાં અથવા નિયત 'ક' નમુનામાં કરી શકાય.

● **માહિતી કેટલા દિવસમાં મળે?**

★ અરજી મળ્યાથી ૩૦ દિવસમાં
★ ત્રાહિત પક્ષકારને લગતી ૪૦ દિવસમાં
★ વ્યક્તિના જીવન અને સ્વાતંત્ર્યને લગતી ૪૮ કલાકમાં

● **માહિતી માટેની અરજી ફી - રૂ. ૨૦ કઈ રીતે ભરી શકાય?**

૧. રોકડા, ૨. ડિમાન્ડ ડ્રાફ્ટ, ૩. પે ઑર્ડર, ૪. નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ, ૫. નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર, ૬. ફ્રેન્કિંગ દ્વારા, ૭. કોર્ટ ફી, ૮. ઈલેક્ટ્રોનિક સ્ટેમ્પિંગ, ૯. જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર, ૧૦. ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર, ૧૧. રેવન્યુ સ્ટેમ્પ, ૧૨. ચલણ (પ્રમાણિત બી.પી.એલ. લાભાર્થી માટે ફી-મુક્તિ)

● **માહિતી મેળવવા માટે ફીના દર**

★ માહિતીના એક પાના દીઠ બે રૂપિયા
★ રેકર્ડ ઈન્સ્પેક્શન માટે પ્રથમ અર્ધો કલાક વિના મૂલ્યે
★ ત્યાર પછીના દર અર્ધો કલાકના ૨૦ રૂપિયા મુજબ (પ્રમાણિત બી.પી.એલ. લાભાર્થી માટે ફી-મુક્તિ)

● **માહિતી માટે ફી કેવી રીતે ભરી શકાય?**

૧. રોકડેથી ૨. ડિમાન્ડ ડ્રાફ્ટથી ૩. પે ઓર્ડર, ૪. ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર, ૫. સરકારનું માન્ય ચલણ

● **માહિતી ન મળે તો શું?**

૩૦ દિવલમાં કોઈ જવાબ ન મળે તો અથવા ખોટી-અધૂરી માહિતી મળે તો પ્રથમ અપીલ સત્તાધિકારીને અપીલ કરી શકાય અને ન્યાય ન મળે તો બીજી અપીલ ગુજરાત રાજ્ય માહિતી આયોગને કરી શકાય.

● **અપીલ સમયમર્યાદા**

૧. પ્રથમ અપીલ - ૩૦ દિવસની સમય મર્યાદામાં
૨. બીજી અપીલ - ૯૦ દિવસની સમય મર્યાદામાં

***બીજી અપીલ માટે ગુજરાત રાજ્ય માહિતી આયોગનું સરનામું :***
આંકડા અને અર્થશાસ્ત્ર નિયામકશ્રીની કચેરી,
પહેલો માળ, સેક્ટર-૧૮, ગાંધીનગર. ■

*બીજાના કલ્યાણમાં જ સાચું સુખ સમાયેલું છે.*

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૨૭

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

- **મેડિકલ સેન્ટર દ્વારા તા. ૧૫-૪-૨૦૦૭ અને તા. ૧૫-૮-૨૦૦૭ના રોજ અનુક્રમે આર્થરાઈટીસ અને થેલેસેમિયા સાથે રૂબેલાના કેમ્પોનું આયોજન થયું હતું.**
- **તા. ૧૫-૮-૨૦૦૭ના રોજ વિવિધ રમતગમતોની સ્પર્ધા યોજાઈ હતી.**
- **સમાજની સામાન્ય સભાનું આયોજન તા. ૧૯-૮-૨૦૦૭ના રોજ થયું હતું.**
- **મુંબઈ ખાતેના અતિથિગૃહના દાતાશ્રીઓનું ઉચિત સન્માન કરવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.**
- **કચ્છમાં શિક્ષણના સ્તરને ઊંચે લાવવા તા. ૨૨-૯-૨૦૦૭ના રોજ અમદાવાદ ખાતે ચિંતન શિબિર યોજવામાં આવી હતી.**
- **તા. ૩૦-૯-૨૦૦૭ના રોજ સમાજનો ૪૪મો વાર્ષિક સ્નેહ મિલન તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ યોજાયો હતો.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું એક સ્વપ્ન હતું – મુંબઈમાં એક અદ્યતન અતિથિ ગૃહ સ્થાપવાનું. તે સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યું હતું. સાયનમાં ભાઉદાજી રોડ સ્થિત મહાડાની સ્લમ ક્લિયરન્સ યોજના હેઠળની શ્રી સુંદર કમલા નગર કો.ઓ.હા.સો.ના પાંચ માળની કમ્પોઝીટ બિલ્ડિંગમાં બીજા માળથી પાંચમા માળ સુધીની જગ્યા એટલે કે ચાર માળ સંસ્થાએ પૂનમ ડેવલપર્સ પાસે બુક કરાવી લીધેલ હતા. દરેક માળ ઉપર ત્યારના પ્લાનિંગ પ્રમાણે ૯-૯ રૂમ બાથરૂમ સાથેના બનાવવાનું આયોજન હતું. આ યોજનાનાં બિલ્ડર શ્રી પૂનમભાઈ બાબરિયા કે જેઓ કચ્છ રાપરના વતની કચ્છી જૈન છે, તેઓએ ખૂબ જ કિફાયત ભાવથી આ પ્રોજેક્ટની જગ્યા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આપી સંપૂર્ણ સહકાર આપેલ હતો.

ઉપરોક્ત ચાર માળનાં પ્લાનિંગમાં જરૂરી ફેરફારો કરી - અતિથિ ગૃહનાં રૂમો ઉપરાંત ડોરમેટરી, કીચન, ડાઈનિંગ હોલ, ઓફિસ, સ્ટોર્સ વગેરેની સગવડો ઉપલબ્ધ કરવાનું વિચારવામાં આવ્યું હતું. આ અતિથિ ગૃહનો ઉપયોગ ભારતભરમાંથી મુંબઈ કોઈપણ પ્રસંગે અથવા ધંધાર્થે આવનાર વ્યક્તિઓ કે પરિવારો કરી શકશે. તે ઉપરાંત મુંબઈ સ્થિત કચ્છી જૈનોને ત્યાં પ્રસંગ હોય ત્યારે તેમને ત્યાં બહારગામથી પધારનાર મહેમાનેને પણ ઉતારો આપી શકાશે. માટુંગા - સાયનનાં આ વિસ્તારમાં ઘણી બધી લગ્નની વાડીઓ તથા હોલ છે પણ રહેવા માટેની સગવડ નથી. તેથી આ અતિથિગૃહ મુંબઈવાસીઓ માટે પણ આશીર્વાદરૂપ થઈ શકશે.

જગ્યા બુક કરાવી લીધા બાદ આ પ્રોજેક્ટ માટે જરૂરી નાણા મેળવવા સ્કીમ વિચારવામાં આવી હતી અને સ્કીમમાં વિવિધ પ્રકારના નકરાઓ નક્કી કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત આ પ્રોજેક્ટ નિર્વિઘ્ને પૂર્ણ કરવા માટે ભારતભરનાં દાતાઓ પાસેથી એક વરસ કે તેથી વધારે સમય માટે વ્યાજ વગરની લોન મેળવવા ટહેલ નાખવામાં આવી હતી. જેના અનુસંધાને ઘણા બધા દાતાઓ તરફથી વચનો મળી ચૂક્યા હતા. આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક વિશિષ્ટ પ્રોજેક્ટની શુભ શરૂઆત થઈ ચૂકી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટર દ્વારા અવારનવાર વિવિધ રોગોના ફ્રી મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. તા. ૧૫-૪-૨૦૦૭ના દિવસે આર્થરાઈટિસનો મેડિકલ કેમ્પ રાખવામાં આવેલ. લાયન્સ ક્લબ ઑફ વિલેપાર્લે (વેસ્ટ)ના પ્રમુખ શ્રી વસંતભાઈ સાવલાનાં વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ખાતેની કોઈ એક લાયન્સ ક્લબની મિટીંગમાં ઉપસ્થિત રહેવા મુંબઈથી કચ્છી જૈનોનું એક ગ્રુપ અમદાવાદ શ્રી કચ્છી જૈન ભવન ખાતે ઉતરેલ હતું. તેઓ બધા આ કેમ્પનાં ઉદ્‌ઘાટનમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે લાયન્સ ક્લબ ઓફ વિલેપાર્લે (વેસ્ટ) દ્વારા મેડિકલ સેન્ટરને રૂા. ૨૫,૦૦૦/-ના દાનની જાહેરાત કરવામાં આવી હતી. મોતા ચીપ્સવાળા શ્રી અજિતભાઈ મોતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓને બિરદાવી હતી તથા રૂા. ૧૧,૦૦૦/-ના દાનની જાહેરાત કરેલ. આ કેમ્પમાં લગભગ ૧૦૦ વ્યક્તિઓએ ભાગ લીધેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ૧૫મી ઓગસ્ટ, ૨૦૦૭નાં દિવસે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાનાં વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવી રાષ્ટ્રીય પર્વ ઉજવેલ હતું. એ પ્રસંગે બહોળી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. ધ્વજવંદન બાદ સંસ્થાનાં મેડિકલ સેન્ટરમાં શ્રીમતી લીલાબેન નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા આયોજિત થેલેસેમિયા તથા રૂબેલા વેક્સિન કેમ્પનું ઉદ્‌ઘાટન શ્રી નવીનચંદ્ર વેરશી હરિયાનાં

*ભૂતકાળમાંથી જરૂરી હોય એટલું જ યાદ રાખો.*

વરદ્ હસ્તે કરવામાં આવેલ. સવારનાં ૧૦ વાગે 'સંકલ્પ' આયોજિત વિવિધ રમતગમત હરીફાઈઓ યોજવામાં આવેલ અને તેમાં વિજેતા થયેલ સ્પર્ધકોને ઈનામોથી સન્માનવામાં આવ્યા હતા. એ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજે ભારતનાં સ્વાતંત્ર્ય દિવસની શાનદાર રીતે ઉજવણી કરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સામાન્ય સભા તા. ૧૯-૮-૨૦૦૭નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. આ સામાન્ય સભાની શરૂઆતમાં સંસ્થાના મે. ટ્રસ્ટીશ્રી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ હાજર રહેલા સભ્યોને આવકાર્યા હતા. ત્યારબાદ સંસ્થાનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન સમાજ તરફથી થયેલ વિવિધ પ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ રજૂ કરેલ. સંસ્થાનાં ખજાનચી શ્રી કે.ડી. શાહે વર્ષ ૨૦૦૬-૦૭નાં ઓડિટ થયેલ હિસાબોની વિગતવાર રજૂઆત કરી હતી. તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૦૭-૦૮ માટે ૬ કારોબારી સભ્યો તથા અલગ અલગ ગ્રુપમાંથી નિવૃત્ત થતાં ૬ ટ્રસ્ટીઓની ખાલી પડેલી જગ્યા ઉપર એટલા જ ઉમેદવારોને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણી ટાળવાના ઉદ્દેશથી જે સભ્યોએ સ્વૈચ્છિક ઉમેદવારી પાછી ખેંચેલ હતી તેમની ભાવનાને બિરદાવવામાં આવી હતી. વર્ષ ૨૦૦૭-૦૮ માટે મે. ટ્રસ્ટી તથા પ્રમુખશ્રીનાં હોદ્દા ઉપર ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાની નિમણૂક કરવામાં આવી હતી તથા હોદ્દેદારો તરીકે પ્રથમ ઉપપ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા, દ્વિતીય ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલા, માનદ્ મંમત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડ, સહમંત્રી તરીકે શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા, ખજાનચી શ્રી કે.ડી. શાહ તથા સહ ખજાનચી તરીકે શ્રી રજનીકાંત ધરમશી પારેખની નિમણૂક કરવામાં આવી હતી.

મુંબઈ અતિથિ ગૃહની જગ્યા બુક કરાવ્યા બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા નકરાની જે સ્કીમ બહાર પાડેલ હતી તેને ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ હતો. તે અન્વયે સારી એવી રકમનાં દાનોનાં વચનો મળી ચૂક્યા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ટ્રસ્ટ મંડળે ઓક્ટોબર માસમાં મુંબઈમાં એક સ્નેહ મિલન યોજવાનું નક્કી કર્યું. જેમાં મુંબઈ અતિથિગૃહ માટે દાનોની જાહેરાત કરનારા દાતાઓનું બહુમાન કરવાનો નિર્ણય કરવામાં આવેલ. ઉપરોક્ત સમારંભની તૈયારી કરવા માટે - અતિથિ વિશેષો નક્કી કરવા, કાર્યક્રમ માટે હોલ નક્કી કરવા તથા એક દિવસના સમારંભ માટેનો કાર્યક્રમ ઘડી કાઢવા માટે હોદ્દેદારોએ પોતાના પ્રયાસો આદરી દીધા હતા અને તે પ્રમાણે અંદાજિત ૨૫૦૦ આમંત્રણ પત્રિકાઓ ભારતભરમાં મોકલાવી આપવામાં આવેલ.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા કચ્છનાં શાળા શિક્ષણમાં જનભાગીદારીની વૃધ્ધિ કરવાના ઉપાયો વિચારવા અને કચ્છમાં શિક્ષણના સ્તરને પાયાનાં ધોરણથી જ ઊંચું લાવવા શનિવાર, તા. ૨૨-૯-૨૦૦૭નાં રોજ અમદાવાદનાં મેનેજમેન્ટ એસો. હોલમાં એક ચિંતન શિબિર ગોઠવવામાં આવી હતી. આ ચિંતન શિબિરમાં કચ્છનાં વિવિધ ગામડાંઓ, મુંબઈ તેમજ અમદાવાદના અંદાજિત ૧૦૦ જેટલા શિક્ષણપ્રેમીઓ હાજર રહ્યા હતા.

આ શિબિર ત્રણ ભાગમાં હતી. પ્રથમ સેશનમાં ઉદ્‌ઘાટન સમારંભ, બીજા સેશનમાં પ્રાથમિક શિક્ષણ વિશે ચર્ચા તથા ત્રીજા સેશનમાં માધ્યમિક શિક્ષણ વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઉદ્‌ઘાટન સેશનનાં પ્રમુખ તરીકે 'સારસ્વતમ્' સંસ્થાના મે. ટ્રસ્ટી અને ગુજરાત પોસ્ટ ખાતાના પોસ્ટમાસ્ટર જનરલ વિજયાબેન શેઠ બિરાજમાન હતા. જ્યારે અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણના નિયામક શ્રી આર. સી. રાવલ ઉપસ્થિત હતા. મહેમાનો તરીકે ગુજરાતનાં જાણીતા કેળવણીકાર શ્રી મોતીભાઈ પટેલ, કચ્છ યુનિવર્સિટીનાં કુલપતિ ડૉ. કાંતિભાઈ ગોર તથા કચ્છનાં કેળવણીકાર શ્રી રમેશભાઈ દવે ઉપસ્થિત હતા.

ઉદ્‌ઘાટન સેશનમાં સૌપ્રથમ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં અધ્યક્ષ શ્રી અશોકભાઈ મહેતાએ પધારેલા સૌ મહાનુભાવોને આવકાર્યા હતા તથા આજની ચિંતન શિબિરના હેતુની સમજણ આપેલ હતી. દીપ પ્રાગટ્ય પ્રાઈમરી વિભાગનાં નિયામક શ્રી આર.સી. રાવલનાં વરદ્ હસ્તે કરાવવામાં આવેલ. હાજર રહેલા સૌ અતિથિ વિશેષોએ પ્રાસંગિક પ્રવચનો કરેલ હતા. તેઓશ્રીએ શિક્ષણનું સ્તર ઊંચું લાવવાની અગત્યતા પર ભાર મૂકીને પોતાના સૂચનો રજૂ કર્યા હતા.

પ્રમુખ સ્થાનેથી બોલતાં વિજયાબેન શેઠે જણાવેલ કે આપણે શિક્ષણ પ્રત્યે પ્રતિબધ્ધતા વધારવા પર ભાર મૂકવો જોઈએ. વધુમાં કહ્યું કે કોલેજ સુધી પહોંચતા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૮ ટકા થઈ જાય છે. આ માટે ગામડે ગામડે વાલીઓને જાગૃત કરવા સૂચન કરેલ હતું. ઉદ્‌ઘાટન સમારંભનાં અંતે સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે આભારવિધિ કરેલ હતી.

ત્યારબાદ પ્રાથમિક વિભાગનાં શિક્ષણ સેશનમાં અધ્યક્ષ સ્થાને શ્રી આર.સી. રાવલ હતા. સેશન દરમ્યાન વિવિધ પ્રાથમિક શાળાઓનાં આચાર્યશ્રીઓએ પોતાના પ્રવચનોમાં અનેક પ્રકારના સૂચનો કરેલ હતા. સેશનના અંતે શ્રી આર.સી. રાવલે અનેક પ્રશ્નોના સંતોષકારક ખુલાસાઓ કરેલ હતા.

માધ્યમિક શિક્ષણ વિશેના સેશનમાં પણ વિવિધ શાળાઓનાં આચાર્યોએ પરિસંવાદમાં ભાગ લીધેલ હતો અને પોતાના પ્રવચનોમાં અનેકવિધ સૂચનો કરેલ હતા. સેશનના અંતમાં ચર્ચાનો નિષ્કર્ષ કાઢતાં શિક્ષણવિદ્ શ્રી રમેશભાઈ દવેએ પ્રવચન કરેલ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૪મો વાર્ષિક સ્નેહમિલન તથા સ્વામિવાત્સલ્યનો એક કાર્યક્રમ તા. ૩૦-૯-૨૦૦૭નાં રોજ શ્રી જૈન વીસા ઓસવાલ ક્લબમાં ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત શ્રીમતી કેતકી નિખિલ મહેતાએ ગાયેલ મંગલ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે સામૂહિક ક્ષમાપના કરાવી હતી.

*અન્યનાં ભલા માટે કરવામાં આવે તે સત્કર્મ છે.*

સંસ્થાનાં પ્રમુખ ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાએ સમાજનાં સર્વે પરિવાર સભ્યોને આવકાર્યા હતા અને સમાજની પ્રવૃત્તિઓથી વાકેફ કર્યા હતા. જુદા જુદા મહાનુભાવોનાં હસ્તે ધોરણ-૧૦માં ૮૦ ટકાથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર આપીને બહુમાન કરાયું હતું. એ રીતે ધોરણ-૧૨માં કોમર્સ તથા સાયન્સ વિભાગમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને પણ સન્માનવામાં આવ્યા હતા. યુવા વિકાસ સમિતિ દ્વારા જુદા જુદા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રતિભા બતાવનાર સમાજનાં બાળકોનું પુરસ્કાર તથા પ્રશસ્તિપત્ર દ્વારા બહુમાન કરાયું હતું.

દર વર્ષની જેમ કે.જી.થી ઉચ્ચ અભ્યાસ કરનાર લગભગ ૪૫૦ વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓને, તેઓને રોજબરોજમાં ઉપયોગમાં આવે તેવા પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતા. તે ઉપરાંત 'મંગલ મંદિર'ના વર્ષ ૨૦૦૬ દરમ્યાન વિવિધ લેખોમાંથી શ્રેષ્ઠ લેખના લેખિકા શ્રીમતી અરુણાબેન જાડેજાને પુરસ્કાર આપી સન્માનવામાં આવ્યા હતા.

ત્યારબાદ કાયમી દાતાઓશ્રી માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા, માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા, શ્રીમતી લક્ષ્મીબેન માવજી ફુરિયા તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડાના પરિવારના સૌજન્યથી સ્વામિવાત્સલ્યનો લાભ સૌએ લીધેલ હતો.

*(ક્રમશઃ)*


*Ramesh Savla*
*Manish Savla*
M. 94260 77479

AI
**ARIHANT INDUSTRIES**

Mfg. : Bakelite Moulding & Pannel Board Accessories, Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
**Ph. : (F) 25831205 (R) 25464948**


# સ્વીકાર — સમાલોચન

*— મગનલાલ સંઘવી*

**પુસ્તક : IAS સ્પર્ધા પરીક્ષા - સફળતા એક લક્ષ્ય (Target IAS)**

***શ્રી રમેશભાઈ એન. કોટક***

★ આર.એન. કોટક, શ્રી સાંઈ, ૧ બોમ્બે હાઉસિંગ સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.
મો. ૯૪૨૬૪ ૪૩૩૩૯

★ ડૉ. પૂજા કોટક, પૂજા ક્લિનિક, જયશ્રી કોમ્પ્લેક્સ, રૈયા સર્કલ પાસે, રૈયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭.
મો. ૯૮૨૪૨ ૨૭૭૭૩

★ પૃષ્ઠ : ૧૩૨,
કિંમત : ૧૦૦/- (ટપાલ ખર્ચના રૂા. ૨૦/- અલગથી)

દેશના પૂર્વોત્તર અને દક્ષિણ રાજ્યોમાં આપણી IAS / IPS નામે ઓળખાતી સિવિલ સર્વિસીઝ એક્ઝામમાં આખરી સફળતા પ્રાપ્ય ઉમેદવારોની સંખ્યા દર વર્ષે મોટી હોય છે. આ પાછળનું એક રહસ્ય એ છે કે ત્યાં શાળા - કોલેજ જીવન દરમ્યાન જ વિદ્યાર્થીઓને દેશની UPSC દ્વારા થતી આ મહત્ત્વની IAS, IPS, IFS, IRS વિ. સેવાની, IAS ભરતી પરીક્ષાની પ્રાથમિક માહિતી અને પ્રેરણા આપવામાં આવે છે. અને વિદ્યાર્થી કોલેજમાં આવે ત્યારે તે પરીક્ષાને અનુરૂપ વિષયોની ફાઉન્ડેશન તૈયારી કરે છે. પોતાના ધોરણ-૮થી ૧૨ના બેઝીક પુસ્તકો સાચવી રાખે છે. જે IAS પરીક્ષાની પ્રિલિમ / કસોટીના 'ફાઉન્ડેશન' તરીકે કામમાં લાગે છે. તેમજ જ્યારે ટી.વાય. પરીક્ષામાં પ્રવેશ કરે છે ત્યારે IAS પરીક્ષાની જાહેરાત મુજબ ફોર્મ ભરી જે તે વર્ષના મે માસમાં પ્રિલિમ કસોટીમાં બેસે છે. આ પ્રકારનો માહોલ આપણે ત્યાં ગુજરાતમાં શાળા / કોલેજ જીવનમાં નથી. તેથી અપેક્ષા મુજબની સફળતા અત્રે યુવાવર્ગને મળતી નથી. જોકે સઘન અવેરનેસ, પ્રયત્નો અને તૈયારી થકી હવે દર વર્ષે આશરે ૧૦-૧૨ ગુજરાતી યુવકો - યુવતીઓ IAS ની આખરી પરીક્ષામાં સફળ થઈ મેરીટ મુજબ કલેક્ટર, ડી.સી.પી., વિદેશ સેવા અધિકારી, રેવન્યુ સર્વિસ ઓફિસરની ઉચ્ચ અધિકારીના પદ, પ્રતિષ્ઠા અને સારા પેકેજવાળી જગ્યા હાંસલ કરે છે. આ કારકિર્દીનું ગૌરવ ગણાય છે અને આ સિધ્ધિને સમાજ સન્માનથી જુએ છે.

શ્રી કોટક કારકિર્દીના માર્ગદર્શક, લેખક અને નિવૃત્ત ના. રોજગાર નિયામક છે. લેખકશ્રીએ આ ગુજરાતી પુસ્તકનું પ્રકાશન જાતે જ કરેલ છે. પુસ્તકમાં એક પ્લાન નકશા સાથે ૧૮ પ્રકરણો છે. લેખકશ્રી કોઈપણ શાળા, કોલેજમાં આ વિષયક નિઃશુલ્ક માર્ગદર્શન સેવા આપતા હોય છે.

વિદ્યાર્થીઓએ પોતાની કારકિર્દીના ઘડતર અર્થે આ પુસ્તક વસાવવા યોગ્ય છે. ■

*ભગવાન ભલે દેખાય નહિ પણ હાજર જરૂર હોય છે.*

# દક્ષિણ આફ્રિકાની આઝાદીની લડતમાં ભારતીયોનું યોગદાન

● દામજી માણેક ગડા ●

દક્ષિણ આફ્રિકાના ગાંધી નેલ્સન મંડેલાનું ગત ડિસેમ્બર માસમાં અવસાન થયું. ટેલિવિઝન પર એમની શ્રધ્ધાંજલિના સંદેશ સાંભળતો હતો ત્યારે મનમાં વિચાર આવ્યો કે મંડેલાને ભારત તરફ આકર્ષણ શા માટે હતું? નેલ્સન મંડેલાનું જીવન ચરિત્ર ઈન્ડોનેશિયાના બાલી ટાપુમાં વાંચેલું. તેને નજર સમક્ષ રાખીને આ લેખ લખવાનો વિચાર આવ્યો.

મંડેલાનું નૈતિક ધૈર્ય, તેમની મૈત્રી કરવાની ક્ષમતા, કાયમ વાટાઘાટ કરવાની ખુલ્લી માનસિકતા – આ ગુણોની સરખામણી મહાત્મા ગાંધી સાથે કરી શકાય. ઘણા જણાને લાગે છે કે મંડેલાને ગાંધી કરતાં નહેરુ પ્રત્યે આકર્ષણ થયું હતું. નહેરુ તેમનાં આદર્શ નાયક હતા. મંડેલાના જીવનનો એક મહત્ત્વનો ભાગ કહી શકાય તે દક્ષિણ આફ્રિકામાં રહેતા ભારતીય વંશના લોકો સાથે મૈત્રીભાવ.

સન ૧૯૪૦ના સમયથી જોહાનિસબર્ગમાં રહેતાં જવાબવૃત્તિના બે ભારતીયો ઈસ્માઈલ મીર અને જે. એમ. સિંઘ સાથે નિકટતાની મિત્રાચારી હતી. તેમનાથી મંડેલાને ભારતીય આઝાદીની ચળવળની અને ગાંધીના નેતૃત્વની સાચી સમજણ પડી હતી. ૧૯૪૬માં રંગભેદનાં કારણે જમીન વિષયનાં કાયદા રદ થવા જોઈએ. આ મુદ્દા પર ટ્રાન્સવાલમાં રહેતા ભારતીયોએ અહિંસક આંદોલન કરીને ધરપકડ વહોરી લીધી હતી. ત્યારે મંડેલાને ગાંધીની અહિંસક લડતની સાથે શાંતિપૂર્વક પ્રતિકાર કરવાની શક્તિનો અંદાજ આવી શક્યો. તેથી તે એના પર વિસ્તારપૂર્વક ચિંતન અને મનન કરવા લાગ્યા.

ટ્રાન્સવાલની શાંતિપૂર્વક ચળવળનું નેતૃત્વ તે વખતે યુસુફ દાદુ અને જી.એમ. નાયકરે કર્યું હતું. આ બંને ડૉક્ટર હતા. યુસુફ દાદુ ગુજરાતી અને નાયરે તમિલભાષી હતા. નાયકર પોતાને કટ્ટર ગાંધીવાદી કહેતા હતા. જ્યારે યુસુફ દાદુ માર્કસવાદથી પ્રભાવિત હતા. પરંતુ તેમને ગાંધીમાં વિશ્વાસ હતો. તેમણે બંનેએ ઊભું કરેલ સંગઠન દક્ષિણ આફ્રિકાનાં ગોરા લોકો વિરુદ્ધ સૌથી મોટું આંદોલન હતું. આફ્રિકન નેશનલ કોંગ્રેસનું ઈતિહાસ મેરી બેન્સન એ લખેલ છે. તેણે ૧૯૪૬માં દક્ષિણ આફ્રિકાનાં આંદોલન વિશે વિસ્તારપૂર્વક લખેલ છે.

આ આંદોલન થકી મંડેલાને ગાંધીના વિચારોમાં વધુ શ્રધ્ધા બેઠી. થોડા સમય પછી મંડેલાએ પોતે એક લેખમાં જણાવ્યું કે આફ્રિકન નેશનલ કોંગ્રેસ (એ.એન.સી.) કરતાં પણ વધુ રંગભેદ વિરુદ્ધ અસરકારક લડત ભારતીયો લડ્યા હતાં. આ ચળવળના કારણે આફ્રિકન યુથ લીગને માર્ગદર્શન અને પ્રેરણા મળી હતી. યુસુફ દાદુ અને નાયકર જેવા ભારતીય નેતાઓ કાયદાનો ભંગ અને અહિંસક રીતે પ્રતિકારની શક્તિ લોકોમાં પ્રગટાવી અને જેલમાં જવાનો ડર લોકોના મનમાંથી દૂર કર્યો.

મંડેલા એક લેખમાં આગળ જણાવે છે કે આઝાદી ભાષણ કરવાથી, સભા ભરવાથી કે માત્ર ઠરાવો પાસ કરીને શિષ્ટમંડળ મોકલવાથી નથી મળતી. આપણે સ્વયં પોતાનું સંગઠન અને પ્રખર આંદોલન કરવાની સાથે બલિદાન અને દરેક વસ્તુનો ત્યાગ કરવાની માનસિક તૈયારી રાખવી જોઈએ. ૧૯મી સદીના અંતમાં ગાંધી દક્ષિણ આફ્રિકામાં એકદમ સક્રિય હતા. તે સમયે આફ્રિકનો અને ભારતીયો એકબીજાથી દૂર રહેતા હતા. ભારતીયોને આફ્રિકનો બહુ જ સુસંસ્કૃત લાગતા નહીં. આફ્રિકાનો ભારતીયોને આર્થિક અને રાજકીય હરીફ તરીકે જોતા હતા. નાતાલની ખાણોમાં કામકાજ માટે બંને વચ્ચે સ્પર્ધા થતી હતી. આની સાથે સાથે ખેતરોમાં અને કારખાનાઓમાં કામ માટે સતત હરીફાઈ થતી હતી. આફ્રિકન લોકોના મનમાં શંકા જાગતી હતી કે ભારતીયો લોકો ખેતી પર કબજો મેળવીને વધુમાં વધુ જમીનના માલિક બનશે.

૧૯૪૦ના દસકમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ. આફ્રિકન અને ભારતીય સમાજે રંગભેદને ભૂલીને એકતા માટે સંગઠન ઊભું કર્યું. નાયકર અને યુસુફ દાદુ નાતાલ ઈંડિયન કોંગ્રેસ અને ટ્રાન્સવાલ ઈન્ડિયન કોંગ્રેસના નેજા હેઠળ એ.બી. જુમા આફ્રિકન નેશનલ કોંગ્રેસના પ્રમુખપદ હેઠલ એક સંયુક્ત સંધિ કરી. આ કરાર પર સહી કરનાર ત્રણે ડોક્ટરો હતા. એટલે આ કરારને 'ડોક્ટર્સ પેક્ટ' એમ પણ કહેવાય છે.

દક્ષિણ આફ્રિકામાં ગોરાઓનું રાજ્ય હતું. પરંતુ વસતિમાં કાળા લોકોની બહુમતી હતી. ઈતિહાસકાર ગેલ.એમ. ગરહાર્ટ આફ્રિકન અને ભારતીય કોંગ્રેસના કરાર પછી લખ્યું કે ભારતીય લોકો પાસે બે અમૂલ્ય ચીજો છે : ગાંધીના અહિંસક

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી

''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

આંદોલન થકી જે સંગઠન કરીને સત્યાગ્રહ કરવાનો અનુભવ તેમને મળેલ છે તે અને બીજી ચીજ એમની પાસે પૈસો છે તે. દક્ષિણ આફ્રિકામાં ભારતીય મધ્યમવર્ગ સંખ્યાની દૃષ્ટિએ આફ્રિકન મધ્યમ વર્ગ કરતાં વિશાળ છે. આ બંનેનો પરસ્પર સહકાર એકબીજાને વધુ ઉપયોગી ઠરશે. નૈતિક દૃષ્ટિએ અને વ્યવહારની નજરે ભારતીય નાગરિકોને કાયદેસરની નાગરિકતા જોઈતી હતી. જ્યારે આફ્રિકન લોકોને વકીલોની ફી ચૂકવવા અને જામીન પર છૂટવા પૈસાની જરૂરત હતી.

૧૯૫૨માં નાતાલ અને ટ્રાન્સવાલમાં ભારતીય નેશનલ કોંગ્રેસ અને આફ્રિકન નેશનલ કોંગ્રેસે વર્ણભેદનાં રાજકીય વહીવટ સામે સવિનય કાનૂન ભંગના આંદોલનની શરૂઆત કરી. આ આંદોલન પર ગાંધીનો પ્રભાવ જણાતો હતો. સવિનય કાનૂન ભંગનો કાર્યક્રમ આ પ્રમાણે હતો : (૧) કોઈપણ સ્થળે પરવાનો લીધા વગર જવું. (૨) કર્ફ્યુ પાસ સાથે ન રાખતાં રાતમાં ફરવું. (૩) રેલવેના ડબ્બા જે ગોરાઓ માટે અનામત હતા, તે આસન પર બેસવું. (૪) ગોરા લોકો માટે જે આરામગૃહો અનામત રાખેલ છે તેમાં પ્રવેશ કરવો. (૫) પોસ્ટ ઓફિસમાં જે જગ્યાઓ ગોરાઓ માટે અલગ રાખેલી છે તેના પર જઈને બેસવું.

ટ્રાન્સવાલમાં જે સવિનય કાનૂન ભંગની લડત થઈ તેનું નેતૃત્વ નેલ્સન મંડેલાએ કરેલું. આ આંદોલનમાં તેમના નજીકના સાથી હતા મૌલવી કચાલિયા. એમના વડીલ એ.એમ. કચાલિયા દક્ષિણ આફ્રિકાની ગાંધીની ચળવળમાં તેમનાં સહકારી હતા. જેલમાં મંડેલા અને યુસુફ કચાલિયા એક જ રૂમમાં હતા. જેલમાં પ્રથમ દિવસે સવારના નાસ્તામાં હિંદી કેદીઓને ઈંડા, ટોસ્ટ અને ચા આપવામાં આવતા હતા. જ્યારે આફ્રિકન કેદીઓને મકાઈનો સૂપ આપવામાં આવતો હતો. આ ભેદભાવ જોઈને નેલ્સન મંડેલા ક્રોધિત થઈ ગયા. તે વખતે આફ્રિકન જેલોમાં અલગ અલગ વંશના કેદીઓ માટે નક્કી કરેલ અલગ અલગ નાસ્તો આપવાનો નિયમ પાળવામાં આવતો હતો. યુસુફ કચાલિયા જણાવે છે કે આ જોઈને અમે ખૂબ હસી પડ્યા. પછી અમે બધાએ ભેગા મળીને નાસ્તો વહેંચીને ખાધો.

જેલમાં મંડેલા અને યુસુફ કચાલિયા વચ્ચે ઘણાં રાજકીય અને સામાજિક વિષયો પર વિસ્તારથી ચર્ચા થતી હતી. આમાં ગાંધીજીની અહિંસક લડત પર લંબાણપૂર્વક ચર્ચા થતી હતી. આથી કચાલિયા અને મંડેલાના સંબંધ ઘર જેવા બન્યા હતા. યુસુફ કચાલિયાની પત્ની અમીના સાથે મંડેલાની નિકટતાની મૈત્રાચારી હતી. ૧૯૫૧ની સાલમાં અમીનાએ મંડેલાને જણાવ્યું કે મારી ઉંમર ૨૧ વરસની થઈ છે. મંડેલાએ આના માનમાં એક પાર્ટીનું આયોજન કર્યું હતું. અંગી પટેલના ઘરે આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં આર્થર ગોલ્ડરીચ, રોબી રેશા, ડ્યુમા નોકવે, ઈસપ નગદી હાજર હતા.

આ કાર્યક્રમમાં નેલ્સન મંડેલાએ જણાવ્યું કે આપણે અનેક વરસોથી વર્ણભેદનાં વાતાવરણમાં રહ્યા છીએ. આપણે એકબીજાને નફરતની નજરે જોતા હતા. એકબીજા પ્રત્યે શંકા રાખતા હતા. મેં ભારતીય લોકો સાથે જેલમાં અને બહાર જે સમય ગાળ્યો છે, તેનાથી મારા મનની ઘણી શંકાઓનું સમાધાન થયું છે. ખાસ કરીને ભારતીય લોકો મારફત ગાંધીને સારી રીતે સમજી શક્યો છું. ગાંધી કોઈને પોતાનો શત્રુ માનતા ન હતા. વિરોધીઓ સાથે મૈત્રીભાવે સંવાદ કેમ કરવો તેની ગહન સમજણ મને ગાંધી પાસેથી શીખવા મળી છે.

વર્ણભેદનું રાજવહીવટ સમાપ્ત થઈ ગયા પછી કચાલિયા અને મંડેલા વારંવાર એકબીજાને મળતા હતા. થોડા સમય પછી યુસુફ કચાલિયાનું અવસાન થયું. આ સમયમાં મંડેલાની પત્ની તેમનાથી અલગ થઈ ગઈ હતી. નેલ્સન મંડેલાએ અમીના પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ અમીનાએ નકારમાં જવાબ આપ્યો. અવસાનનાં થોડા દિવસ અગાઉ અમીનાએ પ્રસ્તાવની વાત તેણે પોતાની પુત્રી કોકોને જણાવી. કોકો આ સાંભળીને ચકિત થઈ ન હતી.

અમીનાની દીકરી કોકો એક પત્રકાર સાથે વાતચીતમાં જણાવે છે કે નેલ્સન મંડેલા અમારા કુટુંબના એક સભ્ય બની ગયા હતા. તેને કારણે મારી મા અમીના અને મંડેલા વચ્ચે ગાઢ પ્રેમસંબંધ હતા. મારા વડીલો સાથે મંડેલાના રાજકીય સંબંધો હતા.

નેલ્સન મંડેલાને સર્વ ભારતીયોમાંથી યુસુફ દાદુ સાથે એમના નિકટના સંબંધ હતા. યુસુફ દાદુ પોતાની પાછળની જિંદગી લંડનમાં રહ્યા અને ત્યાં જ તેમનું અવસાન થયું હતું. દક્ષિણ આફ્રિકામાં રહેલા પ્રસિધ્ધ ગાંધી વિચારક અને અભ્યાસી ઇ.એસ. રેડી (જેમણે વર્ણભેદ ચળવળમાં અગ્રેસર ભૂમિકા ભજવેલી)ને મંડેલાએ જણાવ્યું કે ડૉ. દાદુ મારી સાથે શાળામાં હતો. અમે બચપણનાં મિત્ર છીએ.

મંડેલાના ઘણા ભારતીય મિત્રો હતા. તેમાંથી એક હતા અહમદ 'કેથી કાથરાડા.' જેમની વિચારધારા ગાંધીના અહિંસક આંદોલન કરતાં સામ્યવાદ તરફ વધુ હતી. પ્રસિધ્ધ "રિવ્હોનિયા" કેસમાં બંને આરોપી હતા. કેસના ચુકાદા પ્રમાણે બંનેને ૨૦ વર્ષથી વધુ સમય જેલમાં પસાર કરવો પડ્યો હતો. જેલમાંથી છૂટ્યા પછી કેથી અને મંડેલા વચ્ચે અનેક મુલાકાતો થઈ હતી. આ

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

મુલાકાતના સંવાદોની ટેપ કરીને તેમાંથી એક પુસ્તક તૈયાર કરવામાં આવ્યું. તે મંડેલાના નામથી પ્રસિધ્ધ થયું. આ પુસ્તકનું નામ છે ''કોન્વહરસેશન્સ વિથ માયસેલ્ફ.''

રોબન ટાપુ પર મંડેલાની સાથે ઈન્દ્રેશ નાયડુ નામનાં એક બીજા ભારતીય પણ સાથે હતા. તેના દાદા થંબી નાયડુ ૧૯૦૭ અને ૧૯૧૩થી ૧૯૧૪ના આ સમય દરમ્યાન દક્ષિણ આફ્રિકામાં ગાંધીના સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. મંડેલાની ધરપકડ કરીને રોબન ટાપુ પર મોકલાવ્યા પહેલા નાયડુના ઘરે ઘણી મિટીંગો થઈ હતી. તેમાં મંડેલા હંમેશાં હાજર રહેતા હતા. ઈન્દ્રેશ નાયડુની માતા મનોન્મનીને આજુબાજુના લોકો અમ્મા નાયડુ કરીને સંબોધતા હતા. તેના હાથનું બનાવેલ ભોજન મંડેલાને બહુ જ ભાવતું. અમ્મા નાયડુ દક્ષિણ આફ્રિકાની રંગભેદની લડત લડનાર બધાની માતા હતી.

રામચંદ્ર ગુહા નામના ઇતિહાસકાર લખે છે કે ૧૯૯૭માં જ્યારે હું દક્ષિણ આફ્રિકામાં ગયો હતો ત્યારે ત્યાંના ભારતીય એલચી ગોપાલકૃષ્ણ ગાંધીના ઘરે રોકાયો હતો. ગોપાલકૃષ્ણ ગાંધી હોશિયાર, સારા અનુવાદક અને કાબેલ વહીવટકર્તા છે. તેમના વડીલનો જન્મ દક્ષિણ આફ્રિકામાં થયો હતો. ગોપાલકૃષ્ણ ગાંધીના ઘરે એક ગેટ-ટુ ગેધરમાં મારી ઓળખાણ ઇંદ્રેશ નાયડુ સાથે થઈ હતી. ગોપાલકૃષ્ણ ગાંધીના ઘરે ટેબલ પર એક ધાતુની ગોળ કાળા પથ્થર પર આફ્રિકાના નકશા જેવી વસ્તુ પડેલી હતી. આ ચીજ યાદગીરી રૂપે ઈન્દ્રેશ નાયડુએ ગોપાલકૃષ્ણ ગાંધીને આપેલી.

રોબન ટાપુ પર (આઈલેન્ડ) કેદીઓને જમવા માટે આપવામાં આવતી એલ્યુમિનિયમ થાળીની આ પ્રતિકૃતિ હતી. આ પ્રતિકૃતિ પર વાપરેલ ગ્રેનાઈટ. જેલના કેદીઓને ખાણોમાંથી ગ્રેનાઈટ રોજ ખોદવું પડતું હતું. આની યાદમાં આ સ્મરણ વસ્તુ કોતરેલી હતી. થંબી નાયડુના કુટુંબીજનોને આ યાદગીરી રૂપે બક્ષિસ મળેલી હતી. ઉદાર સ્વભાવના ઇંદ્રેશ નાયડુએ ગાંધીના કુટુંબીજનો પાસે આ પ્રતિકૃતિ રહે તે માટે ગોપાલકૃષ્ણ ગાંધીને અર્પણ કરેલી.

રામચંદ્ર ગુહા આગળ જણાવે છે કે એક સાર્વજનિક કાર્યક્રમમાં પ્રસન્ન વ્યક્તિત્વ ધરાવતી સફેદ વાળવાળી સાડી પહેરેલી પારસી બહેન ફ્રેની જીનવાલાનું હૃદયને સ્પર્શ કરી જાય તેવું ભાષણ સાંભળવા મળ્યું. આ બહેન દક્ષિણ આફ્રિકાની રંગભેદની લડતમાં ઘણી સક્રિય રહી હતી અને જેલમાં પણ ગઈ હતી. પાછળથી તેને દેશ નિકાલની સજા કરવામાં આવી હતી. ઑક્સફર્ડમાં રહીને તેણે દક્ષિણ આફ્રિકાનાં ભારતીયો પર પુસ્તક લખેલું. પારસી કુટુંબની આ બહેન દક્ષિણ આફ્રિકાના સંસદની પ્રથમ સ્પીકર બની હતી.

દક્ષિણ આફ્રિકામાં ભારતીયોની સંખ્યા ટોટલ વસતિની સરખામણીમાં ૩ ટકા કરતાં પણ ઓછી છે. પ્રથમ દક્ષિણ આફ્રિકાની સંસદમાં ૪૦થી વધુ ભારતીયો ચૂંટાઈ આવ્યા. જ્યારે આફ્રિકનોએ આના વિશે નેલ્સન મંડેલા પાસે ફરિયાદ કરી ત્યારે તેમણે જણાવ્યું કે આપણી વસતિની સંખ્યાના પ્રમાણે તેમનું પ્રતિનિધિત્વ વધુ છે. પરંતુ ભારતીયોએ આપણી આઝાદીની લડતમાં જેટલું યોગદાન આપેલું છે તેની સરખામણીમાં તેમની સંખ્યા ઘણી ઓછી છે. આવા પ્રકારના નકારાત્મક વિચારોનું ખંડન કરવાની પોતાની સ્પષ્ટ નારાજગી બતાવવાની તૈયારી આજના સમકાલીન રાજકારણમાં કોઈની પાસે જોવા મળતી નથી.

*૧૬૦૫, શોભા સુમન બિલ્ડિંગ, ટેલિફોન ભવનની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*

## જી.પી.એસ. સિસ્ટમ

તમે કોઈ અજાણ્યા શહેરમાં રસ્તા ઉપર ઊભા હો તો તમારું સ્થાન કેવી રીતે નક્કી કરો? ચાર રસ્તા ઉપર, બેંક પાસે કે ટેલિફોન બુથ પાસે એવી કોઈ નિશાની યાદ રાખો. દરિયામાં સફર કરતા નાવિકોની આસપાસ આવી કોઈ નિશાની વસ્તુ હોતી નથી. એટલે તે આકાશના તારાની સ્થિતિ દ્વારા પોતાનું સ્થાન નક્કી કરી શકે. પરંતુ હવે કોઈ આવી ઝંઝટ નથી! સેટેલાઈટ દ્વારા કામ કરતી જી.પી.એસ. સિસ્ટમ પૃથ્વી પર તમારું સ્થાન ક્યાં છે તે અક્ષાંસ રેખાંશ સહિત ચોક્સાઈપૂર્વક કે ગણતરીની સેકંડમાં બતાવી શકે છે! જી.પી.એસ. સિસ્ટમ એટલે 'ગ્લોબલ પોઝિશનીંગ સિસ્ટમ.' આ સિસ્ટમ કેવી રીતે કામ કરે છે તે પણ જાણવા જેવું છે.

જી.પી.એસ. સિસ્ટમ પૃથ્વીથી ૧૮,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ ફરતા ૨૪ સેટેલાઈટ વડે કામ કરે છે. આ સેટેલાઈટને નેવસ્ટાર કહે છે. આ સિસ્ટમ એટલી તો અદ્‌ભુત છે કે તે વ્યક્તિ કે વસ્તુનું સ્થાન દર્શાવવામાં બે ઇંચની પણ ભૂલ કરતી નથી. આ સિસ્ટમથી વ્યક્તિ, વિમાન, કાર કે જહાજનો પત્તો તરત જ લાગી જાય છે. અંધ વ્યક્તિઓને અજાણ્યા સ્થળે હરવા ફરવાની સુવિધા પણ આ સિસ્ટમ દ્વારા મળી શકે છે!

જી.પી.એસ. સિસ્ટમનો લાભ લેવો હોય તો તમારે તેનું રિસીવર સાથે રાખવું પડે. પૃથ્વીની આસપાસ ફરતા પેલા ૨૪ સેટેલાઈટની નજર સતત તમારા રિસીવર પર રહે છે. તમારું સ્થાન જાણવા માટે તમારા રિસીવર સાથે ત્રણ સેટેલાઈટ રેડિયો વેવથી જોડાયેલા રહે છે. ત્રણે સેટેલાઈટ તમારા સ્થાનને વર્તુળાકાર ઝોનમાં દર્શાવે છે. આ ત્રણે વર્તુળોના પરિઘ જ્યાં કપાય તે તમારું સ્થાન ગણાય છે! આ પ્રક્રિયા સમજવી સરળ છે પણ વાસ્તવમાં ઘણી જ અટપટી છે. રેડિયો વેવ પ્રકાશનાં કિરણો જેટલી જ ઝડપે વહેતાં હોય છે. એટલે સેકંડની ગણતરીમાં વ્યક્તિ કે વસ્તુનું સ્થાન જાણી શકાય છે.

જી.પી.એસ. સિસ્ટમ અમેરિકાએ સેના માટે વિકસાવેલી. યુરોપમાં આવી જ ગેલેલિયો સિસ્ટમ છે અને રશિયામાં 'ગ્લોનાસ સિસ્ટમ' વિકસાવાઈ છે. કારમાં જી.પી.એસ. રિસીવર બેસાડેલું હોય અને કાર ચોરાઈ જાય તો તે ક્યાં છે તેની પળવારમાં જાણ થઈ જાય છે! ■

*કોઈનું પણ અપમાન કરવાનું અપલક્ષણ ભૂલી જાઓ.*

તંદુરસ્તી

# મોંઘા મેડિકલ ખર્ચામાંથી બચવાના સચોટ ઉપાયો

• શાંતિલાલ વ. શાહ •

આજે મેડિકલ સારવાર અત્યંત મોંઘી થઈ છે અને હજી વધુ મોંઘી થશે એ સર્વવિદિત અને નિર્વિવાદ છે. આ બાબત ખરેખર ચિંતાજનક છે. આ સારવારમાંથી સો ટકા નહિ તો ઓછાવત્તે અંશે જરૂર બચી શકાય. અહીં ચીંધેલી વાતોનો અમલ કેટલી ચોક્સાઈથી થાય છે તેના પર થનારા લાભનો આધાર છે. અમલ જેટલો વહેલો તેટલો લાભ વધુ, પણ લાભ થવાની સો ટકા ખાતરી.

મારા પિતાજીને ૯૨ વર્ષ સુધી પૂરી તંદુરસ્તી સાથે જીવતા મેં જોયા છે. કોઈ ટીકડી - ગોળી તેમણે ખાધી હોય, કે ૨-૪ દિવસ બિછાને રહ્યા હોય તેવું બન્યું નથી. છેલ્લા દિવસ સુધી તેઓ રોજ લાઈબ્રેરીમાં જતા'તા. માનવામાં ન આવે એવું હતું તેમનું મૃત્યુ! બીજું, વડીલો અને ઈશ્વરની કૃપાથી આજે ૮૦મા વર્ષે હું પણ કોઈ દવા લેતો નથી. આટલું કહ્યા પછી, તંદુરસ્તી માટે બે વાતો કરવાનું હું યોગ્ય માનું તો કોઈને અજુગતું નહિ લાગવું જોઈએ.

આરોગ્ય જાળવણીની આ વાત છે, સાદી ને સરળ. કોઈ ખર્ચ નહીં! હા, તેની પહેલી જરૂરત છે : માનસિક અને શારીરિક સજ્જતા. સાજા રહેવું સહેલું છે અને અત્યંત જરૂરી છે. આ વાત પૂરેપૂરી આત્મસાત્ થવી જોઈએ.

કેટલાક અનુભવીઓ લખે છે : આપણી ભૂલભરેલી જીવનશૈલી (LIFE STYLE) જ આપણી ૯૦ ટકા તકલીફો માટે જવાબદાર છે! બીજા શબ્દોમાં, જીવનશૈલીમાં આપણે મોટો બદલાવ લાવવો પડે. વાત થોડી અઘરી છે, પણ કરવા જેવી છે. આજના સંદર્ભમાં પહેલી વાત 'શ્રમ'ની આવે. બેઠાડુપણાને અને આળસને દૂર કરો. નજીકની દુકાને જવા વાહનની કીક મારવાને બદલે તમારા પગને ક્લિક કરો, ચાલો. નિયમિત ચાલવાથી અને સાઈકલ ફેરવવાથી શરીરના ઘણાં અંગોને કસરત મળે છે. નિયમિત ચાલવાથી કબજિયાત દૂર રહે છે, જે ઘણા દર્દોની જનેતા ગણાય છે. અને દરેક અવયવ ચુસ્ત રહે છે. મોટી વયે સાજા રહેવામાં આથી લાભ થશે. પછી કસરત કરો. કોઈ જીમખાનામાં જવાની જરૂર નથી. એવી સાદી કસરતો કરો, કે પરસેવો વળે, બસ. બીજું ઓફિસમાં કલાકો સુધી બેસી રહેવાનું થાય છે, ત્યારે વચ્ચે વચ્ચે ઊભા થઈને પગ છૂટા કરવા જોઈએ. એકધારું બેસી રહેવાથી કમરને અને ડોકને નુકસાન થાય. પગ લટકતાં રાખીને બેસવાથી પગના કેટલાક સ્નાયુઓને નુકસાન પહોંચે છે. આ નાની નાની બાબતો લાંબેગાળે અસર બતાવે છે. ચાલવા, બેસવા, ઊભા રહેવા કે આરામ કરવાના પણ નિયમો છે. આ બાબતે સાચી સલાહ કોઈ નિષ્ણાત અથવા નિષ્ણાતે લખેલું પુસ્તક જ આપી શકે. સ્વાસ્થ્ય અને વ્યાયામનું માર્ગદર્શન આપતાં પુસ્તકો શ્રી કચ્છી જૈન ભવનની લાઈબ્રેરીમાં પણ છે જ. આપણા દરેક અખબાર આ વિષયે ખાસ્સી જગ્યા ફાળવે છે. નિયમિત આવતા આ વિભાગો વાંચો, કેટલાક તો વ્યક્તિગત પ્રશ્નોનો ઉપાય પણ સૂચવે છે. આ બધું મફતમાં થાય. હા, વિચાર અને તેના અમલ માટે સમય કાઢવો પડે. પણ ફાયદો કાયમી થવાનો છે એટલું યાદ રાખશો તો મુશ્કેલી, મુશ્કેલી નહિ રહે. તંદુરસ્તી તમારા હાથમાં છે, હાથવગું અને સરળ છે. પરિવારના વયસ્કો પ્રયત્ન કરીને પરિવારના સભ્યોને સમજાવે, શીખવાડે. સરવાળે ફાયદો સૌને થવાનો છે.

આરોગ્યની વાત હોય ત્યારે લાફિંગ ક્લબોને ન ભૂલાય. અમૂલ્ય કસરતો અને બીજાં કેટલાયે સલાહ સૂચનો સાવ મફતમાં! આ પ્રવૃત્તિના પ્રણેતા ડૉ. શ્રી મુકુંદભાઈ મહેતાને સલામ. અમદાવાદમાં અને જે જે શહેરોમાં આ પ્રવૃત્તિ ચાલતી હોય, લાભ લેવા ખાસ ભલામણ છે. સાચા અર્થમાં લાભ લેશો તો ખુશ થઈ જશો.

હમણાં યોગ (યોગા નહિ!)ની ફેશન છે. સારું છે. સ્વાસ્થ્ય ક્ષેત્રે તેનું યોગદાન જરૂર છે. અને વળી કોઈપણ કરી શકે. શરૂમાં સલાહ લેવી પડે, કોઈ ગુરુ ન મળે તો પુસ્તકો તૈયાર જ છે! મારો ભેટો યોગના આસન, શીર્ષાસન સાથે કેમ થયો અને ચપટી વગાડતાં મારી નજરનું તેજ કેમ પાછું આવ્યું, તેની નાની વાત. કદાચ કોઈને સહાયરૂપ થાય. બંને આંખે મોતિયો ઉતરાવ્યા બાદના ચશ્માં કામિયાબ ન નીવડ્યા. ધૂંધળું જ વંચાય. એટલે કે વંચાય જ નહિ. હવે? ડૉક્ટર સાહેબે સ્પષ્ટ કહી દીધું, "૭૮/૭૯ વર્ષે મુરબ્બી, હવે આવું જ રહેશે. માથા સુધી લોહી પહોંચે નહિ એટલે આવું થાય." મારા તો મોતિયા મરી ગયા. પણ આરોગ્ય બાબતે, ઑલ રાઉન્ડર મિત્ર હર્ષદભાઈનો મુંબઈ સંપર્ક કર્યો. દર વખતની જેમ, વિચાર કર્યા વગર સોનેરી સૂચન કર્યું : 'શીર્ષાસન શરૂ કરો.' આપણે શરૂ કર્યું. સવારે ઉઠતાં જ, માત્ર પાંચ જ મિનિટ, ને ચોથે દિવસ

**Meera Marketing**

**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**

30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

સવારે નજરે સો ટકા વાપસી કરી! ચમત્કાર! દિવસે દિવસે ઓછી તેજ થનારી આંખો હવે રોજ રોજ વધુ તેજ થાય છે. આ વાતને બારેક મહિના થયા. આજે પણ શીર્ષાસન કરું છું. આ યોગની કમાલ! દરેક આસનના જુદા જુદા ફાયદા છે. પણ હું યોગ કરતો નથી. એટલે વધુ માટે : પુસ્તકો જુઓ, પુસ્તકો બોલશે. પુસ્તકો આપણા સાચા મિત્રો છે.

આંખના રતન જેવાં જ દાંત છે. બીજું કાંઈ નહિં તો દાંતની સારવાર અત્યંત મોંઘી થઈ રહી છે, એ વાત ધ્યાનમાં રાખીને દાંતોની પૂરી કાળજી લેવાનું બાળકોને શીખવવું જોઈએ. નાનપણથી લીધેલી તકેદારી - સાવચેતી વખત જતાં મોટું ડિવિડન્ડ આપશે, અચૂક. ફરીવાર દાંત, આંખ, કબજિયાત વગેરે અંગેની ઘણી પુસ્તિકાઓ બજારમાં મળે છે, તે વસાવો. કાયમી ઉપયોગી થશે અને નવીનવી ઢગલાબંધ માહિતી મળશે. પરિવારમાં નાનામોટા સૌ આ વાતોનો અમલ કરે તો ફાયદા હી ફાયદા!

કેટલાક યુવાનો બેદરકાર રહે છે. કહે છે પડશે તેવાં દેવાશે. અને અમારે ક્યાં સો વર્ષ જીવવું છે. બોલો! છે જવાબ? ભઈલા, આ વલણ હવે બદલી નાખવા જેવું છે. અને તમારું લાંબું કે ટૂંકું જીવન તમારા હાથની વાત નથી. કોઈ વૃદ્ધાશ્રમની એકાદ વિઝિટ લેજો. જેણે મરી જવું છે તેય મરી શકતા નથી. ઈશ્વર સર્વોપરી છે.

એક વાત ચોક્કસ છે. વય વધવા સાથે શરીરનો દરેક અંગ નબળો પડતો જશે. યુવાનીમાં શરીર જે કામ આપે છે તેવું ઉંમર વધતા નહિં જ આપે. માટે જેટલી માવજત આજથી જ લેશો તો તેટલી મુશ્કેલી ઓછી આવશે.

ટૂંકમાં, થોડો વ્યાયામ, સવાર-સાંજનો કૂણો તડકો લેવાનું રાખો, બને તેટલું ચાલવાનું કરો, કબજિયાત નાબૂદી, શક્ય હોય ત્યાં લાઈફ સ્ટાઈલમાં બદલાવ, બસ. આટલું થઈ શકે તો ભયો ભયો!

એક અગત્યની વાત રહી ગઈ, મનની પ્રસન્નતા. ઉપર ગણાવી તે બધી વાતો તો જ કારગત નીવડશે જો મન હશે પ્રસન્ન, સ્વભાવ મોજીલો ને આનંદિત હશે. હોમિયોપેથીના તો મૂળમાં જ છે સ્વસ્થ મન, પ્રફુલ્લ મન. મન ચંગા તો સબ ચંગા! બીજું, દરેક પ્રવૃત્તિને વ્યાયામ નહિ, પણ જીવનમાર્ગ તરીકે સ્વીકારજો.

નાના મોટા સૌ, આ ચાવીઓનો ઉપયોગ કરી શકે. ૭૦ વટાવી ગયેલાઓને પણ લાભ થાય જ. જાગ્યા ત્યારથી સવાર. 'आलस्यम् हि मनुष्याणाम् शरीरस्थो महा रिपु' આપણો મોટો દુશ્મન ગણાય છે તે આળસને છોડી દો.

*એ/૫, મલ્હાર એપાર્ટમેન્ટ,*
*વાસણા, અમદાવાદ. ફોન : ૨૬૬૦૭૫૦૨*

## પાગલપણું

સિકંદર વિશાળ સેના લઈ વિજય મેળવવા નીકળ્યો હતો. સુવિખ્યાત દાર્શનિક પામેનિયો સાથે તેની મુલાકાત થઈ.

પામેનિયોએ તેના ખબરઅંતર પૂછ્યા.

સિકંદરે કહ્યું : 'હવે હું સમગ્ર દુનિયા જીતવા નીકળ્યો છું.

એક સાથે આખી દુનિયા જીતવી મુશ્કેલ છે! હાલ તારું લક્ષ્ય કયો દેશ છે?'

'અત્યારે તો હું ઈરાન પર આક્રમણ કરીશ.'

'ઈરાન જીત્યા પછી શું કરીશ?'

'હું ભારત પર વિજય મેળવીશ'

'ત્યાર પછી શું કરીશ?'

'બાકીના દેશો પર આક્રમણ કરી જીતી લઈશ.'

પછી મંદ સ્મિત કરી પામેનિયોએ કહ્યું : 'ત્યાર પછી શું કરીશ?'

'આરામ કરીશ!'

'આરામ કરીશ? વાહ! વાહ!

'શાંતિથી આરામ કરીશ.' સિકંદરે ખુશ થતાં કહ્યું.

'સિકંદરની વાત સાંભળી પામેનિયો ખડખડાટ હસ્યા અને બોલ્યા : 'મેં તારા જેવો પાગલ માણસ આ દુનિયામાં દીઠો નથી. આઠલી બધી ચઢાઈઓ કરીને શાંતિથી બેસવા માગે છે... તો ભલા આદમી, અત્યારથી જ શાંતિથી બેસવામાં તને શો વાંધો છે?'

સિકંદર પર આ મર્મસ્પર્શી વાક્યોની અસર થઈ હશે કે નહિ તેની ખબર નથી, પરંતુ આ વાક્યોને પ્રત્યેક મનુષ્યે યાદ રાખવાં જોઈએ.

**બોધ વાક્યો :**

★ માનવીની તૃષ્ણા ક્યારેય તૃપ્ત થતી નથી.
★ અપેક્ષાઓ ઓછી રાખો, સંતોષ વધુ રાખો.
★ જગતને જીતવા કરતાં જાતને જીતવી અઘરી છે.
★ લોભ, લાલચ અને ઈચ્છાઓ પર કાબૂ રાખો.
★ શાંતિની પ્રાપ્તિ સંતોષમાં છે.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

*મૂર્ખ માણસ આખી દુનિયામાં ઠેર ઠેર ભટકીને સુખ શોધતો ફરે છે. જ્યારે શાણો માણસ પગ તળેથી સુખ પેદા કરી લે છે.*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

E-mail : kaykay_industries@yahoo.com

જીવન ચરિત્ર

# ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા

● દિનકર મહેતા ●

સને ૧૮૮૬માં મુંબઈથી ગુજરાતીમાં 'સત્ય વક્તા' શીર્ષકથી અઠવાડિક પત્ર પ્રકાશિત કરવામાં આવતું. કેશવલાલ હરિવિઠ્ઠલદાસ તે પત્રના માલિક હતા. આ પત્રમાં વિશિષ્ટ વ્યક્તિઓની સચિત્ર માહિતી પ્રકાશિત કરવામાં આવતી. આ પત્રમાં પ્રકાશિત તેમજ કેટલીક અપ્રગટ માહિતી એકત્રિત કરી કેશવલાલ હરિવિઠ્ઠલદાસે સને ૧૮૮૯માં પુસ્તક રૂપે પ્રકાશિત કરી. તે પુસ્તકમાં આપેલી માહિતી સંભવતઃ અન્યત્ર પ્રકાશિત થયેલી જોવા મળી નથી. તેથી આ પુસ્તકમાં આપેલી માહિતી તથા સવાસો વર્ષ પૂર્વેની ગુજરાતી ભાષા રસપ્રદ હોઈ યથાતથ પ્રસ્તુત છે.

**પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, એમ.એ., બેરીસ્ટર એટ લો**

*જન્મભૂમિ : માંડવી, કચ્છ*

*જન્મ : ઈ.સ. ૧૮૫૭*

*જ્ઞાતિ : ભણશાલી*

તેઓ પોતાની જન્મભૂમિમાં ગુજરાતી મૂળાક્ષરથી અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કરી તથા તે સાથે સંસ્કૃતનું પણ સારી રીતે અધ્યયન કરી સને ૧૮૭૩માં મુંબઈ આવ્યા હતા. તેઓએ પોતાની બુધ્ધિ તથા ઉદ્યોગથી સંસ્કૃત ભાષાનું એવું તો સરસ રીતે અધ્યયન કર્યું હતું કે તેમાં તેમને પંડિતની પદવી મળી હતી. ૧૮૭૪માં તેમણે સંસ્કૃત ભાષાના બે પુસ્તકોનો ગુજરાતીમાં તરજુમો કર્યો હતો. સને ૧૮૭૭ના એપ્રિલ માસમાં તેમણે નાસિકના રહેવાસીઓ તથા શાસ્ત્રીઓ સમક્ષ સાંસારિક તથા ધાર્મિક સુધારા પર સંસ્કૃત ભાષામાં જે ભાષણ કર્યા હતા, તે એટલા તો પ્રિય થઈ પડ્યા હતાં કે તે વખતના નાસિકના જોઈન્ટ સેશન્સ જજ રાવ બહાદુર ગોપાલરાવ હરિ દેશમુખ તથા બીજા ગૃહસ્થોએ તેમને એક માનપત્ર આપ્યું હતું. એ જ વર્ષમાં તેઓએ પુના, અમદાવાદ, ભરૂચ, અલીબાગ, કાશી, લાહોર, અમૃતસર, ભુજ અને માંડવી વગેરે શહેરોમાં સંસ્કૃત ભાષામાં ભાષણો કર્યા હતા. જેથી તેમને તે વખતે જુદે જુદે સ્થળેથી પ્રતિષ્ઠિત ગૃહસ્થો તરફથી માનપત્રો મળ્યા હતા.

પ્રોફેસર સર મોનિયર વિલિયમ્સ સને ૧૮૭૬માં જ્યારે હિંદમાં હતા તે વખતે તેઓની સંસ્કૃત ભાષામાં પ્રવીણતા જોઈ તેમને ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં સંસ્કૃત ભાષામાં પોતાના આસિસ્ટન્ટ તરીકે રાખવા કબૂલ કરેલું હોવાથી પંડિત શ્યામજી આ દેશનાં અનેક વિઘ્નો તથા બંધનો છતાં સને ૧૮૭૯માં વિલાયત ગયા. તેઓ ઈંગ્લેન્ડ પહોંચ્યા પછી ઑક્સફર્ડની નામાંકિત બેલીઅલ કોલેજમાં આસિસ્ટન્ટ સંસ્કૃત પ્રોફેસર તરીકે નિમાયા. ત્યાં પોતાના આ હોદ્દા ઉપરાંત આર્ટસની ડિગ્રી લેવા માટે અંગ્રેજી ભાષાનું અધ્યયન કરવાનું ચાલુ રાખ્યું હતું તથા લેટીન ભાષા જે તેઓ ઈંગ્લેન્ડ ગયા તે વખતે બિલકુલ જાણતા ન હતા, તે બાર મહિનામાં શીખી જઈ પહેલી પરીક્ષા ઘણી સારી રીતે પાસ કરી. ત્યારબાદ વળી લેટીન, ગ્રીક તથા બીજી ભાષાઓનો વધુ અભ્યાસ કરી અને ન્યાયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર તથા અંગ્રેજ લોકોનું ગ્રીક ભાષામાં અસલ લખાયેલું બાઈબલ વગેરે શાસ્ત્રો શીખી બીજી પરીક્ષાઓ પાસ કરી. બેલીઅલ કોલેજના અધ્યાપક તથા ફેલોએ તેમની સંસ્કૃત, મરાઠી અને ગુજરાતી ભાષામાં ભાષણકર્તા તરીકે જે નિમણૂક કરી હતી, તેમાં તેમણે સારો એવો યશ મેળવ્યો હતો. કારણકે તેઓ મૂળથી જ સંસ્કૃતમાં પ્રવીણ હતા. સને ૧૮૮૧માં પૂર્વદેશની વિદ્યાના પંડિતોની બર્લિન મધ્યે જે કોંગ્રેસ મળી હતી તેમાં નેટીવ ઈન્ડિયન ડેલીગેટ તરીકે હિંદના સેક્રેટરીએ તેઓની નિમણૂક કરી હતી. તેમણે આ કોંગ્રેસની એક બેઠકમાં 'સંસ્કૃત હિંદભૂમિમાં એક વખતે જીવતી ભાષા હતી' એ વિષય પર અંગ્રેજીમાં એક નિબંધ વાંચ્યો હતો, જે નિબંધ કોંગ્રેસ મધ્યે ડેલીગેટોને ખૂબ જ પ્રિય થઈ પડ્યો હતો. જેઓએ તે કોંગ્રેસના રીપોર્ટમાં છપાવી પ્રસિધ્ધ કરેલો છે. આદિ વર્ષના છેલ્લા માસમાં ઈંગ્લેન્ડના પ્રખ્યાત રાજદ્વારી મિ. ગ્લાડસ્ટને પંડિત શ્યામજીને પોતાના હાવર્ડન કેસ્ટલ મધ્યેના રહેઠાણમાં બોલાવી તેમની મુલાકાત લીધી હતી. ત્યાંની પ્રખ્યાત એમ્પાયર ક્લબમાં ઑનરરી મેમ્બર તરીકે તેઓએ સારૂં માન મેળવ્યું હતું. જે ક્લબમાં લોર્ડ ડફરીનને હિંદના વાઈસરોય પદવી મળ્યા પહેલાં આમંત્રણ મળેલ હતું અને તે વખતે પંડિત શ્યામજી સાથે લોર્ડ ડફરીનની મુલાકાત પણ થઈ હતી. ૧૮૮૨માં પંડિત શ્યામજીએ બેલીઅલ કોલેજમાં બી.એ.ની ડિગ્રી મેળવી હતી જે કૉલેજના મિ. ઈલ્બર્ટ, પ્રોફેસર વર્ડસવર્થ વગેરે મેમ્બરો છે. સને ૧૮૮૩માં જ્યારે ઑક્સફર્ડમાં એક્ઝિબીશન થયું હતું તે વખતે પંડિત શ્યામજીની લોર્ડ નોર્થબ્રુકે પાટવી કુંવર નામદાર પ્રિન્સ ઑફ વેલ્સ સાથે ઓળખાણ કરાવી હતી. એજ વર્ષના સપ્ટેમ્બર માસમાં લંડનની ઓરીએન્ટલ કોંગ્રેસમાં હિંદ ખાતાના સેક્રેટરી ઑફ સ્ટેટે તેઓને હિંદ તરફના એક પ્રતિનિધિ તરીકે મોકલ્યા હતા. આ ઉપરથી જણાશે કે પૂર્વ દેશની વિદ્યાના પંડિતોની કોંગ્રેસોમાં જો કોઈપણ દેશી પંડિતને સ્ટેટ સેક્રેટરીએ બે વખત મોકલ્યો હોય તો તે પંડિત શ્યામજી છે. લંડનની કોંગ્રેસમાં તેમણે 'પ્રાચીન હિંદમાં લખવાનો ઉપયોગ' એ વિષય પર અંગ્રેજીમાં એક નિબંધ વાંચ્યો હતો. જે

*મૌન રહીને કરેલી સેવાનું નક્કર પરિણામ આવે છે.*

કોંગ્રેસ મધ્યેના ભિન્ન ભિન્ન દેશના ડેલીગેટોએ લક્ષપૂર્વક શ્રવણ કર્યો હતો. અને તે પોતાના સંગ્રહમાં છપાવી પ્રસિધ્ધ કરેલો છે. ૧૮૮૩ના નવેમ્બર માસમાં મુંબઈના આગલા ગવર્નર સર બાર્ટલ ફિયરની દરખાસ્તથી તેઓ ઇંગ્લેન્ડની રોયલ એશિયાટિક સોસાયટીના મેમ્બર થયા હતા. તેઓ ૧૮૮૪માં ત્રણ મહિનાની રજા પર ડૉ. મોનિયર વિલિયમ્સ સાથે આ દેશમાં પાછા ફર્યા હતા અને કલકત્તા જઈ નામદાર લોકપ્રિય વાઈસરોય લૉર્ડ રીપન પાસેથી હિંદના વતનીઓને ઈંગ્લેન્ડમાં જવાનું સુલભ કરી આપવા તથા સ્કોલરશીપ આપીને પણ ત્યાં મોકલવા માટેનું સેંકશન મેળવ્યું હતું. આ દેશમાં આશરે બે મહિના રહી પંડિત શ્યામજી પોતાની પત્ની સાથે ઇંગ્લેન્ડ ગયા હતા. જે વખત મિ. ગ્લાડસ્ટને તેમને પુનઃ પોતાના હાવર્ડન કેસ્ટલ મધ્યેના રહેઠાણમાં આમંત્રણ આપ્યું હતું. જ્યાં તેઓ પોતાના પત્ની સહ ગયા હતા. નવેમ્બર ૧૮૮૪માં તેઓ બારીસ્ટરની પરીક્ષામાં પસાર થયા હતા અને ૧૮૮૫ના પ્રારંભમાં જે સ્ટીમરમાં લોર્ડ રેન્ડોલ્ફ ચર્ચિલ હતા તે સ્ટીમરમાં પોતાના પત્ની સહ પાછા ફર્યા હતા. તેઓને અત્રે આવ્યા પછી રતલામના દીવાનની પદવી મળી હતી. જે માટે દેશી તેમજ અંગ્રેજી વર્તમાનપત્રોએ એકસરખી પ્રશંસા કરી હતી. વળી ભુજ તથા માંડવીના રહેવાસીઓ તરફથી તેમને માનપત્રો આપવામાં આવ્યા હતા. જેમાં એક લાયક નરની લાયક સ્તુતિ કરવામાં આવી છે. તેઓનાં પત્ની પણ ગુજરાતી, અંગ્રેજી અને હિંદી ભાષાનું સારું જ્ઞાન ધરાવે છે. જેઓ અત્રેના પ્રતિષ્ઠિત ગૃહસ્થ મિ. છબીલદાસ લલ્લુભાઈનાં પુત્રી થાય છે. લોર્ડ ડફીન પોતાના પત્ની લેડી ડફીન સાથે સને ૧૮૮૫માં મધ્ય હિંદુસ્તાનના પ્રવાસે નીકળ્યા હતા. તે વખતે ઇંદોર મધ્યે લેડી ડફીને નામદાર હોલ્કરની મહારાણીની મુલાકાત લીધી. તે પ્રસંગે હોલ્કરના મહારાણીએ અંગ્રેજીમાંથી હિંદી ભાષામાં સમજાવવા માટે પંડિત શ્યામજીના પત્નીને બોલાવવામાં આવ્યા હતા. દેશીઓમાં ઑક્સફર્ડ યુનિવર્સિટીની એમ.એ.ની ડિગ્રી હાલ સુધીમાં પંડિત શ્યામજી સિવાય કોઈ પણ દેશીએ મેળવેલી લાગતી નથી. તેઓએ યુરોપ મધ્યે ફ્રાંસ, જર્મની, બેલ્જિયમ, ઇટાલી અને ઓસ્ટ્રિયા વગેરે જાણીતા દેશોની મુસાફરી કરેલી છે. રતલામના રાજ્યમાં તેઓને દીવાનપદ મળ્યું હતું અને તેઓએ રાજા પ્રજાના લાભો માટે બનતું કરી પોતાની ખુશીથી આ નોકરી છોડી હતી. અને ત્યાંના મહારાજાએ તેમની નોકરીની કદર પિછાણી સારું ઈનામ આપ્યું છે.

તેઓ સદ્‌ગુણી તથા પ્રજાપ્રિય કાર્યો કરવાના ઉત્તમ ગુણોવાળા તથા માયાળુ થઈ બહુ પ્રતિષ્ઠિત થયા છે.

*બી-૧, આરોહી એપાર્ટમેન્ટ,*
*ન્યુયોર્ક ટ્રેડ સેન્ટર પાછળ, થલતેજ, અમદાવાદ-૫૪.*

## એ મારગ આજે પણ રાહ જુએ છે

આસારામે તેના આશ્રમોમાં પોતાની ઉપર બળાત્કાર કર્યો છે, એવી ફરિયાદ કેટલીક મહિલાઓએ કરતાં, પોલીસે ૭૨ વર્ષના એ આરોપીની ધરપકડ કરી અને હાલ તેની ઉપર કોર્ટમાં ખટલા ચાલી રહ્યા છે, તેની વિગતો છાપામાં અને ટી.વી. પર ધમધોકાર આવી રહી છે. હવે શું થશે તેની અટકળો ચાલી રહી છે. તેમાં મને એક અટકળ એવી થાય છે કે –

ધારો કે અદાલતમાં આસારામ એવું કહે કે, 'હા, મેં ફરિયાદી સ્ત્રીઓ સાથે દેહસંબંધ બાંધ્યો છે. એટલું જ નહીં, પણ બીજી અનેક બાઈઓ સાથે ભોગ ભોગવ્યા છે. પણ તેમાં ખાસ બાબત એ છે કે એ બધી સ્ત્રીઓ મારાથી આકર્ષાઈને સામે ચાલીને મારી સાથે દેહસંબંધ બાંધવા આવેલી હતી. અત્યારે ફરિયાદ કરનારી સ્ત્રીઓ પણ સ્વેચ્છાએ મારી પાસે આવેલી. પણ પછી મારી પાસેથી પૈસા કઢાવવા માટે તેમણે પોલીસમાં ફરિયાદ કરી છે.'

આસારામને જ્યાં કેદ રાખવામાં આવે છે અને જ્યાં તેની પર ખટલા ચાલે છે તે સ્થળોએ તેનાં હજારો ભક્ત-ભક્તાણીઓ રોજેરોજ દોડધામ કરે છે અને પોલીસનાં ધાડાંને હંફાવે છે. તે જોતાં, આસારામનો આવો દાવો વજૂદ વિનાનો નહીં લાગે. બલકે, આસારામ જેવા હજારો સાધુ-બાવાઓ આપણાં શહેરોમાં ને ગામડેગામડે પેધા પડેલા છે, તેનું સ્મરણ આપણને કરાવશે. અનેક પ્રકારે પોતાનું શોષણ એ ધુતારાઓ પાસે રાજીખુશીથી કરાવનારા એમના કરોડો આંધળા ભક્તોનું રક્ષણ પોલીસ કે કોર્ટો ક્યાંથી કરી શકવાની હતી?

એવી જ રીતે, મતદારોને ગુમરાહ કરીને જંગી બહુમતીથી સત્તાસ્થાને ચૂંટાઈ આવનારા રાજકારણીઓ સામે કાયદો આપણને કેવી રીતે રક્ષણ આપી શકવાનો હતો? કારણકે કાયદા તો એમણે જ ઘડેલા હશે! આવી વિચારણા જેમને થતી હોય તેમની પાસે બબલભાઈ મહેતાએ દાયકાઓ પહેલાં 'મારું ગામડું' પુસ્તકમાં કરેલી વાત મૂકવા જેવી છે.

ગરીબોની સેવા કરવા કાજે ગામડે જઈને એમની વચ્ચે વસનારા બબલભાઈએ જોયું કે ગ્રામજનો પોતાનું શોષણ રાજીખુશીથી થવા દે છે. "પીડાઈ રહેલો ખેડૂત પણ સમાજની કુટેવોને પોષે એવા ગોરને બાર મહિને બે-ત્રણ લાખ રૂપિયા આપશે. ભવૈયાના હલકા ચેનચાળા જોઈને રૂપિયો ફેંકી દેશે. ભૂવા-બાવા પાછળ બે રૂપિયા ખરચશે, તો ચા-હુક્કા પાછળ પાંચ-સાત રૂપિયા ખરચશે, અફીણ - દારૂ પાછળ પંદર-વીસ ખરચશે, અને આવા જ નકામા ખરચ કરશે — અને તે પણ ધરમને નામે. એ તો ધરમ નહીં પણ અધર્મ છે. પરંતુ, પ્રજા તો એને ધર્મ માને છે. આ વિકૃતિ થવાનું કારણ એ છે કે સાચો ધર્મ સમજાવનારા એમની પાસે પહોંચ્યા નથી. એટલે આજે તો ગામડે ગામડે ધરમને નામે ઘર ઘાલી બેઠેલા વહેમો સામે જેહાદ ચલાવી પ્રજાને સાચા ધરમને ચીલે ચડાવનારની જરૂર છે."

બબલભાઈએ પોણોસો એક વરસ પહેલાં ચીંધેલો મારગ આજે પણ રાહ જુએ છે. આપણને જરૂર છે, આસારામો તથા ધુતારા રાજકારણીઓના ફાંદામાંથી બહાર કાઢનારા વિચારપૂર્વક જીવન જીવનારા નવજુવાનોની.

*– શ્રી મહેન્દ્ર મેઘાણી*
*(સૌજન્ય : ભૂમિપુત્ર)*



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : મગનકાકા વારો છોરો ચતુર, સજો ડીં પંઢજે હથજા નોં ખાઈંધો વો. અનકે ઇ ટેવ ભૂલાયેલા કરે મગનકાકા બાબા રામદેવજે કોઈક પ્રોગ્રામમેં ભારી ફી ભરેને હલાયાં વાં. પંદરો ડીં મેં અનજી ટેવ છૂટે વેંધી ઇ ચ્યાંતે. સે જરા તપાસ કરતા ચતુરજી ટેવમેં સુધારો થ્યો ક ન?

બચુડો : (તપાસ કે નેં ચે) અધા... મગનકાકા તા મથો કુટીંયે તાં ને ચેંતા ફી ભરેને હલાયો ત ખરો. પંઢજી ટેવ ત ન ભૂલ્યો પણ હણેતા પગજો ગુલીંટો વારેને નળીમેં પગ ભરાયને પગજા નોં પણ ખાઈંધે સખે વ્યો આય!

## ખિલજા મ ભલા

પ્રેમજીત : અરે, મનજીત આ કબૂતરનું પાંજરું લઈને ૨૩મા માળે અગાસી પર જઈને શું કરવા માગે છે?

મનજીત : અહિંસક શિકાર.

પ્રેમજીત : પણ એ કઈ રીતે કરીશ?

મનજીત : પાંજરામાંથી કબૂતર કાઢીને નીચે ફેંકીશ!!

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : (પાનના ગલ્લા પર જઈને) એક ટેલિફોન બીડીનું બંડલ આપો.

પાનવાળો : અલ્યા આટલો નાનો છે ને બીડી પીવે છે?

ચીન્ટુ : હું તો મોટો છું... બીડીનું બંડલ મારા નાના ભાઈ માટે છે. મારા માટે તો ૫૫૫નું પેકેટ લેવાનો છું.

☺ ☺ ☺ ☺ ☺

મહેશ : આરતી, આવા વરસાદમાં ઠેરઠેર પાણી ભરાયેલા છે ત્યારે તે આવીને મારો હાથ પકડી ખેંચ્યો અને થોડે દૂર લઈ પછી હાથ છોડી ભાગી ગઈ. મારી મજા મરી ગઈ.

આરતી : ડોબા, આ તો આગળ ગટરનું ઢાંકણું ખુલ્લું હતું ને તને ભાન નહોતું એટલે થયું, લાવ આને બચાવી લઉં. બાકી ખોટા ખ્યાલોમાં રહેતો નહીં.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : તને અચાનક દસ લાખ રૂપિયા મળી જાય તો શું કરે?

ચીન્ટુ : હું તો ખુશીથી ગાંડો થઈ જાઉં ને પછી સ્માર્ટ મનોચિકિત્સક પાસે આખી જિંદગી સારવાર કરાવું.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : આજે તો રેશમી લૂંગી પહેરીને પલંગ પર સૂતા હતા અને પછી કેમ એકદમ ગભરાઈને ઊભા થઈ ગયા... પસીનો વળી ગયો છે ને...?

પતિ : આમ તો મને કાંઈ થયું નથી. પણ આ તો અચાનક મને પગ પાસે વાંદો દેખાયો. પણ હવે તે ક્યાંય દેખાતો નથી.

☺ ☺ ☺ ☺ ☺

કેરિયર કાઉન્સિલર : (વિદ્યાર્થીઓને) આવનારા દસ વર્ષ પછી શિક્ષકની કમાણી દસ લાખ હશે, ડૉક્ટરની કમાણી ૫૦ લાખ હશે, એન્જિનિયરની કમાણી ૭૦ લાખ હશે અને આઈ.એ.એસ. ઓફિસરની કમાણી બે કરોડ હશે. પણ સંન્યાસી ૨૦૦૦ કરોડનો માલિક હશે.

વિદ્યાર્થીઓ : પણ આમાં કંઈ સમજ ન પડી.

કેરિયર કાઉન્સિલર : સમજો, વિચારો અને પછી યોગ્ય કેરિયર પસંદ કરો.

☺ ☺ ☺ ☺ ☺

નિખિલ : દોસ્ત બંકીમ, તારો ઈન્ટરવ્યૂ કેવો રહ્યો?

બંકીમ : આમ તો સારો રહ્યો પણ છેલ્લે ગુજરાતીમાં એક વાક્ય કહ્યું અને કહ્યું કે આનો હિંદીમાં અનુવાદ કરો.

નિખિલ : વાક્ય કયું હતું?

બંકીમ : મારી પાસે મોકલ્યો નથી - મોકલ્યો હોત તો સારું થાત.

*(વાચકોએ જાતે હિંદી વાક્ય બનાવી, વાંચી લેવું.)*

☺ ☺ ☺ ☺ ☺

કેમિસ્ટ્રી પ્રોફેસર : બોલો જોઈએ, ટંગસ્ટન, આયોડિન અને આયર્ન માંથી કયો એક્સ્પ્લોઝીવ પદાર્થ બને?

આદિત્ય : Wife

પ્રોફેસર : સમજ ન પડી.

આદિત્ય : W + I + Fe

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

neelam
STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
**Tel. : 022-2242 0227 / 7128, 32428386**
**E-mail : neelamsteel@yahoo.com**

## બાલુડેં જચ્યું ગાલિચું

### THE OAK TREE AND THE REEDS

An oak tree grew near a river.

"How big and strong I am!" said the Oak tree. "I can stand up in a storm, and I do not blend."

Near the Oak tree grew some reeds. They looked like tall grass.

"Poor things!" said the oak to the reeds. "How weak you are! You bend if there is any wind at all. When a storm comes it will blow you down. But I shall stand up in the storm."

Then a storm came. It blew the oak tree, but the oak tree did not bend. It stood up in the storm.

"The storm cannot bend me," it said.

The storm blew harder, and at last the oak tree was blown over and clashed to the ground.

But the reeds bent over when the storm blew, and so the storm did them no harm. When the storm was over they stood up again. It was a good thing for them that they could bend.

### નિવૃત્તિમાં પ્રવૃત્તિ

(અનુસંધાન : પાના નં.-૭૦ ઉપરથી ચાલુ)

*મસ્ત બની જીવન જીવ્યો છું, સુસ્તીમાં ક્યાં સબડ્યો છું?*
*ચઢ્યો હતો હું ઊંચા શિખરે, ગર્તામાં ક્યાં ગબડ્યો છું?*
*શાંતિ ધરી હૈયે સદાયે, કોક સાથે ક્યાં ઝઘડ્યો છું?*
*કષ્ટ સહુ ધીરજ ધરીને, કોઈને ક્યાં હું કનડું છું?*
*મસ્ત રહું જીવન સંધ્યાએ, એથી જ મનડાને તગડું છું.*
*ચિત્ત વૃત્તિને સ્થિર કરવા, કૈંક અગમને હું પકડું છું.*

ઈન્દ્રિયોના આગ્રહ ઓછા થાય, મનની વ્યગ્રતા ઘટે અને ચિત્તની એકાગ્રતા વધે તો જીવનની સંધ્યા ખીલશે અને રાત્રિની ઘોર નિદ્રા શાશ્વત શાંતિ બની રહેશે.

આમ સ્મરણ સાથે જીવનમાં હવે પછીના વર્ષો વિતાવી શકાય એવા ઈશ્વરના આશીર્વાદ ફળે અને સૌની શુભકામના હવે પછીના જીવનમાં સત્કર્મ કરવા મળે એવી પ્રભુ પ્રાર્થના...

આજે "નિવૃત્તિમાં પ્રવૃત્તિ" શીર્ષક હેઠળ દાદાજીના દૃષ્ટાંત થકી વૃધ્ધ જીવનની વાસ્તવિક્તા રજૂ કરતાં આનંદની લાગણી થાય છે. ■

## તમારા કામ દ્વારા ટીકાકારોના મોઢાં બંધ કરી દો

**પ્રથમ કહાની :** મહારાષ્ટ્રના સિંધુ દુર્ગમાં ફણસ પાંચ કે છ રૂપિયે કિલો વેચાતું હતું. ઘણી વખત તો સીઝન દરમ્યાન ખેડૂતોને એમ જ ફેંકી દેવું પડતું. આવામાં લ્યુપીન કંપનાના હ્યુમન વેલફેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશને ખેડૂતોની મદદ કરી. તેણે ફણસનું અથાણું, લાડુ અને ચોકલેટ બનાવતાં શીખવાડ્યું. શરૂઆતમાં તો મહિલાઓ તૈયાર થઈ નહીં પરંતુ ધીમે ધીમે તેમને ફાયદો દેખાવા માંડ્યો. થોડાંક વર્ષોમાં જ ભગવાન ગણેશને ધરવા માટે ફણસના મોદક (લાડુ) સૌથી વધુ મનપસંદ પ્રોડક્ટ બની ગયા. તેનાં બે કારણો હતા : એક તો તે આખું વર્ષ ખરાબ થતા ન હતા અને બીજું તેમાં પ્રોટીન - કેલ્શિયમ ખૂબ જ મળતું હતું. આવી જ રીતે રાજસ્થાનના ભરતપુરના ભુસાવર કસબામાં કેરી, લીલાં મરચા, કોબીજ, કારેલા વગેરેનું અથાણું બનાવતા ૨૫ જેટલાં એકમો ચાલી રહ્યાં છે. અહીંથી સમગ્ર દેશમાં તૈયાર પ્રોડક્ટ મોકલવામાં આવે છે.

**બીજી કહાની :** તેમણે તાજેતરમાં જ ૨૦ હજાર વિદ્યાર્થીઓને યોગા શીખવાડીને વિશ્વવિક્રમ સ્થાપવાનો પ્રયાસ કર્યો છે. તામિલનાડુના કોઈમ્બતુરમાં તેમનો યોગા કેમ્પ છે. તેમના વિદ્યાર્થીઓ ૬ થી ૬૦ વર્ષની ઉંમરના લોકો છે. આ મધ્યમવર્ગની મહિલાએ પહેલાં યુવાનો અને માતાઓને ટ્રેનિંગ આપી હતી. પોતે પણ ૯ વારની લાંબી સાડી પહેરીને ટ્રેનિંગ આપતા હતા. લોકો તેમની મજાક ઉડાવતા હતા. પરંતુ તેમણે કોઈની ચિંતા કરી નહીં. એક કુશળ જિમ્નાસ્ટની જેમ તેઓ જ્યારે પોતાના શરીરને રબરની જેમ વાળી દેતાં ત્યારે લોકોની આંખ પહોળી રહી જતી. તેઓ સૌથી મુશ્કેલ મયુરાસન પણ સરળતાથી કરી જાણે છે. તમે કહેશો કે એક યોગ શિક્ષક માટે ક્યાં મોટી વાત છે? તેમને માટે તો છે, કેમક તેમની ઉંમર ૯૩ વર્ષની છે. દુનિયામાં કદાચ તેઓ સૌથી મોટી ઉંમરના યોગશિક્ષક છે. તેમનું નામ છે વી. નાનમ્મલ. આજે તેઓ પરદાદી બની ચૂક્યા છે, પરંતુ તેમના નખમાં પણ રોગ નથી.

**ત્રીજી કહાની :** અમેરિકામાં કર્નલ જ્યોર્જ વોશિંગ્ટન ગોએથલ્સની ઘણી ટીકા કરવામાં આવી. જ્યારે તેમણે પનામા નહેરનું નિર્માણ કાર્ય હાથમાં લીધું. હવામાન અને ભૌગોલિક પરિસ્થિતિ બંને ખરાબ હતી. અનેક મજૂરો બીમાર પડ્યા, કેટલાક અધવચ્ચે જ કામ છોડીને ભાગી ગયા. તેમ છતાં તેમનો ઈરાદો પાકો હતો. આ દરમ્યાન તેમને પૂછવામાં આવતું કે તેઓ પોતાના ટીકાકારોને જવાબ કેમ નથી આપતા? તેઓ કહેતા, જરૂર આપીશ, સમય આવશે ત્યારે. ૧૫મી ઓગસ્ટ, ૧૯૧૪ના રોજ પનામા નહેર બનીને તૈયાર થઈ ગઈ. તેના ટીકાકારોનાં મોઢાં આપમેળે જ બંધ થઈ ગયા.

***ફંડા એ છે કે** : તમારા કામથી સમાજને જવાબ આપો. ખાસ કરીને ત્યારે, જ્યારે કોઈ નવી પહેલ માટે તમારી સામે સવાલ ઊભા કરવામાં આવતા હોય, તમારી ટીકા કરવામાં આવતી હોય.*

***- એન. રઘુરામન***

*બીજાની ટીકા કરવાથી પોતાને જ નુકસાન થાય છે.*

માહિતી

# ગુજરાતના યુવાનોએ સ્ટાફ સિલેક્શન (SSC) જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પણ આપવી જોઈએ

• ભીમજી નાકરાણી •

**ભારત સરકારના કસ્ટમ, એક્સાઇઝ, સી.બી.આઈ. (CBI), ઓડિટ, ઇન્કમટેક્ષ જેવા ડિપાર્ટમેન્ટમાં ઇન્સ્પેક્ટર અને ઓફિસરની ઉજ્જવળ કારકિર્દી તમામ ગ્રેજ્યુએટ માટે સારી છે.**

હમણાંથી ગુજરાતભરમાં અંડર ગ્રેજ્યુએટ અને ગ્રેજ્યુએટ યુવાનોમાં IAS/IPS થવાનો ઉમંગ વધુ પડતો દેખાય છે. તો GPSC દ્વારા ગુજરાત સરકારની નોકરી માટે પણ અજાણ્યો ઉત્સાહ દેખાય છે. હમણાથી દરરોજ આવા પ્રકારની પરીક્ષાઓની તૈયારી કરાવનારા એકાદ બે તાલીમ વર્ગોની જાહેર ખબર દૈનિક પત્રોના બીજા પાને દેખાયા કરે છે. છેલ્લા ૩ વર્ષમાં દરેક જિલ્લા મથકે અને મોટા શહેરોમાં જુદા જુદા દાવા સાથે, તગડી ફી લઈ સ્વપ્નાઓ વેચનારાઓનો રાફડો ફાટ્યો છે. તો એટલા જ પ્રમાણમાં આ વિષયના વિવિધ સામાયિકો પણ બજારમાં આવી રહ્યા છે. એકલા ગાંધીનગરમાં ૧૨ થી ૧૩ ટ્રેનિંગ સેન્ટરો ચાલે છે.

કેટલાક તાજા મામલતદાર કે સચિવાલયમાં કર્મચારી બનેલા લોકોએ પોતાના ઘરમાંયે ક્લાસીસ/એકેડેમી/ટ્રેનિંગ સેન્ટર ખોલી દીધા છે અને આ બધી સમજણ વગરની અવેરનેસને કારણે કેટલાક પ્રકાશકો ઉપરના ટાઈટલો બદલી ઢગલાબંધ પસ્તી સાહિત્ય વેચી રહ્યા છે. જેના ઉપર લખ્યું હોય છે : "IAS, IPS, UPSC/GPSC/PSI/સેક્શન ઓફિસરની પરીક્ષા માટે ઉપયોગી સામાન્યજ્ઞાન (જનરલ નોલેજ)" વગેરે. આજે તો જ્ઞાતિ-જાતિ, લાયન્સ ક્લબ જેવી અનેક સંસ્થાઓ અને પ્રોફેશનલ પ્રકારના વર્ગસંચાલકો રૂ. ૨૦ હજારથી માંડી રૂ. ૩ લાખ સુધીની ફી લઈ IAS/UPSC/GPSC ની તૈયારી કરાવવા માટે ઉટપટાંગ પ્રયોગો કરી રહ્યા છે. પરિણામ ગુજરાતના લાખો યુવાનો અધિકારી બનવાના રૂડા સ્વપ્ન આંખમાં આંજી, આંખો બંધ કરી, કોઈપણ સમજણ વિના, પૂરતા પ્રાથમિક જ્ઞાન વિના આ વર્ગોમાં જોડાઈ રહ્યા છે.

GPSC દ્વારા છેલ્લા દોઢ વર્ષમાં કોઈ પરીક્ષાની જાહેરાત થઈ નથી પરંતુ તમામ પ્રકારના તાલીમ વર્ગોએ તગડી 'ફી' મેળવવાના લોભે તૈયારીઓ શરૂ કરાવી દીધી છે. કેટલાકે તો F.Y. થી તૈયારી કરો. "રૂપિયા દોઢ લાખ ભરી આજીવન તૈયારી કરો" ની જાહેરાત આપીને આ ક્ષેત્રે દિશાહીન વાલીઓ અને વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરતા હોય તેવો ઘાટ થઈ રહ્યો છે. ગુજરાતમાં અને ખાસ સૌરાષ્ટ્રભરમાં ધો-૧૧, ૧૨ ની સાયન્સ શાળાઓનો ઘસારો થયો છે. રૂ. ૨ થી ૨.૫ લાખ બે વર્ષના લેવામાં આવે છે. છતાં JEE જેવી પરીક્ષામાં કોઈ પરિણામ લાવી શકતા નથી. રાજકોટ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર જિલ્લામાં આવી સાયન્સ સ્કૂલોનો આંકડો યાદ રાખવો અઘરો છે. પરિણામ ખબર નથી. આવી જ સ્થિતિ સ્પર્ધાત્મક પરીક્ષાના ક્ષેત્રે થઈ રહી છે. ગાડરિયો પ્રવાહ દિશાવિહીન બની નીકળી પડ્યો છે. કોઈની પાસે સાચી દિશા કે જ્ઞાન નથી.

દરેક જણ "સ્પીપા ફેકલ્ટી' લખે છે. સ્પીપા ફેકલ્ટી છે શું? અધિકારી બનાવી દેતી કોઈ જાદુઈ લાકડી છે? લોકોને, વિદ્યાર્થીઓને ઉલ્લુ બનાવવા માટેની તરકીબો છે. IAS/IPS/GPSC આ સિવાય અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ ભારત સરકાર અને અન્ય રાજ્યો લે છે. જેના દ્વારા ખૂબ સારી કારકિર્દી બનાવી શકાય છે. આપણા શિક્ષકો, પ્રાધ્યાપકો, વાલીઓ, સામાજિક સંસ્થાઓ, કોલેજો, શિક્ષક સંકુલોના સંચાલકો કે વિદ્યાર્થીઓ આ તમામ પરીક્ષાઓ કે કારકિર્દીથી સંપૂર્ણ અજાણ છે. વાંચનનો અભાવ, સરકારની બેદરકારી, શિક્ષકોની ઉપેક્ષાને કારણે આજના યુવાનો જિંદગીમાં આવા અનેક ક્ષેત્રથી અજાણ્યા રહે છે. આ કારણે અધકચરા જ્ઞાન અને અધૂરી જાણકારીને લીધે ગમે ત્યાં, ગમે તે રીતે ફસાય છે. સમય અને પૈસા બગાડી ડિપ્રેશનમાં આવે છે. તેમને ખબર જ નથી કે સાચું માર્ગદર્શન પછી જ કારકિર્દી પસંદ કરવી જોઈએ. દેખાદેખી ચાલે નહીં, બધા જ IAS/GPSC/C.A./C.S. તરફ જાય છે, તો આપણે પણ જવું તેમ માને છે. પરંતુ આમ કરવાને બદલે કારકિર્દીના અનેક ક્ષેત્રની જાણકારી મેળવી નવા ક્ષેત્રમાં જવાની જરૂર છે. આ ક્ષેત્રે જાગૃતિ માટે લોકસેવા ટ્રસ્ટે ખૂબ પ્રયત્નો કર્યા છે. આ પ્રયત્નો આજેય ચાલુ છે. અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરત, ભાવનગર જેવા કે અન્ય શહેરોમાં પણ GPSC/IAS કે અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ કેન્દ્રો ચલાવનારા સંચાલકો પોતે-ખુદ આવા પ્રકારની એક પણ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા નથી એ તેમની ઓવર એજ થતાં થોડું ઘણું ભણ્યા હોય તે અનુભવે પોતાના ટ્યુશન ક્લાસ ખોલી દે છે અને આપણા યુવાનો 'બાઘા' બની આ ક્ષેત્રનું કોઈ જ્ઞાન નહીં હોવા છતાં આવા વર્ગોમાં જોડાય છે. પરીક્ષા આપે છે, તૈયારી કરે કે, ક્યારેક કોઈ વળી ઉત્તીર્ણ પણ થાય છે પણ ચીલાચાલુ કક્ષા જ હોય છે.

ગુજરાતના યુવાનો સૌથી ઓછી સંખ્યામાં જે પરીક્ષા માટે તૈયારી

*ખોટું કરનાર કરતાં તેને મદદ કરનાર વધુ ખોટો છે.*

કરે છે કે આ પરીક્ષાઓમાં જોડાતા નથી તે છે 'ભારત સરકારની ઉત્તમ કારકિર્દી લક્ષી' સ્ટાફ સિલેક્શન કમિશનની વિવિધ કેટેગરી માટે લેવાતી પરીક્ષાઓ, જે વર્ષમાં એકાદ-બે વખત આવે છે. તૈયારી પણ IAS કરતા થોડી સરળ છે. અહીં આ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે થોડું જાણો, આગળ વધો, પરીક્ષા આપો, તૈયારી કરો અને ભારત સરકારની સન્માનિત સેવાઓમાં જોડાવા માટેનો નિર્ણય કરો.

સ્ટાફ સિલેક્શન કમિશન ભારત સરકાર દ્વારા લેવામાં આવતી કસ્ટમ, એક્સાઈઝ, CBI, ઈન્કમટેક્ષ, ઓડીટ, એકાઉન્ટ વિભાગના ઓફિસર તરીકેની પરીક્ષા આપો, આ પરીક્ષાની પેટર્ન નીચે મુજબ છે. અભ્યાસ કરો, તૈયારી કરો અને પરીક્ષા આપો.

ટાયર (૧) : પ્રિલિમિનરી, પરીક્ષા (૨) : મેઈન્સ, ટાયર (૩) : ઈન્ટરવ્યુ

### ★ ટાયર - ૧ : પ્રિલિમિનરી પરીક્ષા

૨૦૦ પ્રશ્નોના ઓબ્જેક્ટીવ ટાઈપ પ્રશ્નોનાં પ્રશ્નપત્રો હોય છે. A-B-C અંગ્રેજી અથવા હિન્દીમાં હોય છે. ડી.અંગ્રેજી વિષય છે.

| પાર્ટ | વિષય | પ્રશ્નો | |
|---|---|---|---|
| A | જનરલ નોલેજ | ૫૦ | વયમર્યાદા : ૨૦ થી ૨૭ વર્ષ |
| B | જનરલ ઈન્ટેલીજન્સી એન્ડ રીઝનીંગ | ૫૦ | પરીક્ષા કેન્દ્રો : અમદાવાદ, રાજકોટ, સુરત |
| C | ન્યુમેરિકલ એપ્ટિટ્યુડ | ૫૦ | |
| D | ઈંગ્લીશ કોમ્પ્રિહેન્શન | ૫૦ | |
| | કુલ માર્કસ | ૨૦૦ | કુલ ટાઈમ : ૨ કલાક |
| ★ ટાયર ૧ ગેટવે છે, પાસ કર્યા પછી મેઈન્સ માટે તક મળે છે. | | | |

★ બધા જ પ્રશ્નો હેતુલક્ષી, અંગ્રેજીનું મહત્ત્વ પણ છે.

★ પ્રિલિમિનરી ટાયર (૧) અને મેઈન્સ ટાયર (૨) પાસ કર્યા પછી ફિઝિકલ ટેસ્ટ, વોકીંગ, સાઈક્લીંગ વગેરે ઉપરાંત સ્કીલ ટેસ્ટ-ડેટા એન્ટ્રી ટેસ્ટ જરૂરી હોય છે.

★ આ પછી ઈન્ટરવ્યૂ આવે છે.

ગ્રેજ્યુએટ લેવલની મેઈન એક્ઝામ : અહીં પણ જે વર્ષથી આપે સ્નાતક સ્તરની પ્રિલિમિનરી એક્ઝામ પાસ કરી હોય તે જ વર્ષે આપ સ્નાતક સ્તરની મેઈન એક્ઝામ આપી શકો - તે માટે અલગથી અરજી કરવાની/ફી ભરવાની રહેશે. SSC તરફથી પણ જાણ થાય છે.

લેખિત પરીક્ષાનું સ્વરૂપ આ પ્રકારનું રહેશે તેમાં કુલ ૫ (પાંચ) પ્રશ્નપત્રો હશે. પરીક્ષા કેન્દ્ર અમદાવાદ હોય છે.

| પેપરક્રમ | ટેસ્ટનું નામ (OMR કસોટી) | કુલ સમય | માર્ક્સ | પ્રશ્નો |
|---|---|---|---|---|
| ૧ | એરિથમેટિક્સ એબિલિટી (હિન્દી અથવા અંગ્રેજીમાં જવાબો આપી શકાશે | ૨ કલાક | ૨૦૦ | ૧૦૦ |
| ૨ | ઈંગ્લિશ લેંગ્વેજ એન્ડ કોમ્પ્રિહેન્સન (અંગ્રેજી) | ૨ કલાક | ૨૦૦ | ૨૦૦ |
| ૩ | કોમર્સ મેથ્સ સ્ટેટિસ્ટિક્સ-ઈકોનોમિક્સ (હિન્દી અથવા અંગ્રેજીમાં જવાબો આપી શકાય) | ૩ કલાક | ૨૦૦ | ૨૦૦ |

★ બધા પ્રશ્નો OMR પ્રકારનાં એટલે કે હેતુલક્ષી હશે.

★ પેપર નં. ૧ અને ૨ બધા જ ઉમેદવારો માટે ફરજિયાત છે.

★ પેપર નં. ૩ ફક્ત ઈન્વેસ્ટિગેટર્સ/કમ્પાઈલર્સ વિકલ્પ પસંદ કરનાર ઉમેદવાર માટે જ હશે.

*ઉપરવાળાએ આપેલી યોગ્યતાનો દુરૂપયોગ ન કરો.*

**(૨) ઇન્ટરવ્યૂ :**

(એ) પર્સનાલિટી ટેસ્ટ ૧૦૦ માર્ક્સની હશે.

(બી) ડિવિઝનલ એકાઉન્ટન્ટ તથા UDC વગેરે માટે ઇન્ટરવ્યૂ નથી.

**★ શૈક્ષણિક લાયકાત :**

ઇન્વેસ્ટિગેટર્સ/કમ્પાઇલર્સ માટે વાણિજ્ય, આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અર્થશાસ્ત્રની પદવી. અન્ય જગ્યાઓ માટે કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક

**★ વય મર્યાદા :**

૧૮ થી ૨૭/૧૮ થી ૨૬/૨૦ થી ૨૭/૨૦ થી ૨૫ વર્ષ (નિયમ મુજબ છુટછાટ. જાહેરાત ખાસ જોવી : શારીરિક ક્ષમતા અને તેની PET કસોટી (આ કસોટી ક્વોલિફાઇડ નેચરની) છે. કોઈ ગુણાંક નિયત નથી.

**★ શારીરિક ક્ષમતા :**

(A) ઇન્સ્પેક્ટર ઑફ સેન્ટ્રલ એક્સાઈઝ/પ્રિવેન્ટિવ ઑફિસર (પુરુષ ઉમેદવાર માટે)

ઊંચાઈ : ૧૫૭.૫ સેમી

છાતી : ૮૧ સેમી

ફિઝિકલ ટેસ્ટ : વૉકિંગ - ૧૫ મિનિટમાં ૧૬૦૦ મીટર્સ, સાઈકલિંગ - ૩૦ મિનિટમાં ૮ કિલોમિટર્સ

(B) ઇન્સ્પેક્ટર ઑફ સેન્ટ્રલ એક્સાઈઝ/પ્રિવેન્ટિવ ઑફિસર (મહિલા ઉમેદવાર માટે)

ઊંચાઈ : ૧૫૨ સેમી

વજન : ૪૮ કિગ્રા

ફિઝિકલ ટેસ્ટ : વૉકિંગ - ૨૦ મિનિટમાં ૧ કિ.મી., સાઈકલિંગ - ૨૫ મિનિટમાં ૩ કિ.મી.

આ ફિઝિકલ ટેસ્ટ SSCની ભલામણ બાદ સેન્ટ્રલ એક્સાઈઝ ડિપાર્ટમેન્ટ/કસ્ટમ હાઉસ દ્વારા લેવામાં આવશે. આથી ઉમેદવારે આ પોસ્ટ માટેનો વિકલ્પ આપતા પહેલાં જ પોતે આ ધોરણ જાળવે છે કે કેમ તે સુનિશ્ચિત કરી લેવું જોઈએ.

(C) **સબ-ઈન્સ્પેક્ટર ઈન CBI**

ઊંચાઈ (પુરુષ) : ૧૬૫ સેમી

ઊંચાઈ (મહિલા) : ૧૫૦ સેમી

છાતી (ફક્ત પુરુષ ઉમેદવારો માટે) : ૭૬ સેમી

(D) **સબ-ઈન્સ્પેક્ટર ઈન દિલ્હી પોલીસ**

મેઈન એક્ઝામ પાસ કર્યા પછી, પરંતુ પર્સનાલિટી ટેસ્ટ પહેલાં ઉમેદવાર આ શારીરિક ક્ષમતા કસોટી (કે કોઈ એક CPC દ્વારા લેવાશે) માંથી પસાર થવાનું રહેશે.

ઊંચાઈ : ૧૭૦ સેમી

છાતી : ૮૧ થી ૮૬ સેમી.

વજન : ઊંચાઈના પ્રમાણમાં

*જોકે CRPFના ઉમેદવારો માટે*

ઊંચાઈ : ૧૫૭ સેમી

વજન : તેના પ્રમાણમાં

★ **SKILL TEST :** ટેક્ષ આસિસ્ટન્ટ સેન્ટ્રલ એક્સાઈઝ તથા ઈન્કમટેક્ષની જગ્યાઓ માટે થશે. જેના ગુણાંક નથી પણ તે ક્વોલિફાઈડ નેચરનો હોય છે. ૮૦૦૦ શબ્દોની ડેટા એન્ટ્રી સ્પીડ દર કલાકની ટેસ્ટ છે. વધુ વિગતો, કમિશન (SSC) આપે છે. આ પદ્ધતિમાં ફેરફાર આવી શકે છે. અરજી પદ્ધતિ Offline અને Online હોય છે. જે જાહેરાતમાં દર્શાવવામાં આવે છે. *વધુ વિગતો માટે : **www.ssc.nic.in***

***લોકસેવા ફાઉન્ડેશન, ૩, સંગાથ એપાર્ટમેન્ટ***
***૧૮ - એ, સ્વસ્તિક સોસાયટી, એસબીઆઈની પાછળ***
***સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.***




*પોતાની જાતને ન ઓળખો ત્યાં સુધી સફળતા મળે નહીં.*

## એશિયાભરમાં સહકારી ધોરણે ચાલતી એકમાત્ર

# ચરોતર ગેસ સહકારી મંડળી

• કિરણ ચાંપાનેરી 'સેતુ' •

સહકારી પ્રવૃત્તિનો ઉદ્દેશ લોકોને આર્થિક શોષણમાંથી ઉગારી તેના આર્થિક - સામાજિક ઉત્કર્ષનો રહ્યો છે. ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘે અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી માટેનો વિષય 'બદલાતા સમયમાં સહકારી ક્ષેત્ર દ્વારા આર્થિક - સામાજિક પુનરુત્થાન' રાખવામાં આવેલ. સમય-સંજોગ અને સ્થળ પ્રદેશની જરૂરિયાત મુજબ સહકારી સાધનનો આપણે ઉપયોગ કરી આર્થિક ઉપાર્જન, આર્થિક લાભ મેળવતા રહીએ છીએ છે. અમૂલ-આણંદનું સર્જન પણ પશુપાલકો-ખેડૂતોને શોષણમાંથી ઉગારવા અને દૂધના ભાવ મળી રહે તે માટે થયેલ. ઈ.સ. ૧૯૪૬ માં આણંદ પાસેના હાડગુડ અને ગોપાલપુરા ગામેથી શરૂ થયેલ દૂધ સહકારી પ્રવૃત્તિએ શ્વેતક્રાંતિ સર્જી. આજે તો સહકારી ડેરીઓ દ્વારા ઘરે ઘરે દૂધ પહોંચતું થયું છે.

સહકારી પ્રવૃત્તિમાં મહારાષ્ટ્ર અને ગુજરાત આગળ પડતા રાજ્યો લેખાય છે. એમાંય ગુજરાતની વાત કરીએ તો ચરોતર પ્રદેશ સહકારી ક્ષેત્રે અગ્રેસર રહ્યો છે. ચરોતર પ્રદેશના નિષ્ઠાવાન સહકારી આગેવાન શ્રી ત્રિભુવનદાસ કિશીભાઈ પટેલ અને ટેકનોક્રેટ ડૉ. વર્ગિસ કુરિયનના પરિશ્રમથી દેશભરમાં શ્વેતક્રાંતિનું મોજુ આવ્યું. ડેરી સરકારી પ્રવૃત્તિએ અમૂલ-આણંદ અને ચરોતર પ્રદેશને નામના અપાવી. **આજે તો 'ટેસ્ટ ઓફ ઈન્ડિયા' ના નામે 'અમૂલ' એશિયાભરમાં પ્રખ્યાત છે.**

જેમ 'દૂધ સહકારી મંડળી' દ્વારા ઘરે ઘરે દૂધ પહોંચ્યું, તેવી જ રીતે સહકારી ધોરણે, સહકારી મંડળી મારફત ઘરેઘરે રાંધણ ગેસ પહોંચાડવાની પહેલ કરનાર પણ ચરોતર છે. આણંદથી સોજીત્રા જતાં રસ્તામાં ચરોતરના યોગીપુરુષ વિઠ્ઠલભાઈ પટેલનું વિશાળ બાવલું આવે. તેના દર્શન કરી આગળ વધીએ એટલે સહકારી ત્રિવેણી સંગમના દર્શન થાય! તે છે ચરોતર ગેસ સહકારી મંડળી!

ચરોતર પ્રદેશના આણંદ-વલ્લભ વિદ્યાનગરના સહકારી અગ્રણી ચીમનભાઈ પટેલને વિચાર આવ્યો કે ડેરી સહકારી મંડળી દ્વારા જેમ દૂધ ઘરે ઘરે પહોંચ્યું છે. તો ગેસ કેમ ન પહોંચે? આ વિચારમાંથી ચરોતર ગેસ સહકારી મંડળીની રચના થઈ. તા. ૨૪-૬-૧૯૯૯ ના રોજ રજિ. નં. નધણ/સા. ૩૨૦૬/(૧) ઘ-૭ થી આ મંડળીની નોંધણી થઈ. આજે વર્ષે રૂપિયા ૬૭૧ કરોડથી વધુ ચોખ્ખો નફો કરતી ચરોતર ગેસ સહકારી મંડળી ચરોતર પ્રદેશનું સહકારી ક્ષેત્રનું બેનમૂન સાહસ છે. આ સહકારી સાહસના પાયામાં અને વિકાસમાં તેના સ્થાપક ચીમનભાઈ પટેલ અને ડિરેક્ટરોની સમર્પિત ભાવના સિંચાયેલી છે! આણંદ-સોજિત્રા રોડ પર સહકારી ક્ષેત્રની એશિયા અને દુનિયાની એક માત્ર ગેસ વિતરણ કરતી ચરોતર ગેસ સહકારી મંડળીનું અદ્યતન સુવિધાવાળુ કાર્યાલય શોભી રહ્યું છે.

ચરોતર ગેસ સહકારી મંડળીએ ૧૯૯૯માં પોતાની કામગીરીનો પ્રારંભ કરેલો. આણંદ જિલ્લામાં ઘરેઘરે ગેસ આપવા અમદાવાદ જિલ્લાના બાવળાથી ખાનગી કૂવામાંથી ગેસ લઈ પોતાની ખાનગી પાઈપલાઈન આ મંડળીએ નાખી. ૧૯૯૯માં બાવળાથી બાકરોલ સુધી રૂ. છ કરોડના ખર્ચે ૬૫ કિ.મી. લાંબી ગેસની પાઈપલાઈન નાખવામાં આવેલી. અનેક અડચણોમાંથી પસાર થયા પછી બાવળામાં આવેલા ઓ.એન.જી.સી. ના કૂવામાંથી નીકળતો ગેસ મળતો થયો.

મંડળીએ આણંદ - વલ્લભ વિદ્યાનગરમાં ઘરે ઘરે ગેસ કનેક્શન આપવા ઉપરાંત વિધાનગરની જી.આઈ.ડી.સી. ના કારખાનાઓને પણ ગેસ આપવાનું ચાલુ કર્યું. પણ બે વર્ષ પછી ઓ.એન.જી.સી.ના કૂવામાંથી નીકળતો ગેસ બંધ થયો. કૂવો રિચાર્જ કરવા રૂ. ૨૫ લાખ આપવાના હતા. પણ મંડળીની આર્થિક સ્થિતિ એટલી બધી સદ્ધર નહીં. તેથી મુશ્કેલી સર્જાઈ. ઉદ્યોગોમાં તો સતત ગેસની જરૂર પડે. જી.આઈ.ડી.સી.ના કારખાનાઓએ ગેસ મંડળીની મુશ્કેલી સમજી, વગર વ્યાજે રૂ. ૨૫ લાખ ઈન્ટરલિન્ક પેટ્રોલિયમને આપ્યા. પણ ગેસ ન નીકળ્યો. તે પછીના ગાળામાં જે જબરજસ્ત ભૂકંપ સર્જાયા. એક કુદરતી ધરતીકંપ ૨૦૦૧માં અને બીજો માનવસર્જિત સહકારી ક્ષેત્રે ભૂકંપ સર્જાયો ૨૦૦૨માં. આથી ચરોતર ગેસ સહકારી મંડળીની સમસ્યા ઓર વધી. લોકોનો સહકારી ક્ષેત્રમાંથી વિશ્વાસ ડગી ગયો. આ ગાળામાં મંડળીને કમ્ફી ફર્નિચરવાળા ઉધોગપતિ શ્રી કિરણભાઈ ઈન્દુભાઈ પટેલનું સૂકાનીપદ સાંપડ્યું. તેઓ વલ્લભવિધાનગર ઉદ્યોગનગર જી.આઈ.ડી.સી. ના સેક્રેટરી હતા.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ કંપનીની હજીરાથી કલોલ સુધીની ગેસ પાઈપલાઈન ગાના ગામ નજીકથી પસાર થાય છે. જીએસપીસી પાસેથી ગેસ મેળવવા કિરણભાઈ અને તેમની ડિરેક્ટરોની ટીમે ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલને રજૂઆત કરી. જી.આઈ.ડી.સી. ની બાજુમાં ગાનાના જીએસપીસી સ્ટેશનેથી ગેસ આપવાનું નક્કી થયું. આર્થિક સંકડામણ તો હતી જ એમાં એક માસમાં નવું સ્ટેશન

*અતિથિને આવકાર આપો.*

તૈયાર કરવાનું. નાણાંકીય મુશ્કેલી. એમાંય સહકારમાંથી લોકોનો વિશ્વાસ ડગમગી ગયેલો. આ વિકટ પરિસ્થિતિમાં પણ રૂ. ૨૫ લાખની બેંક ગેરન્ટી આપ્યા પછી જીએસપીસી ગેસ આપવા તૈયાર થઈ. ગાનામાં એક વૃદ્ધાએ એક રૂપિયો શુકનનો લઈ તેમની જમીન આપી. બાકીના નાણાં ત્રણ માસ પછી આપવા જણાવ્યું. ચરોતર ગેસ મંડળીએ જમીન સંપાદન કરી સ્ટેશન ઊભુ કર્યું. તત્કાલિન ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલના હસ્તે દશેરાના શુભ દિને તા.૨૧-૧૧-૨૦૦૪ ના રોજ તેનું લોકાર્પણ થયું.

ગાના ગામે જીએસપીસી ટર્મિનલ નજીક ચરોતર ગેસ મંડળીનું સ્ટેશન કાર્યરત થયા પછી દિનપ્રતિદિન તેના કારોબારમાં વધારો થતો ગયો. એશિયાની જાણીતી એવી સહકારી ડેરી અમૂલે પણ આ સહકારી મંડળી પાસેથી ગેસ લેવાનો શરૂ કર્યો. અમૂલ ડેરીને ગેસ આપવા માટે નવી પાઈપલાઈન નાખવી પડે. તેનો ત્રણ કરોડ રૂપિયાનો ખર્ચ થાય. અમૂલ ડેરીના ચેરમેન શ્રી રામસિંહ પરમારે ચરોતર ગેસને ત્રણ કરોડ રૂપિયા વગર વ્યાજની લોન આપી. જે બિલની સામે સરભર કરી. ચરોતર ગેસે છ માસમાં ખાનગી લાઈન ગાનાથી અમૂલ ડેરી સુધી નાખી. અમૂલ ડેરીથી અમૂલ ચોકલેટ પ્લાન મોગર સુધીની પાઈપલાઈન નાખી. જેનો ફાયદો અમૂલને થયો. આ પાઈપલાઈનમાંથી વઘાસી અને ચિખોદરાને પણ ગેસ મળતો થયો. કણજરી કેટલ ફીડ પ્લાન્ટને પણ પાઈપલાઈન આપી. જેનાથી રવિકિરણ સિરામિક અને શાંતિ કેમિકલ્સ ઉદ્યોગને ગેસ મળતો થયો.

અમૂલ અને જી.આઈ.ડી.સી.ના આર્થિક સહકારથી - સહયોગથી ચરોતર ગેસ સહકારી મંડળીનો કાર્ય વિસ્તાર વધતો ગયો. આણંદ-ચિખોદરા રોડ પર આવેલી સોસાયટીઓ અને પાર્ટીપ્લોટોને પણ ગેસ મળ્યો. આજે ચરોતર ગેસ સહકારી મંડળી આણંદ, વલ્લભવિદ્યાનગર અને તેની આસપાસના બોરિયાવી, કરમસદ, જીટોડિયા, મોગરી અને બીજા ૧૪ ગામોમાં ગેસ પૂરો પાડે છે.

ચરોતર ગેસ સહકારી મંડળીએ વલ્લભવિદ્યાનગર આણંદ અને અન્ય ૧૪ ગામોમાં ઘરેઘરે ગેસ પહોંચાડવાનું શ્રી ચીમનભાઈ સાથીનું સ્વપ્ન સાકાર કર્યું છે. આ ઉપરાંત વિવિધ ધાર્મિક સંસ્થાઓ, બ્રહ્મજ્યોત, અનુપમ મિશન, ગુણાતીત જ્યોત, જૈન છાત્રાલય, અક્ષર પુરુષોતમ છાત્રાલય, બાપેશ્વર મહાદેવ, કરમસદ સંતરામ મંદિર વગેરેને વગર નફે, ઓછા માર્જિને ગેસ પૂરો પાડે છે. વિદ્યાનગરમાં વિદ્યાર્થીઓ માટે ચાલતા રસોડા-મેસને પણ ગેસ અપાય છે. જેથી વિદ્યાર્થીઓને ફૂડ બિલમાં ઘણી રાહત રહે છે.

મંડળીનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૧૫૦ કરોડનું છે. જેમાંથી ૮૫% વેચાણ ફક્ત ઉદ્યોગગૃહોને થાય છે. ૧૦ ટકા વેચાણ ૧૯૦૦૦ ડોમેસ્ટિક અને પાંચ ટકા કોમર્શિયલ, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓને થાય છે. ૧૯ હજાર ડોમેસ્ટિક ગ્રાહકો ઉપરાંત ૫૦૦ કોમર્શિયલ ગ્રાહકો, ૧૨૫ ઈન્ડસ્ટ્રીયલ ગ્રાહકોને ગેસ અપાય છે. ૪૫૦ કિલોમીટરના ઘેરાવામાં ૧૪ ગામડાંને આવરી લેવાયાં છે. ઉદ્યોગોના કુલ વેચાણમાંથી ૫૦% વેચાણ ફક્ત અમૂલ ડેરીને જ કરાય છે.

ચરોતર ગેસ સહકારી મંડળી દ્વારા વિદ્યાનગરમાં તા. ૧૧-૨-૨૦૦૮ માં સીએનજી સ્ટેશનનો પ્રારંભ થયો. સીએનજી સ્ટેશન એટલે સહકારનો ત્રિવેણી સંગમ જ્યાં આજે ૪૫૦ ફોરવ્હીલર અને ૩૦૦૦ થી વધુ રિક્ષાઓ ગેસ ભરાવે છે. સીએનજી સ્ટેશન થતાં આણંદ જિલ્લો પ્રદૂષણમુક્ત થયો. ચરોતર ગેસને CII ની પર્યાવરણ પેનલમાં પણ સ્થાન મળ્યું. **આ સીએનજી પેટ્રોલ પંપના કોર્નર પર ગ્રાહકોની સુવિધાર્થે અમૂલ પાર્લર પણ સ્થપાયું છે. આમ અહીં ત્રિવેણી સહકારી સંગમના દર્શન થાય!**

ચૌદ વર્ષની ગેસની જોખમી કામગીરી છતાં આજદિન સુધીમાં ક્યારેય પણ અકસ્માત થયો નથી. તેની પાછળ કર્મચારીઓની સતત સક્રિયતાનું પરિણામ છે. મંડળીમાં વહીવટી અને ટેકનિકલ મળી કુલ - ૬૦ કર્મચારીગણ છે. મંડળી તરફથી કર્મચારીઓને જીવનનિર્વાહ સુખશાંતિરૂપ થાય તે પ્રમાણે સંતોષજનક પગાર અને પ્રોવિડંટ ફંડની પણ જોગવાઈ કરેલ છે. તે ઉપરાંત કર્મચારી તથા તેના પરિવારને આવરી લેતા લાઈફ ઈન્સ્યોરન્સ પણ મંડળીએ લીધેલ છે. આરોગ્ય સુવિધા માટે કરમસદની ક્રિષ્ના હોસ્પિટલ-(પ્રમુખસ્વામી) સાથે વોલન્ટરી હેલ્થસ્કીમ પણ અપનાવેલ છે. કર્મચારીને સુંદર ગણવેશ-બૂટ પણ મંડળી આપે છે.

ચરોતર ગેસ સહકારી મંડળીએ ચડાવ ઉતારના ચૌદ વર્ષ પછી આજે પ્રતિદિન ૧.૧૦ લાખ ક્યુબિક મીટર ગેસનું વેચાણ થાય છે. વાર્ષિક રૂ. ૧૫૦ કરોડનું ટર્નઓવર મંડળી કરતી થઈ છે. સને ૨૦૧૨-૨૦૧૩ અહેવાલના વર્ષમાં રૂ. ૧૦૪૯૯.૬૯ નો ગેસ વેચાણ, રૂ. ૬૭.૭૦ નું અમૂલ પાર્લર વેચાણ, મળી કુલ વેચાણ રૂ. ૧૦૫૬૭.૩૯ નું કરેલ. જેમાંથી રૂ. ૬૭૧.૧૬ નો ચોખ્ખો નફો થયેલ છે. મંડળીના છેલ્લા પાંચ વર્ષના પ્રગતિદર્શક આંકડા નીચે પ્રમાણે છે.

*(રૂપિયા લાખમાં)*

| ક્રમ | વિગત | વર્ષ ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગેસવેચાણ | ૩૦૪૫.૩૪ | ૩૯૧૫.૨૮ | ૫૪૫૯.૫૭ | ૮૦૪૪.૨૪ | ૧૦૪૯૯.૬૯ |
| ૨. | અમૂલ પાર્લર વેચાણ | ૧૮.૧૨ | ૪૭.૯૫ | ૬૬.૫૧ | ૬૯.૮૫ | ૬૭.૭૦ |
| ૩. | કુલ વેચાણ | ૩૦૬૩.૪૬ | ૩૯૬૩.૨૩ | ૫૫૨૬.૦૯ | ૮૧૧૪.૦૯ | ૧૦૫૬૭.૩૯ |
| ૪. | ચોખ્ખો નફો | ૧૭૫.૮૧ | ૫૬૫.૪૭ | ૬૯૭.૮૬ | ૧૩૨૪.૯૬ | ૬૭૧.૧૬ |

*નકારાત્મકતાથી દૂર રહેવું.*

એશિયાભરમાં અને મંડળીના વર્તમાન ચેરમેન શ્રી કિરણભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે દુનિયાભરમાં સહકારી ધોરણે ગેસનું વિતરણ કરતી હોય તેવી મંડળી ચરોતર ગેસ સહકારી મંડળી એક જ છે. મંડળીનો હેતુ તો ગૃહિણીઓને ઘરે ઘરે ગેસ પહોંચાડવાનો હતો. અને તે પૂર્ણ થયો. પણ આર્થિક મુશ્કેલીના સમયે અમૂલ અને ઉદ્યોગ કંપનીઓએ આ મંડળીને ઘણી સહાય કરેલી. તેથી જી.આઈ.ડી.સી.ના ઉદ્યોગોને પણ ગેસ આપવામાં આવે છે. મંડળીની વિશિષ્ટ પ્રવૃત્તિની નોંધ લઈને તેને સન્માનિત કરવામાં આવેલ છે. સને ૨૦૧૨-૨૦૧૩ માં **મંડળીને ચરોતર સહકારી વિકાસ રત્ન એવોર્ડ, રાષ્ટ્રીય રત્ન એવોર્ડ, રાજીવ ગાંધી શિરોમણિ એવોર્ડ અને ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર મિલેનિયમ એવોર્ડ મળેલ છે.**

ગત નવેમ્બર - ૨૦૧૩ માં ૬૦ મા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી થઈ. આ સપ્તાહના પ્રથમ દિને 'સહકારી શાસન, નેતૃત્વ અને નવરચના' વિષયને ધ્યાનમાં રાખી ઉજવણી થઈ. નવરચના એટલે સહકારી પ્રવૃત્તિએ નવા નવા ક્ષેત્રે પ્રવેશ કરી નવી સહકારી સંસ્થાઓ રચવી. ભારતમાં આઝાદીકાળ અને તે પછીના સમયમાં સેવા સહકારી, દૂધ સહકારી, અમૂલ અને ઈફકો, શુગર મંડળીઓ રચાઈ. અને પચાસ સાઠ દાયકા પૂર્ણ કર્યા છે. **પરંતુ હજુ પણ ઘણા ક્ષેત્રો એવા છે જ્યાં સહકારે પ્રવેશ કરી લોકોની સ્થાનિક જરૂરિયાત મુજબ સહકારી મંડળીઓની રચના કરવી જોઈએ.** ગુજરાતમાં ચરોતર ગેસ સહકારી મંડળી અને તામિલનાડુમાં સાપ પકડનાર સહકારી મંડળીની જેમ આપણા વિસ્તારમાં આપણી સ્થાનિક જરૂરિયાત પ્રમાણેની સહકારી મંડળી રચાય તેમાં જ 'સહકારી શાસન, નેતૃત્વ અને નવરચના' દિન ઉજવણીની સાર્થકતા લેખાય... સમયની માગ અને સ્થાનિક જરૂરિયાત પ્રમાણે નવા નવા ક્ષેત્રોમાં સહકારે પ્રવેશ કરી લોકોને સેવા આપવી જોઈએ. ચરોતર ગેસ સહકારી મંડળીની જેમ આપણા વિસ્તારમાં, ગામમાં પણ આ પ્રકારની ગેસ વિતરણ સહકારી મંડળી રચી શકાયને!...

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

*(નોંધ : સહકારી ક્ષેત્રે કામ કરતા કચ્છના મહાનુભાવો અગર આ ક્ષેત્રે પણ જો પોતાની કાર્યવાહી આગળ ધપાવવાનો વિચાર કરે તો કચ્છની જનતાને તેનાથી અનેક ફાયદા મળી શકે.*

*– તંત્રી મંડળ)*

## ક્ષતિ સુધાર

'મંગલ મંદિર'ના ગતાંકમાં અમદાવાદનું કચ્છી જૈન યુવાધન નામના લેખના ટેબલ-(૬)માં ગ્રાન્ડ ટોટલ કોલમમાં દર્શાવેલ સંખ્યા અનુક્રમે ૧૪, ૫૭, ૧૩, ૧૨, ૪, ૬ અને ૧૦૬ વાંચવી.

## પ્રાચીન પ્રેરક કથા

એક નમતી સાંજે હોલો-હોલી થાક્યાં પાક્યાં એક વૃક્ષ પર શ્વાસ ખાવા બેઠાં. પૂરતો ખોરાક પણ મળ્યો નહોતો તેથી હતાશ હતાં. એવામાં હોલીનું ધ્યાન એમના પર ટાંપીને બેઠેલાં બાજ પક્ષી પર ગયું.

હોલીએ હોલાને કાનમાં કહ્યું, આપણા બેમાંથી એકનું મૃત્યુ નિશ્ચિત છે. જો પેલો બાજ આપણને તાકી તાકી શિકારની તૈયારી કરે છે.

હોલાએ તરત હોલીને કહ્યું, હું પણ તને સાવચેત જ કરવા માગતો હતો. નીચે જો, પેલો શિકારી તીર ખેંચી આપણી સામે જ વીંધવાની તૈયારી કરે છે.

હોલી કહે, હવે શું કરશું? હોલો કરે, ભગવાનમાં શ્રદ્ધા રાખ. નિર્દોષની એ રક્ષા જરૂર કરે છે.

એક ક્ષણમાં જ ઝાડની બખોલમાંથી સાપ નીકળ્યો અને શિકારીના પગમાં દંશ માર્યો. શિકારી નિશાન ચૂકી ગયો. તીર બાજને વાગ્યું. બાજ તીર સાથે નીચે પડ્યું અને એ તીરની અણી સાપના માથામાં ખૂંપી ગઈ.

હોલા-હોલીએ આંખ ખોલી, તો બધાં મરણ-શરણ થયેલાં હતા. ભગવાને હોલા-હોલીને બચાવી લીધા. ■

## ભાવિના લેખ

શ્રી ગુરુનાનક લાહોરમાં હતા. ધર્મશાળામાં ઊતર્યા હતા. એ સમયે લાહોરમાં એવો રિવાજ કે જેની પાસે જેટલા લાખ રૂપિયા હોય એટલી ધજા પોતાના ઘરે ફરકાવે (તે વખતે લૂંટફાટ કે ઈન્કમટેક્ષવાળાની બીક નહીં હોય!)

ત્યારે દનીચંદ શેઠના ઘર પર વીસ ધજા ફરકતી એટલે કે વીસ લાખના આસામી હોય એવી જાહોજલાલી, પણ સ્વભાવે લોભી. દાનમાં જરા પણ શ્રદ્ધા નહીં. ગરીબ-ભિખારીને મદદ ન કરે. લોકોની આ વાત ગુરુ નાનકના કાને પડી હતી.

શેઠ દનીચંદ ગુરુ નાનકના દર્શનાર્થે આવ્યા અને ધર્મશાળામાં રહેવા કરતાં પોતાને ત્યાં પધારવા અને કોઈ સેવા જણાવવા કહ્યું.

ગુરુનાનકે પોતાની પાઘમાંથી એક સોય કાઢી દનીચંદને આપી અને કહ્યું આ સાચવી રાખજે. આવતા જન્મે મને આ જ સોય પરત આપજે.

દનીચંદ ઘેર જઈ વિચારમાં પડ્યો. આ સોય સાચવીને મૂકું, પણ આવતા જન્મે પાછી કેમ આપીશ? અશક્ય જ છે. પાછો નાનકદેવ પાસે ગયો. મૂંઝવણ કહી. ત્યારે ગુરુનાનકે કહ્યું, જો સોય પણ સાથે લઈ જવા અસમર્થ છો તો બધું ધન કોના માટે સંગ્રહ કરો છો?

દનીચંદની આંખ ઊઘડી ગઈ અને તે નાનકદેવનો શિષ્ય થઈ ગયો. ■

*ખુદને સતત સુધારતા રહીએ.*

# ફ્લેશ ચેનલ

*સંકલન : દિનેશ આર. મહેતા*

## ભારતના પાવર પોઈન્ટ – માઈક્રોસોફ્ટના સી.ઈ.ઓ. બનનાર સત્યા નાડેલા ત્રીજી વ્યક્તિ છે

આઈ.ટી. ક્ષેત્રની વિશ્વની અગ્રણી કંપની માઈક્રોસોફ્ટના નવા સી.ઈ.ઓ. તરીકે હૈદ્રાબાદમાં જન્મેલા સત્યા નાડેલાના નામની તાજેતરમાં જાહેરાત કરી હતી. કંપનીના ૩૮ વર્ષના ઈતિહાસમાં આ સ્થાને પહોંચનાર નાડેલા ત્રીજા છે. તેઓ મણિપાલ યુનિ.માંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરની ડિગ્રી મેળવીને અમેરિકા ગયા હતા. ત્યાર પછી યુનિ. ઓફ વિસ્કીનસિનમાંથી કોમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર ડિગ્રી મેળવી. ટેકનોલોજીલક્ષી ડિગ્રી ઉપરાંત તેમણે બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં યુનિ. ઓફ શિકાગોની એમ.બી.એ. ડિગ્રી મેળવી હતી. તેમને અવારનવાર બઢતી મળતી હતી. તેમને 'ક્લાઉડ' અને એન્ટરપ્રાઈઝ ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ પણ બનાવવામાં આવ્યા હતા. ત્યારપછી સર્વર અને ટૂલ્સ વેપારના અધ્યક્ષ તેમજ ઓનલાઈન સર્વિસ વિભાગના આર.એન્ડ ડી.ના સીનિયર વાઈસ પ્રેસિડેન્ટ બનાવવામાં આવ્યા હતા. તેઓ વિન્ડોઝ, એઝ્યોર વિન્ડોઝ સર્વર, એસક્યુએલ સર્વર, સીસ્ટમ સેન્ટર અને સોફ્ટવેર ડેવલપમેન્ટ ટુલ્સ વિભાગના વડા તરીકે કાર્યરત છે. કંપનીના ક્લાઉડ કોમ્પ્યુટીંગ અને બિંગ સર્ચ એન્જિન બિઝનેસની વિદેશમાં વૃદ્ધિ કરવામાં નાદેલાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. અત્યારના સંજોગોમાં સોફ્ટવેર કંપની સામે વિવિધ પડકારો છે. નવા સી.ઈ.ઓ.ને આ રીતે અનેક પડકારોનો સામનો કરવાનો રહેશે. નાદેલાએ માઈક્રોસોફ્ટના કર્મચારીઓને પહેલા ઈ-મેઈલમાં ઓસ્કાર વાઈલ્ડનું અવતરણ ટાંકીને લખ્યું છે કે "આપણે અશક્યમાં - એટલે કે અશક્યને શક્ય કરી બતાવવામાં વિશ્વાસ રાખવો જોઈએ અને (એ રસ્તામાં) જે અસંભવિત (અવરોધો) આવે તેને દૂર કરવા જોઈએ."

★

## ડોક્ટરોએ દવાના નામ કેપીટલ લેટરમાં લખવા માટે ખરડો તૈયાર

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અગર એક ખરડાને મંજૂરી આપશે તો દેશના ડોક્ટરોએ દવાના નામ કેપીટલ લેટરમાં લખવા પડશે. મેડિકલ કાઉન્સિલે આ વિષયે મંજૂરી આપી દીધી છે. જેમાં ડોક્ટરોએ દવાના નામ મોટા અક્ષરોમાં લખવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા આ પગલું એટલા માટે ભરવામાં આવ્યું છે કે એવી ફરિયાદ અવારનવાર ઊઠતી રહે છે કે ડોક્ટરોએ લખેલી દવાનું નામ કેમિસ્ટ સરખી રીતે વાંચી શકતા નથી. અનેક કિસ્સાઓમાં દવાઓના નામ સામાન્ય ફેરફાર બાદ કરતાં ઘણીવાર સરખા હોય છે. પરિણામે કેમિસ્ટ ભૂલથી અન્ય દવા આપી દેતા હોય છે અને દર્દીને ઘણીવાર હેરાન થવું પડે છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ નિયમ આરોગ્ય મંત્રાલયની મંજૂરી પછી જ અમલમાં આવશે.

★

## પાનકાર્ડ માટેના નવા નિયમોનો અમલ મોકૂફ

પાનકાર્ડ આપવા માટેના નવા નિયમો અમલમાં મૂકવાની અગાઉ સરકારે જાહેરાત કરી હતી. પણ હાલ તે મુલતવી રાખવામાં આવ્યું છે. અને જૂની પ્રક્રિયા પ્રમાણે જ પાનકાર્ડ આપવા નિર્ણય લેવાયો છે. નાણા મંત્રાલયે આપેલી માહિતી અનુસાર સી.બી.ડી.ટી.એ અન્ય હુકમ કરવામાં ન આવે ત્યાં સુધી પાનકાર્ડ માટેના નવા નિયમોનો અમલ મોકૂફ રાખ્યો છે.

★

## વર્ષો જૂનું બાંધકામ દૂર કરી ન શકાય : સર્વોચ્ચ અદાલતનો ચુકાદો

સર્વોચ્ચ અદાલતે મહત્ત્વનો ચુકાદો તાજેતરમાં આપીને જણાવ્યું હતું કે વર્ષો પહેલાં બાંધકામ થયું હોય તે જગ્યાને વિવાદાસ્પદ રાજ્ય તેના પરનું બાંધકામ દૂર કરી શકે નહીં. આ મુદ્દો રાજ્યે યોગ્ય સમયે ઊઠાવ્યો નહીં તેમાં નાગરિકોનો કોઈ વાંક નથી. નાગરિકોએ આવી જમીન પરનું બાંધકામ ગેરકાયદે ન હોવાનું માનીને તેમાં મોટું રોકાણ કર્યું હોય છે. ત્યારે દશકાઓ સુધી રાજ્ય સરકાર કાંઈ ન બોલે તેમાં નાગરિકોને સહન કરવા દઈ શકાય નહીં.

★

## વાહનોમાં બહાર નીકળતા જોખમી સામાનના વહન પર પ્રતિબંધ

એક મહત્ત્વના નિર્ણયમાં કેન્દ્ર સરકારે મોટાં વાહનોની બહાર લટકે એ રીતે સળિયા, પાઈપ અને અન્ય જોખમી સામાનના વહન સામે પ્રતિબંધ જાહેર કર્યો છે. માર્ગ પરિવહન મંત્રાલયે કોઈપણ વાહનને તેના પાછળના ભાગે એક મીટર સુધી આ પ્રકારનો સામાન લઈ જવાની છૂટ આપતી કેન્દ્રીય મોટર વાહન નિયમો (સી.એમ.વી.આર.)ની જોગવાઈને રદ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોને ટાંકીને અખબારી અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે જોખમી સામાનનું વહન કરવાની છૂટ આપતી કલમ-૯૩ને રદ કરી છે. આ જોગવાઈનો મોટાપાયે દુરુપયોગ થતો હતો અને અનેક સ્થળોએ અકસ્માત સર્જાતા હતા.

*કશુંક આપીને આનંદિત થઈએ.*

## ટ્રેઈન ઉપડી ગયા પછી રીફંડ નહીં

રેલવે તંત્રએ ટ્રેન ટિકિટના રીફંડના નિયમોમાં કરેલા ફેરફાર તળે હવેથી ટ્રેન ઉપડી ગયા પછી પહોંચનાર યાત્રી અથવા ગ્રુપ રીઝર્વેશનવાળાઓને રીફંડ મળશે નહીં. અત્યારે ટ્રેન રવાના થઈ ગયાના બે કલાક સુધીમાં કન્ફર્મ ટિકિટ પર ૫૦ ટકા રીફંડ મળે છે. હવે માત્ર ટ્રેન રદ થાય તો જ રીફંડ મળી શકશે.

★

## સરકારી ડોક્ટરોને જેનેરિક દવાઓ જ લખવા ફરી સરકારનો આદેશ

રાજ્ય સરકાર હસ્તકની હોસ્પિટલો, પ્રાથમિક - સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે સબ સેન્ટરોમાં આવશ્યક દવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. દર્દીઓને આવી દવાઓ આપવા માટે ડોક્ટરોએ જેનેરિક દવાઓ (મૂળ સ્વરૂપની દવાઓ) જ લખવાનો અગાઉ જુલાઈ-૨૦૧૩માં આદેશ આપી દેવાયો હતો. આમ છતાં ડોક્ટરો દ્વારા આદેશનું પાલન કરાતું ન હતું. પરિણામ સ્વરૂપે સરકાર તરફથી ડોક્ટરોને ફરીથી એવો આદેશ અપાયો છે કે, કોઈ ખાસ અનિવાર્ય કિસ્સા સિવાય ક્યારેય ડોક્ટરોએ જેનેરિક સિવાયની અન્ય દવાઓ દર્દીઓને લખી આપવી નહીં.

સરકાર દ્વારા આ વખતે એવી પણ સૂચના અપાઈ છે કે, આવશ્યક દવાઓ પણ સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટ ગાઈડલાઈન્સને ધ્યાનમાં રાખી, જે તે દવાના જેનેરિક નામથી જ દવાઓ લખવી આવશ્યક જ નહીં પણ ફરજિયાત છે. એટલું જ નહીં પરંતુ ડોક્ટરો તથા તેમના સ્ટાફે જે તે દર્દીઓને જેનેરિક દવાઓની ગુણવત્તા અને તેની ઉપલબ્ધિ અંગે યોગ્ય સમજ પણ આપવી જરૂરી છે.

રાજ્ય સરકારે અન્ય સૂચનામાં એવી નોંધ કરી છે કે, રાજ્યભરમાં દવાઓના વપરાશ પહેલાં તેની ગુણવત્તાની ચકાસણી કરવાની જવાબદારી આરોગ્ય તંત્રની જ છે. એટલે ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ. દ્વારા ખરીદાતી તમામ દવાઓ વિવિધ સરકારી હોસ્પિટલો કે આરોગ્ય સંસ્થાઓને આપતાં પહેલાં તેનું પ્રિ-ડિસ્પેચ ટેસ્ટિંગ પણ કરવું જરૂરી છે. આ ઉપરાંત આ કામગીરીને પહોંચી વળવા માટે ખાનગી લેબોરેટરીઓને પણ આ કામગીરી માટેની યાદીમાં સામેલ કરાશે.

રાજ્યની આરોગ્ય સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી જીવન આવશ્યક દવાઓ અમુક સંજોગોમાં જ તે સરકારી હોસ્પિટલો કે આરોગ્ય સંસ્થાઓમાં ઉપલબ્ધ ના હોય, તો તેવા સંજોગોમાં દર્દીની તબીબી આવશ્યક્તાને ધ્યાનમાં લઈને ડૉક્ટરો, વૈકલ્પિક વ્યવસ્થારૂપે જરૂરી દવાઓ દર્દીના હિતમાં લખી શકશે પરંતુ આવી રીતે દવાઓ પ્રિસ્ક્રિપ્શન ઓડિટ તથા 'પ્રિન્સિપાલ ઓફ રેશનલ યુઝ ઓફ મેડિસિન'ને આધીન રહેશે.

## સિવિલ સર્વિસીસની પરીક્ષા આપવા હવે વધુ તક મળશે તેમજ સમય મર્યાદામાં રાહત અપાતાં લાખો ઉમેદવારોને લાભ

યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન)ની વિવિધ સિવિલ સર્વિસીસની પરીક્ષામાં અત્યાર સુધી જનરલ કેટેગરીના ઉમેદવારો માત્ર ૪ વાર જ પરીક્ષા આપવાનો પ્રયાસ કરી શકતા હતા પરંતુ હવે છેલ્લા કેટલાક સમયથી યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં જનરલ કેટેગરીના ઉમેદવારોની સંખ્યા ઘટતી હોવાનું ધ્યાને આવતા કમિશન દ્વારા જનરલ કેટેગરીના ઉમેદવારોને વધુ બે તક આપી છે. જેથી હવે ચારને બદલે છ વાર પરીક્ષા આપી શકાશે. આ ઉપરાંત ઓ.બી.સી.ના ઉમેદવારો કે જેઓને ૭ તક મળે છે તેઓને પણ વધુ બે પ્રયાસોનો લાભ મળતા તેઓ ૯ પ્રયાસ સુધી પરીક્ષા આપી શકશે. જ્યારે એસ.સી. એસ.ટી. કેટેગરીના ઉમેદવારો માટે કોઈ જ મર્યાદા નથી. આ ઉપરાંત ઉંમરમાં પણ યુ.પી.એસ.સી. દ્વારા રાહત અપાતા ૩૦ વર્ષના ઉમેદવારો પણ યુ.પી.એસ.સી.ની પરીક્ષા આપી શકશે. જ્યારે એસ.સી. એસ.ટી. માટે વધુ પાંચ વર્ષ અને ઓ.બી.સી. માટે ૩ વર્ષની રાહત અપાઈ છે. આ ઉપરાંત અપંગ, અંધ અને મૂંગા-બહેરા ઉમેદવારો માટે વધુ ૧૦ વર્ષની છૂટ અપાઈ છે.

★

## આઈ.આઈ.એમ. - અમદાવાદ ચાર વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા. ૬૬ લાખની ઑફર

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ - અમદાવાદમાં વર્ષ ૨૦૧૨-૧૪ની પી.જી.પી. બૅચ માટે અંતિમ પ્લેસમેન્ટની કામગીરી તાજેતરમાં પૂરી થઈ હતી. પ્લેસમેન્ટની પ્રક્રિયામાં કુલ ૩૭૮ વિદ્યાર્થીઓ અને ૧૨૫ કંપનીઓએ ભાગ લીધો હતો. જેમાં દુબઈની એક ફાઈનાન્સ કંપની દ્વારા આઈ.આઈ.એમ. - અમદાવાદના ચાર વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા. ૬૬ લાખના પેકેજની ઑફર થઈ હોવાનું જાણવા મળ્યું છે. દુબઈની આ કંપની દ્વારા આઈ.આઈ.એમ. - કોલકાતાના બે વિદ્યાર્થીઓને પણ આવા તોતિંગ પેકેજની ઑફર કરવામાં આવી હતી. ગત શૈક્ષણિક વર્ષ કરતાં આ વખતે આઈ.આઈ.એમ. - અમદાવાદના વિદ્યાર્થીઓના પેકેજમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો થયો હોવાનું જાણવા મળ્યું છે. આમ છતાં નોકરીની ઑફર સ્વીકારવા કરતાં વ્યવસાય શરૂ કરનારાનો આંક વધારે જોવા મળ્યો હતો. આ વખતે વ્યવસાય ક્ષેત્રે કુલ ૧૩ વિદ્યાર્થીઓએ પસંદગી કરી હતી. આ ૧૩ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓએ નવતર પ્રયોગ સાથેના વ્યવસાય શરૂ કરવા પોતાની ઈચ્છા પ્રદર્શિત કરી હતી.

★

*સેવાથી આંતરિક તાકાત વધે છે.*

## ભારતમાં વિમાન માર્ગે પ્રવેશતા મુસાફરે સામાન અંગે માહિતી ફોર્મ ભરવું પડશે

નાણા મંત્રાલયે કસ્ટમના જે નવા નિયમો મંજૂર રાખ્યા છે તે અનુસાર ભારતમાં વિમાન માર્ગે પ્રવેશતા મુસાફરોએ તેમની પાસે હાથમાં રાખી શકાય તેવી બેગ સહિત કેટલો સામાન છે તેની પણ જાણકારી આપવી પડશે. 'કસ્ટમ બેગેઝ ડેક્લેરેશન (એમેન્ડમેન્ટ) રેગ્યુલેશન્સ - ૨૦૧૪' અનુસાર ભારતીય નાગરિક તે દેશમાંથી બહાર જાય ત્યારે એકવાર જ તેમની સાથેના સામાનની જાણકારીનું ફોર્મ ભરવું પડશે. પણ તેઓ વિદેશથી પરત ફરતા હોય ત્યારે તેમણે આવું ફોર્મ ભરવાની જરૂર પડશે નહીં. નાણા મંત્રાલયે આ અંગે ૧૦મી ફેબ્રુઆરીએ એક યાદી બહાર પાડી હતી. તેમાં જણાવાયું છે કે આ નિયમ ૧લી માર્ચથી અમલમાં આવશે. ભારતમાં આવતા દરેક મુસાફરોએ કસ્ટમનું ડેક્લેરેશન ફોર્મ ભરવું પડશે. હાલે ઈમીગ્રેશન કાર્ડ મેળવવા જે 'ડીટેચેબલ પરફોરેટેડ સ્ટ્રીપ' આપવામાં આવે છે તેનાથી આ વિધિ અલગ છે. આ રીતે મુસાફરે તેની પાસે દસ હજાર કરતાં વધારે કિંમતના જે કાંઈપણ સામાન હોય તેની વિગત ફોર્મમાં ભરીને કસ્ટમ સમક્ષ જાહેર કરવી પડશે.

★

## ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈ.આઈ.એમ.)ની ફી

છેલ્લા કેટલાક વર્ષોથી આઈ.આઈ.એમ. – એ સહિતની દેશની વિવિધ આઈ.આઈ.એમ. દ્વારા પી.જી.પી. અભ્યાસક્રમની ફીમાં વધારો કરવામાં આવી રહ્યો છે. દેશમાં હાલ ૧૩ જેટલી આઈ.આઈ.એમ. આવેલી છે, જેમાં આઈ.આઈ.એમ. અમદાવાદ, બેંગ્લોર અને કોલકત્તા આ ત્રણ ટોપ આઈ.આઈ.એમ. ગણવામાં આવે છે. મહત્ત્વનું છે કે છેલ્લા ચાર વર્ષોમાં આઈ.આઈ.એમ. અમદાવાદ અને બેંગ્લોર દ્વારા તેના પી.જી.પી. પ્રોગ્રામમાં બે વાર ફી વધારો કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે આઈ.આઈ.એમ.-એ ની ૨૦૦૮માં જે બે લાખ ફી હતી તે હાલે ૧૬.૬૦ લાખ છે.

દેશમાં સૌથી વધુ ૧૭ લાખ ફી આઈ.આઈ.એમ. - બેંગ્લોરની છે.

**<u>બેચ ૨૦૧૩-૧૫ની ફી</u>**

| *ઈન્સ્ટિટ્યૂટ* | *ફી (રૂા. લાખ)* | *ઈન્સ્ટિટ્યૂટ* | *ફી (રૂા. લાખ)* |
|---|---|---|---|
| બેંગ્લોર | ૧૭.૦૦ | રાયપુર | ૦૯.૦૦ |
| અમદાવાદ | ૧૬.૬૦ | રોહતક | ૦૯.૦૦ |
| કોલકાતા | ૧૩.૫૦ | રાંચી | ૦૯.૦૦ |
| ઈંદોર | ૧૩.૦૦ | ઉદયપુર | ૦૮.૦૦ |
| લખનઉ | ૧૦.૦૦ | કાશીપુર | ૦૮.૦૦ |
| ત્રિચી | ૧૦.૦૦ | શિલોંગ | ૦૮.૦૦ |
| કોઝિકોડ | ૯.૭૫ | | |

## યુવાનોને સંરક્ષણ ક્ષેત્રે ટ્રેઈનિંગ મફત

ભારત દેશમાં યંગસ્ટર્સનું પ્રમાણ અન્ય દેશોની સરખામણીએ વધુ છે. આપણું યુવા ધન દેશની રક્ષા કાજે જોડાય તે ઉદ્દેશથી 'પૂર્વ પોલીસ (સંરક્ષણ) ભરતી ટ્રેઈનિંગ સ્કૂલ' દ્વારા ગુજરાતના યુવાનોને સંરક્ષણ ક્ષેત્રે તૈયાર કરવામાં આવે છે. ગુજરાત લોકસેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ સંસ્થા પંચમહાલ જિલ્લામાં ગોધરા તાલુકાના નંદીસર ખાતે ચાલે છે. જેમાં સંરક્ષણ ક્ષેત્રની પ્રેક્ટિકલ અને થિયરીકલ ટ્રેઈનિંગ મફત આપવામાં આવે છે.

★

## સુપ્રીમ કોર્ટનું મહત્ત્વનું તારણ : એફ.આઈ.આર.માં નામ ન હોય, પણ પુરાવા હોય તો કેસ ચાલી શકે

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જણાવ્યું હતું કે જો કોઈ વ્યક્તિનું નામ એફ.આઈ.આર. કે ચાર્જશીટમાં ન હોય પરંતુ કેસની કાર્યવાહી દરમ્યાન તેની વિરુધ્ધ પુરાવા સામે આવે તો તેને આરોપી બનાવી શકાય. મુખ્ય ન્યાયમૂર્તિ પી. સદાશિવમની અધ્યક્ષતામાં બનેલી પાંચ ન્યાયાધીશોની ખંડપીઠે જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટને કોઈ વ્યક્તિને આરોપી તરીકે સમન્સ પાઠવવાની સત્તા છે. ભલે પછી તે વ્યક્તિનું નામ તપાસકર્તાઓએ એફ.આઈ.આર. અને ચાર્જશીટમાં દર્શાવ્યું ન હોય. સુપ્રીમ કોર્ટે વધુમાં સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે ફોજદારી કાર્યવાહીની કાયદાની કલમ-૩૧૯ ટ્રાયલ કોર્ટને કોઈ ગુના માટે દોષિત લાગતી વ્યક્તિની સામે કાર્યવાહી કરવાની સત્તા આપે છે. જેના નામનો સમાવેશ એફ.આઈ.આર. અથવા ચાર્જશીટમાં કરાયો નથી.

★

## નેશનલ સાયન્સ દિવસની ઉજવણી બાળકોને સાયન્સમાં રસ લેતા કરવા જોઈએ

નેશનલ સાયન્સ દિવસ નિમિત્તે તાજેતરમાં અમદાવાદની ઓળખ સાયન્સ સિટી ખાતે સાત દિવસીય સાયન્સ કાર્નિવલનું આયોજન થયું હતું. જેમાં સમગ્ર ગુજરાતની સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લઈને પોતાના સાયન્સના વિવિધ પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. બાળકોમાં સાયન્સના વિષય પ્રત્યે જિજ્ઞાસા વધે તેવા હેતુસર સાયન્સ કાર્નિવલમાં સાયન્સ પાર્લામેન્ટનું સુંદર આયોજન થયું હતું. જેમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈને પોતાના સાયન્સના વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. સાયન્સ કાર્નિવલ, વર્કશોપ, ડેમોન્સ્ટ્રેશન, આકાશ દર્શન, સાયન્સ લેક્ચર વગેરે કાર્યક્રમ યોજાયા હતા. વિક્રમ સારાભાઈ સેન્ટરમાં સાયન્સ ક્વિઝ પણ યોજવામાં આવી હતી. જ્યારે સી.એન. વિદ્યાલય ખાતે સ્કૂલના બાળકોએ બનાવેલા વિવિધ વર્કિંગ મોડેલ રજૂ થયા હતા. જેમાં એર પ્રેશર આધારીત રોકેટ વગેરેએ ખાસ આકર્ષણ જમાવ્યું હતું. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના પ્રિન્સિપાલ સેક્રેટરીએ ઉદ્ઘાટન સંબોધનમાં જણાવ્યું હતું કે બાળકોમાં સાયન્સ પ્રત્યેનો રસ કેળવવાની ખાસ જરૂર છે.

*બહુ લાંબા વિચારો કરવાનું ટાળો.*

## ઈનપુટ ટેક્સ ક્રેડિટ બચાવવા વેપારી આલમ માટે જરૂરી

- કોમર્શિયલ ટેક્ષ કચેરીની વેબસાઈટ (www.commercialtax.gov.in) પર જઈને માલ વેચનારનું રજિસ્ટ્રેશન ચાલુ છે કે નહીં તેની ખાતરી કરવી.
- માલ વેચનાર વેપારી રીટર્ન નિયમિત ભરે છે કે નહીં તેની ચોક્સાઈ કરવી. તેના પરથી તેણે લીધેલ વેટ જમા કરાવ્યો છે કે નહીં તેની તપાસ થઈ જશે તેમજ ખરીદ વેચાણના તેના વહેવારો વેટ કચેરીમાં દર્શાવે છે કે નહીં તે પણ ખબર પડશે.
- માલ ખરીદ કર્યા પછી પાંચથી સાત દિવસમાં બે થી ત્રણવાર તેનું રજિસ્ટ્રેશન ચાલુ છે કે નહીં તે જોઈ લેવું જરૂરી છે.
- ઓનલાઈન ચેક કરો ત્યારે તેનો સ્નેપ શોટ લઈને તમારા કોમ્પ્યુટરમાં ઈનપુટ ટેક્ષ ક્રેડિટ ન મળે ત્યાં સુધી સાચવી રાખો. કોમ્પ્યુટરમાં જ સ્નેપ શોટ લેવાની વ્યવસ્થા હોય છે.

★

## કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ખર્ચ

આગામી ૧ એપ્રિલથી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીનો અમલ થઈ રહ્યો છે ત્યારે કંપનીઓએ આવા ખર્ચાઓની આવકવેરામાં કપાત કેવી રીતે મળશે તે મુદ્દે હજુ સુધી કોઈ જ સ્પષ્ટતા આવકવેરા કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષીસ (સી.બી.ડી.ટી.) તરફથી કરાઈ નથી.

★

## રેલવે ટિકિટ કન્ફર્મ થયાનો એસએમએસ આવશે

રેલવેમાં મુસાફરી કરનારા લોકો માટે આનંદદાયક સમાચાર એ છે કે તેઓની વેઈટિંગ ટિકિટ કન્ફર્મ થયાના સમાચાર હવે એસ.એમ.એસ. મારફત મળી શકશે. અગર પ્રવાસ અગાઉ તેમની ટિકિટ કન્ફર્મ થઈ જાય તો તેમને મોબાઈલના એસ.એમ.એસ. દ્વારા જાણકારી આપવામાં આવશે.

***(વર્તમાન પત્રો પર આધારિત)***

### જંગલબુક

- માત્ર સસ્તન પ્રાણીઓને જ બહાર દેખાય તેવા કાન હોય છે.
- હાથીને દેખાડવાના બે દંતશૂળ મોટા હોય છે પણ ખોરાક ચાવવા માટે તેના મોંમાં માત્ર ચાર જ નાના દાંત હોય છે.
- માછલી અને જંતુઓની આંખ પર પોપચાં હોતાં નથી. તેમની આંખનો લેન્સ ખૂબ જ મજબૂત હોય છે.

## શાસ્ત્રીય સંગીતમાં ઋતુ અને સમય

હમણાં વસંતઋતુ ચાલે છે. વસંતઋતુમાં ખગોળશાસ્ત્ર મુજબ સૂર્યની ગતિ ફાગણમાં મીન રાશિમાંથી તથા ચૈત્રમાં મેષ રાશિમાંથી થાય છે. એ મુજબ મીન રાશિમાં ગવાતા મહત્ત્વના રાગ છે : બિલાવલ, ગૌડ સારંગ, બસંત, ભટિયાર, તોડી વગેરે.

અને મેષ રાશિના મહત્ત્વના રાગ છે : આહિર ભૈરવ, લલિત, સોહની, બૈરાગી વગેરે.

સમયની બાબતમાં પણ ગવાતા રાગ વિષે સવિસ્તર વિચારણા થયેલી છે. તે મુજબ :-

★ રાત્રિના ૧૨ થી ૨ : રાગ માલકૌંસ, શહાણા, અડાણા, દરબારી વ.
★ પરોઢના ૨ થી ૪ : સોહની, મેઘ, પરજ વગેરે.
★ પરોઢના ૪ થી ૬ : ભટિયાર, લલિત, કાફી વગેરે.
★ સવારે ૬ થી ૮ : બસંત, બહાર, ભૈરવ, રામકલી, જોગિયા વગેરે.
★ સવારે ૮ થી ૧૦ : હિંડોલ, આહિર ભૈરવ, તોડી વગેરે.
★ સવારે ૧૦ થી ૧૨ : સારંગ અને તેના પ્રકારો.
★ બપોરે ૧૨ થી ૨ : ભૈરવી, દેશકાર, અલૈયા, બિલાવલ, જોનપુરી વ.
★ બપોરે ૨ થી ૪ : ભીમપલાસ, મુલતાની, સુહા વગેરે.
★ બપોરે ૪ થી ૬ : પૂર્વી, શ્રી, પટદીપ વગેરે.
★ સાંજે ૬ થી ૮ : યમન, પૂરિયા, કલ્યાણ, હમીર વગેરે.
★ રાત્રે ૮ થી ૧૦ : જયજયવંતી, કેદાર, દુર્ગા, દેશ વગેરે.
★ રાત્રે ૧૦ થી ૧૨ : બાગેશ્રી, બિહાગ, શંકરા, ચંદ્રકૌંસ વગેરે.

*(શ્રી અભિજીત વ્યાસ તથા શ્રી પ્રફુલ્લ દેસાઈના કેટલાક લખાણોના આધારે.)*

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ (ફોન : ૨૬૮૭૧૯૨૫)***

*તારીખ : ૨૧-૫-૧૯૪૭, સ્થળ : પ્રાર્થના સભા*

### ગાંધીજીએ કહ્યું :

"સ્વતંત્રતા રૂપી અમૂલ્ય રત્ન તો આપણા હાથમાં આવી રહ્યું છે. પણ મને બીક છે કે આપણે એ ગુમાવી બેસીશું. સ્વરાજ લેવાનો પાઠ તો આપણે શીખ્યા, પણ લીધેલા સ્વરાજને કેમ ટકાવી રાખવું એ પાઠ હજુ આપણે શીખ્યા નથી.

અંગ્રેજોની જેમ બંદૂકના જોરે આપણી રાજસત્તા નહીં ચાલી શકે. અનેક પ્રકારના ત્યાગ, તપ અને બલિદાન વડે કોંગ્રેસે લોકોનો વિશ્વાસ મેળવ્યો છે, એને ટકાવી રાખવો પડશે. એને બદલે કોંગ્રેસીઓ જો લોકોને દગો દેશે, લોકોની સેવા કરવાને બદલે લોકોના માલિક બની જશે, માલિક જેવો વ્યવહાર કરશે તો હું જીવું કે ન જીવું પણ આટલા વર્ષોના મારા અનુભવ પછી એવી ચેતવણી આપવાની હિંમત કરીશ કે તેથી દેશમાં બળવો થશે. ધોળી ટોપીવાળા કોંગ્રેસીઓને શોધી શોધીને લોકો મારશે અને એનો લાભ કોઈ ત્રીજી જ સત્તા લેશે."

***(નયા માર્ગ, તા. ૧૬-૧-૨૦૧૪માંથી)***

*માફી આપવી બહુ મુશ્કેલ કામ છે.*

જીવન સફર

# નિવૃત્તિમાં પ્રવૃત્તિ

• પ્રદીપ જોષી •

આજે મને આ શીર્ષક હેઠળ કંઈક લખવાની ઈચ્છા થઈ. તેથી આ લેખ દ્વારા જીવનની વાસ્તવિક્તાની ચર્ચા કરું છું.

દાદાજીનો આજે જન્મ દિવસ. એંસી વર્ષ પૂરા થશે અને હવે તેઓ એક્યાસીમાં વર્ષમાં પ્રવેશ કરશે. દર વર્ષે વર્ષગાંઠ આવે, ઉંમરમાં એક વર્ષનો ઉમેરો થાય, પરંતુ જિંદગીના વર્ષોમાંથી એક વર્ષનો ઘટાડો થાય છે. ઈશ્વરે નિયત કરેલાં વર્ષો પૂરા ન થાય ત્યાં સુધી આ ઘટમાળ ચાલ્યા કરવાની.

જો સો વર્ષનું આયુષ્ય હોય તો જિંદગીના ચાર તબક્કા ગણીએ તો દાદાજીનો આ છેલ્લો તબક્કો કહેવાય. જીવનની સંધ્યાએ પહોંચેલા છે. ક્યારે રાત્રિ આવી જાય - કોને ખબર?

વર્ષગાંઠના દિવસે લોકો વધામણી આપવા આવે અને વિવિધ વાતો કરે. કેટલાક કહેશે, કેમ દાદાજી એંસીએ પહોંચી ગયા? દેખાતા નથી હોં... બીજો કહે, દાદાજી સારું ખેંચ્યું હો... હવે પ્રભુ સ્મરણ કરો. વળી ત્રીજો કહે, દાદાજી ‘Old Age’ બહુ આકરી હોં, ભલે એનો અનુભવ ન હોય પણ મનુષ્યજીવ આવી અનેક વિવિધ વાતો કરી ઘડપણની મજાક ઉડાડતા હોય છે. આ આપણો સમાજ અને સમાજનાં લોકોના વિચારો.

પણ આજે દાદાજી પોતાની જાતને પ્રશ્ન પૂછે છે “Really, am I old?” તો અંતરથી એમને પ્રત્યુત્તર મળે છે, ‘No, I am not an old man.’ કેવી સમજવા જેવી મજાની વાત છે નહીં?

અહીં દાદાજીએ ‘Old man’નો અર્થ આજની યુવા પેઢીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ માને છે કે ‘Old man’નું ગુજરાતી ‘જૂનો માણસ’ થાય. એટલે કે એની વ્યાખ્યા એવી થઈ કે ઘડપણમાં માણસો જૂના - પુરાણા પુસ્તકો વાંચીને પોતાની વૃધ્ધ પત્ની સાથે જૂના ઘરમાં જૂનવાણી વિચારો સાથે રહેતા હોય છે. એટલે કે ‘Old man is one who lives with his old wife in an old house in the midst of old books’ પણ અહીં દાદાજી બીજા કરતાં જુદા છે. તેઓ કહે છે કે હું ‘Old man’ નથી અને સંકુચિત આવરણોથી ઢંકાયેલો પણ નથી કારણકે તેઓ સ્વસ્થ વિચારો અને આચારોથી આજે પણ યુવાન છે તેમ માને છે.

જ્યોર્જ બર્નાર્ડ શૉ એ કહ્યું છે કે ‘Old men are dangerous, it does not matter to them what is going to happen to the World.’ જ્યોર્જ બર્નાર્ડ શૉ વિદ્વાન હતા પણ સત્યને વક્ર દૃષ્ટિએ હંમેશાં જોતા અને તેથી જ તેમણે આ પ્રકારનું વિધાન વૃધ્ધો માટે કરેલું.

એની સામે બીજા વિદ્વાન અને ડાહ્યા પુરુષ ફ્રાન્સીસ બેંકે વૃધ્ધ માનવી અને જૂની ચીજવસ્તુઓ માટે ખૂબ સરસ કહેલું છે કે ‘Old wood is best to burn, old wine is best to drink, old friend is best to trust and old authors are best to read’ અહીં આપણને બંને અંગ્રેજી વિદ્વાન વ્યક્તિઓનાં વિચારો અને સમજનો તફાવત જોવા મળે છે.

આ તો અંગ્રેજી સંસ્કૃતિનાં વૃધ્ધો વિશેની વાત થઈ. પણ અન્ય સંસ્કૃતિના ડાહ્યા પુરુષો કરતાં આપણી ભારતીય સંસ્કૃતિના ઋષિમુનિઓએ ઘરડાઓને “વૃધ્ધ” તરીકે સંબોધીને ખૂબ હૃદયસ્પર્શી વાત કરી છે અને કહ્યું છે કે “ન સા સભા યત્ર ન સન્તિ વૃધ્ધા” એટલે કે જ્યાં વૃધ્ધ વ્યક્તિની હાજરી ન હોય એ સભા જ ન કહેવાય કારણકે વૃધ્ધ એટલે ઘરડો નહીં પરંતુ જીવનમાં વૃધ્ધિ પામે તે વૃધ્ધ. વાણી, વ્યવહાર, વર્તન અને અનુભવોનો નિચોડ એટલે જીવનની વૃધ્ધિ. આ ખૂબ સમજવા જેવી વાત છે.

ગત વર્ષગાંઠે કોઈકે મને ટકોર કરેલી કે ‘હવે હું નિવૃત્ત થયો છું’ - તમે તો હજુ નિવૃત્તિ લીધી નથી. સાચું હતું કે હું વર્ષ ૨૦૧૧માં નોકરી પરથી રિટાયર્ડ થયો, પરંતુ તરત જ બીજી જવાબદારી મને મળી ગઈ અને તેથી હું ‘નિવૃત્ત’ થયો ન હતો. હું માનું છું કે નિવૃત્તિ એટલે ‘absence of activity’ પણ શૂન્ય પ્રવૃત્તિ નહીં. શૂન્ય પ્રવૃત્તિ એટલે મૃત્યુ. નિવૃત્તિ એટલે તો વૃત્તિ રહિત થવું. આ કેમ ચાલે? ચાલો, આપણે આ વાત ધાર્મિક ગ્રંથો અને અનુભવી ઋષિમુનિઓની કલ્પનાદૃષ્ટિથી સમજવાનો પ્રયત્ન કરીએ.

વૃત્તિ રહિત થવા માટેના મુખ્ય ધ્યાને લેવાના મુદ્દાઓ નીચે જણાવ્યા છે :

★ માત્ર ધન ઉપાર્જનની કોઈ પ્રવૃત્તિ હાથ ન ધરવી.

★ વિશેષ કરીને પરમાર્થી પ્રવૃત્તિઓમાં જીવ પરોવવો.

★ ભોજનમાં એક સાથે ત્રણથી વધુ વસ્તુઓ લેવી નહીં.

★ આધ્યાત્મિક વાંચન અને મનન માટે વિશેષ સમય ફાળવવો.


★ કર્મનો ત્યાગ શક્ય નથી પરંતુ સત્કર્મ - પુરુષાર્થથી કર્મ મુક્તિનો માર્ગ સરળ કરવા પ્રયત્ન કરવો.

★ કોઈની નિંદા કે અપમાન કદી ન કરવું.

જીવન સંધ્યાએ પાછલી જિંદગી સંભારીને મનોક્રિયા ક્યાં લઈ જવી તે માટે દાદાજીએ થોડી પંક્તિઓ કહેલી, જે નીચે સમર્પિત કરી છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૯ ઉપર)**

*બાળકોને શિસ્તનું મહત્વ સમજાવો.*




## અભિપ્રાય : 'મંગલ મંદિર'

આ પત્ર હું લખું છું 'મંગલ મંદિર' માટે એક અભિપ્રાય આપવા માટે પણ સાથે એટલી બધી વાતો કહેવાનું મન થઈ જાય છે કે હું મારી જાતને રોકી શકતો નથી.

શ્રી નરસિંહરાવ દીવેટિયા લિખિત 'મંગલ મંદિર ખોલો દયામય' નાના હતા ત્યારે શાળામાં એક પ્રાર્થના તરીકે ગાવામાં ખૂબ મજા પડતી. ત્યારે કદાચ શબ્દો સાથે એટલો સંબંધ હતો નહિ પણ તેના લય સાથે એક અનેરો નાતો હતો. આજે જ્યારે 'મંગલ મંદિર ખોલો દયામય' સાંભળું છું ત્યારે લય સાથે શબ્દો પણ સમજતા થયો અને થયું કે કેટલી સુંદર રચના અમે શાળામાં હતાં ત્યારે રોજ સવારે ગાતાં. આજે દોડભાગના આ સમયમાં કોઈ પાસે એવો સમય નથી કે 'મંગલ મંદિર' જેવી પ્રાર્થના સાંભળે. પણ જો થોડો સમય કાઢીને આવી પ્રાર્થનાઓ આપણે સાંભળીએ તો ખરેખર મનને શાતા મળે. પરંતુ મારે વાત કરવી છે એક બીજા 'મંગલ મંદિર'ની. જેના દરવાજા સમાજના દરેક વ્યક્તિ માટે હંમેશાં ખુલ્લા જ રહ્યાં છે.

ફેબ્રુઆરી મહિનામાં મારે 'મેગેઝીન ક્લબ'માં જવાનું થયું. કાર્યક્રમ પૂરો થયા પછી અનાયાસે જ શ્રી દિનેશભાઈએ હાથ ઊંચો કરીને મારી ગાડીને રોકી અને પૂછ્યું કે અમને સાથે લઈ જશો? મેં કહ્યું, ચોક્કસ! દિનેશભાઈએ મેગેઝીન ક્લબના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાને બોલાવી લીધા અને અમે ત્રણે લોકો ચાલી નીકળ્યા બોડકદેવ તરફ. બસ! તે ૧૫ મિનિટનો સાથ, એક પાન અને થોડી અલપ-ઝલપ વાતોમાંથી એક નવા સંબંધની શરૂઆત થઈ. જીવનમાં સૌપ્રથમ 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ'ની મુલાકાત લીધી અને 'મંગલ મંદિર'ના ૪ અંકો, **શ્રી અશોકભાઈ તથા શ્રી દિનેશભાઈ** તરફથી મળેલ પ્રેમ, સત્કાર અને આદરભાવને લઈને ઘરે આવ્યો. બધા જ અંકો શાંતિથી વાંચી ગયો. **પહેલીવાર એવું લાગ્યું કે ગુણવત્તાસભર માસિક મુખપત્ર ધારે તો સમાજને કેટલું પીરસી શકે છે.** 'મંગલ મંદિર' અંગે કોઈને પણ ઊડીને આંખે વળગે તેવી બાબતો જોઈએ તો ખૂબ જ ઉત્તમ સંકલન, ઉચ્ચ ગુણવત્તાયુક્ત કાગળ, સુવાચ્ય અને યોગ્ય રીતે છાપવામાં આવતી દરેક માહિતી, જ્ઞાતિ અથવા સમાજની બાબતોને આવરી લેતો વિભાગ અલગ રંગનો, વતન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવા માટે - કચ્છ વિભાગ, સમાજને સ્પર્શવા માટે - સમાજની ક્ષિતિજ વિભાગ, સુજ્ઞ વાંચકોને વિચારતા કરી મૂકવા માટે - વિચાર વિમર્શ અને વિચાર મંથન વિભાગ, અધ્યાત્મને ઓળખવા માટે - આસ્થા વિભાગ, ખમીરવંતી વ્યક્તિના યોગદાનને ઉજાગર કરવા માટે - ઈતિહાસ વિભાગ, કોઈપણને ગમી જાય તેવી વાર્તા માટે - વાર્તા વિભાગ, સંસ્થા કે વ્યક્તિના કાર્યોને બિરદાવતો - વિશેષ વિભાગ, આરોગ્ય માટે - તંદુરસ્તી વિભાગ, હસવા માટે - હાસ્ય વિભાગ, સરેરાશ ૧૦૦થી ૧૨૫ પાનાના આ મુખપત્ર પર દરેક પાના ઉપર એક સુંદર સુવિચાર અને વિવિધ સમિતિઓ દ્વારા થયેલી અને આગામી પ્રવૃત્તિઓની જાણકારી અને બીજું કેટકેટલું આ મુખપત્રમાં સમાવી લેવામાં આવ્યું છે.

**છેલ્લા ૩૯ વર્ષોથી સતત આ પ્રકારનું રસપાન 'મંગલ મંદિર' કરાવતું રહ્યું છે તે બદલ સમાજ ચોક્કસ તેનો ઋણી રહેશે.** 'મંગલ મંદિર'ની ગુણવત્તાસભર માહિતી ભવિષ્યના સમાજ માટે ચોક્કસ એક 'ઐતિહાસિક દસ્તાવેજ' બની રહેશે.

'મંગલ મંદિર'ની સંપૂર્ણ ટીમની મોંઘેરી, સમર્પિત અને પ્રામાણિક મહેનત અને જહેમત માટે હું તેમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

*મિતેશ એમ. સોલંકી (મો. ૯૭૧૨૯ ૨૪૨૦૧)*
**grasshopper4201@gmail.com**

★

## 'મંગલ મંદિર' - માર્ચ-૨૦૧૪નો અંક

'મંગલ મંદિર' માહે માર્ચ-૨૦૧૪નો અંક જરા મોડો મળ્યો. જાન્યુઆરી - ફેબ્રુઆરીમાં તબિયત અસ્વસ્થ હોવાથી લવાજમ મોકલવામાં મોડું થયેલ છે.

માર્ચના અંકમાં એકે એક લેખ એટલા બધા પ્રભાવિત છે કે દરેક માટે પ્રતિભાવ આપવા જેવો છે, છતાં એ શક્ય ન હોઈ, નીચેના ખાસ લેખો માટે મારો પ્રતિભાવ આપ્યા વિના રહી શકતો નથી. (૧) શ્રી હંસરાજ કંસારાનો લેખ - જૈન યુવાધન, (૨) ડૉ. યાસીન દલાલ - પૂજન, (૩) ડૉ. કિરણ શીગ્નલોટ - ઊંઘમાં મૃત્યુ, (૪) ડૉ. ચંદ્રકાંત - જિંદગી એટલે શું?

શ્રી હંસરાજભાઈએ જૈન યુવાધનનાં શિક્ષણ વિશે ખૂબ જ ઝીણવટભરી તલસ્પર્શી છણાવટ કરી છે. અલગ અલગ શિક્ષણના અભ્યાસક્રમોનો તબક્કાવાર કોઠાઓમાં વિભાજિત કરી ખૂબ જ સારી રીતે અત્યંત ઉપયોગી માહિતી પૂરી પાડી છે. યુવાધનમાં શિક્ષણની ધગશ અને જાગૃતિ આવે તે અંગે અભ્યાસપૂર્ણ આવો સુંદર છણાવટભર્યો લેખ આપ્યો તે માટે તેમને અભિનંદન.

ડૉ. યાસીન, ડૉ. કિરણભાઈ, ડૉ. ચંદ્રકાંતનાં લેખો અત્યંત મનનીય, અભ્યાસપૂર્ણ અને વાંચકવર્ગને ઘણું બધું શીખવાનું, જાણવાનું અને જાગૃતિ કેળવવાનો પદાર્થપાઠ આપનારા છે. 'મંગલ મંદિર'ના અંકોમાં આ પ્રકારના લેખોનું ઉચ્ચ સ્ટાન્ડર્ડ જળવાઈ રહે તેવી પ્રાર્થના.

***મુકુંદ મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ***

*સંસ્કારો ક્યારેય છોડવા ન જોઈએ.*

## 'મંગલ મંદિર' - પ્રતિભાવ

દર માસે 'મંગલ મંદિર'નો અંક હાથમાં આવતાં જ એક બેઠકે પૂરો વાંચી જવાની આદત પડી ગઈ છે. આદતનું કારણ **'મંગલ મંદિર'માં આવતા તમામ લેખો એટલા રસપ્રદ અને માહિતીસભર હોય છે કે વાંચવા જ પડે.** પસંદગીનો અવકાશ નથી. વિવિધ વિષયના લેખો જે તે વિષયને પૂરતો ન્યાય આપતા હોવાથી વાચકને સમયનો સદુપયોગ કર્યો હોવાનો સંતોષ મળે છે.

લેખો સિવાયની અન્ય સામગ્રી પણ એટલી જ માહિતી અને મનોરંજન (પુત્તર બચુડા!) પૂરા પાડે છે.

દરેક લેખને અંતે લેખકનું સરનામું આપવામાં આવે છે. આથી કોઈ લેખ વિશે કોઈને વિશેષ માહિતી જોઈતી હોય તો તે લેખકનો સીધો સંપર્ક કરી શકે છે. જે આ માસિકની આગવી વિશેષતા છે.

***દિનકર મહેતા - અમદાવાદ***

★

## 'મંગલ મંદિર' - માર્ચ માસના અંકનો પ્રતિસાદ

**'મંગલ મંદિર' માસ માર્ચનો અંક મળ્યો. હર વખતની જેમ જ ઉત્તમ. એક વાત તો સ્પષ્ટ છે કે મંગલ મંદિર અંધશ્રધ્ધાને બિલકુલ ઉત્તેજન આપતું નથી. જો એ અંધશ્રધ્ધાને ઉત્તેજન આપવાની નીતિ ધરાવતું હોત તો તેમાં સ્વામી સચ્ચિદાનંદ, દિનેશ પાંચાલ તથા મયૂર દેઢિયા જેવાના લખાણો પ્રકાશિત ન થયા હોત. મારી સમજ મુજબ આ એક અત્યંત પ્રશંસનીય બાબત છે.**

મયૂરભાઈએ પ્રાણીમાત્રમાં રહેલી કામવૃત્તિ બાબતે અગત્યના મુદ્દાઓ વિશે વાત કરી છે. પ્રથમ તેમના લખાણમાં રહેલ સહેજ - જરાક - કથાદોષ બાબતે ખુલાસો.

બ્રહ્મા પોતાની પુત્રીને 'પરણેલા'ની કથા નથી. (ભલા! બ્રહ્માને કયો ગોર મહારાજ પરણાવે?) પણ પોતાના ડાબા અંગમાંથી સર્જેલી શતરૂપ નામની (પુત્રી) સાથે શારીરિક સંબંધ કરેલો અને તેનાથી મનુનો જન્મ એવી કથા છે. (જુઓ ગોમંડલકોશ, પાના નં.-૬૯૬૨)

અને ઈલા એટલે મનુની દીકરી તથા સૂર્યવંશના પ્રથમ એવા ઈક્ષ્વાકુની બહેન અને ચંદ્રના પુત્ર બુધની પત્ની એવી કથા છે. (જુઓ ગોમંડલકોશ પાના નં.-૧૨૫૯ તથા પૌરાણિક ચરિત્રકોશ, પાના નં.-૨૮)

પરંતુ આવી અગણિત પૌરાણિક કથાઓનું કશું જ મૂલ્ય નથી. જેને જેમ ફાવ્યું તેમ લખી નાખ્યું છે.

મારા મનને જે એક સવાલ પજવે છે તે એ છે કે પ્રાચીન ગ્રંથોમાં સ્ત્રી-પુરુષ સંબંધોને લગતા જે જે પ્રસંગો છે **ત્યાં ક્યાંય પણ 'પ્રેમ' શબ્દ વપરાયો નથી.**

વેદમાં 'પ્રેમ' શબ્દ નથી. એકાદશ ઉપનિષદોમાં પણ 'પ્રેમ' શબ્દ નથી. ગીતામાં દૈવી સંપત્તિના ૨૭ સદ્‌ગુણોની યાદી છે તેમાં પણ 'પ્રેમ' શબ્દ નથી. પ્રાકૃત ભાષાના અજ્ઞાનના કારણે મેં જૈન આગમ સાહિત્ય મૂળ ગ્રંથોમાં વાંચેલ નથી પણ તેને લગતા લખાણો વાંચવા મળ્યા છે. પંરતુ તેમાં પણ મને 'પ્રેમ' શબ્દ જોવા - વાંચવા મળેલ નથી. એમ લાગે છે કે પ્રાચીનકાળમાં 'પ્રેમ'ની વિભાવનાનો જ અભાવ હશે! **'પ્રેમ' શબ્દ સૌપ્રથમ કોણે અને ક્યાં વાપર્યો તે સંશોધનનો વિષય છે.** મારી અંગત માન્યતા એવી છે કે 'પ્રેમ' શબ્દ ઈ.સ.ની આઠમી સદી પછી વપરાશમાં આવ્યો છે - જોકે મારી પાસે આવી માન્યતાનો કોઈ પુરાવો નથી.

આવો જ બીજો શબ્દ છે 'વિવેક.' આ એક અતિ મહત્ત્વનો સદ્‌ગુણ છે. **જો વિવેક ન હોય તો અન્ય સદ્‌ગુણો પણ નુકસાનકર્તા બની શકે છે. આ શબ્દ પણ મને પ્રાચીન ગ્રંથોમાં જોવા મળતો નથી.** જૈન આગમ સાહિત્યમાં 'વિવેક' શબ્દ છે? જાણકાર જણાવશે તો ખુશી થશે. ગીતામાં પણ 'વિવેક'નો ઉલ્લેખ નથી અને વાલ્મીકિ રામાયણમાં પણ 'પ્રેમ' શબ્દ નથી. (કદાચ ક્યાંક ખૂણેખાંચરે હોય અને મારી નજર ન પડી હોય એ શક્ય છે.) 'પ્રેમ'ની અવેજીમાં 'રતિ', 'સ્નેહ', 'પ્રીતિ', 'અનુરાગ', 'આસક્તિ' વગેરે શબ્દો મળે છે.

જૈન યુવાનો તેમની શૂરવીરતા માટે જાણીતા નથી. જૈન યુવતીઓ તેમની સ્વરક્ષણ કરવાની તૈયારી માટે જાણીતી નથી. કેટલા જૈન યુવાનો નિયમિત વ્યાયામ કરતા હશે? જવાબ નિરાશાજનક છે. જૈનોને 'ક્ષમા' શબ્દ ખૂબ પ્રિય છે. પણ તેઓ એ વિચારતા જ નથી કે તેમની કોઈએ ક્ષમા માગી જ નથી, કોઈને તેમની ક્ષમાની જરૂર જ નથી. છતાં તેઓ દુનિયાને ક્ષમા આપવા નીકળી પડે છે. શક્તિહીન જૈન યુવાનોને જોઈને દયા પણ આવે છે અને ચિંતા પણ થાય છે.

આપણે પામર પણ નથી, પાપી પણ નથી અને ક્ષુદ્ર જંતુ પણ નથી. કોઈ એવું કહે તો એની વાત માનશો નહીં. આપણે સૌ સીધા-સાદા સામાન્ય 'એવરેજ' માણસો છીએ. જો આપણે શક્ય હોય તો તનથી, શક્ય હોય તો મનથી અથવા શક્ય હોય તો ધનથી બીજાને ઉપયોગી થઈએ, બીજાને મદદરૂપ થઈએ, બીજાની સેવા કરીએ તો **જેમ ઝાડ ઉપરથી સૂકા પાંદડાં આપોઆપ ખરી જાય છે તેમ આપણા કર્મોની નિર્જરા આપોઆપ થઈ જાય છે. એના માટે 'ભયંકર' તપસ્યાની જરૂર જ નથી.**

જે લોકોને ગરીબો અને દુઃખી લોકોની સેવા કરવાથી જે આનંદ - સુખ - સાર્થકતાનો અનુભવ થાય છે તે છોડીને દેવલોકના મોહમાં તથા મોક્ષના મોહમાં ફસાયેલા છે તે સૌ માર્ગ ભૂલેલા છે.

**શ્રી દિનેશભાઈ પાંચાલ, શ્રી મયૂરભાઈ દેઢિયા, શ્રી લાલ રાંભિયા, શ્રી મુરજીભાઈ ગડા સૌને ઉત્તમ લેખ સામગ્રી આપવા બદલ હાર્દિક ધન્યવાદ.**

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*મૃત્યુ પ્રેમિકા જેવું હોય છે જે ગમે ત્યારે આવીને તમારા શરીરમાંથી તમારા આત્માને ચોરી જઈ શકે છે.*

### શૈક્ષણિક ક્ષેત્રે સમાજ

'મંગલ મંદિર'ના જાન્યુઆરી માસના અંકમાં પ્રકાશિત સમાજના યુવાવર્ગની શૈક્ષણિક લાયકાતોની સૂચિના અનુસંધાનમાં શ્રી હંસરાજભાઈએ કરેલ પૃથક્કરણ તથા તંત્રીશ્રીની માર્ચના અંકમાં આવેલ ટીકા શિક્ષણમાં રસ લેનારાઓને વિચારતા કરશે. ભાઈશ્રી હંસરાજભાઈની મહેનતને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. લેખ તૈયાર કરવા પાછળ તેમની મહેનત કાબિલેદાદ છે. માત્ર કચ્છી જૈન સમાજ નહીં પરંતુ દરેક સમાજોએ આ પ્રકારની વિગત તૈયાર કરીને સમીક્ષા કરવી જોઈએ. તંત્રીશ્રીના કહેવા મુજબ પૃથક્કરણમાં ખુશી પણ છે અને ગમ પણ છે. આ બાબત જરા વિગતથી જોઈએ.

- **યુવતીઓ કેટલાક ક્ષેત્રમાં આગળ છે :**

કારણ સ્પષ્ટ છે. યુવક ઉપર કમાણી કરવાનું દબાણ હોય છે. એટલે જો ઘરના વ્યવસાયમાં જોડાવું હોય તો ગ્રેજ્યુએટ થયા બાદ સમય બગાડ્યા વગર જોડાઈ જાય છે. ઉદ્યોગ હોય તો એને લગતી તાલીમ લે છે (MBA વગેરે). બેન્કિંગ જેવી અન્ય પરીક્ષાઓ આપી નોકરીમાં જોડાઈ જાય છે. સામે છોકરીઓ લગ્ન મોડા કરે છે. ડોક્ટર કે એવી ખાસ સમય લેતી લાઈનમાં ન હોય તો સમય પસાર કરવા જ ભણ્યા કરે છે. કમાણી કરવાનો ઉદ્દેશ તેઓનો પણ હોય છે, પણ એ તેઓની પ્રથમ જવાબદારી નથી. છોકરીની ડિગ્રીઓનું પૂછડું લાંબું થતું જાય છે. જ્યારે છોકરો વ્યવસાય, ઉદ્યોગ કે નોકરીમાં અનુભવે આગળ વધી જાય છે. વાસ્તવમાં તે યુવતીથી વધારે સક્ષમ હોવા છતાં તેની ડિગ્રી ઓછી દેખાય છે.

વાણિજ્ય શાખામાં ૭૦% અને બાકીનામાં ૩૦%. આર્ટ સાયન્સમાં ૩-૩ ટકા જ. લલિત કલા (નૃત્ય - સંગીત) કોઈ નહિ.

ગુજરાતી એટલે વેપારી પ્રજા. વેપાર ઉદ્યોગ તરફનું વલણ વધારે હોય એ સ્વાભાવિક છે. આ શાખામાં આવકની તકો પણ સારા પ્રમાણમાં મળી રહે છે. સમય પણ ઓછો લાગે છે. આ જ કારણે વિજ્ઞાન શાખાઓમાં જવાનું પ્રમાણ પણ ઓછું છે.

વિનયન (ARTS)ની વાત થાય ત્યાં તો મા-બાપો તૂટી જ પડે! આર્ટસમાં જવાતું હશે? ઠોઠ નિશાળિયાઓ જ એમાં જાય! તેઓને ખબર જ નથી હોતી કે આ ક્ષેત્ર કેટલું વિશાળ થઈ ગયું છે. આની વિગત દાખલાઓ સાથે આગળ આપી છે.

એન્જિનિયરિંગ ક્ષેત્રમાં ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન - કોમ્પ્યુટર ઉપર વધારે ઝોક છે. અને હોવો સ્વાભાવિક છે. આ જ રીતે ટેકનોલોજીમાં આઈ.ટી. ક્ષેત્ર વધારે પસંદ કરવામાં આવે છે.

કોમ્પ્યુટર એ દરેક ક્ષેત્રમાં જરૂરી અને સર્વવ્યાપી એવો જાદુઈ પીટારો છે કે તેને શીખવા માટે કોઈ ડિગ્રીની જરૂરત નથી. મૂળભૂત જાણકારી મેળવીને કોમ્પ્યુટરને મચડ્યા કરો અને શીખ્યા કરો! અલબત્ત, સાચી રીતે અને સાચી જગ્યાએ. એક કોમ્પ્યુટર વસાવીને ઘેર બેઠા આવક મેળવી શકાય છે અને ઘણા લોકો એ મેળવી રહ્યા છે.

હવે કોઠા નં.-૧૦ તથા ૧૧ની વાત. જેમાં સમાજના વીરલાઓનો સમાવેશ છે. આમાં મારા પરિવારની વાત આવશે. એમ જ કોઈને શિખામણ આપીએ કે ઓછા જાણીતા અભ્યાસક્રમોમાં જવું જોઈએ તો તેની અસર કરતાં પ્રત્યક્ષ દાખલા અપાય તો ઘણો ફરક પડે. કોઠા નં.-૧૧ માં એકમાત્ર ફોટોગ્રાફીમાં જનાર મારો પૌત્ર આદિત્ય છે. CEPT માંથી ડિપ્લોમા કરેલ છે. આ કોર્સ ખાસ પ્રકારની આર્ટ ફોટોગ્રાફીનો ૧ વર્ષનો છે.

ગ્રાફિક ડિઝાઈનમાં પૂર્વ સ્નાતકમાં એકમાત્ર છોકરી આદિત્યથી નાની બંસરી છે. M.I.T. (મહારાષ્ટ્ર ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી) પૂણેમાં ડિઝાઈનિંગ બાદ એથી આગળ તેણે ડિપ્લોમા ઈન વીડિયો શૂટિંગ એન્ડ એડિટિંગનો કોર્સ સફળતાપૂર્વક પૂરો કરેલ છે.

આ સાથે એ ખાસ કહેવાનું કે આ ક્ષેત્રમાં નિષ્ણાતોની તંગી છે. સારી નોકરી વગર ફ્રીલાન્સ કામ મળી રહે છે. બંને ભાઈ-બહેન હાલ પણ આ રીતે સારી આવક મેળવી રહ્યા છે.

- **લલિતકળા - નૃત્ય - સંગીત :**

આ કોઠામાં કોઈ નથી. હકીકતમાં આ ક્ષેત્રમાં ડિગ્રી કોર્સ છે. "અલંકાર" એ આ ક્ષેત્રની M.A. ની સમકક્ષ ડિગ્રી છે. એ મારી પૌત્રી કિન્નરીએ મેળવેલ છે. જે સમાજમાં એકમાત્ર છે. જ્યારે "વિશારદ" એ B.A. ની સમકક્ષ ડિગ્રી તેની નાની બહેન હેમાંગીએ મેળવેલ છે. આ બંને ભરત નાટ્યમ્ એટલે કે નૃત્ય ક્ષેત્રમાં મળેલ છે. સંગીત કે નૃત્યકળામાં અન્ય કોઈએ આ ડિગ્રીઓ મેળવી હોય એવું ખ્યાલમાં નથી. ફાઈન આર્ટ એટલે ચિત્રકળામાં પણ બે જણ છે. આપણો સમાજ હાલમાં કલા ક્ષેત્રને વધારાની પ્રવૃત્તિ તરીકે સ્વીકારે છે ખરો, પણ કેરીયર તરીકે નહીં. બંને પૌત્રીઓએ પણ નૃત્યને કેરિયર તરીકે લીધેલ નથી. નાની હેમાંગી B.A. નો અભ્યાસ છોડી MASS MEDIA માં સ્નાતક થવા મુંબઈ સોમૈયા ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ થયેલ છે. આ પણ કલાક્ષેત્રની જ ડિગ્રી સમાજમાં કદાચ પ્રથમ હોઈ શકે.

- **હોમ સાયન્સ :**

આમાં એક જ કન્યા છે તે બે હોવી જોઈએ. મારી પૌત્રી

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

બિંદીએ M.A. (હોમ સાયન્સ) કરેલ છે. વસતિ પત્રકમાં માત્ર M.A. લખાયેલ છે.

એક યુવકે (સી.નં. ૧૬૯) બાયોટેક સાથે જર્નાલિઝમમાં ડિપ્લોમા કરેલ છે, જેનો ઉલ્લેખ કોઠા નં.-૧૦ માં રહી ગયેલ હોય એમ લાગે છે.

IAS - IPS વગેરે ઉચ્ચ સરકારી નોકરીઓમાં જવાનું વલણ નથી. એમાં નવી પેઢી કરતાં વડીલોનો દોષ વધારે હોઈ શકે. સંરક્ષણ વિભાગનું તો નામ જ નહિ લેવાનું!

અહીં મારા પરિવારના સંતાનોના દાખલા આપવાનો ઉદ્દેશ એટલો જ છે કે સમાજના વડીલોને, મા-બાપને સંદેશ પહોંચે કે આપણા સંતાનો ધારીએ છીએ તે કરતાં ઘણા વધારે સક્ષમ છે. તેઓની શક્તિ ઓછી આંકવી જોઈએ નહીં. વિશ્વભરની માહિતી તેઓ આંગળીઓના ટેરવે મેળવી શકે છે. કૃપા કરી તેઓને તમારી અધૂરી ઈચ્છાઓની પૂર્તિ કરવાનું સાધન ન બનાવો. તમારી માન્યતાઓ તેમના ઉપર લાદો નહીં. મનગમતા ક્ષેત્રમાં તેઓને જવા દો.

આપણી શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ અને યુવા વિકાસ સમિતિ દર વર્ષે 'એપ્ટિટ્યૂડ ટેસ્ટ'નો કાર્યક્રમ યોજે છે. આ બહુ જ ઉપયોગી ટેસ્ટ છે. ઉચ્ચ અભ્યાસમાં જવા ઈચ્છતા દરેક વિદ્યાર્થીઓએ આ ટેસ્ટ પોતે કયા ક્ષેત્રમાં જવા સક્ષમ છે એ જાણવા માટે આપવો જોઈએ. હાલમાં પણ કલા, સ્પોર્ટસ તથા અન્ય નવતર ક્ષેત્રમાં જતા યુવક - યુવતીઓને થોડું ઉત્તેજન મળે છે અને સમાજને તેઓની માહિતી મળે છે તેનું શ્રેય પણ ઉપરોક્ત સમિતિઓને જાય છે.

યુવા વિકાસ સમિતિને અનુરોધ કરવાનો છે કે આવા વિદ્યાર્થીઓને સ્ટેજ ઉપર બોલાવી ઈનામ - સન્માન આપો એ જરૂરી છે, પણ સાથે કોઈ નવતર અભ્યાસક્રમ સામે આવે તો તેની જાણકારી અપાય તો અન્ય રસ ધરાવનારાઓને ઉપયોગી થાય. (જરૂર પડ્યે તો ભાષણબાજી થોડી ઓછી કરીને)

છેલ્લે, ભાઈશ્રી હંસરાજભાઈએ આપણને કલ્પનામાં પણ ન હતી એવી વિગત (DATA) ઉપલબ્ધ કરી હવે પછી સમાજમાં ૩૦થી ૫૦-૫૫ વર્ષની વ્યક્તિઓના વ્યવસાયોનું સર્વેક્ષણ ન થઈ શકે? કચ્છી યલો પેજિસના ડેટાનો ઉપયોગ કરીને આ કામ થઈ શકે કેમ કેમ?

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

★

## સામાન્ય ચૂંટણીમાં આપણા મતની કિંમત : મત કોને અને શા માટે આપવો?

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે કયા ઉમેદવારને મત આપવો તે સંબંધી મારી મૂંઝવણ ખૂબ જ વધી રહી છે. પ્રજાજનનો એક-એક મત ખૂબ કિંમતી હોવાના કારણે આ પ્રકારની દ્વિધા રહે છે.

મતદાન કરવું એ આપણા દેશ પ્રત્યેની ફરજ છે. યોગ્ય વ્યક્તિ અગર ચૂંટણી લડી રહી હોય અને તે સાથે પ્રજાના કામો વિકાસલક્ષી કામગીરી અને પારદર્શક વહીવટના સોગંદ નિભાવે તો આપણે જરૂરથી મત તેમને આપવો જ જોઈએ. પણ હાલે કેટલાક સમયથી કોઈ પણ ઉમેદવાર ચોખ્ખો દેખાતો નથી. વિનય, વિવેક વગરની ભાષા અને એક બીજા ઉપર દોષારોપણ કરવાની વૃત્તિ ધરાવતા ઉમેદવારો દેખાય છે. તો શું આપણો કિંમતી અને પવિત્ર મત કાદવ કીચડના માનસવાળા ઉમેદવારોને આપીને દેશ માટે અન્યાય તો નહિં કરીએને? જે કાર્યકર્તાઓ સંસદની પવિત્રતા જાળવી શકતા નથી, લોકશાહીને કલંક લાગે તેવા કૃત્યો કરતા હોય, સાંસદોને શારીરિક રીતે નુકસાન કરે તેવા સ્પ્રે સંસદમાં છાંટે, ચપ્પુ જેવા હથિયાર લઈને આવે, પોતાના કપડા પણ કાઢી નાખે તેવા ગંદા નેતાઓ આ દેશનું શું ભલું કરવાના? ટોચના નેતાઓ મૂંગા પ્રાણીની જેમ તમાશો જોયા કરે. કોઈકના રીમોટથી કામગીરી કરતા હોય તેવા પ્રધાનોને તો દેશવટો આપી દેવો જોઈએ. જે નેતાઓ પ્રજાની સેવા કરવાના બદલે પોતાની તિજોરી ભરતા હોય તેઓને હાંકી કાઢવા જોઈએ.

આમ પ્રજાને દરરોજ આવી તક પ્રાપ્ત થતી નથી. માત્ર પાંચ વર્ષે આ મોકો મળે છે. એટલે પ્રજાએ મતદાન વેળાએ સજાગતા બતાવવી પડે. જાણવા મળ્યું કે ભુજથી માંડવીનો રસ્તો પહોળો કરવા માટે દોઢેક હજાર જેટલા વૃક્ષોને કાપી નાખવાની યોજના હાથ ધરાઈ રહી છે. આને વિકાસ કહેવાય કે વિનાશ? આપણાં વડીલોએ પર્યાવરણ - હવામાનમાં શુધ્ધિકરણ કરવા પૂરી મહેનતથી આવા વૃક્ષો વાવ્યા હશે. વટેમાર્ગુને આ વૃક્ષો કેટલી શીતળ છાયા આપતા હશે? નવી પ્રજા માટે આ અમૂલ્ય વારસો કહેવાય. એનું છેદન કરવા સરકાર મંજૂરી આપે એ કેટલું વિચિત્ર કહેવાય? આવી કામગીરીથી ઉદ્યોગપતિઓ અને નેતાઓને જ ફાયદો થશે.

એટલે મહામૂલ્યવાળી ચૂંટણીમાં આવા ભ્રષ્ટ કાર્યકર્તાઓ, નેતાઓ ચૂંટાય નહીં તે પ્રત્યે આપણે સૌએ સજાગ રહેવાની ખાસ જરૂર છે.

*અલ્કા એ. સંઘવી - અમદાવાદ*

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

### શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતેના કાર્યક્રમ અંગે

આપના તરફથી તા. ૨૦-૪-૧૪નું આગોતરું આમંત્રણ પ્રેમભર્યા આગ્રહ સાથેનું મળ્યું છે. તે માટે આભારી છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા પાલડી ખાતે આરોગ્ય સેવાઓનું અતિ સુંદર વ્યવસ્થાપન કરવામાં આવેલ છે. તેમાં શાહીબાગ ખાતે ડાયાલિસીસ સેન્ટર શરૂ કરવાનું આયોજન યશકલગી બની રહેશે તેમાં શંકા નથી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજે એક પછી એક સેવાકીય કાર્યોની શૃંખલા ઊભી કરીને અન્ય સમાજો માટે સરાહનીય ઉદાહરણ પૂરું પાડ્યું છે. આવા એક શુભ પ્રસંગે અમોને ત્યાં હાજરી આપવાની તક મળશે તે માટે અમો ગૌરવ અનુભવીએ છીએ અને હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

માનવસેવાના આવા સુંદર કાર્યો કરતાં રહો તેવી પ્રેરણા, બળ અને શક્તિ પરમ કૃપાળુ પરમાત્મા પ્રદાન કરે તેવી અભ્યર્થના.

*શશીકાંત ઠક્કર, એડવોકેટ - માધાપર (ભુજ, કચ્છ)*

★

### 'મંગલ મંદિર' માસ માર્ચ-૨૦૧૪ના અંકનો પ્રતિભાવ

એક આગવા લેખક, પરામર્શક અને પુરુષાર્થી ચિંતક ભાઈ શ્રી હંસરાજભાઈ કંસારા છેલ્લા કેટલાક વર્ષથી અમદાવાદમાં વસતા કચ્છી પરિવારજનોનો પરિચય કરાવી રહ્યા છે. તે રીતે 'મંગલ મંદિર' માસ માર્ચ-૨૦૧૪ના અંકમાં તેમણે અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી જૈન યુવાવર્ગના શૈક્ષણિક અભ્યાસ અંગેની એક વિસ્તૃત રજૂઆત કરી છે. તેમનો આ પ્રકારનો આગવો લેખ પ્રસન્ન કરી ગયો. આ ભગીરથ કાર્ય પછવાડે તેઓશ્રીનો હેતુ સમાજને જાગૃત કરવાનો ઉદ્દેશ સ્પષ્ટ છે, જે સ્તુત્ય છે.

પોતાના સમાજના સંતાનો અભ્યાસ ક્ષેત્રે કઈ દિશામાં જઈ રહ્યા છે અને પોતાની કારકિર્દીના ઘડતર તેમજ પોતાના સમાજની પ્રગતિ માટે આજના શૈક્ષણિક ક્ષેત્રના માહોલમાં કેવા પ્રકારના અભ્યાસક્રમો પસંદ કરવા જોઈએ તે અન્વયે આંકડાકીય વિસ્તૃત તારણોની રજૂઆત ખરેખર કાબિલેદાદ છે. એટલું જ નહીં પરંતુ સંતાનો અને તેમના પરિવારજનો તેમજ સમાજ માટે લેખની સમીક્ષા એક લાલબત્તી સમાન કહી શકાય.

આ પ્રકારના લેખના આધારે અન્ય કચ્છી સમાજો પોતાના યુવાવર્ગ અને પોતાના સમાજની પ્રગતિ અર્થે આજના સમયને અનુલક્ષીને આ રીતની શૈક્ષણિક માહિતી તૈયાર કરશે તો દરેક સમાજ માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે.

ઉપરાંત દેશ વિદેશમાંથી અત્રે વસેલ કચ્છીઓ વિશે પણ પરિચય અપાતો રહે તેવી વિનંતી અસ્થાને નથી. ઉપરોક્ત બાબતે 'મંગલ મંદિર'ના તંત્રીલેખમાં શ્રી હંસરાજભાઈનો ખાસ ઉલ્લેખ પણ સરાહનીય છે. અંતમાં સમગ્ર પ્રયાસને અભિનંદન.

*પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ (મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬)*

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

**કચ્છજો માડુ...**

**કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;**
**માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.**

*– રશ્મિન્ ખોના (મુંભઈ)*

❀

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**
**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**
277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી જોરાવરસિંહ જાદવને પ્રતિષ્ઠિત ઍવોર્ડ



લબ્ધપ્રતિષ્ઠ કટારલેખક શ્રી જોરાવરસિંહ જાદવને લોકવિધ, લોકસંસ્કૃતિ અને લોકકલાની તેમજ પચાસ વર્ષની સંશોધન ક્ષેત્રની સમર્પિત સેવાઓ માટે કાગધામ (મજાદર) ખાતે પૂ. મોરારિબાપુએ રોકડ પુરસ્કાર અને પ્રતિષ્ઠિત 'કાગ - લોકસાહિત્ય ઍવોર્ડ' તાજેતરમાં અર્પણ કર્યો હતો.

શ્રી જોરાવરસિંહ જાદવના ૯૧ ઉપરાંત સચિત્ર ગ્રંથો પ્રગટ થયા છે. તેમજ તેમના પુસ્તકો સૌરાષ્ટ્ર યુનિ.માં પાઠ્યપુસ્તક તરીકે ભણાવાય છે. અત્રે યાદ આપીએ કે તેઓશ્રી લોકકલા ફાઉન્ડેશન સંસ્થાના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી તેમજ મેગેઝિન ક્લબના ઉપ પ્રમુખપદે છે, તેમ તેમની સંસ્થાની એક પ્રેસનોટમાં જણાવાયું છે.

★

## અભિનંદન



જાહેર હિતના સામાજિક પ્રશ્નોને હલ કરવા તેમજ સાર્વજનિક પ્રવૃત્તિઓના પરિણામ સ્વરૂપે કેન્દ્ર સરકારના શિપિંગ મંત્રાલયના તા. ૪-૩-૨૦૧૪વાળા પત્રથી ગાંધીધામ, વાગડ સાત ચોવિસી જૈન સમાજના અગ્રણી અને ઍડવોકેટ શ્રી વિશનજી ગોપાલજી મહેતાની "મુંબઈ પોર્ટ ટ્રસ્ટની એડવાઈઝરી કમિટી"માં સભ્ય તરીકે વરણી થયેલ છે.

તેઓશ્રી ગાંધીધામ સિટીઝન વેલફેર એસોસિએશનના સહ-કન્વીનર છે તેમજ ગાંધીધામ ચેમ્બર્સ ઑફ કોમર્સ, બાર એસોસિએશન તેમજ પોતાના સમાજ સાથે સંકળાયેલા છે.

ઉપરોક્ત પ્રતિષ્ઠિત વરણી બદલ તેઓશ્રીને અનેક સ્થળોએથી અભિનંદન પ્રાપ્ત થઈ રહેલ છે.

## જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજનો શપથવિધિ સમારોહ-૨૦૧૪

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ, જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ - સાહેલી, યંગ જાયન્ટ્સ ભુજનો સંયુક્ત શપથવિધિ સમારોહ તાજેતરમાં ભુજ ખાતે સંપન્ન થયો હતો.

ભુજના મહાનુભાવો, ફેડ.-૩બી ના અધિકારીઓ તથા અન્ય આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં શપથવિધિ સમારોહ શાનદાર રીતે યોજાયો હતો. જેમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજના પુનઃ વરાયેલા પ્રેસિડેન્ટ કાંતિભાઈ મિરાણીએ આગામી વર્ષ ૨૦૧૪ના વિવિધ પ્રોજેક્ટ માટે અંદાજિત રૂા. ૧,૫૮,૦૦૦નું બજેટ રજૂ કર્યું હતું. તે સિવાય, અન્ય ગ્રુપના હોદ્દેદારોએ વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓ અને પ્રાપ્ત થયેલા ઍવોર્ડની વિગતો આપી હતી. કાર્યક્રમ દરમ્યાન ગ્રુપના ફાઉન્ડર મેમ્બર્સનું વિશેષ સન્માન કરવામાં આવેલ અને તેઓએ પ્રેરણાત્મક પ્રવચન કર્યું હતું. તેમ ભુજ - ગ્રુપના એક અહેવાલમાં જણાવાયું હતું.

*નવોદિત લેખકોને પોતાની લેખન શક્તિને એક યોગ્ય દિશા મળે તેવા ઉદ્દેશથી જી.એસ. મીડિયા વર્ક્સ દ્વારા સમગ્ર રાજ્યમાં સાહિત્યિક પ્રવૃત્તિના એક ભાગરૂપે 'વાર્તા લેખન હરીફાઈ'નું આયોજન કરેલ છે. એમની પ્રેસનોટ મુજબની વિગત નીચે મુજબ છે.*

★

**આપણી આસપાસ રચાય છે દરરોજ કંઈક અનોખી વાર્તા**

**GS Media Works રજૂ કરે છે....**

**● વાર્તા સ્પર્ધા ●**

**"કલમ કસબી ૨૦૧૪"**

**હસાવતી, રડાવતી, ડરાવતી અને હચમચાવતી કોઈપણ એક વાર્તા લખો અને આકર્ષક ઈનામ મેળવો.**

**નિયમો : ✦ વાર્તા સ્વચ્છ અક્ષરે, પોતાના નામ - સરનામા - ફોન નંબર સાથે અને કાગળની એક બાજુ લખો. ✦ વાર્તા મૌલિક હોવાનો પત્ર જોડે બીડવો જરૂરી. ✦ વાર્તા GS Media Worksની માલિકી હસ્તક રહેશે. તમારી વાર્તા ૩૦ જૂન, ૨૦૧૪ સુધીમાં લખી મોકલો.**

**GS Media Works**
એ-૩૬, સુરભિ પાર્ક, ખારાવાલા કમ્પાઉન્ડની સામે,
ઈસનપુર, અમદાવાદ-૩૮૨ ૪૪૩.
ઈ-મેઈલ : gsmediaworkss@gmail.com

## બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા વડીલો માટે વિનામૂલ્યે બત્રીસી બનાવવાનો કેમ્પ

કચ્છના વડીલો માટે સૌપ્રથમવાર વિના મૂલ્યે બત્રીસી બનાવી આપવાના કેમ્પનો તાજેતરમાં મુંદ્રા તાલુકાના કુંદરોડી ગામે પ્રારંભ થયો હતો.

બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત અને ટ્રસ્ટના ચેરમેન બચુભાઈ રાંભિયા અને વાઈસ ચેરમેન વિજયભાઈ છેડા પ્રેરિત કેમ્પને ખુલ્લો મૂકી ટ્રસ્ટ દ્વારા વધુ એક આરોગ્ય ક્ષેત્રે સેવાનો ઉમેરો કર્યો હતો. ભારતમાં પ્રથમ વખત આવું આયોજન થયું હતું. ટ્રસ્ટના સૌજન્યદાતા કુસુમબેન દિનેશભાઈ માલશી છેડા (કુંદરોડી)એ આવા કેમ્પો વડીલો માટે આશીર્વાદરૂપ હોવાનું જણાવ્યું હતું. કુલ ૧૬૦થી વધુ વડીલોને વિનામૂલ્યે બત્રીસી બનાવી અપાશે. મુંબઈમાં બત્રીસી બનાવીને વડીલોને પોતાના ગામે નિઃશુલ્ક પહોંચાડી આપવામાં આવશે.

આ સિવાય, બીજા ૬૦ વડીલોના નામ લખવામાં આવ્યા છે. બીજો કેમ્પ જ્યારે યોજાશે તેમાં તેમનો સમાવેશ કરવામાં આવશે.

★

## રાજકોટ ખાતે પથિકાશ્રમ

કચ્છ તેમજ બહારગામથી તબીબી સારવાર મેળવવા આવતા દર્દીઓને રહેવાની સુવિધા મળી રહે તે માટે કચ્છના જૈન શ્રેષ્ઠી દ્વારા પથિકાશ્રમ બનાવાયું છે. રાજકોટ જિલ્લા કલેક્ટર અને લક્ષ્મીબેન જે. શેઠિયા ચેરિટેબલ ટ્રસ્ટ નિર્મિત પથિકાશ્રમ, જવાહર રોડ, ઠાકર રેસ્ટોરન્ટ સામે, જનરલ હોસ્પિટલની બાજુમાં. ફોન : ૮૮૬૬૦ ૨૨૬૦૦, ૩૨૦૩૨૦૦, ૨૨૪૩૦૦૮ પર સંપર્ક કરી પથિકાશ્રમનો લાભ લઈ શકાય છે. ■

## શું આપણા સમાજના છોકરા છોકરીઓને સમાન ગણવામાં આવે છે?

આ બાબતે સુધારાવાદીઓનો જવાબ કેટલાકનો હકારાત્મક 'હા'માં હશે. પણ શું ખરેખર આવું છે?

નજદીકના ભૂતકાળમાં આવેલ કેટલાક સુધારા પછી એટલું કહી શકાય કે જન્મથી બાળપણના ઉછેર અને અભ્યાસની બાબતમાં આ ખરું છે પણ કિશોર અવસ્થામાં પ્રવેશતાં જ પરિવાર અને સમાજનો છોકરી તરફ જોવાનો અભિગમ બદલાઈ જાય છે. છોકરીઓને ઘર ચલાવવાની તાલીમ આપવાનું શરૂ થતું જાય છે. તેઓને લજ્જા, સહનશીલતા જેવા સદ્‌ગુણોનો પાઠ ભણાવવાનું શરૂ થઈ જાય છે.

જો કે આ બધું હોવા છતાં તેના અભ્યાસનું મહત્ત્વ પણ બધા સમજે છે અને ભવિષ્યની સલામતી માટે નોકરી કે ધંધો કરી કમાણી કરવાનું પણ હવે જરૂરી ગણાય છે. જે ક્ષેત્ર પર માત્ર પુરુષોનો જ ઈજારો હતો તે ક્ષેત્રમાં હવે મહિલાઓએ પ્રવેશ કરી લીધો છે.

આમ છતાં છોકરાઓના ઉછેરમાં કોઈ ફેરફાર થયો હોય એમ દેખાતું નથી. તેને રસોઈ કરવાની કે ઘર સંભાળવાની કે બાળઉછેરની તાલીમ આપવાની જરૂરત કોઈ જોતું નથી. આ ઉપરાંત છોકરીઓને ક્રિકેટ કે ફૂટબોલ જેવી રમતોની પણ તાલીમ અપાતી નથી. પરંતુ આ ક્ષેત્રમાં પણ છોકરીઓ હવે સ્વેચ્છાએ પ્રવેશવા લાગી છે.

કિશોરમાંથી યુવાવસ્થામાં પ્રવેશે કે તરત છોકરીઓની સલામતી માટે તેમના ઉપર પ્રતિબંધો મૂકાય છે. જેવા કે રાત્રે સમયસર ઘરે પાછા આવી જવાનું (ક્યાંક તો અંધારું થતાં પહેલાં!). અસુરક્ષિત કે એકાંત જગ્યાઓએ નહિ જવાનું વગેરે. ઉપરાંત તેણે પિતા, ભાઈ અથવા પુત્રના રક્ષણ હેઠળ જ રહેવાનું એવું શીખવાડવામાં આવે છે.

'મંગલ મંદિર'ના જાન્યુઆરી માસના અંકના અગ્રલેખમાં તંત્રીશ્રીએ કહ્યું એ મુજબ અમુક અંશે આ ચિંતા વાજબી પણ છે. જ્યારે લગભગ દરરોજ સ્ત્રીઓ ઉપર થતા બળાત્કારો અને જાતીય સતામણીના કિસ્સાઓ વાંચીએ કે સાંભળીએ છીએ, પણ આવા સમયે ચિંતા કરવા અને નિયંત્રણો લાદવાના બદલે શા માટે સ્ત્રીને સ્વરક્ષણ માટે સક્ષમ ન બનાવીએ? જુડો, કરાટે કે એના જેવી સ્વરક્ષણની તાલીમ આપીને એવી સશક્ત બનાવીએ કે તેની સંમતિ વગર તેને કોઈ હાથ પણ ન લગાડી શકે!

હવેના સમયમાં છોકરીઓને માત્ર ગૃહિણી બનાવવાની તાલીમ પૂરતી નથી. શરૂથી જ તેને ઝાંસીની રાણી કે કિરણ બેદી જેવી સશક્ત બનવાની તાલીમ આપવી જોઈએ. માત્ર કાયદાઓ ઘડવાથી બહુ ફરક નહિ પડે. આ માટે સ્ત્રીઓએ જાતે જ સશક્ત બનવું પડશે તો જ બળાત્કારો કે જાતીય સતામણીના કિસ્સાઓ બંધ થશે. સ્ત્રીઓએ અબળા મટીને સબળા બનવું જ પડશે.

વર્તમાન સમયમાં સ્ત્રીઓએ પુરુષોના જ કહેવાતા બધા જ ક્ષેત્રમાં પ્રવેશ કરી લીધો છે. આર્થિક ક્ષેત્ર જ જુઓ તો આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, એક્સિસ બેંક, એચ.એસ.બી.સી. બેંક, બી.એસ.ઈ. (બોમ્બે સ્ટોક એક્ષચેન્જ) ઉપરાંત આંતરરાષ્ટ્રીય કંપની પેપ્સી વગેરે ઉપરાંત ઉદ્યોગ વ્યાપાર, રાજકીય અને સેવાના ક્ષેત્રમાં અનેક સ્ત્રીઓ પ્રવેશી ચૂકી છે. ત્યારે માત્ર શારીરિક શક્તિના ક્ષેત્રમાં શા માટે પાછળ રહે?

એમ લાગે છે કે હવે આપણી સદીઓ પુરાણી સમાજ વ્યવસ્થા અને પરંપરાઓ ખતરામાં છે. આવતા બે-એક દાયકા પછીની પેઢીની છોકરીઓ કદાચ એમ કહેશે કે અમે જ શા માટે અમારું ઘર - પરિવાર છોડીને અન્ય ઘર પરિવારમાં જઈએ?

*શ્રીમતી કલ્પના મહેન્દ્ર મહેતા - કોચીન*
*ફોન : (૦૪૮૪) ૨૨૨૭૩૨૧*

*જે માણસ હંમેશાં મૃત્યુનું અખંડ સ્મરણ રાખીને જીવે છે એ માણસ કદી જીવનનો દુરુપયોગ કરતો નથી.*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) જૈન આચાર્ય અજિતપ્રભસૂરિ દ્વારા ૧૪મા સૈકાના મધ્યભાગે જૈન પંથના ૧૬મા તીર્થંકર શાંતિનાથ ભગવાનના જીવન ચરિત્રનું આલેખન કરતી પ્રાચીન 'શાંતિનાથ ચરિત્ર' નામની હસ્તપ્રતને યુનેસ્કોએ વૈશ્વિક સંપત્તિ જાહેર કરી છે. ***(હલચલ, તા. ૫-૭-૨૦૧૩)***

(૨) મૃતદેહના અગ્નિસંસ્કાર કરવા માટે એકલા ગુજરાતમાં વર્ષે દહાડે ૮૦થી ૮૫ કરોડ રૂપિયાના લાકડાને બાળવામાં આવે છે. *(આખા દેશમાં કેટલા?)* ***(વિવેકપંથી, જાન્યુઆરી-૨૦૧૪)***

(૩) ગાંધીજીના ચરખાનું લંડનમાં લીલામ થયું અને તે ચરખો એક લાખ દસ હજાર પાઉન્ડની બોલીમાં વેચાયો. ***(વિવેકપંથી, જાન્યુઆરી-૨૦૧૪)***

(૪) લંડનના પોલીસ કમિશનરે પોલીસ કૂતરાઓ માટે તેમની નિવૃત્તિ બાદ તેમને પેન્શન આપવાની યોજના મંજૂર કરી છે. ***(વિવેકપંથી, જાન્યુઆરી-૨૦૧૪)***

(૫) કેન્દ્રના પ્રદૂષણ નિયંત્રણ મંડળે બહાર પાડેલા ૨૦૧૩ના રિપોર્ટ મુજબ દેશના કુલ પ્રદૂષિત કચરો પેદા કરતા રાજ્યમાં ગુજરાત પ્રથમ છે. જે દર વર્ષે લગભગ ૬૦ લાખ ટન કચરો પેદા કરે છે. ઉપરાંત યુરોપ તથા અમેરિકામાંથી જેમને કાઢી મૂકવામાં આવ્યા છે એવા કેટલાય રાસાયણિક કારખાનાં અહીં આવીને ઉત્પાદન કરે છે. ***(લોક સ્વરાજ, ફેબ્રુઆરી-૨૦૧૪)***

(૬) આ વર્ષે ૧૪ જાન્યુઆરી, ૨૦૧૪ના મકર સંક્રાંતિના દિવસે પતંગના માંજાથી ૧૧૫૦ પક્ષીઓ ઘાયલ થયા અને તેમાંના ઘણા મૃત્યુ પામ્યા. આ સંખ્યા તો નોંધાયેલા પક્ષીઓની જ છે. અન્ય વણ નોંધાયેલા કેટલા હશે? (જૈનો માટે ખાસ.) ***(લોક સ્વરાજ, ફેબ્રુઆરી-૨૦૧૪)***

(૭) ગુજરાતના માત્ર ત્રણ જ જિલ્લાઓમાં ૩૧ લાખ ચો.મી. ગોચરની જમીન ગામડાંઓ પાસેથી છીનવી લઈને ઉદ્યોગોને ફાળવી દેવામાં આવેલ છે. ***(લોક સ્વરાજ, ફેબ્રુઆરી-૨૦૧૪)***

(૮) ગુજરાતમાં છેલ્લા ૨૩ વર્ષમાં ૫૮૦ જેટલા સફાઈ કામદારોએ ૨૦ ફીટ ગટરમાં ઉતરીને - આપણે કરેલી ગંદકી - સાફ કરતાં જાન ગુમાવ્યા છે. આ કામદારોને સરકાર તરફથી કશું જ વળતર મળેલ નથી. ***(નિરીક્ષક, તા. ૧-૨-૧૪)***

(૯) પંજાબમાં ભટીંડાથી એક ટ્રેન બિકાનેર જાય છે. તેને ત્યાંના લોકોએ 'કેન્સર એક્સપ્રેસ' નામ આપેલ છે કારણકે તેમાંના પ્રવાસીઓનો અતિ મોટો વર્ગ કેન્સરના દર્દીઓનો હોય છે જે બિકાનેરની કેન્સર હોસ્પિટલમાં ઈલાજ માટે જતા હોય છે. ***(ભૂમિપૂત્ર, તા. ૧-૨-૧૪)***

(૧૦) ગુજરાતમાં નાણાવટી પંચની મુદત ૨૧મી વખત વધારવામાં આવી. સરકાર અને તપાસપંચ લોકોને બેવકૂફ સમજે છે? ***(ગુજરાત સમાચાર, તા. ૧-૧-૧૪)***

(૧૧) વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ ગુજરાતમાં ૫૪% ગરીબ પ્રસૂતાઓ જીવલેણ બીમારીનો શિકાર બને છે. બી.પી.એલ. મહિલાઓ પાસેથી પણ ખાનગી દવાખાના ઊંચી ફી વસુલ કરે છે. ***(ગુજરાત ટુડે, તા. ૧-૧-૧૪)***

(૧૨) બ્રાઝિલના રાષ્ટ્રપતિએ દેશના તેલ ઉદ્યોગની તમામ વધારાની આવકને માત્ર શિક્ષણ માટે જ ફાળવવાની ઘોષણા કરી છે. ***(નયા માર્ગ, તા. ૧-૨-૧૪)***

(૧૩) અમેરિકાની 'નાસા' અવકાશ સંશોધન સંસ્થાએ જણાવ્યું છે કે 'નાસા'માં કામ કરવું હોય તો સંસ્કૃત ભાષાનું જ્ઞાન જરૂરી છે. ***(સાધના, તા. ૮-૨-૧૪)***

(૧૪) લંડનની સેન્ટ જેમ્સ સ્કૂલે સંસ્કૃત ભાષાને પોતાના પાઠ્યક્રમમાં ફરજિયાત વિષય તરીકે સ્થાન આપેલ છે. ન્યુઝીલેન્ડની 'ફિકિનો' સ્કૂલમાં પણ બાળકોને અંગ્રેજી શીખવતાં પહેલાં સંસ્કૃતનું શિક્ષણ આપવામાં આવે છે. ***(સાધના, તા. ૮-૨-૧૪)***

(૧૫) સુરતની સૂર્યપુર સંસ્કૃત પાઠશાળામાંથી લગભગ ૧૫૦ જેટલા મુસ્લિમ યુવકો સંસ્કૃત ભણીને પંડિત બન્યા છે. અમરેલી જિલ્લાના ધારીમાં આવેલ યોગીજી મહારાજ મહાવિદ્યાલયમાં છેલ્લા ૧૩ વર્ષથી મુમતાજ જામ નામના મહિલા સંસ્કૃત ભણાવે છે. ***(સાધના, તા. ૮-૨-૧૪)***

(૧૬) ઉત્તર પ્રદેશની સરકારે મદ્રેસાના સ્નાતક ઉલેમાઓને રૂા. ૮ હજાર તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ઉલેમાઓને રૂા. ૧૨ હજાર આપવાની જાહેરાત કરી છે. ***(સાધના, તા. ૮-૨-૧૪)***

(૧૭) અમૂલ ડેરી દ્વારા એક એવું એ.ટી.એમ. જેવું મશીન તૈયાર કરવામાં આવ્યું છે જેમાં એક બટન દબાવવાથી જ દૂધ, દહીં, ચોકલેટ અને અમૂલ બ્રાન્ડની ચીજો મળી શકશે. આની શરૂઆત આણંદ શહેરમાં થઈ ચૂકી છે. કંપની આવા ૧૧૦૦ મશીન લગાડવાનું વિચારી રહી છે. ***(સાધના, તા. ૮-૨-૧૪)***

(૧૮) ચીનના દરેક શહેરમાં ઓછામાં ઓછા ૨ મૉલ માત્ર પુસ્તકોનાં હોય છે. બેઇજિંગનો ઈન્ટરનેશનલ બુક મૉલ દુનિયાનો સૌથી મોટો બુક સ્ટોર ગણાય છે. જેનો વિસ્તાર ૫,૭૦,૦૦૦ સ્ક્વેર ફીટ છે અને એમાં ૫૦૦ જેટલા પબ્લિશિંગ હાઉસ છે તથા ૪૦૦ જેટલા ખાનગી ડિલરના વેચાણ સ્ટેન્ડ છે. ***(ભૂમિપુત્ર, તા. ૧૬-૧-૧૪)***

(૧૯) ચૂંટણીમાં મતદાન અર્થે વપરાતા ઈ.વી.એમ. મશીન સાથે ચેડાં થઈ શકે છે એ કારણે અમેરિકાના ૨૧ રાજ્યોએ એના ઉપયોગ પર પ્રતિબંધ મૂકેલ છે. ***(નયામાર્ગ, તા. ૧૬-૨-૧૪)***

(૨૦) આજે ૨૦૦ લાખ અમેરિકનો 'યોગ' ('યોગા' ખોટો શબ્દ છે) કરે છે જેમાં ૮૩% મહિલાઓ છે. આ યોગ ઉદ્યોગનો વાર્ષિક વકરો ૨૭ બિલિયન ડોલર છે. ***(દિવ્ય ભાસ્કર, તા. ૫-૩-૧૪)***

## શબ્દ રમત-૯૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ | | |
| | | ૭ | | | ૮ | ૯ | | | | | ૧૦ |
| ૧૧ | ૧૨ | | ૧૩ | | | ૧૪ | | ૧૫ | | ૧૬ | |
| | ૧૭ | ૧૮ | | | ૧૯ | | | ૨૦ | | | |
| ૨૧ | | | | ૨૨ | | | ૨૩ | | | ૨૪ | ૨૫ |
| ૨૬ | | | ૨૭ | | | ૨૮ | | ૨૯ | ૩૦ | | |
| | | ૩૧ | | | | | ૩૨ | | | | |
| | ૩૩ | | | ૩૪ | ૩૫ | | | | | | |
| ૩૬ | | ૩૭ | ૩૮ | | ૩૯ | ૪૦ | | | | | |
| | | ૪૧ | | | ૪૨ | | | ૪૩ | | ૪૪ | ૪૫ |
| ૪૬ | ૪૭ | | ૪૮ | ૪૯ | | | | ૫૦ | | | |
| ૫૧ | | | | ૫૨ | | | | ૫૩ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૪-૨૦૧૪)*

### આડી ચાવીઓ

૧. સમય, વખત (૪)
૫. નબળું, અશક્ત (૪)
૭. પ્યાલો, પ્રહર, જામફળ (૨)
૮. અંધારું, અજ્ઞાન (૩)
૧૧. અભિપ્રાય (૨)
૧૩. અવસર, અનુકૂળ વખત (૨)
૧૪. જવું, ચાલવું તે (૩)
૧૬. કઠણાઈ, કઠારો, બફારો (૨)
૧૭. ખ્રિસ્તી સાધ્વી (૨)
૧૯. સરિતા, નદી (૨)
૨૦. ડાક, પોસ્ટ (૩)
૨૨. સગુ, વિશ્વાસુ (માણસ) (૨)
૨૪. મેષ, કાજળ, મિષ, બહાનું (૨)
૨૬. રાજકારણી, દાવપેચ (૫)
૨૭. બુધ્ધિ, મતિ, અભિપ્રાય (૨)
૨૮. આકાશ, ગગન (૪)
૨૯. આદર (૨)
૩૧. ઉત્કટ ઈચ્છા, તાલાવેલી (૩)
૩૨. જરૂરી જ ખર્ચ કરવું તે (૫)
૩૪. લજ્જા, શરમ (૨)
૩૬. ચાલાક, હોંશિયાર (૪)
૩૯. પક્ષ, તરફેણ, તક (૨)
૪૧. તિલ, તળિયું, એક તેલ બી (૨)
૪૨. નબળું, અશક્ત (૪)
૪૪. અંગચેષ્ઠા, નખરાં (૨)
૪૬. શરીર, દેહ (૨)
૪૮. અણુ, ધૂળનો કણ, કસ્તર (૨)
૫૦. મૂગું (૨)
૫૧. રીત, રિવાજ, ધારો (૩)
૫૨. નમસ્કાર, વંદન (૩)
૫૩. વૃધ્ધ, ઘરડું, કઠણ (૩)

### ઊભી ચાવીઓ

૧. અહંકાર, ગર્વ (૩)
૨. શિક્ષા, દંડ (૨)
૩. ખેલ, ક્રીડા (૩)
૪. જ્ઞાન, ચેતના (૨)
૫. સોગંદ (૩)
૬. જુસ્સો, વેગ, ઉભરો (૨)
૯. મગરની માદા (૩)
૧૦. જીદ, ખોટો આગ્રહ (૨)
૧૨. દેહ, કાયા (૨)
૧૫. દોરડા પર નાચનાર (૨)
૧૬. લેખણ, ચિત્રકારની પીંછી (૩)
૧૮. તિરસ્કાર, ધૃણા (૪)
૧૯. સાત (૨)
૨૧. હંસ (૩)
૨૨. છત્રી, છત્તર (૪)
૨૩. સાર, સત્ત્વ (૪)
૨૫. સમર્થ, બળવાન (૪)
૨૭. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૨૯. ફટકો લાગવો (૨)
૩૦. કલંક વિનાનું, શુદ્ધ (૪)
૩૩. પાણી, તેજ, નૂર (૨)
૩૫. પાવન કરનાર, અગ્નિ (૩)
૩૬. ચણવું તે, ચણવાનું કામ (૪)
૩૭. ____ થોડી ને વેશ ઝાઝા (૨)
૩૮. રંગ (અં.) (૩)
૪૦. ખિન્ન, ઉદાસ (૪)
૪૩. મશ્કરી, વિનોદ (૩)
૪૫. ____ રોટી ખાઓ, પ્રભુ કે ગુણ ગાઓ (૨)
૪૭. રગ, રેસો, રસવાહિની (૨)
૪૯. માણસ, પ્રજાજન, જનતા (૨)

**JAYANT STEELS** જયંત સ્ટીલ્સ

179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦

સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

## શબ્દ રમત-૯૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ર | | ફા | ગ | | મો | ર | લી | | | ગુ |
| રા | સ | ભ | | જ | | જ | ગ | | ગિ | ર | જા |
| સ | બ | | | | દા | ણી | | | રિ | | રો |
| | સ | બ | મ | રી | ન | | પ | મ | રા | ટ | |
| તા | | | લ | ડ | ત | | ર | | જ | ન | ક |
| લુ | | પ્ર | કા | ર | | આ | કા | ર | | ટ | પ |
| | હા | | ટ | | ક | દ | ર | | રો | ન | |
| આ | મ | ટ | | સો | બ | ત | | શ | મ | | બ |
| ત | | સ | ખા | | ર | | શ | બ | | મ | ના |
| વા | સી | | ત | રુ | | મ | | રી | સ | | ર |
| ર | | વ | ર | | વિ | ન | ય | | જા | સુ | સ |
| | ક | ર્ણ | | પ | વ | ન | | ડ | ગ | ર | |

*માસ ફેબ્રુઆરી-૨૦૧૪ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૯૦ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - | સેટેલાઈટ, અમદાવાદ | બધા સાચા |
| ૨. | પ્રતાપ નારાણજી દંડ | - | અમદાવાદ | બધા સાચા |
| ૩. | શ્રી નગીન હંસરાજ શાહ | - | નાગપુર | ૧ ભૂલ |
| ૪. | શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - | ભટ્ઠા, અમદાવાદ | ૨ ભૂલ |
| ૫. | શ્રીમતી સ્મિતા વિશાલ શાહ | - | અમદાવાદ | ૨ ભૂલ |
| ૬. | શ્રીમતી સરોજ અનુપ ચંદુરા | - | સુરત | ૨ ભૂલ |
| ૭. | શ્રીમતી પ્રભા મહેન્દ્ર શેઠિયા | - | વલસાડ | ૨ ભૂલ |
| ૮. | શ્રી અરવિંદ જે. ભટ્ટ | - | અમદાવાદ | ૩ ભૂલ |
| ૯. | શ્રીમતી ડિમ્પલ હીરેન દંડ | - | અંકલેશ્વર | ૪ ભૂલ |
| ૧૦. | શ્રી શાંતિભાઈ વ. શાહ | - | અમદાવાદ | ૪ ભૂલ |
| ૧૧. | શ્રીમતી શોભના ચીમનભાઈ દંડ | - | અંકલેશ્વર | ૪ ભૂલ |

જે ખરેખર કાર્યકર્તા છે એ કદી પણ બહુ બોલતો નથી. અને બીજા લોકોને એમ કહેતો નથી કે આ બધું હું જ કરી રહ્યો છું અને મારે લીધે જ બધું ચાલે છે. કોઈ પણ વસ્તુના સર્જન વખતે શબ્દો હંમેશાં મૌન ધારણ કરે છે. કવિ, ચિત્રકાર, લેખક, કલાકાર, કારીગર કે શિલ્પી જ્યારે ખરેખર સર્જન કરવા બેસે છે ત્યારે એની જીભ તદન શાંત થઈ જાય છે. જીભ પરનો સંયમ માણસ જ્યારે મેળવે છે ત્યારે એના અંતરમાં એવા પ્રકારની એક શક્તિ પેદા થાય છે કે જેને લીધે એનું કાર્ય વધુને વધુ આગળ વધતું જાય છે. કાર્ય સાધતી વખતે મૌન ધારણ કરવું એ કુદરતનો ક્રમ છે. સિંહ જ્યારે શિકાર પર કૂદી પડવાનો હોય છે ત્યારે તે કદી ગર્જના નથી કરતો અને ગાજ્યા મેહ વરસતા નથી, તેમજ ભસતાં કૂતરાં કરડતાં નથી એ કહેવત પાછળ પણ આ જ હેતુ છુપાયેલો છે!

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**માર્ચ - ૨૦૧૪ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- કેતન કનકલાલ શાહ — ધનબાદ (ઝારખંડ)
- લક્ષ્મીચંદ ધનજી ગાલા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- સુશીલાબેન પાસડ — વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ
- દીપ્તિબેન સુબોધ શાહ — અમદાવાદ
- ચેતનાબેન પ્રફુલ્લ વોરા — અમદાવાદ
- હેમલતાબેન લક્ષ્મીચંદ શાહ — ભુલાભાઈ દેસાઈ રોડ, મુંબઈ
- જયદીપ ભૂપતરાય પારેખ — રેવડી બજાર, અમદાવાદ
- સુધીર કે. મહેતા — ગાંધીનગર

#### ૩ વર્ષનું લવાજમ

- પારસ નવીનચંદ્ર મહેતા — રાપર, કચ્છ
- રમેશ છબીલદાસ દવે — ભુજ, કચ્છ
- હરિયા હાઈસ્કૂલ — બાડા, કચ્છ
- મયૂર ચીમનલાલ મહેતા — થાણા (વેસ્ટ)

#### આજીવન

- રજનીકાંત મોહનલાલ દરવાન — અમદાવાદ
- શૈલેષ વીરચંદ મહેતા — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ
- પીયૂષ વશનજી સાવલા — હિંમતનગર (સાબરકાંઠા)
- પ્રવીણચંદ્ર વેલજી સતરા — મુંબઈ
- મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા — મણિનગર, અમદાવાદ
- દિનેશ એમ. રાંભિયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

### રીન્યુ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- ઠક્કર એન.પી.એન. સ્કૂલ — અંજાર, કચ્છ
- મુકુંદ કે. મહેતા 'અલ્પ' — આદિપુર, કચ્છ
- ચંદ્રકાંત પ્રાણજીવન મહેતા — માંડવી, કચ્છ

#### ૩ વર્ષનું લવાજમ

- કમલેશ મનસુખલાલ શાહ — ભુજ, કચ્છ

#### ૫ વર્ષનું લવાજમ

- પ્રવીણચંદ્ર ડુંગરશી લાલન — અંકલેશ્વર
- દિનેશ પદમશી મોમાયા — પૂના

*મોત કાયરોને વળગે છે, જ્યારે બહાદુરોને ભેટે છે.*

## Nano 9 Sudoku

<u>શરતો</u> :

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

**ફેબ્રુઆરી-૨૦૧૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૪૬ના સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. મિતેશ જયંતીલાલ દેઢિયા - અમદાવાદ
૨. રમેશ ઉમરશી સાવલા - અમદાવાદ
૩. દેવેન દિલીપ દંડ - અમદાવાદ
૪. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૫. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૬. ગીતા વિનોદ મહેતા - અમદાવાદ
૭. અવંતી દેવેશ દંડ - અમદાવાદ
૮. નિમિષ ચીમનલાલ વોરા - અમદાવાદ
૯. ધારા ઉદય નાગડા - અમદાવાદ
૧૦. ઉષા ભરત સંઘવી - રાઉરકેલા
૧૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૨. જૈનમ પ્રતીક પારેખ - સિકંદરાબાદ
૧૩. હસમુખ દામજી દેઢિયા - અડાલજ
૧૪. સરોજ અનુપ ચંદુરા - સુરત
૧૫. હર્ષદ ખેતશી ગાંધી - બેંગ્લોર
૧૬. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ

ઉપર્યુક્ત ૧૬ સાચા જવાબ મોકલનારાઓમાંથી લકી ડ્રો કરવામાં આવેલ હતો. આ લકી ડ્રોના ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. જેઓએ પોતાના ઈનામો સમાજની પાલડી ઓફિસેથી મેળવી લેવા વિનંતી છે.

**★ વિજેતાઓ ★**

*પ્રથમ ઈનામ : અવંતી દેવેશ દંડ - અમદાવાદ*
*દ્વિતીય ઈનામ : હર્ષદ ખેતશી ગાંધી - બેંગ્લોર*
*તૃતીય ઈનામ : પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ*

## Nano 9 Sudoku

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૦૪૮ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૪-૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ મે-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

**ક્રમાંક - ૧૦૪૮**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | ૧ | | ૭ | | ૪ |
| ૪ | | ૧ | | | ૨ | | | |
| | | | ૫ | | ૪ | | ૧ | |
| | ૯ | ૩ | | | ૬ | | | |
| ૧ | | | | ૪ | | | | ૩ |
| | | | ૧ | | | ૬ | ૫ | |
| | ૪ | | ૩ | | ૧ | | | |
| | | | ૮ | | | ૪ | | ૯ |
| ૬ | | ૮ | | ૨ | | | ૭ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | ૧ | | | | ૭ |
| | | | ૪ | | ૮ | ૯ | | |
| | ૧ | | | | ૩ | ૪ | | |
| ૧ | | ૬ | | | ૪ | | | ૩ |
| | ૮ | | | ૨ | | | ૪ | |
| ૭ | | | ૬ | | | ૨ | | ૮ |
| | | ૮ | ૧ | | | | ૬ | |
| | | ૫ | ૮ | | ૬ | | | |
| ૯ | | | | ૪ | | | | ૨ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | ૩ | | | ૪ | | ૭ |
| | ૧ | | ૭ | ૪ | | | ૨ | |
| | | | | | ૫ | ૬ | | |
| | | | ૫ | | | ૭ | | ૪ |
| ૩ | | | | ૭ | | | | ૯ |
| ૭ | | ૬ | | | ૨ | | | |
| | | ૨ | ૧ | | | | | |
| | ૮ | | | ૯ | ૭ | | ૩ | |
| ૯ | | ૭ | | | ૩ | ૧ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૪ | ૬ | ૯ | ૧ | |
| ૬ | | ૫ | | | | ૩ | | |
| | ૯ | | | | ૭ | | | ૫ |
| | ૫ | ૪ | ૭ | | | | | ૩ |
| | | | | ૫ | | | | |
| ૧ | | | | | ૩ | ૪ | ૫ | |
| ૫ | | | ૮ | | | | ૯ | |
| | | ૩ | | | | ૨ | | ૬ |
| | ૪ | ૭ | ૬ | ૨ | | | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૪૭**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૨ | ૯ | ૭ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૧ | ૭ | ૪ | ૫ | ૬ | ૩ | ૯ | ૮ | ૨ |
| ૯ | ૫ | ૩ | ૪ | ૨ | ૮ | ૭ | ૧ | ૬ |
| ૨ | ૩ | ૭ | ૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૮ |
| ૮ | ૪ | ૯ | ૧ | ૩ | ૨ | ૬ | ૭ | ૫ |
| ૫ | ૧ | ૬ | ૭ | ૮ | ૯ | ૨ | ૩ | ૪ |
| ૭ | ૬ | ૮ | ૨ | ૧ | ૫ | ૩ | ૪ | ૯ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૯ | ૭ | ૮ | ૬ | ૧ |
| ૩ | ૯ | ૧ | ૮ | ૪ | ૬ | ૫ | ૨ | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૬ | ૩ | ૯ | ૧ | ૫ | ૮ | ૭ |
| ૯ | ૫ | ૧ | ૭ | ૪ | ૮ | ૬ | ૩ | ૨ |
| ૩ | ૮ | ૭ | ૬ | ૨ | ૫ | ૪ | ૯ | ૧ |
| ૫ | ૪ | ૮ | ૯ | ૧ | ૩ | ૭ | ૨ | ૬ |
| ૧ | ૭ | ૩ | ૨ | ૫ | ૬ | ૯ | ૪ | ૮ |
| ૨ | ૬ | ૯ | ૪ | ૮ | ૭ | ૩ | ૧ | ૫ |
| ૭ | ૧ | ૪ | ૮ | ૬ | ૯ | ૨ | ૫ | ૩ |
| ૬ | ૯ | ૫ | ૧ | ૩ | ૨ | ૮ | ૭ | ૪ |
| ૮ | ૩ | ૨ | ૫ | ૭ | ૪ | ૧ | ૬ | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૫ | ૮ | ૧ | ૪ | ૯ | ૩ | ૨ |
| ૧ | ૨ | ૮ | ૩ | ૫ | ૯ | ૭ | ૬ | ૪ |
| ૩ | ૪ | ૯ | ૨ | ૬ | ૭ | ૫ | ૮ | ૧ |
| ૮ | ૯ | ૭ | ૧ | ૪ | ૬ | ૨ | ૫ | ૩ |
| ૪ | ૫ | ૩ | ૯ | ૮ | ૨ | ૧ | ૭ | ૬ |
| ૨ | ૧ | ૬ | ૭ | ૩ | ૫ | ૪ | ૯ | ૮ |
| ૫ | ૩ | ૪ | ૬ | ૯ | ૧ | ૮ | ૨ | ૭ |
| ૯ | ૬ | ૨ | ૪ | ૭ | ૮ | ૩ | ૧ | ૫ |
| ૭ | ૮ | ૧ | ૫ | ૨ | ૩ | ૬ | ૪ | ૯ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૩ | ૫ | ૬ | ૨ | ૧ | ૭ | ૯ |
| ૯ | ૫ | ૧ | ૮ | ૩ | ૭ | ૨ | ૬ | ૪ |
| ૭ | ૨ | ૬ | ૯ | ૧ | ૪ | ૫ | ૮ | ૩ |
| ૨ | ૧ | ૮ | ૪ | ૭ | ૯ | ૩ | ૫ | ૬ |
| ૬ | ૯ | ૭ | ૩ | ૨ | ૫ | ૪ | ૧ | ૮ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૮ | ૬ | ૭ | ૯ | ૨ |
| ૧ | ૬ | ૪ | ૨ | ૫ | ૮ | ૯ | ૩ | ૭ |
| ૫ | ૮ | ૯ | ૭ | ૪ | ૩ | ૬ | ૨ | ૧ |
| ૩ | ૭ | ૨ | ૬ | ૯ | ૧ | ૮ | ૪ | ૫ |

Nano 9™
Insulated Stainless Steelware
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www.ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

## મુંભઈ જી લોકલ ગાડી....

ધમ ધમ કંધી ધસમસતી આવઈ લોકલ;
જાણે અલ્લડ જવાનજી ઝુમે જલમલ.
વાતાવરણમેં ટેશનતેં મચીરે હલચલ;
મુસાફરેંજે મનમેં મિઠ્ઠી મિઠ્ઠી ખેલખેલ.
કિતરા ઉતરેં કિતરા ચડેં કોકચે જરા જલ;
તેંમેં આખડેં તેંમેં છણે ને કિતરેં મોંયતેં ખેલ.
હાય લોકલ હેળી જિંધગી કિતરા કંઈએ વેલવેલ;
તડેં મુસાફર ચે મુસાફરકે મ-કર હાણે સેલવેલ.
અગ્યા વધ નેરસેર કરી કેડાંક જગ્યા જલ;
ડુખેં પાપે જીંતીં ચોથી સીટે વેરાંય પિંઢજી સેકલ.
હાસ ચેં ને ઠરીઠામ થીયે તેત આવઈ હકલ;
હલભેરું હેયાં ટેશન આયો નેકાં ચોકી વિને મંજલ.
જીવેલા કમાયેલા વિને ને ધક્કા મુક્કાં ખાંઈયેં ધિલ્લ;
મહાનગરી તોજી હેળી બલિહારી પનારે પૈ હી લોકલ.
ડબ્બે મેં ભીખારી ચેં દાની ભગવાન કે-મ-ભુલ;
‘઒ દશ લાખ દેગા’ હિકડે પૈસેજો હી વડો મુલ.
પૈસે જા મિળે પ્યાસા, હિત્તે હવામેં આય હુલ;
પત્તા રમેને ભજન ગાંઈયેં કેતરા પિંઢમેં કંયેં ગુલમુલ.
ગાડી મારે સીટી હોડાં આયો ટીટી કેતરા ડામાડુલ;
વિગર ટિકીટ વારા ખુદાબક્ષ તોડીયેં ખુદાજા અસુલ.
જરા ગાફેલ રો ત ખબર ન પે તીંય પાકીટ થીયે ગુલ;
ડોબો મથી સખ્ખણો રો નેકાંત રોલને પ્યો રોલ.
બાઈયું સફર કંયેં લોકલમેં, મહેકે ઈનીજે મથેજા ફુલ;
ગર્ધીજી સોડમેં સુગંધ ગિની, મન થ્યા હળવા ફુલ.
ઠસોઠસ ગર્ધીમેં ગુનગુનાઈયેં મનડેજા બુલબુલ;
ખીચોખીચ ભરેલી મેં ખીકારીંયેં ઈજ માનવતાજા મૂલ.
ભીડમેં ભીંસાજો ભલેં પણ, આરોગ્યલા ડે આશ્વાસન;
લોકલજી ભીડમેં થીંયે પ્યા, મસાજને ઓટોમેટીક યોગાસન.
ભીડમેં ભીંસાંજે રીંસાજે ને શ્વાસ ખણેલા ફેફડે મેં ચેપલ,
ઈસ્ત્રી ટાઈટ કપડેંજી એસી તૈસી ચેપલાજે બુટને ચંપલ.
હથ છેબે યા - પગ લગેનેં મિળે ભૂંકે, ક્યા કરતે હો અંકલ,
ગર્ધી નતા સમજો મથો ટકરાબો ત ઠેકાણી અચીંધી અક્કલ.
રશ્મિન્ ચે નિત્તજી હેળી હાડમારી સફર, પ્રિય હાય રે લોકલ,
તડેં જીવન સફરમીંજા ઓકારેલા, પ્રભુ પ્રાર્થના કજા કબૂલ.
આમ જનતાજી જીવ્વાદોરી આય મુંભઈજી લોકલ,
કિતરી પણ ભીડભાડમેં માડુ સૂણે ઈનજી હકલ.
તું ભંધ-ત-મિળે ઠપને ઉડી વિને મિણીજા હોશકોશ,
તું હલેં ત મુંબઈજે જણ બચ્ચેં કે અચી વિને જોશ.
ચોવી કલાક મીંજા બાઈ કલાક હલ્લે-ઈ-પાંજી માઈ,
‘રશ્મિન્’ ચેં તું હલેં ત અસીં પ હલોં ને ભની રે પાંજી સગાઈ.

*રશ્મિન જો રણકાર : ભાગ-૩ માંથી સાભાર*


# M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.



M/s. J. D. Roadlines
M/s. J. D. Logistics
M/s. J. D. Transport Co.



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

**PUNE**
708/18, Bhavani Peth,
Gurunanak Nagar, Pune-411 042
**Ph. : 26434611**

**CHINCHWAD**
128/B, Mohan Nagar, Sanghvi Compound,
Chinchwad, Pune-411 019.
**Ph. : 27471378, 27475167**

**MUMBAI**
Khajurwala Chambers, Gr. Floor, 313/315,
N.N. Street, Mumbai - 400 009.
**Ph. : 23426818, 23448705, 23400597**

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

★ **દુનિયાની સૌથી લાંબી કાર :** દુનિયાની સૌથી લાંબી કાર લિમોઝીન જે. ઓહરબર્ગે બનાવી છે. આ કાર ૧૦૦ ફૂટ લાંબી છે. તેમાં ૨૬ વ્હીલ્સ છે. આગળ અને પાછળ એક એક ડ્રાઈવર કેબિન છે. તેમાં બેડરૂમ, સ્વિમિંગ પૂલ અને હેલીપેડની પણ સુવિધા છે.

★ **ઊંચી ઈમારતની કમાલ :** દુનિયાભરના ડેવલપર્સ પોતાની ઈમારત સૌથી ઊંચી છે તેમ બતાવવા ઈમારતનું કદ વધારવા ઈમારતો પર ઊંચા ઊંચા મિનારા બનાવવા લાગ્યા છે. દુનિયાની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફાની લંબાઈ ૮૩૦ મીટર છે, જેમાં ૨૪૪ મીટર તો તેની વેનિટી હાઈટ છે.

★ **ન્યુઝ પેપરના ખાલી પાના :** ગુરુવારના દિવસે ન્યુયોર્ક ટાઈમ્સમાં બે ખાલી પાનાને લોકોએ અખબારની ભૂલ માની બેઠા. પણ હકીકતમાં તે 'ધ બુક થીફ' ફિલ્મની જાહેરાત હતી. તેનો ઉદ્દેશ્ય એ રજૂ કરવાનો હતો કે શબ્દો વગરનું જીવન કેવું હોય.

★ **ગુલાબનો અદ્‌ભુત બગીચો :** દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં મુઘલ ગાર્ડનનો ગુલાબનો બગીચો દુનિયાભરમાં જાણીતો છે. આ બગીચામાં ૨૫૦ જાતના દુર્લભ ગુલાબ જોવા મળે છે. અહીં નૂર અને ઓકલાહ્રૈમ નામના કાળા ગુલાબ, બ્લૂ મુન, લેડી એક્સ ગુલાબ તો ભૂરા રંગના હોય છે. લાલ, પીળા, ગુલાબી અને સફેદ ગુલાબની અસંખ્ય જાતો પણ ખરી. શિયાળામાં આ ગાર્ડનનું સૌંદર્ય વધુ ખીલી ઊઠે છે ત્યારે જાહેર જનતાને જોવા માટે ખુલ્લો મુકાય છે.

### અજબ પક્ષીઓની ગજબ કરામત

- નાનકડું હમિંગ બર્ડ દર દસ મિનિટે ખોરાક લે છે. તે દરરોજ પોતાના શરીર કરતાં બમણાં વજનનો ખોરાક ખાય છે.
- વિશ્વમાં એકમાત્ર ઝેરી પક્ષી પમુઆ ન્યુ ગીઆનાનું ટૂડેડ પિટોહૂઈ છે. તેના પીંછામાંય ઝેર હોય છે.
- કોમન લૂન નામનું પક્ષી પાણીમાં ૭૬ મીટર કરતાંય વધુ ઊંડાઈએ ડૂબકી મારી માછલી પકડે છે.
- રણ પ્રદેશમાં થતું સેન્ડ સૂઝ નામનું પક્ષી બચ્ચાં માટે પાણી લેવા દૂર સુધી જાય છે. પાણી મળે ત્યારે તેમાં પીંછા પલાળી પાછું આવે છે. બચ્ચાં તેના પીંછામાંથી પામી પીવે છે.
- પ્રફીન નામના પક્ષીની ચાંચમાં અંદરની તરફ વળેલા દાંત હોય છે. દાંતવાળું આ એકમાત્ર પક્ષી છે.
- ઠંડા પ્રદેશોમાં સ્નોવી ઓલ્સ (ઘુવડ) પોતાની ડોક ૩૬૦° અંશના ખૂણે એટલે કે સંપૂર્ણ વર્તુળાકાર ફેરવી શકે છે.

### વિક્રમી વૃક્ષો અને વનસ્પતિ

- **વિશ્વનું સૌથી મોટું વૃક્ષ :** કેલિફોર્નિયાના લિયેરા નેવાડામાં આવેલું જાયન્ટ સિક્વોયા જનરલ શર્મન નામનું વૃક્ષ વિશ્વનું સૌથી તોતિંગ વૃક્ષ છે. ૨૭૨ ફૂટ ઊંચા આ વૃક્ષનું થડ મૂળમાંથી ૩૩ મીટરનો ઘેરાવો ધરાવે છે અને ૧૨૦ ફૂટની ઊંચાઈએ પણ આ થડ ૧૭ ફૂટનો વ્યાપ ધરાવે છે.
- **વિશ્વનો સૌથી નાનો છોડ :** ૨ લાખ કરતાંય વધુ ફૂલ છોડોની જાતના ફૂલ પાન ધરાવતો સૌથી નાનો છોડ વોલ્ફિઆ ઓસ્ટ્રેલિયામાં થાય છે. આ છોડને મૂળ હોતાં નથી. આખો છોડ સોયના નાકામાંથી પસાર થઈ શકે છે. ઈંચના ૪૨મા ભાગ જેવડા આ નાના છોડનું વજન ૧૫૦ માઈક્રોગ્રામ છે. આ છોડના ફૂલો માત્ર માઈક્રોસ્કોપ વડે જ જોઈ શકાય છે.
- **સમ્રાટ અશોકનું મહાબોધી મંદિર :** ભગવાન બુધ્ધને જે બોધિવૃક્ષ હેઠળ જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે જગ્યાએ સમ્રાટ અશોકે બે હજાર વરસ પહેલાં ગયામાં બંધાવેલું આ મંદિર બૌધ્ધો માટેનું મોટું યાત્રાધામ છે. ઈંટો વડે બાંધવામાં આવેલું આ સૌથી પ્રાચીન મંદિર ગણાય છે. મંદિરનું મુખ્ય ટાવર ૫૫ મીટર ઊંચું છે. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકશ્રી/સંપાદકનું નામ | ભેટ આપનારનું નામ |
|---|---|---|---|
| ૧. | સુણજો રે ભાઈ સાદ | અતુલ શાહ | શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા |
| ૨. | આનંદ સ્મૃતિ | પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ | શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા |
| ૩. | Rehabilitation - A promise to keep | Vidyut Joshi | શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા |
| ૪. | Spending Advertising Money | Simmon Broadbent | પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન |
| ૫. | આ પેલું રશિયા | વાસુદેવ મહેતા | પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન |
| ૬. | ધ ગ્રેટ ટ્રેન રોબરી | સુશીલ ભાટિયા | શ્રી નીરવ રમણિકલાલ શેઠ |
| ૭. | મારી બા - મારી દીકરી | મનીષ નગેવાડિયા | રશ્મિન ખોના - મુંબઈ |
| ૮. | રોગો અનેક - ઉપાય એક : ઉપવાસ | ડૉ. હર્બર્ટ એમ. શેલ્ટન | શ્રીમતી અલ્પાબેન મૂલચંદ મારૂ |
| ૯. | ગોમીમાંસા | શ્રી વેણીશંકર મુરારજી વાસુ | શ્રીમતી અલ્પાબેન મૂલચંદ મારૂ |



**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **મુંદ્રાના બે વીજ એકમોને વળતર :** કચ્છના મુંદ્રા નજીક ધમધમતા દેશના સૌથી મોટા અદાણી અને તાતા જૂથના આયાતી કોલસા આધારિત વીજ ઉત્પાદન એકમોની ન માત્ર આર્થિક મુશ્કેલી દૂર કરતા પણ તેનું ભવિષ્ય પલટી શકે તેવા બે અલગ અલગ હુકમમાં, ચાલુ નાણાકીય વર્ષથી રાજ્ય સરકારોને વીજ વેચવાથી મળતા દરોમાં વધારો કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, ગત વર્ષ કોલસા ખર્ચમાં વધારા પેટે બંને મળીને કુલ રૂા. ૧૧૦૦ કરોડ ચૂકવવા આદેશ અપાયો છે. સી.ઈ.આર.સી.ના આ હુકમથી, ભારતના મુશ્કેલીમાં ફસાયેલા અન્ય પાવર પ્રોજેક્ટ માટે પણ આવા રાહત પેકેજની માગણીના દ્વાર ઉઘડી ગયા છે.

★ **જાસૂસી કાંડનો ખુલાસો કરનાર પત્રકાર :** કચ્છની એક યુવતીની કથિત જાસૂસી કરાવી હોવાના પ્રકરણનું રિપોર્ટિંગ કરનાર જાસૂસી પત્રકારત્વ માટે જાણીતી વેબસાઈટ કોબ્રા પોસ્ટના તંત્રી અનિરુદ્ધ બહલને વી.આઈ.પી. સુરક્ષા કવચ પૂરું પાડવાની વિનંતીને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે માન્ય રાખી છે.

★ **શીખ ખેડૂતો :** કચ્છમાં વસતા પંજાબ અને હરિયાણાના શીખ ખેડૂતોની જમીન સ્થગિત કરવાના મુદ્દે સર્જાયેલા વિવાદ વચ્ચે એક મહત્ત્વનું વિધાન પંજાબની ભૂમિ પરથી કરતાં ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ કચ્છમાંથી શીખ ખેડૂતોને જવા દેવામાં આવશે નહીં એવી ખાતરી આપવાની સાથે જણાવ્યું હતું કે કચ્છમાં શીખ ખેડૂતોની મહેનતના કારણે હરિયાળી પાછી ફરી છે.

★ **ભુજનું રેલવે સ્ટેશન - 'મોડેલ' :** વર્ષો પહેલાં જાહેર થયેલા ભુજ મોડેલ રેલવે સ્ટેશનના વિકાસકામો ધીમી ગતિથી ચાલતા હતા પરંતુ કચ્છી રેલમંત્રી બન્યા પછી ઝડપ આવ્યા બાદ હવે પૂર્ણતા તરફ આગળ વધે છે. યાત્રિકો માટે વી.આઈ.પી. એ.સી. વેઈટિંગ હોલ, સ્વયં સંચાલિત ટિકિટ જાણકારીના મશીન ઉપરાંત ઈલેક્ટ્રિક ઈન્ડિકેટર વગેરે સગવડો ઊભી કરવામાં આવી છે.

★ **માંડવીમાં વાગડ બે ચોવીસી જૈન મહિલા મંડળ :** માંડવી ખાતેની મહિલા સેવાકીય સંસ્થા વાગડ બે ચોવીસી જૈન મહિલા મંડળની સ્થાપનાને દસ વર્ષ પૂર્ણ થતાં તેની ઉજવણીનો એક ભવ્ય કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોમાં છુપાયેલી શક્તિને ઉજાગર કરવા વેશભૂષા, ગીતો, આઝાદીના લડવૈયાએ આપેલા બલિદાનોના સંવાદોનું આયોજન કરવામાં આવ્યું હતું.

★ **સમાઘોઘા ગામ સહિતના સ્થળોની જમીન :** કચ્છમાં સમાઘોઘા ગામ સહિતના સ્થળોએ શ્રી સૉ પાઈપ્સ લિ.ને ગેરકાયદે રીતે ફાળવાયેલી જમીન પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટમાં સમાઘોઘા ગામના પૂર્વ સરપંચ દ્વારા જાહેરહિતની રીટ તાજેતરમાં દાખલ થઈ છે. જમીનની ફાળવણી સ્થાનિક સત્તાધાર દ્વારા ગેરકાયદે થઈ હોય તો તે ફાળવણી રદ કરી જમીન પરત લેવા પી.આઈ.એલ.માં દાદ માગવામાં આવી છે. હાઈકોર્ટે આ કેસમાં રાજ્ય સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને કારણદર્શક નોટિસો જારી કરી આ મુદ્દે જવાબ માગ્યો હતો.

★ **કચ્છના માલધારીઓ સુરેન્દ્રનગર અને વીરમગામ તરફ:** કચ્છ જિલ્લા તરફથી માલધારીઓની વણઝાર પોતાની ઘરવખરી, સરસામાન અને ઊંટના કાફલા સાથે સુરેન્દ્રનગર અને વીરમગામ તરફ જઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છમાં નલિયા અને અંતરિયાળ વિસ્તારમાંથી આવેલ આ માલધારીઓનું કહેવું છે કે હવે સરકાર માલધારીઓની અવગણના કરે છે. માલધારીઓએ અનેક બાબતે રજૂઆત કરી છે કે જો માલધારીઓને ત્યાંને ત્યાં રાખવા હોય તો વધુ પગલાં લઈ શકાય પરંતુ સત્તાધારીઓને કંઈ પડી નથી. આથી માલધારીઓ પોતાની જાતે જ હવે સ્થળાંતર કરી કામ અને કમાણી માટે મહેનત કરવાનું અભિયાન ઉપાડ્યું છે. આ માલધારીઓનું કોઈ કાયમી સંગઠન નથી.

★ **અબડાસાના કોંગી ધારાસભ્ય ભાજપમાં જોડાયા ! :** કચ્છ અબડાસાના કોંગ્રેસના ધારાસભ્ય છબીલભાઈ પટેલ તાજેતરમાં કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ વિધિવત્ રીતે ભાજપમાં જોડાઈ ગયા હતા. પ્રદેશ ભાજપ અધ્યક્ષની હાજરીમાં કેસરી ખેસ પહેરાવીને તેઓને ભાજપમાં આવકારવામાં આવ્યા હતા.

★ **વિદ્યાર્થી માટે મૂંઝવતો પ્રશ્ન કારકિર્દીની પસંદગી :** વિદ્યાર્થી અવસ્થા, એ જિંદગીનો સુવર્ણકાળ છે. અને તેમાં સૌથી મૂંઝવતો પ્રશ્ન હોય તો તે કારકિર્દીની પસંદગીનો છે. પણ હકીકતમાં કારકિર્દી ગમે તે હોય પણ સફળતા નહીં પરંતુ **સજ્જતા પ્રાપ્ત કરીએ 'તો જ બાત બન જાયે'** એમ **જાણીતા કટારલેખક અને વક્તા જય વસાવડાએ** કચ્છ જિલ્લા મથકે તાજેતરમાં યોજાયેલા વિદ્યાર્થીઓ માટેના સેમિનારમાં જણાવ્યું હતું. તેમણે દેશની શિક્ષણ પધ્ધતિ

*મૃત્યુ કરતાં મૃત્યુનો ભય વધારે ભયાનક હોય છે.*

પરીક્ષાલક્ષી અને પરીક્ષા પણ માનસિક શક્તિની નહીં, યાદશક્તિ પૂરતી સીમિત થઈ ગઈ હોવાથી વિદ્યાર્થીઓને તેમની ક્ષમતા ક્યાં છુપાયેલી છે તેનું ભાન થતું નથી અને જો થાય છે તો મોડેથી થાય છે તેમ વધુમાં ઉમેર્યું હતું.

★ **કચ્છી સર્જકો સામાજિક વેદનાને વાચા આપે :** કચ્છની રણકાંધીએ આગવી સંસ્કૃતિ, રીતરિવાજ અને લોકજીવન ધરાવતા માલધારીઓના મુલક બન્ની અને પડોશી પચ્છમ પ્રદેશની પોતીકી સંસ્કૃતિ, ભાષા, સભ્યતાનું જતન કરવાના ઉદ્દેશ સાથે તાજેતરમાં ભુજ તાલુકાના ગોરેવાલી બન્ની ખાતે કચ્છી સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને કચ્છી સાહિત્ય કલા સંઘ તથા સહજીવનના સહયોગથી આયોજિત 'બન્ની પચ્છમજો લોક જીવન' વિષય પરના કચ્છી સાહિત્ય સેમિનારમાં સાહિત્ય સર્જકોને હાકલ કરવામાં આવી હતી કે તેઓ પોતાના સર્જનમાં સામાજિક વેદનાને વાચા આપે. **સેમિનારનું ઉદ્‌ઘાટન 'અભિયાન' અને 'સહજીવન'ના કર્મશીલ સુષ્માબેન આયંગરે કર્યું હતું.** મુખ્ય અતિથિપદેથી બોલતાં **કીર્તિભાઈ ખત્રીએ** કચ્છીઓની અસ્તિત્વ ટકાવી રાખવાની ખુમારી બેજોડ લેખાવી હતી. સુષ્માબેન આયંગરે સમાજસેવા કરવાની પ્રેરણા સાહિત્યમાંથી મળી હોવાનું જણાવ્યું હતું. તેમણે બન્નીના અનુભવો આગળ ધરતાં ઉમેર્યું કે **અહીંના સંબંધોની માવજત અને મૂલ્યોનો જોટો ક્યાંય જડે તેમ નથી.** સત્રાધ્યક્ષ પદેથી સમગ્ર સત્રને સમેટતાં **ડૉ. કાંતિ ગોરે** રજૂ થયેલાં નિબંધો અંગે સમીક્ષા કરતાં નીર-ક્ષીર તારવ્યાં હતાં.

★ **નવકાર મંત્રના જાપ કરતાં તેમાં ઘોષિત આજ્ઞાઓ પાળો :** સંસારી પક્ષે **નેહલબેન જયંતલાલ લખમશી ચન્ના (રાંભિયા)**ના નામધારી મુમુક્ષુ દીક્ષા અંગીકાર બાદ પૂ. નેહાબાઈ સતીજી નામ ધારણ કરી વૈરાગ્યની વાટે ડગ માંડ્યા એ પ્રસંગના સાક્ષી બનવા સમગ્ર કચ્છ ઉપરાંત મુંબઈથી ખાસ દીક્ષા મહોત્સવે આવેલા જૈન ભાઈ-બહેનોથી કચ્છમાં મુંદ્રા તાલુકાનું કુંદરોડી ગામ તાજેતરમાં ગાજી ઊઠ્યું હતું. આ પ્રસંગે **પૂ. મૂલચંદજી સ્વામી**એ અસ્ખલિત પ્રવચન આપતાં જણાવ્યું હતું કે નવકાર મંત્રના જાપ નહીં પણ તેમાં ઘોષિત આજ્ઞાનું પાલન કરવું જરૂરી છે. જીવનમાં શાંતિ મેળવવા આજ્ઞાપાલન ઉપર ભાર મૂકતાં તેમણે **સંસ્કાર, સમાધાન, સહિષ્ણુતા અને સંવેદના** — આ ચાર પગથિયાંની છણાવટ કરી હતી. દીક્ષા મંચ ઉપર બિરાજમાન **પૂ. આચાર્ય ભગવંત સૂરજી સ્વામી** તથા આચાર્ય પદવીધર **પૂ. નીનાબાઈ મહાસતીજી** આદિ સાધુ - સાધ્વીજી ભગવંતોને દીક્ષાર્થીએ વંદના કરી હતી. આ પ્રસંગે ચન્ના પરિવાર, રાજ્યમંત્રી વાસણભાઈ આહીર, સાંસદ પૂનમબેન જાટ, ધારાસભ્ય તારાચંદભાઈ છેડા, રમેશભાઈ મહેશ્વરી, નીમાબેન આચાર્ય, કુંદરોડીના જાણીતા દાનવીર અને ઉદ્યોગપતિ **દામજીભાઈ લાલજી એન્કરવાલા, આણંદજીભાઈ શાહ,** સકળ સંઘના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ હરખચંદભાઈ અન્ય ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો, મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘના પ્રમુખ પ્રાણલાલભાઈ શેઠ, **મુંબઈ હાઈકોર્ટના ન્યાયાધીશ જયપ્રકાશજી દેવધર** તેમજ સમગ્ર કચ્છમાંથી સંઘના પદાધિકારીઓ સહિત અન્ય અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

★ **કચ્છ લોકસભાના ૧૨.૫૮ લાખ મતદારો :** સરહદી કચ્છ સહિત ગુજરાતમાં ૩૦મી એપ્રિલ મતદાનની તારીખ ચૂંટણીપંચે જાહેર કરતાં કચ્છના ચૂંટણી સંલગ્ન વહીવટીતંત્રે આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરવાનું જણાવ્યું હતું. તા. ૩૦મી એપ્રિલના મતદાન, જ્યારે મતગણતરી સમગ્ર રાષ્ટ્ર સાથે ૧૬મી મેના હાથ ધરવામાં આવશે. **કચ્છમાં ૧૨,૫૮,૩૫૯ કુલ મતદાતાઓ છે.** જેમાં ૬,૬૨,૮૬૫ પુરુષ અને ૫,૯૫,૪૯૪ સ્ત્રી મતદારો છે. **જિલ્લામાં આ વખતે ૧૫૮૪ મતદાન બૂથ રહેશે** અને ૧૨ હજાર કર્મચારીઓ ચુનાવી પ્રક્રિયામાં જોડાશે. સંસદસભ્યની ચૂંટણી માટે પ્રક્રિયા વિજાણું યંત્ર મારફત થવાની છે ત્યારે આ વખતે પહેલીવાર 'કોઈને મત નહીં'ની પસંદગી કરવાનો અધિકાર મળશે.

★ **'કાઝરી'ના વડાને રાષ્ટ્રીય પુરસ્કાર :** કચ્છમાં પર્યાવરણને અનુરૂપ પાક તથા જમીનને લગતા સંશોધન માટે કાર્યરત રાજ્યની એકમાત્ર કેન્દ્રીય શુષ્ક વિસ્તાર વિકાસ અનુસંધાન કેન્દ્ર (કાઝરી)ના કુકમા સ્થિત કેન્દ્રના **વડા વૈજ્ઞાનિક ડૉ. દેવીદયાલ વિશ્વકર્માને ફોસ્ફરસ માટીમાં કઈ રીતે જાય છે** તે અંગેના તેમના સંશોધન બદલ રાષ્ટ્રીય કક્ષાના પ્રતિષ્ઠિત વનસ્પતિ વિજ્ઞાની પુરસ્કાર - ૨૦૧૩થી તાજેતરમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. છોડ અને જમીનને લગતા સંશોધન માટેના આ પુરસ્કાર માટે દેશભરમાંથી આશરે ૧૫૦ વિજ્ઞાનીઓનું નામાંકન થયું હતું.

★ **કચ્છીનો માતૃભાષા દિન :** ગુજરાતી માન્ય ભાષાની સમકક્ષ રાજ્યના **સરહદી વિસ્તારમાં બોલાતી બોલીઓ** કચ્છી, ડાંગી અને ભીલીને પણ જન્મની ભાષા, સંખ્યા અને ક્ષમતાના ધોરણે **માતૃભાષા તરીકે પ્રસ્થાપિત કરવી જોઈએ.** એટલું જ નહીં ગુજરાતીની સાથોસાથ આ બોલીઓની પણ માતૃભાષા દિન ઉજવવો જોઈએ એવી તાજેતરમાં ભુજ ખાતે યોજાયેલા

"ROLEX" Brand

**Rushabh**
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 2242 7310 ● Fax : (022) 3008 0072**
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

એક વર્કશોપમાં હિમાયત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજીના **મહેન્દ્રભાઈ દોશીએ** જિલ્લાના દરેક તાલુકાઓમાંથી આવેલા પ્રાથમિક શિક્ષકોને સંબોધતાં દ્વૈભાષિક પદ્ધતિથી પ્રાથમિક શિક્ષણ વિષયે પ્રકાશ પાડ્યો હતો.

★ **સ્થાનિકોને રોજગારીના મામલે કચ્છની કંપનીઓ સામે જાહેર હિતની અરજી** : ટેક્ષ હોલીડેનો લાભ લઈને કચ્છમાં કાર્યરત કંપનીઓ પૈકી જે કંપનીઓ સ્થાનિકોને ૮૫ ટકા **રોજગારીના નિયમોનું પાલન કરતી નથી** તેમની સામે રાજ્યની હાઈકોર્ટમાં ભુજના એક નગરસેવકે તેમના ધારાશાસ્ત્રી મારફત તાજેતરમાં હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી છે. જાહેર માહિતી અધિકાર હેઠળ વિવિધ વિગતો એકત્ર કર્યા બાદ આ અરજી કરવામાં આવી છે.

★ **'અલગ કચ્છ'** : કચ્છને અલગ રાજ્યનો દરજ્જો નહીં મળે ત્યાં સુધી અત્યાચારો થતા રહેશે તેવો સૂર અગ્રણીઓએ વ્યક્ત કરી રાજકીય મતભેદો ભૂલી સક્રિય થવા તાજેતરમાં હાકલ કરી છે. અલગ કચ્છના કન્વીનર કિશોર ચંદને જણાવ્યું હતું કે આઝાદી મળી ત્યારે કચ્છને 'સી' સ્ટેટનો દરજ્જો અપાયો હતો. કમનસીબે ૧૯૫૬માં મહારાષ્ટ્ર સાથે મુંબઈ રાજ્યમાં મેળવવામાં આવ્યું ત્યાં સુધી કચ્છને સારું હતું. મુંબઈમાં વસતા કચ્છીઓની લાગણી અને પ્રેમ હતા. પરંતુ ૧૯૬૦માં કચ્છને ગુજરાત સાથે ભેળવવામાં આવ્યું ત્યારથી અત્યાચારના દોર શરૂ થઈ ગયા. તેમણે વધુમાં ઉમેર્યું કે અલગ રાજ્ય મેળવીને જ રહીશું. પૂર્વ સાંસદ **બાબુભાઈ મેઘજી શાહે** આ બાબતે જણાવ્યું કે ૧૯૫૬માં ડૉ. મહિપતરાય મહેતાએ જવાહરલાલ નહેરુ સરકારને હિતો માટે જણાવતાં સ્વાયત્ત બોર્ડની ખાતરી અપાઈ હતી. જેને ૧૯૭૫માં ઇન્દિરાજીએ સ્વાયત્ત બોર્ડ જાહેર કર્યું પણ તેની રચના પહેલાં ગુજરાતની સરકારે વિરોધ કર્યો. વિદર્ભની જેમ કેન્દ્ર સરકાર સમિતિ રચી અભિપ્રાય મેળવે તેવા પત્ર રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રીને લખવા કચ્છના જાહેર જીવનના આગેવાનોનો રાજકીય મતભેદો ભૂલીને આગળ આવવા શ્રી શાહે અનુરોધ કર્યો હતો.

★ **અબડાસામાં ઢોરોની ભૂખમરા જેવી સ્થિતિ** : અબડાસામાં પાછોતરો વરસાદ ન થવાને પગલે ખાસ કરીને ઢોરો માટે વિકટ સ્થિતિ સર્જાઈ છે. **સીમતળમાં ઘાસ ખલાસ થઈ જતાં ઢોરોમાં ભૂખમરા જેવી સ્થિતિ છે.** ગામડાંઓમાં પીવાના પાણીનો પ્રશ્ન પણ ગંભીર બની રહ્યો છે. ગામડાંઓમાં ઢોરો માટે સીમતળમાં ઘાસ નથી. જોકે ખાનગી રાહે ૪૦ કિ.ગ્રા.ના રૂા. ૩૫૦/-થી રૂા. ૪૦૦/-ના દરથી હાલ આવો ચારો ઉપલબ્ધ છે. નર્મદા યોજના હેઠળ પાઈપ લાઈનનું પાણી ડુમરા, કોઠારા અને વાયોર વિસ્તારના ગામોમાં નસીબ થતું નથી. એકાદ દિવસ આવે અને તે પછી દિવસો સુધી પાણી યોજના બંધ પડી જાય છે.

★ **અશ્વિનભાઈ એસ. પોમલ** : કચ્છ નેચર ક્લબના સંસ્થાપક, જાણીતા પક્ષીવિદ્ તેમજ પ્રખર પર્યાવરણપ્રેમી, ૫૪ વર્ષના યુવાન અશ્વિનભાઈ એસ. પોમલનું હૃદયરોગના હુમલાના કારણે તાજેતરમાં મૃત્યુ થયું. મિતભાષી એવા અશ્વિનભાઈએ વન્યજગત, પક્ષીસૃષ્ટિ તેમજ પર્યાવરણ ક્ષેત્રે ખૂબ પ્રવૃત્તિઓ કરી હતી. ગુજરાત અને મુંબઈની વિવિધ પ્રાકૃતિક સંસ્થાઓ સાથે સંકળાયેલા અશ્વિનભાઈ માધાપર ગામે સોના ચાંદીના આભૂષણોના વ્યવસાયી હતા. તે સાથે ફોટોગ્રાફી ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. કચ્છના વિવિધ પક્ષીઓની તેમણે કલામય રીતે ઝડપેલી તસવીરો 'મંગલ મંદિર'માં અનેક અવસરે પ્રગટ થયેલી છે, તેની નોંધ સાથે શબ્દ પુષ્પાંજલિ!

★ **પ્રાંથળમાં શાકજીરું** : રાપર તાલુકાના પ્રાંથળ વિસ્તારમાં આ વખતે પાછોતરા વરસાદના લીધે પુષ્કળ પ્રમાણમાં શિયાળુ પાક શાકજીરાનું વાવેતર થયું હતું. જે હવે તૈયાર થઈ જતાં એકતરફ લણણીકાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે, બીજી બાજુ તૈયાર માલના વાહનો ભરી કિસાનો રાપર, રાધનપુર, ઊંઝા તરફની બજારોમાં વેચવા જતા નજરે પડે છે. વાગડ વિસ્તારની મૂળ આવકનું આ એક સૌથી મોટું સ્રોત છે. આ વખતે ઠંડી પણ સારા પ્રમાણમાં પડી હોવાથી પાક સારો થશે તેવી કિસાનોએ આશા સેવી હતી.

★ **ભુજમાં ૪-જી ના ટાવરો** : ૪-જી ઈન્ટરનેટનો ભારતમાં ગુજરાતથી આરંભ કરતી રિલાયન્સ જીઓ ઈન્ફોકોમના ટાવર ભુજમાં ઊભા કરવાનું શરૂ થતાં ઈન્ટરનેટ પ્રેમી યુવા મોબાઈલ ધારકોમાં ગ્રાહક બનવા તાલાવેલી જાગી રહી છે. અમદાવાદની જેમ કચ્છમાં પણ પ્રારંભિક ૩ મહિના વિનામૂલ્યે વાઈ-ફાઈ થાય તેવી જાહેરાત આવી શકે છે. એ પછી છ મહિનાના વ્યવસાયિક રીતે શરૂઆત થઈ શકે છે. રિલાયન્સ ૪-જી ટેલિકોમ સેવાઓ સાથે ઝડપી વાઈ-ફાઈ નેટવર્ક, બ્રોડબેન્ડ, ૧૬૦ ચેનલ સાથેનું લાઈવ ટી.વી. અને એન્ડ્રોઈડ આધારિત સેટટોપ બોક્સ આપવાની યોજના ધરાવે છે. જે કેબલ અને ડી.ટી.એચ. સેવાનો વિકલ્પ બનશે.

***(વર્તમાનપત્રો પર આધારિત)***


સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર

cps **કમર્શિયલ પેકીંગ સર્વિસીસ**

સ્થાપના ૧૯૫૮ ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ

**53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.**
**ફોન : 67993347, 25684567**
**ફેક્સ : 67993357**
E-mail : compack@pin2piano.net

NAVBHARAT GAS

Hirabhai
M. : 9427606394

Maheshbhai
M. : 9724008802

# NAVBHARAT
## L.P.G. BOTTLING CO.

Email : omswetketu.co@gmail.com • Web. : www.navbharatgas.com







### *Commercial*

Commercial establishments such as Hotels, Restaurants, Caterers, Resorts, Clubs, Cafes, Sweet Shops, Canteens, etc and other institutions such as Hospitals and Hostels choose Navbharat Gas because of its ***products and service Navbharat Gas*** meets commercial LPG energy needs not only for cooking but other applications as well to make their businesses more cost-effective, the ambience clean and customers smiling.





### *Domestic LPG*

Liquified Petroleum Gas (LPG), popularly known as cooking gas, is a mixture of hydrocarbons which are gaseous at normal temperature, but can be liquified at moderate pressure, and can be stored in cylinders as a liquid under pressure, and is drawn out and used as gas.

**Office**

A-12/1, Milenium Plaza, Second Floor, Opp. Swaminarayan Temple, Mansi Circle, Satellite, Ahmedabad.
Phone : 079-40308797 M. : 9825065350, 9537815660

**Factory Address**

On Sabardairy-Talod Road, Post-Gadhoda, Ta. Himmatnagar, Dist-Sabarkantha (Gujarat) Phone : 02772-239388

BHARAT B. GALA

NAVINCHANDRA D. DEDHIA

SRE

Raju
ENTERPRISE

RE - ROLLING / S. S. PATTA - PATTI

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710


B
BLUE STAR
INDUSTRIES

www.shilpaworld.com

Chandrakant K. Gada
+91 - 9825069290

STAINLESS STEEL RE-ROLLERS

Plot No. 130, G.I.D.C. Estate, Kalol-382 721. Gandhinagar.
Phone : (02764) 220330, 224330, 227030
E-mail : blustar.indu@yahoo.in




## સરનામા ફેરફાર

- **હિતેશકુમાર ઉપેન્દ્રભાઈ ગડા**
  ૨૦૨, સ્પર્શ રેસિડેન્સી, પારિજાત સોસાયટી,
  પ્રશાંત પાર્ક પાસે, ફતેહનગર, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **અજય ચંદુલાલ મહેતા**
  ૬, સત્યદીપ ફ્લેટ્સ, અંકુર જૈન દેરાસર સામે,
  પલ્લવ ચાર રસ્તા પાસે, અંકુર, નારાણપુરા,
  અમદાવાદ-૩૮૦ ૦૧૩.

## ફોન / મોબાઈલ નંબર ફેરફાર

- **કાંતિલાલ વશનજી લાપસિયા**
  મો. ૮૦૦૦૮ ૭૩૧૭૦
- **ભારતીબેન કાંતિલાલ લાપસિયા**
  મો. ૯૫૧૦૦ ૭૦૫૮૧

## સગપણ

- **શનિવાર, તા. ૧૫-૨-૨૦૧૪**
  **ચિ. કલ્પિત દીપક દામજી દૌલત (સુથરી - અમદાવાદ)**
  **ચિ. નીલમ રાજુભાઈ મોતિયાણી (અમદાવાદ)**

## શરણાઈ

- **શુક્રવાર, તા. ૨૪-૧-૨૦૧૪**
  **ચિ. હીરેન દિલીપ વિશનજી લાપસિયા (મોખા - અમદાવાદ)**
  **ચિ. હીરલ દિનેશ રામજી ગોગરી (નાના ભાડિયા - પાર્લા, મુંબઈ)**

## અવસાન નોંધ

- **રવિવાર, તા. ૨૩-૨-૨૦૧૪**
  **પંકજ મણિલાલ ખેતશી ખોના (વાંકુ - અમદાવાદ) (ઉં.વ.-૫૭)**

*સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.**

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧૫૦૦/- શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરૂવા - અમદાવાદ
રૂા. ૧૦૦૧/- શ્રી વિજય ચમનલાલ મોમાયા - સોલાપુર
રૂા. ૩૦૧/- શ્રી ભરત તારાચંદ ધરમશી - વડોદરા
રૂા. ૩૦૧/- શ્રી શશીકાંતભાઈ શાહ - મુંબઈ
રૂા. ૨૫૧/- શ્રી વીરચંદ પાર્શ્વીર મૈશેરી - મુંબઈ

### વયસ્ક સમિતિને ભેટ

રૂા. ૭,૦૦૧/- શ્રી હરખચંદ કુંવરજી સાવલા - ગાંધીનગર/અમેરિકા
રૂા. ૫,૦૦૧/- શ્રી પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ

### તબીબી સહાય ખાતે

રૂા. ૧,૫૧,૦૦૦/- ગુજરાત રાજ્યની વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ. શ્રી ધીરજલાલભાઈ સ્વરુપચંદભાઈ શાહના ધર્મપત્ની શ્રીમતી વનીતાબેન શાહ તરફથી ડાયાલિસિસ વિભાગના ૯ પલંગ તથા તેની ઉપરની પથારી (મેટ્રિસ) માટે સપ્રેમ ભેટ

રૂા. ૭૫,૦૦૦/- ગુજરાત રાજ્યની વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ. શ્રી ધીરજલાલભાઈ સ્વરુપચંદભાઈ શાહના ધર્મપત્ની શ્રીમતી વનીતાબેન શાહ તરફથી મેડિકલ સેન્ટરના જરૂરત મુજબના સાધનો માટે સપ્રેમ ભેટ.

રૂા. ૨૫,૦૦૦/- એમકો ટ્રસ્ટ - અમદાવાદ તરફથી મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિ માટે સપ્રેમ ભેટ

રૂા. ૧૫૦૦/- શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરૂવા - અમદાવાદ (તબીબી સાધનો માટે)

રૂા. ૫૦૧/- શ્રીમતી મણિબેન દેવજી આસારિયા - ભુજપુર (કચ્છ મુંદ્રા)

રૂા. ૭,૫૦૦/- માતુશ્રી સ્વ. દેવકુંવરબેન માણેકજી શાહ (દંડ) - (વરાડિયા - અમદાવાદ) મેડિકલ સેન્ટરમાં ૨ નંગ વ્હીલચેર આપવા માટે ભેટ સ્વરૂપે

### જલારામ અન્નક્ષેત્ર ખાતે


રૂા. ૧,૫૦૦/- શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા - અમદાવાદ

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

*'હું' સફળ થાઉં એવા પ્રયત્નો કરવા કરતાં જીવન સફળ થાય એવા પ્રયત્નો કરવા જોઈએ.*

## નવનીત પરિવાર - અમદાવાદનું ગૌરવ





નવનીત પરિવારના શ્રી હરખચંદભાઈ ગાલા (છોટુભાઈ) - અમદાવાદ, અચાનક શારીરિક રીતે અસ્વસ્થ થતાં તેમના પુત્રવધૂ અ.સૌ. સંગીતાબેન રાજુભાઈ ગાલાએ પોતાના પિતાતુલ્ય સસરા તુરંત સ્વાસ્થ્યમય થઈ જાય તે માટે પોતાના માથાના વાળ ઉતારી નાખવાની બાધા લીધી હતી. તેમના આ નિયમ બાદ શ્રી છોટુભાઈની તબિયતમાં સુધારો થવા લાગ્યો અને એકાએક સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યું. સંગીતાબેને સ્ત્રી સૌંદર્ય સમા પોતાના માથાના બધા વાળ ઉતરાવી નાખ્યા.

ભુજપુરના શ્રી નાગજી હરશી વેરશી ગોગરીના સુપુત્રી સંગીતાબેનની અડગ શ્રધ્ધાને સૌએ સલામ કર્યા. ■

## સમાજના જરૂરિયાતવાળા સભ્યો માટે આવાસ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આણંદજી કલ્યાણજી કમ્પાઉન્ડ - બહેરામપુરા ખાતેની આવાસ યોજનાનું લોકાર્પણ તા. ૨૯-૧-૨૦૧૦ના રોજ કરવામાં આવેલ હતું અને તેનું નામ "નવનીત ભવન" મૂકવામાં આવેલ હતું. એ સમયે બધા જ ફ્લેટ્સ જે તે લાભાર્થીને ફાળવી આપવામાં આવેલ હતા.

ત્યારબાદ હાલની પરિસ્થિતિમાં બ્લોક નં.-૧૦૪ અને બ્લોક નં. ૨૦૫ ખાલી થયેલ હોવાથી આ બે બ્લોક અન્ય લાભાર્થીને ફાળવી શકાય તેમ છે.

જે સભ્યો આ આવાસનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ પોતાની અરજી નિયત ફોર્મ પત્રકમાં બુધવાર, તા. ૩૦-૪-૨૦૧૪ સુધીમાં માનદ્ મંત્રીશ્રીને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પહોંચાડવાની રહેશે.


સાથે સાથે તેઓએ પોતાની આવકના પુરાવા, જરૂરી ગેરન્ટર, ગેરન્ટરની માગ્યા મુજબની વિગતો વગેરે માહિતી આપવાની રહેશે.

જરૂરિયાતવાળા સભ્યોના અરજી ફોર્મ આવી ગયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## CONGRATULATIONS

### 10TH NATIONAL TITLE FOR DHVAJ



Gujarat's new wizkid of the green baize Dhvaj Haria claimed his 10th National title when he won the junior billiards title in the Billiards and Snooker National currently underway in Lucknow.

This is Dhvaj's Tenth consecutive national junior National Junior Billiards title having won previously in 2011, 2012 and 2013. He has also won six national titles in the sub-junior category.

Dhvaj defeated second place finisher Ishpreet Chadha of Maharashtra, third place finisher M Laxman of Karnataka and fourth place finisher B. Jagdish of Tamilnadu in the round robin league enroute to the title. Showing sign of any pressure, the Gujarat cueist outplayed double title holder of sub-junior category. Ashutosh Padshey of Odisha, 313-212 in the semis.

He is recipient of medals & awards in the same field. The prestigious award "Eklavya" was also awarded to him by the C.M. of Gujarat.

Dhvaj is the son of Shri Girish Ratilal Haria (Baada - Kutch) who is a member of this Samaj. ■

## મેડિકલ સેન્ટરમાં
## દવા ખરીદીના બીલમાં રાહત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરમાં તપાસ અથવા તો પરીક્ષણ અર્થે આવનાર આર્થિક જરૂરિયાતવાળા કોઈ પણ કચ્છી જૈન પરિવારને અથવા તો કોઈપણ કચ્છી પરિવારને ત્યાંના મેડિકલ સ્ટોર્સમાંથી દવાની ખરીદી પર ૫૦ ટકા રાહત આપવામાં આવે છે.

જરૂરિયાતવાળા દર્દીઓને સમાજની આ નવી સેવાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

પ્રલીન ચેરિટેબલ ટ્રસ્ટના સહકારથી આ યોજના જાન્યુઆરી-૨૦૧૪થી અમલમાં છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## નિમંત્રણ

### ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન ★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન

**રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪ ● સવારમાં ૧૦ વાગે**

**સ્થળ : શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ.**

(અરિહંત નગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના સામાજિક ક્ષેત્રના એક નવા સોપાન તરફ આગળ વધી રહેલ છે. આદરણીય શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની પ્રેરણા તથા સહયોગથી અમદાવાદ ખાતે આ સમાજ એક અદ્યતન ડાયાલિસિસ સેન્ટરની સ્થાપના કરી રહેલ છે. મુરબ્બી શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની ઈચ્છા મુજબ આ ડાયાલિસિસ સેન્ટરનું નામ **"શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર"** રાખવામાં આવેલ છે.

ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટનની સાથે સાથે છેલ્લા ૧½ વર્ષની સતત જહેમત બાદ તૈયાર કરવામાં આવેલ "કચ્છી બિઝનેસ ડિરેક્ટરી"નું પણ વિમોચન કરવામાં આવનાર છે. આ "કચ્છી બિઝનેસ ડિરેક્ટરી"માં જેઓના વ્યવસાયના નામોનો સમાવેશ કરવામાં આવેલ છે તે સહુને એક-એક ડિરેક્ટરીનું વિના મૂલ્યે વિતરણ પણ તે જ સમયે કરવામાં આવનાર છે.

આ 'ડાયાલિસિસ સેન્ટર'ના ઉદ્‌ઘાટન તથા 'કચ્છી બિઝનેસ ડિરેક્ટરી'ના વિમોચન સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દરેક સભ્ય પરિવારને, અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના પરિવારોને, મંગલ મંદિરના વાચક પરિવારને તથા આમંત્રિતોને ઉપસ્થિત રહેવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

***આ સમયે નીચે મુજબના મહાનુભાવોએ 'અતિથિ વિશેષશ્રી' તરીકે ઉપસ્થિત રહેવા સહમતિ આપેલ છે.***

- **સમારંભ પ્રમુખ** : શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી
- **દીપ પ્રાગટ્ય** : શ્રી ડુંગરશીભાઈ રામજી ગાલા તથા શ્રી છોટુભાઈ રામજી ગાલા
- **ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન** : શ્રી હરીશભાઈ રંગવાલા
- **ડાયાલિસિસ સેન્ટરની તક્તીનું અનાવરણ** : શ્રી જયેશભાઈ જૈન
- **કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન** : શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ પટેલ (પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ)
- **ડાયાલિસિસ પ્રક્રિયાની માહિતી** : શ્રી સુશીલ ધીરજલાલ ટોકરશી કાપડિયા

***નીચે મુજબના મહાનુભાવોએ 'સવિશેષ અતિથિ વિશેષશ્રી' તરીકે ઉપસ્થિત રહેવાની સહમતિ આપેલ છે.***

| | |
|---|---|
| શ્રી શાંતિલાલ રામજી ગાલા | નવનીત એજ્યુકેશન (ઈન્ડિયા) લિમિટેડ, અમદાવાદ |
| શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ | સુવિધા ગ્રુપ - મુંબઈ |
| શ્રી દીપકભાઈ ધારશી ભેદા | એસ.બી. ડેવલોપર્સ - મુંબઈ |
| શ્રી અશોકભાઈ કે. શાહ | વી-ટ્રાન્સ ગ્રુપ - મુંબઈ |
| શ્રી ભૂપેન્દ્રભાઈ છેડા | રોમન વિઝન ગ્રુપ - મુંબઈ |
| શ્રી લહેરચંદ નેમચંદ મહેતા | પ્રમુખશ્રી, શ્રી વાગડ જૈન શ્વે.મૂ. વીસા શ્રીમાળી સાત ચોવિસી સંમેલન |

*કાર્યક્રમ ઉદ્‌ઘોષક તરીકે શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ ઉપસ્થિત રહેનાર છે.*

*કાર્યક્રમ બરાબર ૧૦.૦૦ વાગે શરૂ કરવામાં આવનાર હોવાથી સહુએ તે અગાઉ પોતાની સીટ સંભાળી લેવા વિનંતી કરવામાં આવે છે.*

**કે. આર. શાહ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પ્રતાપ નારાણજી દંડ**
**મનુભાઈ જી. શાહ**
ઉપપ્રમુખશ્રીઓ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**અશોક મહેતા**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# કચ્છી બિઝનેસ ડિરેક્ટરી

છેલ્લા કેટલાક સમયથી જેની કાગડોળે રાહ જોવાઈ રહેલ છે એ અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છીઓની બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના માલિક શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાનીના વરદ્ હસ્તે રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪ના સવારમાં ૧૦ વાગે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર યોજવામાં આવેલ એક સમારંભ દરમ્યાન કરવામાં આવનાર છે. આ સમયે અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના સભ્ય પરિવારને ઉપસ્થિત રહેવા મંગલ મંદિર દ્વારા તથા અન્ય કચ્છી સામયિકો દ્વારા જાહેર સ્વરૂપે આમંત્રણ આપવામાં આવી રહેલ છે.

આ ડિરેક્ટરીમાં અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત શક્ય દરેક કચ્છીના વ્યવસાયની માહિતીનો સમાવેશ કરવામાં આવી રહેલ છે. અહીં સ્થાપિત થયેલા કચ્છીઓ અલગ અલગ વ્યવસાય સાથે સંકળાયેલ છે. ટોટલ લગભગ ૨૫૦૦ એન્ટ્રીઓ આવેલ છે. અને તેને લગભગ ૪૫૦ જેટલી કેટેગરીમાં વિભાજિત કરી તેઓની કેટેગરીવાઈઝ માહિતી આપવામાં આવનાર છે. અલગ અલગ કેટેગરીના કારણે પોતાની જરૂરિયાત અનુસારના વ્યવસાયકારનો સંપર્ક સાધવો ખૂબ જ સરળ બની રહેનાર હોવાથી, આ ડિરેક્ટરીના કારણે કચ્છીથી કચ્છીના બિઝનેસની શક્યતા સારા એવા પ્રમાણમાં વધી શકે તેવી સંભાવના છે. આ ડિરેક્ટરીના કારણે કોઈપણ ઘટક સમાજના કચ્છી અન્ય ઘટક સમાજના કચ્છી સાથે જરૂરિયાત અનુસાર સંપર્કમાં આવી શકશે. કદાચ તેના કારણે અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છીઓ એક તાંતણે બંધાઈ શકશે અને તેનો ઉપયોગ મજબૂત સમાજ રચના કરવામાં થઈ શકશે.

આ ડિરેક્ટરી તૈયાર કરનાર સમિતિની આગેવાની શ્રી મનુભાઈ શાહ બખૂબી નિભાવી રહેલ છે. સમિતિના અન્ય સભ્યો શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી ગિરીશ હીરજી પાસુ દેઢિયા, શ્રી રાજેન્દ્ર વસા વગેરે દિવસરાત તનતોડ મહેનત કરી રહેલ છે. માહિતીના ફોર્મ એકત્રિત કરવા, તેને અલગ અલગ કેટેગરીમાં તૈયાર કરવા, દરેક સભ્યના કચ્છના ગામ - તાલુકા તથા ઘટક સમાજની માહિતી ચકાસવી, પ્રિન્ટ થઈને આવેલ મેટરનું પ્રુફ રીડિંગ કરવું, જરૂરી જાહેરાતો એકત્રિત કરી તેની મેટર બનાવવી, તેના પણ પ્રુફ રીડિંગની જવાબદારી નિભાવવી વગેરે કાર્યવાહી તનતોડ મહેનત માગી લે તેવી છે. સમાજના સ્ટાફમાંથી શ્રી પરાગ સોની તથા શ્રીમતી અમિષા ભાવસારનો પણ સુંદર સાથ અને સહકાર સાંપડી રહેલ છે.

આ તબક્કે કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના ખર્ચને પહોંચી વળવા વિવિધ કચ્છી ઘટક સમાજના જે સભ્યોએ ઉદારતાપૂર્વક પોતાનો આર્થિક સહયોગ જાહેરાત સ્વરૂપે આપેલ છે તે દરેક સભ્યોનો આથી જાહેર આભાર માનવામાં આવે છે.

જે સભ્યોના વ્યવસાયનો આ ડિરેક્ટરીમાં સમાવેશ કરવામાં આવેલ છે તે દરેકને આ ડિરેક્ટરીની એક-એક કોપી વિનામૂલ્યે આપવામાં આવનાર છે. જેઓએ બોટમ પટ્ટી સિવાયની જાહેરાતો આપેલ છે તેઓને પણ આ ડિરેક્ટરીની એક-એક કોપી વિનામૂલ્યે આપવામાં આવનાર છે. અન્યને ખૂબ જ નજીવી કિંમતે એટલે કે માત્ર રૂા. ૧૦૦/-માં એક-એક કોપી આપવામાં આવશે. આ ડિરેક્ટરીની પડતર કિંમત રૂા. ૩૦૦/-થી પણ વધુ થવાની સંભાવના છે.

જે સભ્ય પરિવાર પાસે તેના સંયુક્ત કુટુંબમાં ઉપરોક્ત વ્યવસ્થાના કારણે એકથી વધુ કોપી વિનામૂલ્યે મળવાપાત્ર હોવાની પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે તે પરિવારને માત્ર એક કોપીથી ચલાવી લેવા અને અન્ય કોપીનો સ્વીકાર ન કરવા અમે આથી અપીલ કરીએ છીએ. આ રીતે અસ્વીકાર પામેલ કોપીઓનો વધુ સારી રીતે સદુપયોગ કરવામાં આવશે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટી

શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટી સંપૂર્ણપણે કાર્યરત થઈ ગયેલ છે.

સૌ સભાસદોને પોતાની જરૂરિયાત અનુસાર ધીરાણનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

સૌ સભાસદોએ દર મહિને ઓછામાં ઓછા રૂા. ૧૦૦/-ની બચત કરી ક્રેડિટ સોસાયટીમાં પોતાના ખાતામાં જમા કરાવવા જરૂરી છે.

દરેક સભાસદને પોતાના કામધંધાના વિકાસ અર્થે સોસાયટીના નિયમ અનુસાર જરૂરી ધિરાણ આપવાનું ચાલુ છે.

પૂછપરછ માટે ડૉ. ચંદ્રકાંત દેઢિયા (૯૭૨૬૮ ૨૦૧૮૪)નો અથવા શ્રી કે.આર. શાહ (૯૩૨૮૦ ૦૧૧૪૦)નો સંપર્ક સાધી શકાશે.

**ડૉ. ચંદ્રકાંત દેઢિયા**
**પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સમાજ કેડિટ કો.ઓ. સોસાયટી - અમદાવાદ**

# શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના ડાયાલિસિસ સેન્ટર વિશેની માહિતી

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ કોન્ફરન્સ હોલને ડાયાલિસિસ સેન્ટરમાં ફેરવવાની કામગીરી હાલે ચાલુ છે. અહીં ૯ ડાયાલિસિસ મશીન મૂકવામાં આવનાર છે અને તેના અનુસંધાને જરૂરી સાધન સામગ્રી પણ મૂકવામાં આવી રહેલ છે. ફેજીનેસ કંપનીના છેલ્લા છેલ્લા મોડેલના ૯ ડાયાલિસિસ મશીનનો ઓર્ડર અપાઈ ગયેલ છે. ૧૦૦૦ લીટર / કલાકના શુધ્ધિકરણ પાણી માટે આર.ઓ. પ્લાન્ટનો ઓર્ડર અપાઈ ગયેલ છે. જનરેટર સેટ વગેરે સાધનોનો ઓર્ડર અપાઈ રહેલ છે. પાણીના સ્ટોરેજ માટેની ટાંકીઓ, પાઈપ લાઈન, ઈલેક્ટ્રિક લાઈન વગેરેની કામગીરી ચાલુ છે. જરૂરી ૯ પલંગો તેના મેટ્રેસીસ સાથે શ્રીમતી વનીતાબેન ધીરજલાલ સ્વરુપચંદ શાહ તરફથી ભેટ સ્વરૂપે મળનાર છે. સાઈટ પરની કામગીરી સંસ્થાના ઉપપ્રમુખ શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ સંભાળી રહેલ છે. જ્યારે મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલા દરેક પ્રકારની મશીનરી સંપાદિત કરવાની જવાબદારી નિભાવી રહેલ છે. સંસ્થા સાથે સંકળાયેલ નેફ્રોલોજિસ્ટ શ્રી જગદીપ શાહ આ ડાયાલિસિસ સેન્ટરની જવાબદારી નિભાવશે. અન્ય નેફ્રોલોજિસ્ટો પણ તેમના પેશન્ટને અહીં મોકલે તે માટેના પ્રયાસો ચાલુ છે. ડાયાલિસિસ સેન્ટર પર પૂરા સમય માટે દેખરેખ રાખવા જરૂરી ટેકનિશિયન, નર્સિસ, વોર્ડબોય વગેરેની ભરતી કરવાની પ્રક્રિયા પણ શ્રી અશ્વિનભાઈ સાવલા સંભાળી રહેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, વિવિધ સમિતિના સભ્યશ્રીઓ અથવા તો અન્ય કોઈ પણ સભ્ય આ ડાયાલિસિસ સેન્ટરની દૈનિક ધોરણે મુલાકાત લઈ તેની દેખભાળ રાખે તેવા સેવાભાવી અને જવાબદાર વ્યક્તિ પોતાની સેવાની ઑફર આ સમાજને કરી શકે તો તે આવકાર્ય રહેશે.

લગભગ એક ડાયાલિસિસ કરવાનો ખર્ચ અંદાજિત રૂા. ૯૦૦/- થનાર છે જ્યારે તેની સામે માત્ર રૂા. ૫૦૦/-નો જ ચાર્જ રાખવાનો આ સમાજના ટ્રસ્ટ બોર્ડે નિર્ણય લીધેલ છે. હાલે ૯ મશીન પર બે શીફ્ટના ધોરણે (એક શીફ્ટ એટલે ૪ કલાક) દરરોજ ૧૮ ડાયાલિસિસ કરવાની ગણના છે. જરૂરિયાત જણાય તો શીફ્ટ વધારી શકાશે. જરૂરી નુકસાનીને પહોંચી વળવા એક દિવસના સૌજન્યનો નકરો રૂા. ૧૧,૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે. આવા ૧૦૦૦ દિવસના નકરા શરૂમાં એકત્રિત કરવાની ગણના રાખવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડે સંસ્થાના પોતા તરફથી ૧૦૦ દિવસના નકરાનો સ્વીકાર કરી તેનાથી શુભ શરૂઆત કરેલ છે. હાલે આ પ્રકારના નકરાની નોંધણીનું કાર્ય ચાલુ છે. એક ડાયાલિસિસ મશીન પર નામ મૂકવાનો નકરો રૂા. ૫.૦૦ લાખનો રાખવામાં આવેલ છે. જ્યારે એક મશીનની કિંમત અંદાજિત રૂા. ૬.૫૦ લાખની પડનાર છે. સેવાના આ યજ્ઞમાં સહુ કોઈ પોતાનાથી બનતો આર્થિક સહયોગ આપે તેવી આથી અપીલ કરવામાં આવે છે.

આ ડાયાલિસિસ સેન્ટર પર મુખ્ય નામ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાનું રાખવાની શરતે આદરણીય શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (મુંબઈ સ્થિત કચ્છી ઉદ્યોપતિ)એ રૂા. ૫૧.૦૦ લાખની ઑફર કરેલ છે કે જેનો સંસ્થાએ સહર્ષ સ્વીકાર કરેલ છે. તેથી આ ડાયાલિસિસ સેન્ટર "શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર" તરીકે કાર્યરત રહેનાર છે.

આ ડાયાલિસિસ સેન્ટરનું લોકાર્પણ રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪ના સવારમાં ૧૦ વાગે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે એક સમારંભ યોજી અમદાવાદ સ્થિત કચ્છી ઉદ્યોગપતિ શ્રી હરીશભાઈ રંગવાલાના વરદ્ હસ્તે રાખવામાં આવી રહેલ છે. તે માટે અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહેવાનો સહર્ષ સ્વીકાર કરેલ છે. તે માટેની જરૂરી આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી રહેલ છે. સંસ્થાના મુખપત્ર 'મંગલ મંદિર' દ્વારા પણ સમાજના સભ્યો તથા અન્યને આમંત્રિત કરવામાં આવી રહેલ છે.

સોમવાર, તા. ૨૧-૪-૨૦૧૪થી આ ડાયાલિસિસ સેન્ટરને નિયમિતપણે કાર્યરત કરી દેવાની ગણના રાખવામાં આવેલ છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**સાંગલીની પ્રખ્યાત મસ્ત - રંગભરી, 'પારસ' બ્રાન્ડ હળદરનો ચમકદાર શુધ્ધ પાવડર (રૂા. ૧૫૦/- પ્રતિ કિલો)**

**ખૂબ જ મર્યાદિત સ્ટોક છે.... વહેલા તે પહેલાના ધોરણે અપાશે.**
તાત્કાલિક સંપર્ક કરો : **મધુરીબેન પદમશી ડાઘા**
૬, ચતુરાઈ એપાર્ટમેન્ટ, જેઠાભાઈ પાર્ક, નારાયણનગર રોડ, શાંતિવન, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૮૩૨૨
મોબાઈલ : ૯૮૨૫૮ ૮૫૮૨૨

# તબીબી સાધનો ભાડેથી આપવાની યોજનાનું અમલીકરણ

કોઈપણ વ્યક્તિને તબીબી ક્ષેત્રે ઉપયોગી થાય તેવા જરૂરી સાધનો ભાડેથી આપવાની એક યોજના આ સમાજ દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે.

દર્દીની સહાય અર્થે જે સાધનો ભાડે અપાશે તેની યાદી સાથે તે સંબંધી ડિપોઝીટની રકમ તેમજ દૈનિક ભાડાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તબીબી સાધનનું નામ | ડિપોઝીટની રકમ | દૈનિક ભાડું |
|---|---|---|---|
| ૧. | એર બેડ | ૨,૦૦૦/- | ૧૦/- |
| ૨. | વ્હીલ ચેર | ૩૫૦૦/- | ૩/- |
| ૩. | ઓક્સિજન સિલિન્ડર (નાનો) | ૩૫૦૦/- | ૫/- |
| ૪. | નેબ્યુલાઈઝર | ૧૫૦૦/- | ૫/- |
| ૫. | વૉકર | ૧૦૦૦/- | ૨/- |
| ૬. | વોકિંગ સ્ટીક | ૫૦૦/- | ૧/- |
| ૭. | કમોડ ચેર | ૨૫૦૦/- | ૩/- |
| ૮. | સેલાઈન સ્ટેન્ડ | ૫૦૦/- | ૨/- |
| ૯. | બેડ પાન | ૫૦૦/- | ૨/- |
| ૧૦. | ફાઉલર બેડ | ૩૫૦૦/- | ૧૦/- |
| ૧૧. | ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | ૧૫૦૦/- | ૨/- |
| ૧૨. | બેક રેસ્ટ | ૭૦૦/- | ૨/- |

**નોંધ :** ***અગાઉ જણાવેલ વિગતમાં કોઈ સ્થાને અત્રે ફેરફાર કરવામાં આવેલ છે.***

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો પાસેથી ડિપોઝીટની રકમ ૫૦ ટકા લેવામાં આવશે.

ઑક્સિજન ગેસનો ચાર્જ રૂા. ૧૫૦/- અલગથી આપવાનો રહેશે.

સાધનો લેવા - પરત કરવાનો સમય સોમવારથી શનિવાર સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૩૦ સુધીનો રહેશે.

ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧ (એક્સ્ટેન્શન : ૧૦૭)

આ પ્રકારના કોઈપણ સાધનો વ્યક્તિએ પોતાના ખર્ચે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી લેવાના રહેશે અને તે જ સ્થળે પરત કરવાના રહેશે.

સાધનો ભાડેથી લઈ જનારે અત્રેથી નક્કી કરેલા પત્રકમાં જરૂરી વિગતો લખીને આપવાની રહેશે તેમજ પત્રક સાથે દર્શાવેલ વિગતોનો અમલ કરવાનો રહેશે.

ઉપરોક્ત વિગત 'મંગલ મંદિર'ના છેલ્લા બે માસના અંકોમાં પ્રકાશિત કરવામાં આવી હતી. તે સાથે એક એવી પણ અપીલ કરવામાં આવી હતી કે તબીબી ક્ષેત્રના નાના-મોટા સાધનો જરૂરતમંદ વ્યક્તિઓને ઉપયોગી થાય તેવી સ્થિતિના આ સંસ્થાને ભેટ સ્વરૂપે મોકલાવી શકે છે અથવા તો તેવા સાધનો વસાવવા જરૂરી રકમની ભેટ આપીને સેવાકીય કામગીરીમાં પોતાનું પ્રદાન આપી શકે છે.

અમને જણાવતા આનંદ થાય છે કે ઉપરોક્ત અપીલ અન્વયે નીચે મુજબના સૌજન્ય દાતાશ્રીઓએ સેવાકીય અપીલને ધ્યાનમાં લઈને તેમના તરફથી નીચે મુજબનો સાથ સહકાર પ્રાપ્ત થયેલ છે.

**રૂા. ૭૫,૦૦૦/- (અંદાજિત)ના અત્રેની જરૂરત મુજબના ઉપરોક્ત સાધનો ખરીદ કરીને ગુજરાત રાજ્ય વિધાનસભાના પૂર્વ સ્પીકર સ્વ. શ્રી ધીરજલાલભાઈ સ્વરુપચંદભાઈ શાહના ધર્મપત્ની શ્રીમતી વનીતાબેન શાહ તરફથી પ્રાપ્ત થયેલા છે.**

**રૂા. ૭૫૦૦/- બે વ્હીલચેર ખરીદવા અર્થે માતુશ્રી દેવકુંવરબેન માણેકજી શાહ (દંડ) ગામ વરાડિયા, હાલે અમદાવાદ તરફથી મળેલ છે.**

**ઉપરોક્ત દાતાશ્રીઓનો આ સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે.**

ઉપરોક્ત સાધનો સ્ટોકમાં હશે ત્યારે ભાડેથી આપવામાં આવશે.

આ સેવાનો લાભ લેવા જરૂરતમંદ સૌને અપીલ કરવામાં આવે છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# નવા મેડિકલ કાર્ડ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના જે સભ્ય પરિવારોએ નવા મેડિકલ કાર્ડ મેળવવા પોતાના ફોર્મ્સ ભરેલ છે, તેઓને નવા મેડિકલ કાર્ડનું વિતરણ **શ્રી કચ્છી જૈન ભવનની ગ્રાઉન્ડ ફ્લોરની ઓફિસેથી તા. ૧૬-૩-૨૦૧૪થી શરૂ થઈ ગયેલ છે.**

જે સભ્યોએ આજ દિન સુધી નવા મેડિકલ કાર્ડ માટે ફોર્મ ભરેલ છે તેઓએ પોતાના જૂના કાર્ડ જમા કરાવી, નવા કાર્ડ નિધિ પટેલ પાસેથી મેળવી લેવાના રહેશે.

**તા. ૧-૪-૨૦૧૪થી માત્ર અને માત્ર નવા મેડિકલ કાર્ડ પરથી જ મેડિકલની સુવિધાઓનો લાભ મળી શકશે.** મેડિકલ સેન્ટર પર તેની સેવાનો લાભ લેવા આવનારે ફરજિયાતપણે નવું કાર્ડ રાખવું જરૂરી છે. જૂના કાર્ડનો રેકોર્ડ કોમ્પ્યુટર પરથી સંપૂર્ણપણે કાઢી નાખવામાં આવશે.

કાર્ડ વગર આવનારને મેડિકલની સેવાના ૭૫ ટકા કન્સેશનનો કોઈ લાભ મળી શકશે નહિ.

જે સભ્યોએ નવા કાર્ડ મેળવવા પોતાના ફોર્મ્સ ભર્યા નથી તેઓ મેડિકલની સેવાના કન્સેશનનો લાભ તા. ૧-૪-૨૦૧૪થી મેળવવા વંચિત રહેશે. જેની નોંધ લેવા સૌ સભ્ય પરિવારોને અપીલ કરવામાં આવે છે.

**રમણિકલાલ કુંવરજી ગોસર**
**કન્વીનર - મેડિકલ કાર્ડ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે છેલ્લા એક વર્ષથી "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ" જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવેલ છે. દરરોજ ૫૦થી ૬૦ વ્યક્તિઓ તે મ્યુઝિયમની મુલાકાતે આવે છે અને આ મ્યુઝિયમ નિહાળી કાંઈક નવલું નજરાણું જોવાનો આનંદ અનુભવે છે.

અમદાવાદ સ્થિત કચ્છી જૈન સમાજના દરેક પરિવારોને અને અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના પરિવારોને - અગર તેઓએ આજ દિવસ સુધી આ મ્યુઝિયમની મુલાકાત ના લીધેલ હોય તો — આ મ્યુઝિયમ નિહાળવા અમે ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.

**આ મ્યુઝિયમની મુલાકાત એટલે અમદાવાદમાં રહીને જ 'કચ્છ દર્શન.'**

અહીં કચ્છની વિવિધ ૧૮ જ્ઞાતિઓમાંથી ૬ જ્ઞાતિઓના ડાયરોમા બનાવવામાં આવેલ છે. કચ્છના ઘુડખર, કચ્છનો વહાણવટા ઉદ્યોગ, કચ્છી બાટીકકામ, અજરખ પ્રિન્ટ, કચ્છના જૂના સમયના સિક્કાઓ, ફોસીલ્સ, કચ્છના મિનરલ્સ, કચ્છનું માટીકામ, કચ્છનું ભરતકામ વગેરે પ્રકારના અનેક નમૂનાઓ જોવા મળશે અને આપ સૌને ગમશે.

અગર આપ અમદાવાદમાં રહેતા હો અને આજ દિવસ સુધી આ મ્યુઝિયમની મુલાકાત લીધેલ ન હોય તો અમારે કહેવું પડશે કે આપે 'કચ્છકા કુછ નહીં દેખા.'

કચ્છની અનોખી ઝલક મેળવવા આપને ત્યાં દેશ-વિદેશથી પધારતા સ્નેહીઓ, મિત્રો તેમજ સગા-સંબંધીઓ સાથે આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.

**મ્યુઝિયમ જોવા માટેની કોઈ ફી રાખવામાં આવેલ નથી.**

તે સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા લગી જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવેલ છે. રવિવાર તથા જાહેર રજાના દિવસે પણ તે ખુલ્લું રાખવામાં આવે છે. ત્યાંના ફોન નંબર (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ છે.

આ મ્યુઝિયમની મુલાકાત લેવાનું આપશ્રીને ફરીથી અમારું નિમંત્રણ છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જીવન એક બાજી છે. જેમાં હારજીત આપણા હાતમાં નથી હોતી પણ બાજી રમવી એ આપણા હાથમાં છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ડાયાલિસિસ વિભાગ

### દાન કી ગંગા બહાતે ચલો....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ ખાતે ડાયાલિસિસ વિભાગનું તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ ઉદ્‌ઘાટન થશે. જેની વિગત આ અંકમાં અન્યત્ર પ્રસિધ્ધ થઈ છે.

તબીબી ક્ષેત્રે ખૂબ જ મહત્ત્વની આ સેવાકીય પ્રવૃત્તિ શરૂ થઈ રહી છે ત્યારે દિન પ્રતિદિન તે વિભાગને જરૂરી એવા સાધન સામગ્રી માટે દાતાશ્રીઓ દ્વારા દાનની સરવાણી શરૂ થઈ ગયેલ છે.

સક્ષમ દરેક દાતાશ્રીઓ માટે તબીબી ક્ષેત્રે સેવાકીય કાર્યમાં પોતાનો આર્થિક સહયોગ આપવાની આ એક ઉત્તમ તક ઊભી થઈ છે. આ વિષયે તેઓ જાતે આગળ આવશે તેવી અપેક્ષા સેવવામાં આવે છે.

***અત્રેની અપીલને અનુલક્ષીને....***

*રૂા. ૧,૫૧,૦૦૦/-* *(અંદાજિત)ના ખર્ચે ડાયાલિસિસ વિભાગ માટે ૯ પલંગ (કોટ) તેની ઉપરની પથારી (મેટ્રેસ) સાથે આપવાની જાહેરાત ગુજરાત રાજ્યની વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ. શ્રી ધીરજલાલ સ્વરૂપચંદભાઈ શાહના ધર્મપત્ની શ્રીમતી વનીતાબેન શાહ તરફથી કરવામાં આવી છે.*

આ સમાજ જરૂરી સાધન સામગ્રીઓનો સહર્ષ સ્વીકાર કરીને દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી માસ ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૧૪ દરમ્યાન પ્રાપ્ત થયેલ લવાજમની યાદી

| ક્રમ | સભ્યનું નામ |
|---|---|
| ૧. | શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા |
| ૨. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૩. | શ્રી પીયૂષ રવિલાલ પારેખ |
| ૪. | શ્રી શૈલેષ ધારશી સંઘવી |
| ૫. | શ્રી અરુણકુમાર રસીકલાલ શાહ |
| ૬. | શ્રી પીયૂષ હરિલાલ મોરબિયા |
| ૭. | શ્રી હર્ષદ તલકશી મહેતા |
| ૮. | શ્રી હસમુખ મણિલાલ શાહ |
| ૯. | શ્રી દિનેશ હીરજી શાહ |
| ૧૦. | શ્રી જયંતીલાલ કાનજી દેઢિયા |
| ૧૧. | શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા |
| ૧૨. | શ્રી ભવાનજી હીરજી સોની |
| ૧૩. | શ્રી યોગેશ નેણશી મોતા |
| ૧૪. | શ્રી ભરત ખેતશી ગાંધી |
| ૧૫. | શ્રી લલિત સોમચંદ છેડા |
| ૧૬. | શ્રી જિતેન્દ્ર ઉમરશી કુરુવા |
| ૧૭. | શ્રી હીરેન શામજી લોડાયા |
| ૧૮. | શ્રી હરેશ શામજી લોડાયા |
| ૧૯. | શ્રી રોહિત કુલીનકાંત લોડાયા |
| ૨૦. | શ્રી નીતિન હરિલાલ સંઘવી |
| ૨૧. | શ્રી જય ભરતભાઈ ભેદા |
| ૨૨. | શ્રી નિમિષ ચમનલાલ વોરા |
| ૨૩. | શ્રી નિખિલ નવીનચંદ્ર શાહ |
| ૨૪. | શ્રી હસમુખ હંસરાજ શેઠિયા |
| ૨૫. | શ્રી રાજેન્દ્ર ભવાનજી ગાલા |
| ૨૬. | શ્રી દેવેન મેઘજી કચરા છેડા |
| ૨૭. | શ્રી તલકશી ઉમરશી ગોગરી |
| ૨૮. | શ્રી સંજય પ્રવીણચંદ્ર શાહ |
| ૨૯. | શ્રી આશિષ દિનેશ રતિલાલ મહેતા |
| ૩૦. | શ્રી નવીન ધનજી દંડ |
| ૩૧. | શ્રી દીપક માણેકજી દંડ |
| ૩૨. | શ્રી નવીન કેશવજી મોતા |
| ૩૩. | શ્રી પરેશ કાંતિલાલ શાહ |
| ૩૪. | શ્રી દિલીપ વશનજી લાપસિયા |
| ૩૫. | શ્રી કાંતિલાલ વશનજી લાપસિયા |
| ૩૬. | શ્રી પ્રફુલ વસનજી દેઢિયા |
| ૩૭. | શ્રી જિતેન્દ્ર મૂલચંદ રાંભિયા |
| ૩૮. | શ્રી મનીષ વિજય છાડવા |
| ૩૯. | શ્રી કાનજી સ્વરૂપચંદ વોરા |
| ૪૦. | શ્રી મૂકેશ લક્ષ્મીચંદ શાહ |
| ૪૧. | શ્રી રાજુ રમણિકલાલ દોશી |
| ૪૨. | શ્રી મનીષ ચંદ્રકાંત ગાંધી |
| ૪૩. | શ્રી નરેશ કલ્યાણજી શાહ |
| ૪૪. | શ્રી દિનેશ કેશવજી મોતા |
| ૪૫. | શ્રી મિલન પદમશી ગોસર |
| ૪૬. | શ્રી નવીન રાયશી પોલડિયા |
| ૪૭. | શ્રી ચંદ્રકાંત ભવાનજી મૈશેરી |
| ૪૮. | શ્રી કુમારપાળ કાંતિલાલ લોડાયા |
| ૪૯. | શ્રી નીતિન કાંતિલાલ લોડાયા |
| ૫૦. | શ્રી શશીકાંત હરિલાલ શાહ |
| ૫૧. | શ્રી રવિલાલ એમ. વોરા |
| ૫૨. | શ્રી હીરેન કુંવરજી શાહ |
| ૫૩. | શ્રી તેજસ પ્રવીણ લોડાયા |
| ૫૪. | શ્રી માણેક ધનજી દેઢિયા |

*દુનિયામાં કોઈ હસીને મર્યું તો કોઈ રડીને મર્યું. પણ જીવન તો એનું જ સફળ કહેવાય, જે કાંઈક બનીને મર્યું.*

૫૫. શ્રી બિપિન રમણલાલ ગાલા
૫૬. શ્રી ચિરાગ નિરંજન શાહ
૫૭. શ્રી હરખચંદ કુંવરજી ગોસર
૫૮. શ્રી અનિલ પાસુભાઈ શાહનંદ
૫૯. શ્રી અતુલ ગુલાબચંદ સંઘવી
૬૦. શ્રી રમેશ મણિલાલ પુજ
૬૧. શ્રી શામજી રામજી ગાલા
૬૨. શ્રી જયદીપ ગુણવંતલાલ શાહ
૬૩. શ્રી હસમુખ ખીમજી મહેતા
૬૪. શ્રી ઉગરચંદ પોપટલાલ ગઢેચા
૬૫. શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા
૬૬. શ્રી શૈલેષ ઉગરચંદ ગઢેચા
૬૭. શ્રી ભરત ઉગરચંદ ગઢેચા
૬૮. શ્રી હિતેન્દ્ર ઉગરચંદ ગઢેચા
૬૯. શ્રી સુરેશ ઉગરચંદ ગઢેચા
૭૦. શ્રી રોહિત ચુનીલાલ સંઘવી
૭૧. શ્રી ચંદ્રકાંત રવિલાલ મહેતા
૭૨. શ્રી સુકેતુ ચમનલાલ પારેખ
૭૩. શ્રી જયંતિલાલ પ્રેમજી નીસર
૭૪. શ્રી સંજય લક્ષ્મીચંદ મોતા
૭૫. ડૉ. પ્રકાશ ગોવિંદલાલ શાહ
૭૬. શ્રી અમર ઠાકોરલાલ શાહ
૭૭. શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
૭૮. શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ
૭૯. શ્રી લક્ષ્મીચંદ વીરજી વીરા
૮૦. શ્રી મહેન્દ્ર ભાણજી મહેતા
૮૧. શ્રી ધર્મેન્દ્ર ભાણજી મહેતા
૮૨. શ્રી રજનીકાંત ખીમજી મહેતા
૮૩. શ્રી વર્ધમાન દેવજી છેડા
૮૪. શ્રી વિપીન રસિકલાલ શાહ
૮૫. શ્રી હીરેન શામજી નંદુ
૮૬. શ્રી મધુબેન તિલકચંદ લોડાયા
૮૭. શ્રી કલ્યાણજી રવજી રાંભિયા
૮૮. શ્રી આશિષ ધીરુભાઈ શાહ
૮૯. શ્રી અનિલ હિંમતલાલ શાહ
૯૦. શ્રી જયંતીલાલ જીવરાજ મહેતા
૯૧. શ્રી મનોજ દેવજી ગાલા
૯૨. શ્રી અતુલ રમેશચંદ્ર મૈશેરી
૯૩. કુ. જુલી ભોગીલાલ દેસાઈ
૯૪. શ્રી દિલીપ પુનશી શાહ
૯૫. શ્રી મનીષ નેણશી મોતા
૯૬. શ્રી જયેશ ઠાકરશી શાહ
૯૭. શ્રી ભાવેશ હીરજી ગડા
૯૮. શ્રી હરેશ શાંતિલાલ મોમાયા
૯૯. શ્રી રાજેન નરેન્દ્ર જીવરાજ શાહ
૧૦૦. શ્રી પંકજ રસિકલાલ શાહ
૧૦૧. શ્રી સેવંતીભાઈ રવજીભાઈ વોરા
૧૦૨. શ્રી અરવિંદ પ્રેમજી દેઢિયા
૧૦૩. શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા
૧૦૪. શ્રી મેહુલ અમૃતલાલ શાહ
૧૦૫. શ્રી દામજી હીરજી છેડા
૧૦૬. શ્રી નિહાર ધીરજલાલ મહેતા
૧૦૭. શ્રી હસમુખ બાબુભાઈ શાહ
૧૦૮. શ્રીમતી જયલક્ષ્મી વીરચંદ ડાઘા
૧૦૯. શ્રી પ્રદીપ દેવેન્દ્રભાઈ શાહ
૧૧૦. શ્રી સ્મિત રમેશચંદ્ર શાહ
૧૧૧. શ્રી કીર્તિ ભારમલ નાગડા
૧૧૨. શ્રી હર્ષદ વાડીલાલ મહેતા
૧૧૩. શ્રી હરખચંદ કુંવરજી સાવલા
૧૧૪. શ્રી શાંતિલાલ મૂળજી સાવલા
૧૧૫. શ્રી મૂકેશ મુળજી સાવલા
૧૧૬. શ્રી શાંતિલાલ રવજી રાંભિયા
૧૧૭. શ્રી ભાવેશ રજનીકાંત પારેખ
૧૧૮. શ્રી હેમાંગ રજનીકાંત પારેખ
૧૧૯. શ્રી પરેશ રવિલાલ પારેખ
૧૨૦. શ્રી મનહર વિશનજી દેઢિયા
૧૨૧. શ્રી હસમુખ કાંતિલાલ મહેતા
૧૨૨. શ્રી શિરીષ નાનાલાલ કોરડિયા
૧૨૩. શ્રી પ્રભુલાલ કેશવલાલ શાહ
૧૨૪. શ્રી સુનીલ ખીમજી શાહ
૧૨૫. શ્રી નિરંજન હરખચંદ સંઘવી
૧૨૬. શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા
૧૨૭. શ્રી દીપક ચુનીલાલ મહેતા
૧૨૮. શ્રી અજય ચંદુલાલ મહેતા
૧૨૯. શ્રી જિતેન કલ્યાણજી ગડા
૧૩૦. શ્રી શાંતિલાલ મોતીચંદ સંઘવી
૧૩૧. શ્રી મુકેશ અમૃતલાલ મૈશેરી
૧૩૨. શ્રી મૂલચંદ નાનજી મારૂ
૧૩૩. શ્રી લક્ષ્મીચંદ કાનજી ગાલા
૧૩૪. ડૉ. ઈન્દુભાઈ પી. શાહ
૧૩૫. શ્રી જયેશ રમણિકલાલ મહેતા
૧૩૬. શ્રી દિલીપ જયંતિલાલ પટવા
૧૩૭. શ્રી અરુણ નાનાલાલ પટવા
૧૩૮. શ્રી શાંતિલાલ રતનશી શાહ
૧૩૯. શ્રી મૂકેશ ઝવેરીલાલ શાહ
૧૪૦. શ્રી વિનોદચંદ્ર કાંતિલાલ શેઠ
૧૪૧. શ્રી લલિત રાયચંદ ખોના
૧૪૨. શ્રી પ્રભુદાસ પોપટલાલ મહેતા
૧૪૩. શ્રી વીરેન્દ્ર દામજી છેડા
૧૪૪. શ્રી ભોગીલાલ કાંતિલાલ શાહ
૧૪૫. શ્રીમતી કુસુમબેન પ્રદીપ દૌલત
૧૪૬. શ્રી રમેશ પાસુભાઈ શાહનંદ
૧૪૭. શ્રી હસમુખ હીરજી વોરા
૧૪૮. શ્રી અનુપચંદ કેશવજી નાગડા
૧૪૯. શ્રી લાલજી જેઠાભાઈ નંદુ
૧૫૦. શ્રી ઉમેશ શાંતિલાલ મુનવર
૧૫૧. શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
૧૫૨. શ્રી હીરેન અમૃતલાલ શાહ
૧૫૩. શ્રી રાજેશ મયાચંદ સંઘવી
૧૫૪. શ્રી જીજ્ઞેશ પુષ્પકાંત શાહ
૧૫૫. શ્રી સનત તલકશી મહેતા
૧૫૬. શ્રી રાયચંદ કેશવજી નાગડા
૧૫૭. શ્રી રસિકલાલ ખીમજી મહેતા
૧૫૮. શ્રી રાજેશ રામજી ગોગરી
૧૫૯. શ્રી રોહિત ખીમજી દેઢિયા
૧૬૦. શ્રી પ્રવીણ હરજીવનદાસ સંઘવી
૧૬૧. શ્રી રાજેન્દ્ર ભાઈલાલ દોશી
૧૬૨. શ્રી રાહુલ નટવરલાલ શાહ
૧૬૩. શ્રી અમિત ખીમજી છેડા
૧૬૪. શ્રી કિરણ ભોગીલાલ મહેતા
૧૬૫. શ્રી તેજસ હંસરાજ લોડાયા
૧૬૬. શ્રી સંજય મનસુખલાલ ખાંડવાલા
૧૬૭. શ્રી પ્રકાશ મીઠુભાઈ સૈયા
૧૬૮. શ્રી નવીનચંદ્ર લાલચંદ સંઘવી
૧૬૯. શ્રી વિશાલ મૂલચંદ ગાલા
૧૭૦. શ્રી ઉદય પ્રેમજી કારાણી
૧૭૧. શ્રી કિશોર રતનશી વીરા
૧૭૨. શ્રી નરેન્દ્ર અમૃતલાલ કોરડિયા
૧૭૩. શ્રી અનિલ મધુકાંત શાહ
૧૭૪. શ્રી રાહુલ ભવાનજી નાગડા
૧૭૫. શ્રી ખીમજી નાનજી ગાલા
૧૭૬. શ્રી ભરતકુમાર બાબુલાલ મહેતા
૧૭૭. શ્રી ગિરીશ હીરજી દેઢિયા
૧૭૮. શ્રી ભોગીલાલ ભાણજી કુબડિયા
૧૭૯. શ્રી હરેશ ધનજી કોરડિયા
૧૮૦. શ્રી અનિસ અરવિંદભાઈ દોશી
૧૮૧. શ્રીમતી રીટા યોગેશ દેઢિયા
૧૮૨. શ્રી જયંતિલાલ જગજીવન સંઘવી
૧૮૩. શ્રી શાંતિલાલ રતનશી શાહ
૧૮૪. શ્રી નીતિન પદમશી મોમાયા
૧૮૫. શ્રી રસિકલાલ પ્રેમજી નીસર
૧૮૬. શ્રી ચિરાગ અનિલકુમાર દંડ
૧૮૭. શ્રી નરેન્દ્ર હરિલાલ સંઘવી
૧૮૮. શ્રી હિતેન પંકજ ખોના
૧૮૯. શ્રી મયૂર ચંદ્રકાંત કાનજી દેઢિયા
૧૯૦. શ્રી દક્ષેશ નવીનચંદ્ર સંઘવી
૧૯૧. શ્રી પરેશ નવીનચંદ્ર સંઘવી

*જીવનનું રહસ્ય બધું જ ગમતું કરવામાં નથી, પણ જે કરવાનું છે તે ગમાડવામાં છે.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## બચત યોજના અને સલામત ભવિષ્ય તથા આપની મનપસંદ હાઉઝી

★ *શું આપ વધતી જતી મોંઘવારીથી પરેશાન છો?*

★ *શું આપ આપની બચતને વધારીને ભવિષ્ય સલામત રાખવા માગો છો?*

★ *શું આપ આપની બચતનું ક્યાં અને કેવી રીતે રોકાણ કરવું, તે જાણવા ઈચ્છો છો?*

***તો આવો....***

સેબી (SEBI)ના પ્રતિનિધિ દ્વારા ઓડિયો વિઝ્યુઅલ સ્લાઈડ સાથે સરળ સમજણ આપતાં બહેનો માટે આ ખાસ સેમિનારમાં આપનું હાર્દિક સ્વાગત છે.

*તારીખ : શનિવાર, તા. ૨૬-૪-૨૦૧૪*

*સમય : બપોરે ૦૩.૦૦ વાગ્યાથી*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

*અને સાથે....*

***આપની મનપસંદ હાઉઝી પણ રમાડીશું.***

*આવશો ને....?*

★

## પ્રવાસ કાર્યક્રમનો અહેવાલ

તા. ૨૫-૨-૨૦૧૪ના રોજ સમિતિ દ્વારા આયોજિત વિવિધ સ્થળોની અનોખી મુલાકાતનો કાર્યક્રમ યોજાઈ ગયો. બહેનોએ ગ્રાહક સુરક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી. ગ્રાહક તરીકેના હક્કો અને ફરજો વિશે ઓડિયો વિઝ્યુઅલ સ્લાઈડ દ્વારા જાણકારી મેળવી. સંસ્થાના પ્રતિનિધિએ જુદા જુદા વિભાગો અને સંસ્થાની કામગીરી વિશે બહેનોને માહિતગાર કર્યા હતા. આ ગવર્નમેન્ટ માન્ય સંસ્થા મેડિક્લેઈમ, ઈન્સ્યોરન્સ અંગેની ફરિયાદોનું પણ નિરાકરણ કરે છે. ઈલેક્ટ્રિક / ઈલેક્ટ્રોનિક્સ સાધનોની ગુણવત્તા ચકાસીને કઈ બ્રાન્ડની પ્રોડક્ટ ખરીદવા લાયક છે, ભાવ કિફાયતી છે કે નહીં વગેરે માહિતી પણ પૂરી પાડે છે.



*વિવિધ સ્થળોની મુલાકાત દરમ્યાન ઐતિહાસિક સ્થળ - અડાલજની વાવની ઝાંખી કરનાર બહેનોની સમૂહ તસવીર*

ત્યારબાદ ઐતિહાસિક સ્થળ અડાલજની વાવની મુલાકાત લીધી હતી. શિલ્પ સ્થાપત્યનું અદ્‌ભુત ઉદાહરણ છે. ઉપરાંત ત્રિ-મંદિર - અડાલજ મંદિરના દર્શન કર્યા, દાદા ભગવાનનું મ્યુઝિયમ નિહાળ્યું હતું. આ મુલાકાત બહેનો માટે અવિસ્મરણીય બની ગયેલ.

***કન્વીનર : સુલુ જલદીપ શાહ***

## માની મમતા

વારંવાર ભૂકંપગ્રસ્ત બનતા જાપાનમાં આવેલા એક ભયાનક ભૂકંપની આ સત્યઘટના છે. ભૂકંપથી સર્જાયેલ તબાહીમાં ફસાયેલા લોકોને બચાવવા માટે આવેલી ટુકડીનો અગ્રણી ધરાશાયી થયેલા મકાનમાં પહોંચ્યો. એણે જોયું તો આખું મકાન તૂટી પડ્યું હતું. કાટમાળની નીચે એક સ્ત્રીનો મૃતદેહ પડ્યો હતો. જાણે પ્રાર્થનાની મુદ્રામાં હોય તેમ શરીરને ઘૂંટણથી આગળ ઝુકાવીને પડેલી હતી. જાણે કોઈ વસ્તુને એણે હૃદયસરસી ચાંપી હતી. ખંડેર બનેલા મકાનની ઈંટોના મારથી એની કમર અને માથા પર જીવલેણ ઈજા પહોંચી હતી. એનું શરીર તદ્દન ઠંડુ પડી ગયું હતું. સહુને ખ્યાલ આવ્યો કે આ સ્ત્રી ઉપરથી પડેલા મકાનની ઈંટોને કારણે મૃત્યુ પામી છે.

બચાવ ટુકડી આગળ વધી. પરંતુ એની આગેવાની સંભાળનારના મનમાં એક વિચાર આવ્યો કે આ સ્ત્રી ઘૂંટણિયે વળીને કેમ પડી હશે? શું કશું શોધવા પ્રયત્ન કરતી હશે કે પછી એના હાથમાં કશુંક રાખીને પોતાનો જીવ બચાવવા એને વળગી પડી હશે? ટુકડીનો આગેવાન પાછો આવ્યો અને એણે એ સ્ત્રીના મૃતદેહની નીચેથી તપાસ કરવાનો પ્રયત્ન કરતા એ બોલી ઉઠ્યો, 'અરે, અહીં એક બાળક છે!'

એનો અવાજ સાંભળી આખી ટુકડી પાછી આવી અને સ્ત્રીની આસપાસ પડેલા કાટમાળને ખસેડીને જોયું તો કામળી ઓઢાડેલું ત્રણ મહિનાનું એક બાળક એ સ્ત્રીના મૃતદેહની નીચેથી મળી આવ્યું. બધાને ખ્યાલ આવ્યો કે નક્કી માતાએ ઉપરથી થતા ચીજવસ્તુઓ અને ઈંટોના વરસાદથી બચાવવા પોતાના બાળકને આમ કામળીમાં વીંટાળીને છાતીસરસો ચાંપીને ઘૂંટણભેર ઊભી રહી હશે. શરીરને ઢાલ બનાવીને પોતાના સંતાનને બચાવવા પ્રયત્ન કરતી હશે. ટીમના આગેવાને કામળીમાં વીંટાળેલા બાળકને ઉપાડ્યું તો એ બાળક નિરાંતે ઊંઘતુ હતું. ડોક્ટરે તરત જ બાળકની સારવાર શરૂ કરી. કામળી કાઢીને જોયું તો બાળકની પાસે એક સેલ ફોન પડેલો હતો. એ ફોનના સ્ક્રીન પર લખ્યું હતું : 'જો તું બચી જાય તો યાદ રાખજે કે તારી માતા તને ખૂબ ચાહતી હતી.'

ટુકડીના બધા સભ્યોએ એક પછી એક મોબાઈલ પરનો સંદેશો વાંચ્યો અને બધાની આંખો આંસુથી છલકાઈ ગઈ. ■

# યુવા વિકાસ સમિતિ

## આગામી કાર્યક્રમ

### માઉન્ટ આબુની ઓબ્ઝર્વેશન ટુર (બે દિવસની)

સમિતિ દ્વારા સમાજના ૫૦ વર્ષ સુધીના સભ્યો માટે તારીખ ૨૬ અને ૨૭-૪-૨૦૧૪ — એમ બે દિવસ માટે માઉન્ટ આબુ - સાઈટ સીનનાં પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. પ્રવાસમાં સામેલ થનાર સભ્યો માટે ખાવાપીવાની ઉપરાંત રહેવાની બધી જ વ્યવસ્થા યુવા વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા કરવામાં આવશે.

★ **પ્રયાણ :** શુક્રવાર, તા. ૨૫-૪-૨૦૧૪ રાત્રે ૧૧.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી બસ દ્વારા.

★ **આગમન :** રવિવાર, તા. ૨૭-૪-૨૦૧૪ના રાત્રે લગભગ ૧૧ વાગ્યા સુધી અમદાવાદ પરત.

★ **ચાર્જ :** રૂા. ૮૦૦/- પ્રતિ વ્યક્તિ. (૩ વર્ષ સુધીના બાળકો માટે નિઃશુલ્ક)

સંપૂર્ણ ચાર્જ સાથે તા. ૧૦-૪-૨૦૧૪થી પાલડી ભવન ખાતે વહેલા તે પહેલાના ધોરણે ફક્ત ૫૬ સભ્યોના નામો જ નોંધવામાં આવશે. અગર કોઈ સભ્ય પાછળથી પોતાનું નામ કેન્સલ કરાવશે તો તેમની સીટ પર બીજા કોઈ સભ્ય આવવા માંગતા હશે તો જ તેવા સભ્યને રકમ રીફંડ આપવામાં આવશે.

સભ્યોએ પોતાના સામાનનું ધ્યાન જાતે જ રાખવાનું રહેશે. કાર્યક્રમ બાબતે જરૂરી ફેરફાર યુવા વિકાસ સમિતિ દ્વારા થઈ શકશે.

**સંપર્ક સુત્ર :** પીયૂષ સાવલા : મો. ૯૮૭૯૪ ૯૬૧૩૯
શિલ્પીબેન શાહ : મો. ૯૩૨૭૦ ૧૪૬૨૫
સ્મિતાબેન શાહ : ૦૭૯-૨૬૭૬૩૬૪૮
નીતિન શાહ : મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧

### કેરમ વર્કશોપ

શનિવાર, તા. ૩-૫-૨૦૧૪ના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન કેરમ રમતની સંપૂર્ણ જાણકારી માટે એક વર્કશોપનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવેલ છે. આ વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છુક, સમાજના સભ્ય પરિવારના ૧૨ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યોએ રૂા. ૧૦૦/- (વર્કશોપમાં ભાગ લેનારને પરત) કાર્યાલયમાં ભરીને પોતાના નામ તા. ૩૦-૪-૨૦૧૪ સુધી નોંધાવવા વિનંતી છે. રકમ ભરપાઈ કર્યાની પહોંચ મેળવવાની રહેશે.

### શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ કેરમ હરીફાઈ - ૨૦૧૪

રવિવાર, તા. ૪-૫-૨૦૧૪ના સવારના ૯ કલાકે શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ કેરમ હરીફાઈનું શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છતા સમાજના સભ્ય પરિવારનાં ૧૨ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યોએ પોતાના નામ, ઉંમર, ફોન નંબર કાર્યાલયમાં લખાવવાના રહેશે. નામ નોંધાવવાની છેલ્લી તા. ૧-૫-૨૦૧૪ છે.

### ચેસ વર્કશોપ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૮ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યો માટે ચેસ રમતની પાયાની સમજણ તથા વિવિધ આંટીઘૂંટીઓને સમજાવવા માટે એક વર્કશોપનું આયોજન તા. ૮-૫-૨૦૧૪થી તા. ૧૦-૫-૨૦૧૪ સુધી કરવામાં આવેલ છે.

*સમય : સવારે ૯ થી ૧૨*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી*

આ વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ રૂા. ૧૦૦ (વર્કશોપમાં ભાગ લેનારને પરત) કાર્યાલયમાં જમા કરાવીને પોતાના નામ તા. ૬-૫-૨૦૧૪ સુધી નોંધાવવા વિનંતી. રકમ ભરપાઈ કર્યાની પહોંચ મેળવવાની રહેશે.

ગત વર્ષોની જેમ આપણા સમાજના યુવાન, આંતરરાષ્ટ્રીય ચેસ ખેલાડી શ્રી ધીમંત પ્રકાશભાઈ શાહની ટીમ આ વર્કશોપમાં આપને ચેસની રમત અંગેની વિવિધ આંટીઘૂંટીઓનું માર્ગદર્શન આપશે. વેકેશન દરમ્યાન બાળકો અને યુવાનો માટે આ અમૂલ્ય તક છે. વધુ માહિતી માટે શ્રી વિશાલ શાહ (મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮)નો સંપર્ક કરશો.

વર્કશોપના સમયે પોતાનું ચેસ બોર્ડ સાથે લાવવા વિનંતી.

### શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ ચેસ હરીફાઈ - ૨૦૧૪

રવિવાર, તા. ૧૧-૫-૨૦૧૪ના સવારના ૯ કલાકે શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ ચેસ સ્પર્ધાનું આયોજન, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સમાજના સભ્ય પરિવારના, ૮ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિઓએ પોતાનું નામ, ઉંમર, ફોન નંબર કાર્યાલયમાં લખાવવાના રહેશે. નામ નોંધાવવાની છેલ્લી તા. ૯-૫-૨૦૧૪ છે.

**ઉપરોક્ત બંને સ્પર્ધા માટેના નીતિ નિયમો :**

★ ઉપરોક્ત બંને સ્પર્ધાઓમાં જણાવેલ વય મર્યાદા ધરાવતા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના સભ્યો જ ભાગ લઈ શકશે.

★ જરૂરી નીતિ નિયમો સ્પર્ધા પહેલા જણાવવામાં આવશે.

★ નિર્ણાયકોનો નિર્ણય સર્વેને મંજૂર રહેશે.

★ સ્પર્ધકોએ પ્રત્યેક સ્પર્ધા પ્રમાણે અલગથી નામ નોંધાવવાના રહેશે.

★ ઉપરોક્ત સ્પર્ધાઓના સમય, તારીખ વગેરેમાં જરૂરી ફેરફાર યુવા વિકાસ સમિતિ કરી શકશે.

*કન્વીનર : પીયૂષ સાવલા*

*જીવન આપણે ધારીએ છીએ એટલું દુઃખમય નથી. પણ એને આપણે ધારીએ એટલું સુખમય જરૂર બનાવી શકાય.*

# વયસ્ક સમિતિ

સમાજની વયસ્ક સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમો, પિકનિક, ટૂર, જાત્રાઓનું આયોજન તેની આગવી પરંપરા મુજબ યોગ્ય સમયે કરવામાં આવતું હોય છે. વયસ્ક સભ્યોને સ્નેહ, પ્રેમ, આશા - ઉમંગ અને આનંદમાં તરબોળ રાખવા માટે વિવિધ પ્રકારના આયોજનો જરૂરી હોય છે. વડીલોના દિલ-દિમાગને ધબકતા રાખવામાં તેનું પ્રદાન બહુમૂલ્ય કહી શકાય. આવો જ એક ટૂર પ્રોગ્રામ રાજસ્થાનમાં જયસમંદ, કુંભલગઢ અને ઉદયપુર તરફનો તા. ૬ થી ૮ માર્ચ, ૨૦૧૪નો હતો.

તા. ૬-૩-૨૦૧૪ના રાત્રિના ૭.૩૦ વાગે અમદાવાદથી બે બસ દ્વારા પ્રસ્થાન કર્યા બાદ પૂરા રસ્તે વિવિધ પ્રકારના ગીતોની રમઝટથી આનંદપૂર્વક રાત્રે ૧૨.૩૦ વાગે કેસરિયાજી પહોંચી ગયા હતા. બીજા દિવસે સવારે દેવદર્શન, પૂજા, નવકારશી કર્યા બાદ જયસમંદ ગયેલ. ત્યાંનું લગભગ ૧૦૦ કિ.મી.ના સરોવરને જોતાં જ સૌ પ્રભાવિત થયા હતા. સરોવરમાં નૌકા દ્વારા સમગ્ર વિસ્તારની સહેલ કરી હતી. આજુબાજુના વિવિધ પક્ષીઓના કિલકિલાટભર્યા સંગીતની મજા માણી સરોવરની બીજી તરફના કિલ્લાનું અને વિશ્વવિખ્યાત રાજાશાહી પ્રકારની હોટલનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ ઉદયપુર થઈને સોળે કળાએ ખીલેલી વસંતઋતુનું અનુપમ અને આહ્‌લાદક પ્રકૃતિ સૌંદર્યની અનુભૂતિ કરતાં સૌ કુંભલગઢ પહોંચ્યા હતા. કુંભલગઢ એટલે મહારાણા પ્રતાપ અને તેના પૂર્વજોની અમર કહાની. ગઢની ખૂબ લાંબી દીવાલને જોતાં જ ચીનની અજાયબી સમી દીવાલની ગાથા કહેવી પડે. ત્યાંના સૂત્રના કહેવા મુજબ ચીનની દીવાલ બાદ કુંભલગઢની દીવાલનો ક્રમાંક આવે છે. એક સમયે આ વિસ્તારમાં ૪૫૦ જેટલાં જૈન દેરાસરો અસ્તિત્વમાં હતા. તેના પરથી ત્યાંની જૈન વસતિનો સહેજે અંદાજ મળે છે. આ ગઢ અને તેના વિસ્તારની અમર કહાનીને સાંકળતો 'લાઈટ એન્ડ સાઉન્ડ'નો અદ્‌ભુત શો નિહાળ્યો હતો. પ્રકાશ અને ધ્વનિથી સૌ મુગ્ધ થયા હતા. તે સાથે ફુલગુલાબી ઠંડીની અસર પણ સૌએ અનુભવેલ.




*રાજસ્થાન ટૂરના મુખ્ય સ્પોન્સરર શ્રી હરખચંદ સાવલાનું બહુમાન કરતાં વયસ્ક સમિતિના સભ્યો*




*રાજસ્થાન ટૂરમાં સભ્યોની જયસમંદ મુલાકાત વેળાએ સમૂહ તસવીર*

સ્થાનિકના એક ગાઈડ સાથે બીજા દિવસે સૌએ ઐતિહાસિક ઉદેપુર શહેરના વિવિધ જોવાલાયક સ્થળો જેમાં સહેલિયોં કી વાડી, ફતેહસાગર મિલ, મોટી મગરી, પ્રતાપ ચેતક સ્મારક, શિલ્પગ્રામ વગેરે નિહાળીને સૌને આનંદ થયો. શિલ્પગ્રામમાં ગ્રામ મનોરંજનની ઝાંખી કરાવતી મંડળીના સૂર અને સંગીતથી સભ્યો ખૂબ પ્રભાવિત થયા હતા અને તેમાંના કેટલાકે મેદાનની વચ્ચે આવીને 'ડાન્સ' પણ કર્યા.

આ પ્રવાસમાં શ્રી હરખચંદભાઈ કે. સાવલા તેમજ અન્ય એક સદ્‌ગૃહસ્થશ્રી તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

પ્રવાસના આરંભથી અંત સુધી વયસ્ક સમિતિના મુખ્ય આયોજનકર્તાઓ સર્વશ્રી રમણિકભાઈ ગોસર, આણંદજીભાઈ વીરા અને રજનીકાંતભાઈ પારેખની કામગીરી જેમાં સ્થળ - લોકેશનનું સર્વે વર્ક, આયોજન, રસ્તામાં તેમજ દરેક સ્થળે ઉત્તમ કક્ષાની તમામ વ્યવસ્થા તેમજ સભ્યોની સારસંભાળ કાબિલેદાદ હોય છે. તેમાં પણ ભક્તિગીતો સાથે વિવિધ પ્રકારની મિજલસ જમાવીને સભ્યોને આનંદ અને મસ્તપણાના માહોલમાં સતત રાખવાની તેઓની કળા પણ તેટલી જ ધ્યાનાકર્ષક હોય છે. આ રીતે વડીલોને ટૂરમાં લઈ જવાના તેમના પ્રયાસની પ્રશંસા થાય તે સ્વાભાવિક બને છે.

આ પ્રકારના કાર્યક્રમો વડીલો માટે માનસિક શાંતિ અને જ્ઞાનવર્ધક થતા હોય છે. તેમના જીવનમાં હર્ષોલ્લાસ અને નવું પ્રાણ પૂરાય છે. એટલું જ નહીં પરંતુ સભ્યો વચ્ચે પરસ્પર સ્નેહ, આત્મીયતા અને પ્રેમભાવનું નિર્માણ થતું જોવા મળે છે. તેવા સમયે નિરાશાના વાદળોથી અલિપ્ત બનતા હોય છે. બે-ચાર દિવસના કાર્યક્રમથી તેઓના જીવનમાં ચેતના, સ્ફુર્તિ તથા ઉત્સાહનો સંચાર થતાં મન ખીલી ઉઠે છે, હૈયું આનંદથી ડોલી ઊઠે છે. વયસ્ક સમિતિ તરફથી તેના સભ્યો માટે આ એક અદ્‌ભુત ભેટ હોય છે. અલબત્ત આ પ્રકારના કાર્યક્રમોનું સંયોજન અને વ્યવસ્થા ઘણી મહેનત માગી લેતા હોય છે. દરેકનો આભાર સાથે આયોજનકર્તાઓને સલામ!

***કન્વીનર : વયસ્ક સમિતિ***
***સહયોગ : દિનેશ આર. મહેતા***

*તમે કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, કેવું જીવ્યા એ મહત્ત્વનું છે.*

# "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### 'સ્પોર્ટસ ડે' શાનદાર રીતે સંપન્ન

તા. ૨૭-૨-૨૦૧૪ના રોજ ઉસ્માનપુરા ખાતે ગુજરાત વિદ્યાપીઠના સ્પોર્ટસ ગ્રાઉન્ડમાં 'સંકલ્પ' દ્વારા 'સ્પોર્ટસ ડે'નું શાનદાર રીતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં લગભગ ૧૨૫ સભ્યો ઉપસ્થિત હતા. જુદા જુદા વયજૂથ પ્રમાણે વિવિધ રમતો રમાડવામાં આવેલ હતી. દરેક સ્પર્ધકોએ ખૂબ જ ઉત્સાહભેર અને ખેલકૂદની ઉચ્ચ ભાવના સાથે ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન રમાયેલ વિવિધ રમતોની હરીફાઈના પરિણામ નીચે મુજબ છે.

**૧-૫ વર્ષ**

| | |
|---|---|
| **મમરા ચોકલેટ** | (૧) ધીર ઉદય નાગડા<br>(૨) નમન આનંદ વોરા |
| **આંધળો પાટો** | (૧) નમન આનંદ વોરા<br>(૨) ધીર ઉદય નાગડા |
| **લીંબુ ચમચો** | (૧) ધીર ઉદય નાગડા<br>(૨) નમન આનંદ વોરા |
| **૫૦ મીટર દોડ** | (૧) નમન આનંદ વોરા<br>(૨) ધીર ઉદય નાગડા |

**૬-૧૦ વર્ષ**

| | |
|---|---|
| **૧૦૦ મીટર દોડ** | (૧) મન મહેતા<br>(૨) દિતિશા અમિતભાઈ કોરડિયા |
| **મમરા લોટ** | (૧) દિતિશા અમિતભાઈ કોરડિયા<br>(૨) દેવાંશી અરવિંદભાઈ શાહ |
| **કોથળા દોડ** | (૧) દેવાંશી અરવિંદભાઈ શાહ<br>(૨) દિતિશા અમિતભાઈ કોરડિયા<br>(૩) હેત્વી પીયૂષભાઈ પારેખ |
| **ત્રિપગી દોડ** | (૧) હેત્વી પારેખ અને આર્યન મોરબિયા<br>(૨) ધૈર્ય શાહ અને મન મહેતા |
| **આંધળો પાટો** | (૧) દિતિશા કોરડિયા |

| **૧૧-૧૫ વર્ષ** | *યુવતી* | *યુવક* |
|---|---|---|
| **લાંબો કૂદકો** | (૧) ઝીલ કુબડિયા<br>(૨) ખુશી શાહ | (૧) નિશાંત કોરડિયા<br>(૨) હેત મારુ |
| **ત્રિપગી દોડ** | (૧) ઝીલ કુબડિયા<br>(૨) ઝીલ દેઢિયા | (૧) હિતાંશુ<br>(૨) હેત મારુ |
| **૧ મિનિટ ફૂડ ઈટીંગ** | (૧) વૈભવી દેઢિયા<br>(૨) કિંજલ શાહ | (૧) હેત મારુ<br>(૨) નિશાંત કોરડિયા<br>(૨) ચિંતન શાહ |
| **૧૦૦ મીટર દોડ** | (૧) ઝીલ કુબડિયા<br>(૨) વૈભવી દેઢિયા | (૧) નિશાંત કોરડિયા<br>(૨) હેત મારુ |
| **કોથળા દોડ** | (૧) ઝીલ કુબડિયા<br>(૨) કિંજલ શાહ | (૧) પ્રશીલ પારેખ<br>(૨) જય છાડવા |

| **૨૬-૪૦ વર્ષ** | *યુવક* | *યુવતી* |
|---|---|---|
| ૨૦૦ મીટર દોડ | | (૧) નિરાલી મોરબિયા<br>(૨) મિત્તલ સંઘવી<br>(૩) હિમાની કુબડિયા |
| ગોળા ફેંક | (૧) પાર્ષદભાઈ શાહ | (૧) અંજલી શાહ |
| લાંબો કૂદકો | (૧) અંકિત મહેતા | (૧) હિમાની કુબડિયા |
| સ્લો વોકિંગ | | (૧) રિયા સંઘવી<br>(૨) મિત્તલ સંઘવી |

**૪૧ વર્ષથી ઉપર**

| | | |
|---|---|---|
| આઈસ ગોટી | (૧) જીતુભાઈ સંઘવી<br>(૨) પંકજભાઈ સંઘવી | (૧) અવનીબેન કોરડિયા |
| સ્લો વોકિંગ | (૧) મનીષભાઈ છાડવા<br>(૨) મિલનભાઈ ગોસર | (૧) અલ્પાબેન મારુ |
| લીંબુ ચમચો | (૧) પંકજભાઈ સંઘવી | (૨) દિવ્યાબેન સંઘવી |

**સર્વે સભ્યો માટે કોમન ગેમ - સંગીત ખુરશી**

| | |
|---|---|
| ૧થી ૧૦ વર્ષ સુધી | (૧) જૈનમ પંકજભાઈ સંઘવી |
| ૧૦ વર્ષથી ઉપર | (૧) દિવ્યાબેન સંઘવી |

ઉપરોક્ત સર્વે વિજેતાઓને ઈનામ તથા બધા જ સ્પર્ધકોને 'પ્રમાણપત્ર' સંકલ્પ દ્વારા આપવામાં આવેલ. કાર્યક્રમની મધ્યાંતરમાં સૌ સભ્યોએ મનપસંદ નાસ્તાનો લાભ લીધો હતો. સંકલ્પના આ કાર્યક્રમ માટે રૂા. ૫,૦૦૦/-નું આર્થિક અનુદાન ડૉ. હિમાંશુભાઈ શાહ તરફથી મળેલ છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

### પાલિતાણા છ'ગાઉ જાત્રાનો અહેવાલ

છેલ્લા સાત વર્ષની પ્રણાલિકા અનુસાર આ વર્ષે પણ પાલિતાણા છ'ગાઉ પરિક્રમા કરવાનું આયોજન તા. ૧૩-૩ અને ૧૪-૩-૧૪નાં રોજ કરવામાં આવેલ.

યાત્રાળુઓ તા. ૧૨-૩-૨૦૧૪ની રાત્રિના ૧૨ વાગ્યા પછી રવાના થઈ સવારે ૫ વાગે પાલિતાણા પહોંચ્યા હતા. ત્યારબાદ ચૈત્યદર્શન તથા પૂજા બાદ સૌએ નવકારશીનો લાભ લીધો હતો. સવારે ૯.૩૦ વાગે કદંબગીરી, ભંડારિયા તથા શેત્રુંજય ડેમ તીર્થના પ્રાચીન દેરાસરોમાં બિરાજમાન તીર્થંકર ભગવંતોની ભવ્ય અને અલૌકિક પ્રતિમાઓના દર્શન કરી સૌએ ધન્યતાની લાગણી અનુભવી હતી. બપોરે લગભગ અઢી વાગે પાલિતાણા પરત આવ્યા હતા. આરામ બાદ સૌએ ચૌવિહારનો લાભ લીધો હતો.

*જીવન એટલે આગળ વધવું.*

તા. ૧૪-૩-૨૦૧૪નાં રોજ સવારે ૩ વાગ્યા દરમ્યાન બધા યાત્રિકોએ છ'ગાઉ જાત્રાનો, ''શ્રી આદિશ્વર દાદાનો જય''ના નારા સાથે પ્રારંભ કર્યો હતો. સૌ જાત્રાળુઓ ચૈત્યવંદન કરતા કરતા સવારના લગભગ ૬ વાગ્યા સુધી મુખ્ય જિનાલયના મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનનાં દર્શન કરી છ'ગાઉની જાત્રા ચંદન તલાવડી થઈ ઘેટીપાગના દર્શન બાદ પરિક્રમા પૂર્ણ થયાના પ્રસન્ન ચહેરે તળેટીમાં વિવિધ સંસ્થાઓના પાલની વ્યવસ્થાનો લાભ લીધો હતો.

ત્યારબાદ બપોરે સોનગઢમાં આવેલ શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ પહોંચ્યા હતા. ત્યાં આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ થઈને સૌએ સંસ્થાના સંચાલકોને આવી સુંદર પ્રવૃત્તિ બદલ ધન્યવાદ આપ્યા હતા. ત્યાંની ભોજનશાળામાં ચૌવિહારનો લાભ લઈ રાત્રિના ૧૨ વાગ્યાની આસપાસ સૌ યાત્રિકો અમદાવાદ પાલડી ભવન ખાતે પરત આવ્યા હતા. જ્યાં શ્રી પીયૂષભાઈ રવિલાલ પારેખે સંઘ પૂજનનો લાભ લીધો હતો.

નવાઈની વાત એ છે કે 'સંકલ્પ'ની આ વર્ષની છ'ગાઉ જાત્રામાં શ્રી બચુભાઈ રાંભિયાના મોટાભાઈ શ્રી વિશનજીભાઈ રાંભિયા (ઉં.વ.-૭૩) તથા શ્રી નિમેષભાઈ ડી. સંઘવીના સ્વજન શ્રીમતી શીલાબેન દોશી (ઉં.વ.-૫૭) (તેઓશ્રી લંડનથી આવેલ.) બંને જાત્રાળુઓએ આ જાત્રાનો લાભ લીધો હતો જે સંકલ્પ માટે ગૌરવપ્રદ બાબત બની રહી.

***છ'ગાઉ જાત્રામાં આર્થિક અનુદાનનો લાભ લેનાર પુણ્યશાળીઓના નામ નીચે મુજબ છે :***

| | |
|---|---|
| શ્રી નવીનભાઈ નાનજીભાઈ પોલડિયા | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી નિમેષભાઈ ડી. સંઘવી | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી ગૂર્જર ગ્રંથાલય (શ્રી મનુભાઈ શાહ) | રૂા. ૨,૫૦૦/- |
| શ્રી તેજસભાઈ લોડાયા તરફથી આરવીના જન્મદિન નિમિત્તે | રૂા. ૨,૫૦૦/- |
| શ્રી તુષારભાઈ દિનેશભાઈ શાહ | રૂા. ૨,૫૦૦/- |
| શ્રી સુનિલભાઈ દેવજીભાઈ ગોગરી | રૂા. ૨,૫૦૦/- |
| શ્રીમતી અમી નીતિનકુમાર શાહ | રૂા. ૧,૦૦૦/- |
| શ્રી મિલન અનિલભાઈ શાહ | રૂા. ૧,૦૦૦/- |
| શ્રી જગદીશભાઈ ત્રેવડિયા | રૂા. ૧,૦૦૦/- |
| શ્રી ચેતનભાઈ નાગડા | રૂા. ૧,૦૦૦/- |
| એક સદ્‌ગૃહસ્થ તરફથી | રૂા. ૫૦૦/- |
| એક સદ્‌ગૃહસ્થ તરફથી | રૂા. ૫૦૦/- |
| એક સદ્‌ગૃહસ્થ તરફથી | રૂા. ૫૦૦/- |
| શ્રી ગૌરવભાઈ સાવલા | રૂા. ૫૦૦/- |
| શ્રી જીજ્ઞેશભાઈ સંઘવી | રૂા. ૫૦૦/- |
| શ્રી સ્વ. ભવાનજીભાઈ દેઢિયા | રૂા. ૨૦૨/- |
| શ્રી ભાવેશભાઈ ગડા | રૂા. ૧૦૧/- |
| ***કુલ*** | રૂા. ૨૬,૮૦૩/- |

ઉપરોક્ત સર્વે દાતાશ્રીઓનો 'સંકલ્પ' ખૂબ ખૂબ આભાર માને છે.

## ધૂળેટી કાર્યક્રમનો અહેવાલ

'સંકલ્પ' દ્વારા આ વર્ષે પણ ધૂળેટીના રંગબેરંગી કાર્યક્રમનું આયોજન ખાસ નાના બાળકો તથા યુવાવર્ગને ધ્યાનમાં રાખીને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૧૭-૩-૨૦૧૪નાં રોજ કરવામાં આવેલ હતું.

સમાજના ઘણા બધા યુવાનોએ ધૂળેટીના કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈને અબીલ ગુલાલથી એકબીજાને રંગીને તથા નાના ભૂલકાઓએ પોતાની આગવી અદાથી મજા માણી હતી. બપોરે ૧ વાગે સૌએ સ્વરૂચિ ભોજનનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં લગભગ ૮૦ સભ્યોની ઉપસ્થિતિ હતી. ધૂળેટીના કાર્યક્રમમાં અબીલ ગુલાલનો ખર્ચ રૂા. ૧૧૦૦/- થયેલ. જેનો લાભ શ્રી હીરેન અમૃતલાલ શાહે લીધેલ હતો.

ઉપરોક્ત ત્રણેય કાર્યક્રમોમાં આર્થિક અનુદાન આપનાર સર્વે દાતાશ્રીઓ તથા આ કાર્યક્રમ સાથે જોડાયેલ સભ્યશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યો વગેરે સૌનો આભાર.

## આગામી કાર્યક્રમ

## રાહત દરે નોટબુક - ફૂલસ્કેપ ચોપડા વિતરણ - ૨૦૧૪

'સંકલ્પ' શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ દ્વારા સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે રાહત દરે નોટબુક - ચોપડાના વિતરણનું આયોજન કરવા જઈ રહેલ છે. આ યોજના અંતર્ગત પોતાના પાલ્યો માટે નોટબુક તથા ફૂલસ્કેપ ચોપડા લેવા ઈચ્છતા વાલીઓએ બિડાણ સ્વરૂપે આપેલ ફોર્મ વ્યવસ્થિત રીતે સારા અક્ષરમાં ભરીને તા. ૨૬-૪ અને ૨૭-૪-૧૪ એમ બે દિવસમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધીમાં આપવાની થતી ૫૦% કિંમત સાથે જમા કરાવી દેવું. ત્યારબાદ કોઈપણ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

ઉપરોક્ત ફોર્મ આવ્યા પછી નોટબુક - ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ તારીખ ૨૪-૫ અને તા. ૨૫-૫-૨૦૧૪ના સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવશે.

વિદ્યાર્થી દીઠ આપવામાં આવનાર નોટબુક અને ચોપડાની વિગત, તેનાં ભાવ વગેરે બાબત વિતરણ ફોર્મમાં દર્શાવેલ છે. જે આ અંકમાં અન્યત્ર પ્રસિધ્ધ કરેલ છે.

ઉપરોક્ત યોજના સમાજના વડીલ દાતાશ્રીઓ તરફથી જરૂરિયાતમંદ કુટુંબના વિદ્યાર્થીઓ માટે અમલમાં છે. જે દાતાઓનો 'સંકલ્પ' ખૂબ આભાર માને છે. આ અંગેની વધુ જાણકારી માટે 'સંકલ્પ'ના પ્રમુખ અને મંત્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

***નોંધ :*** સમાજના ૪૦૦ વિદ્યાર્થીઓ માટે આ યોજનાનો લાભ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

***પારસ વીરા - પ્રમુખ (મો. ૯૮૨૫૫ ૫૦૦૬૬)***
***નીતિન શાહ - મંત્રી (૯૯૭૯૮ ૮૨૪૦૧)***

***જીવનમાં પડાવો મહત્ત્વના નથી હોતા, પળો મહત્ત્વની હોય છે.***

**"સંકલ્પ"**

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### નોટબુક - ફૂલસ્કેપ ચોપડા વિતરણ ફોર્મ

ફોર્મ નં. : ____________

(સંસ્થાએ ભરવાની વિગત)

સભ્યનું નામ : ______________________ વસતિપત્રક ક્રમાંક નં. : ____________

સરનામું : ______________________

______________________

ફોન : ______________________ મોબાઈલ : ______________________

વિદ્યાર્થીનું નામ : (૧) ______________________ ઉંમર : ________ ધોરણ : ________

(૨) ______________________ ઉંમર : ________ ધોરણ : ________

(૩) ______________________ ઉંમર : ________ ધોરણ : ________

(૪) ______________________ ઉંમર : ________ ધોરણ : ________

| નોટબુક ચોપડાની વિગત (દરેકના ૧૪૪ પાના) | પ્રતિ ડઝનનો ભાવ | ૫૦% રાહત દર પ્રતિ ડઝનનો ભાવ | કુલ ડઝન | રકમ (રૂપીયામાં) |
|---|---|---|---|---|
| ● **જુનિયર અને સીનિયર કે.જી.** | | | | |
| (૧) ચોરસ ખાનાવાળી નોટબુક | રૂા. ૨૧૬/- | રૂા. ૧૦૮/- | | |
| ● **ધોરણ-૧ થી ધોરણ-૭ માટે** | | | | |
| (૧) ડબલ લાઈનની નોટબુક | રૂા. ૨૧૬/- | રૂા. ૧૦૮/- | | |
| (૨) ચાર લાઈનની નોટબુક | રૂા. ૨૧૬/- | રૂા. ૧૦૮/- | | |
| (૩) સીંગલ લાઈનની નોટબુક | રૂા. ૨૧૬/- | રૂા. ૧૦૮/- | | |
| ● **ધોરણ-૮ અને તેની ઉપરના ધોરણ માટે** | | | | |
| (૧) સીંગલ લાઈન ફૂલસ્કેપ ચોપડા | રૂા. ૩૧૨/- | રૂા. ૧૫૬/- (રૂા. ૧૩/- પ્રતિ નંગ) | | |

કુલ રકમ (શબ્દોમાં) : રૂપીયા ______________________

ફોર્મ ભર્યાની તારીખ : ____________ રસીદ નંબર : ____________ સભ્યની સહી ____________

*નોંધ : આ ફોર્મ સાથે દરેક વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ધોરણની માર્કશીટ અથવા સ્કૂલ આઈ.ડી. કાર્ડની નકલ બિડાણ કરવી જરૂરી છે.*

*જીવન એટલે આવડત કેળવવી તે નહીં, આવડતનો યોગ્ય ઉપયોગ કરવો તે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૧૪

• **ગુરુવાર, તા. ૨૦-૨-૨૦૧૪**

★ સવારમાં ૧૦ વાગે એક મિટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર ગોઠવવામાં આવેલ હતી. આ મિટીંગમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી રજનીભાઈ પારેખ તથા ગૃહ ઉદ્યોગ સમિતિના શ્રી સંદીપભાઈ મહેતા અને શ્રી પ્રદીપભાઈ મહેતા ઉપસ્થિત રહેલ હતા. આ મિટીંગમાં ગૃહ ઉદ્યોગ સમિતિએ ઉપસ્થિત કરેલ પ્રશ્નો બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

★ શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિરથી ત્યાંની વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતો એક વિદ્યાર્થી આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર આવી સમગ્ર સેવા ભવનના સંચાલનમાં રહેતી ક્ષતિઓ વિષે લેખિતમાં એક નોંધ આપેલ હતી. જે બાબત આગળ કાર્યવાહી કરવામાં આવશે તેવું તેમને જણાવવામાં આવેલ હતું.

• **શુક્રવાર, તા. ૨૧-૨-૨૦૧૪**

★ મુંબઈમાં શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે મુંબઈ - અતિથિ ભવનના ડેવલપર્સ શ્રી પંકજભાઈ બાબરિયા તથા શ્રી પારસભાઈ બાબરિયા સાથે તેના એગ્રીમેન્ટ અંગે તથા આગળની સી.સી. બાબતે કેટલીક જરૂરી ચર્ચા કરેલ હતી. ટાઈટલ ક્લિયરન્સ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

★ મુંબઈમાં અતિથિ ભવનને અનુરૂપ ૧૦ માળનું તૈયાર ફ્રેઈમ સ્ટ્રક્ચરવાળું એક મકાન આજરોજ ઘાટકોપર ખાતે શ્રી ભૂપેન્દ્રભાઈ શાહે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી પારસ શાહને બતાવેલ હતું.

★ આગામી તા. ૨૦-૪-૨૦૧૪ના અમદાવાદ ખાતેના ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટનમાં અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેવા આજરોજ ફોનથી શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી દીપકભાઈ ભેદા, શ્રી જયેશભાઈ જૈન, શ્રી રમેશચંદ્ર પ્રેમચંદ મહેતા, શ્રી પીયૂષભાઈ સાવલા, શ્રી હિતેશભાઈ મોતા, શ્રી નયન ભેદા, શ્રી રાયચંદ હંસરાજ ધરમશી, શ્રી દામજીભાઈ એંકરવાલા, શ્રી રસિકલાલ નાનજી શાહ, શ્રી રમણિકલાલ છ. દેઢિયા, શ્રી નરેન્દ્ર પી. શાહ વગેરેનો સંપર્ક સાધવામાં આવેલ હતો.

• **શનિવાર, તા. ૨૨-૨-૨૦૧૪**

★ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ દ્વારા મુંબઈ પવઈ ખાતે હીરાનંદાનીમાં રહેતા શ્રી લહેરીન ખોનાનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. તેમને રૂબરૂમાં મળી તા. ૨૦-૪-૨૦૧૪ના અમદાવાદ ખાતેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવેલ હતા.

★ ત્યારબાદ તેઓ હીરાનંદાની પરિસરમાં રહેતા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી પરિવારને રૂબરૂમાં મળેલ હતા અને તા. ૨૦-૪-૨૦૧૪ના ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટન કાર્યક્રમ અંગે વિસ્તૃત ચર્ચા કરેલ હતી.

★ ત્યારબાદ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ ઘાટકોપર ખાતેના શ્રી લલિતભાઈ મૈશેરીના પ્રોડક્શન યુનિટની મુલાકાત લીધેલ હતી અને કેટલાક ગૃહ ઉદ્યોગ અંગે ચર્ચા કરેલ હતી.

• **સોમવાર, તા. ૨૪-૨-૨૦૧૪**

★ શ્રી આશિષ ધીરજલાલ સ્વરૂપચંદ શાહ ભવન પર આવ્યા હતા. તેઓએ નીચેની બાબતે સ્વૈચ્છિક રીતે ડોનેશનની જાહેરાત કરેલ હતી. જેને સહર્ષ વધાવી લેવામાં આવેલ હતી.

(૧) ડાયાલિસિસ સેન્ટર માટે જોઈતા બધા જ ૯ પલંગ તેની મેટ્રિસીસ સાથે કે જેની કિંમત અંદાજિત રૂા. ૧.૫૦ લાખની ગણી શકાય.

(૨) 'મંગલ મંદિર'ના ફેબ્રુઆરી-૨૦૧૪ના અંકમાં જાહેર કરવામાં આવેલ અને લોકોને બીમારી સમયે થોડા સમય માટે જોઈતા જરૂરી મેડિકલના સાધનો કે જેની કિંમત અંદાજિત રૂા. ૫૦,૦૦૦/- ગણી શકાય.

• **મંગળવાર, તા. ૨૫-૨-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશ્વિન સાવલા વગેરે એકત્રિત થયા હતા અને ડાયાલિસિસ સેન્ટર માટે ખરીદવામાં આવનાર ડાયાલિસિસ મશીન તથા આર.ઓ. પ્લાન્ટ વિશે જુદી જુદી પાર્ટીઓ વચ્ચે ચાલતી વાતો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

★ આજે સાંજના ૭ વાગે કચ્છી યલો પેજિસ સમિતિની એક મિટીંગ મળેલ હતી. આ મિટીંગમાં શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ શાહ, શ્રી દિનેશ જગજીવન શાહ, શ્રી ગિરીશ દેઢિયા વગેરે મળેલ હતા અને ટાઈટલ કવર, શુભેચ્છા સંદેશાઓ, જાહેરાતના પ્રુફ રીડિંગ, અન્ય પ્રુફ રીડિંગ વગેરે અંગે વિગતવાર ચર્ચા કરી, જે-તે કામની જવાબદારી જે-તે વ્યક્તિને સુપરત કરવામાં આવેલ હતી.

*જીવન એટલે સતત શીખવાની પ્રક્રિયા.*

★ શ્રી રમણભાઈ દેઢિયા ભવન પર આવેલ હતા. નવનીત આવાસ યોજના પર તેમને જે ફ્લેટ ફાળવવામાં આવેલ, તે પરત લેવાની સંપૂર્ણ વિધિ પૂરી કરવામાં આવેલ હતી. અન્ય એક લાભાર્થી શ્રી ગૌતમ દોલતને ફાળવેલ ફ્લેટ અંગેની વિધિ આ અગાઉ પૂરી કરી દેવામાં આવેલ છે. આ રીતે આ બંને ફ્લેટ ખાલી થતા તે અન્ય લાભાર્થીને ફાળવી શકાય તેવા સંજોગો રહેલ છે.

● **શનિવાર, તા. ૧-૩-૨૦૧૪**

★ સવારમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશ્વિન સાવલા, શ્રી અનિલ સથવારા, ફ્રેજીનેસ કંપની કે જેઓ ડાયાલિસિસ મશીનો સપ્લાય કરે છે તેમના એન્જિનિયર વગેરે શ્રી કચ્છી વિશ્રામ ગૃહની સાઈટ પર ગયેલ હતા અને ત્યાંની જરૂરિયાત અંગે જરૂરી પ્લાનિંગ કરેલ હતા.

★ 'મંગલ મંદિર'ના વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના અંકો માટે બાર મહિનાની જરૂરી જાહેરાતો તથા સૌજન્ય મેળવવાની આજથી શરૂઆત કરવામાં આવેલ હતી. આ માટે વિવિધ સભ્યોનો સંપર્ક સાધવામાં આવેલ હતો.

● **સોમવાર, તા. ૩-૩-૨૦૧૪**

★ ફ્રેજીનેસ કંપનીને તેમના લેટેસ્ટ ડાયાલિસિસ મશીન - ૯ નંગ માટે હૈદ્રાબાદના શ્રી સુશીલ ધીરજલાલ ટોકરશી કાપડિયા તથા શ્રી ગૌતમ ચોરડિયા મારફત ફાઈનલ મૌખિક ઓર્ડર આપી દેવામાં આવેલ. તેનું પેપર વર્ક હવે પછી શરૂ કરવામાં આવશે. બહુ જ કિફાયતી ધોરણે આ મશીનોની ખરીદી કરવામાં આવી રહેલ છે કે જેનો શ્રેય શ્રી સુશીલભાઈ કાપડિયાના ફાળે જાય છે.

★ ગોવાથી રજા ગાળીને પરત ફરતા શ્રી ક.જૈ.સે.સ.ના માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહની તબિયત લથડતા પ્રથમ તેઓને બતાવવા માટે ડૉ. નીતુબેન પરીખ પાસે લાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેઓની વિવિધ ચકાસણી કરવા માટે ડૉ. ધીરેન શાહ પાસે સીમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા.

● **મંગળવાર, તા. ૪-૩-૨૦૧૪**

★ 'મંગલ મંદિર'નો અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ વિશેષાંક "કચ્છ : એક અલગ રાજ્ય - તેના ફાયદા તથા ગેરફાયદા" વિષય પર પ્રસારિત કરવાનો હોવાથી તે અંગેના અભ્યાસપ્રદ લેખો મંગાવવા વિવિધ ક્ષેત્રની ૫૦ જેટલી વ્યક્તિઓને પત્રો લખીને મોકલવામાં આવેલ હતા.

★ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (અમદાવાદ ખાતેના ડાયાલિસિસ સેન્ટરના મુખ્ય ડોનર) સાથે ફોન પર વાત થયા મુજબ અમદાવાદ ખાતેના ડાયાલિસિસ સેન્ટરનું મુખ્ય નામ "શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસીસ સેન્ટર" રાખવાનું તેમણે સૂચન કરેલ હતું. દરેક ડાયાલિસિસ મશીન પરના નકરા અંગે પણ તેમની સાથે ચર્ચા કરવામાં આવેલ હતી.

● **બુધવાર, તા. ૫-૩-૨૦૧૪**

★ આજે કચ્છી બિઝનેસ ડિરેક્ટરી પર આવેલ ૨૫ જેટલા વિવિધ કચ્છી ઘટક સમાજોના શુભ સંદેશાઓનું ફાઈનલ પ્રુફ રીડિંગનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું.

★ સવારમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી પરાશર વ્યાસ, શ્રી જીગેશ શાહ, શ્રી અનિલ સથવારા વગેરે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ગયેલ હતા અને કોન્ફરન્સ હોલને ડાયાલિસિસ સેન્ટરમાં કન્વર્ટ કરવા, જરૂરી સિવિલ વર્ક આવતીકાલથી ચાલુ કરવા ફાઈનલ આયોજન અને પ્લાનિંગ ઘડી રાખેલ હતા.

★ જમણવાર સમિતિના આઠેક જેટલા સભ્યોએ એક પત્ર પર સહી કરી, જરૂરી વિગતો બાબતે એક પત્ર પ્રમુખશ્રી / મંત્રીશ્રી પર સંબોધિત કરી, શ્રી કચ્છી જૈન ભવન પર આપેલ હતો.

● **ગુરુવાર, તા. ૬-૩-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પર ભવન સમિતિની એક મિટીંગ મળેલ હતી. જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી રજનીકાંત પારેખ, શ્રી દિનેશ જગજીવન શાહ, શ્રી ચંદ્રકાંત રવિલાલ મહેતા, શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા, શ્રી પીયૂષભાઈ પારેખ, શ્રી પીયૂષભાઈ સાવલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. ગીતા મંદિર ભવન પર બીજા માળે વ્યવસ્થિતપણે હોસ્ટેલ ચલાવવી, શ્રી કચ્છી વિશ્રામ ગૃહના કોન્ફરન્સ હોલના ફ્રી થયેલ ટેબલોનો વ્યવસ્થિત ઉપયોગ કરવો, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર જરૂરી રીપેરિંગ કામ વગેરે પ્રશ્નો બાબતે ચર્ચા કરી, તેના અનુસંધાને જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

★ સાંજના શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા શ્રી શાંતિલાલભાઈ ગાલાની નાદુરસ્ત તબિયતના કારણે તેમને ત્યાં શુભેચ્છા મુલાકાતે ગયેલ હતા કે જ્યારે "હાયર એજ્યુકેશન લોન" અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ રાત્રે વયસ્ક સમિતિના નેજા હેઠળ ૫૦થી વધુ સંખ્યાના વયસ્કો રાજસ્થાનના ત્રણ દિવસના પ્રવાસે ગયેલ હતા.

● **શુક્રવાર, તા. ૭-૩-૨૦૧૪**

★ શ્રી પીયૂષ સાવલા ભવન પર આવી શ્રી અશોક મહેતા અને શ્રી પ્રતાપભાઈ દંડને મળેલ હતા અને સભ્યોને ત્યાં પ્રસંગ હોય ત્યારે ભવન પર અન્યત્ર ગરમ રસોઈ કરવાની માગણી કરેલ હતી કે જે શક્ય ન હોતાં તેનો સ્વીકાર કરવામાં આવેલ ન હતો.

★ ડાયાલિસિસ સેન્ટરના વિવિધ નકરાઓ માટે કચ્છી ઉદ્યોગપતિશ્રીઓ તથા કચ્છમાં સ્થાપિત ઉદ્યોગોના કેટલાક ઉદ્યોગપતિશ્રીઓને પત્રો લખવામાં આવેલ હતા.

★ કચ્છી યલો પેજીસના પ્રુફ રીડિંગ તથા

*જીવન એ પ્રભુ તરફથી માનવીને મળેલી સૌથી અમૂલ્ય ભેટ છે.*

અન્ય બાબતે ચર્ચા કરવા ભવન પર આજરોજ સાંજના શ્રી મનુભાઈ શાહ, શ્રી દિનેશ જગજીવન શાહ તથા શ્રી નરેન્દ્ર કોઠારી એકત્રિત થયેલ હતા.

- **શનિવાર, તા. ૮-૩-૨૦૧૪**

★ સમાજના હિસાબો લખવામાં એકાદ મહિનો પાછળ હોવાથી અને તે અંગે ખજાનચી શ્રી કે.ડી. શાહ સાથે ચર્ચા થયા બાદ એકાઉન્ટન્ટ શ્રી કિશોરભાઈ ઠક્કર સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. કોઈપણ સંજોગોમાં બાકી હિસાબોનું કાર્ય પૂરું કરી એપ્રિલ-૨૦૧૪ના અંત સુધીમાં વર્ષ ૨૦૧૩-૧૪ની બેલેન્સ શીટ તૈયાર થઈ જશે તેવું શ્રી કિશોરભાઈ ઠક્કરે જણાવેલ હતું.

★ મેડિકલ સેન્ટરની નાની નાની ત્રુટીઓની શ્રી ગિરીશ દેઢિયાની રજૂઆત પર શ્રીમતી દક્ષાબેન અને શ્રી પીન્ટુ સાથે ચર્ચા કરી તે અંગે ઘટતી કાર્યવાહી કરવામાં આવશે તેવું તેઓએ જણાવેલ હતું.

- **સોમવાર, તા. ૧૦-૩-૨૦૧૪**

★ સાંજના શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની એક સંયુક્ત મિટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જ્યારે ૨૦થી પણ વધુ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ મિટીંગમાં ડાયાલિસિસ સેન્ટરના ખર્ચને મંજૂરી, ડાયાલિસિસ સેન્ટરના નકરાની વિગતને મંજૂરી, ઉચ્ચ વિદ્યાર્થીઓને લોન આપવાની યોજનાને મંજૂરી વગેરે બાબતે ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

- **બુધવાર, તા. ૧૨-૩-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટરમાં નિયમિતપણે વિઝિટે આવતા નેફ્રોલોજિસ્ટ ડૉ. જગદીપ શાહ સાથે એક મિટીંગ ગોઠવવામાં આવેલ હતી. શ્રી અશ્વિન સાવલા, શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ ઉપસ્થિત રહેલ હતા. ડૉ. જગદીપ શાહ શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ડાયાલિસિસ સેન્ટરમાં નિયમિતપણે સેવા આપશે તેવું તેમની સાથે નક્કી કરવામાં આવેલ હતું. તેમના કોમર્શિયલ ચાર્જિસ પણ નક્કી કરી લેવામાં આવેલ હતા. ડાયાલિસિસ સેન્ટરમાં ડાયાલિસિસ કરાવવા આવતા દર્દીઓના કન્સલ્ટિંગ ચાર્જ પણ તેમની સાથે નક્કી કરવામાં આવેલ હતા. અન્ય કોઈ નેફ્રોલોજિસ્ટો આ સેન્ટર સાથે જોડાય તેની શક્યતાની પણ તેમની સાથે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ હૈદ્રાબાદથી શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ગ્રુપના શ્રી ગૌતમચંદ જૈન (ચોરડિયા) અમદાવાદમાં આવેલ હોવાના કારણે શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. પ્રથમ શ્રી અશ્વિનભાઈ સાવલા તેમને શ્રી કચ્છી વિશ્રામ ગૃહની સાઈટ પર લઈ ગયેલ હતા. ત્યારબાદ તેઓ શ્રી કચ્છી જૈન ભવન પર આવી શ્રી અશ્વિન સાવલા, શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ સાથે ડાયાલિસીસ સેન્ટર અંગે જરૂરી ચર્ચાઓ કરેલ હતી. ત્યારબાદ તેમને ભવન પરનું મેડિકલ સેન્ટર બતાવવામાં આવેલ હતું. તેઓ તા. ૨૦-૪-૨૦૧૪ના ડાયાલિસિસ સેન્ટરના ઓપનિંગ સમયે ઉપસ્થિત રહેશે તેવું તેમની સાથે નક્કી કરવામાં આવેલ હતું.

- **ગુરુવાર, તા. ૧૩-૩-૨૦૧૪**

★ કચ્છી યલો પેજીસ સમિતિની ભવન પર મિટીંગ મળેલ હતી. કચ્છી બિઝનેસ ડિરેક્ટરી હવે ફાઈનલ સ્વરૂપ ધારણ કરેલ હોવાથી સતતપણે તેની મિટીંગો થતી રહે છે. આજની મિટીંગમાં શ્રી મનુભાઈ શાહ, શ્રી દિનેશભાઈ જ. શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી ગિરીશ દેઢિયા તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. છેલ્લી ૭૫ નંબરની ફાઈલના ફોર્મ્સનું કોમ્પ્યુટરાઈઝેશન તથા દરેક આઈટમના ફાઈનલ પ્રૂફ રીડિંગ વગેરે અંગે ચર્ચાઓ કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૧૪-૩-૨૦૧૪**

★ એપ્રિલ-૨૦૧૪ના 'મંગલ મંદિર' માટે બહારગામની કોમ્પ્લિમેન્ટરી કોપી પર કાપ મૂકવા માટે અને સમાજના જે સભ્યોએ લવાજમ ના ભરેલ હોય તેઓને મોકલવાની કોપી પર કાપ મૂકવા માટે ફાઈનલ વર્કિંગ ચાલી રહેલ છે.

- **શનિવાર, તા. ૧૫-૩-૨૦૧૪**

★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરી માટે અગાઉ નક્કી કરવામાં આવેલ જાહેરાતોની મેટર તથા બાકી રહેતી બોટમ પટ્ટીની જાહેરાતો મેળવવા અંગેની ફાઈનલ કાર્યવાહી ચાલી રહેલ છે.

★ મેડિકલ સેન્ટર માટે 'સી' ફોર્મ મેળવવા માટે જરૂરી કાર્યવાહી ચાલી રહેલ છે.

★ તા. ૧૭-૩-૨૦૧૪થી મેડિકલ સેન્ટરના જૂના કાર્ડ પરત લઈ, નવા કાર્ડ ઈસ્યુ કરવાની તૈયારી ચાલી રહેલ છે.

★ ભુજમાં આર્કિટેક્ચરલ કોલેજ માટે જમીન સંપાદનની પ્રક્રિયા સંતોષજનક રીતે આગળ વધી રહેલ છે.

- **મંગળવાર, તા. ૧૮-૩-૨૦૧૪**

★ શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ તથા શ્રી અશોક મહેતા પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સવાળા શ્રી મેઘજીભાઈ પટેલને રૂબરૂ મળેલ હતા અને કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચન માટે તેમને રૂબરૂમાં આમંત્રિત કરેલ હતા કે જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કરેલ હતો.

★ મેડિકલ સમિતિની એક મિટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી કે.આર. શાહ, શ્રી અશ્વિન સાવલા, ડૉ. હિતુભાઈ, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રી દિનેશ મહેતા, શ્રીમતી હાસ્યલતાબેન, શ્રીમતી દક્ષાબેન તથા શ્રી પીન્ટુ ઉપસ્થિત રહેલ હતા. મેડિકલ સેન્ટરની કેટલીક રૂટીન બાબતે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

*જીવન એક સંગીત છે, રિયાઝ વગર એને પામવું અશક્ય છે.*

- **બુધવાર, તા. ૧૯-૩-૨૦૧૪**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ડાયાલિસિસ સેન્ટરના સિવિલ વર્ક માટે શ્રી પ્રતાપભાઈ દંડે આજરોજ ત્યાંના બધા જ કોન્ટ્રાક્ટરોને એકત્રિત કરી, પ્લાનિંગ બનાવી, કામ આગળ ધપાવ્યું હતું.

★ મંગલ મંદિરના ફેબ્રુઆરી-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ મેડિકલના સાધનોની અપીલના અનુસંધાને શ્રી આશિષ ધીરુભાઈ શાહ એ બધા જ સાધનો આજરોજ ભવન પર પોતાના તરફથી ડોનેશન સ્વરૂપે મોકલી આપેલ હતા. જેની અંદાજિત કિંમત રૂા. ૭૫,૦૦૦/- ગણી શકાય. સમાજ, શ્રી આશિષભાઈનો આભાર માને છે.

★ સાલ હોસ્પિટલના ડાયાલિસિસ સેન્ટરના ટેકનિશિયન શ્રી અંકિત દવેને આજરોજ શ્રી અશ્વિન સાવલાએ તેમની સાથે જરૂરી ચર્ચા વિમર્શ કરવા ભવન પર બોલાવેલ હતા. આ સમયે શ્રી અશોક મહેતા પણ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ડાયાલિસિસ સેન્ટરની સ્થાપનાના અનુસંધાને તેમની પાસેથી અનેક જરૂરી વિગતો મંગાવવામાં આવેલ હતી.

★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના કવર પેઈજ માટે શ્રીમતી સંગીતા ગાલા કેટલીક ડિઝાઈનો બનાવીને ભવન પર બતાવવા રૂબરૂ આવેલ હતા.

- **ગુરુવાર, તા. ૨૦-૩-૨૦૧૪**

★ હૈદ્રાબાદથી શ્રી ગૌતમભાઈ ચોરડિયાનો ફોન હતો કે ફ્રેજીનેસ કંપની ડાયરેક્ટ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ડાયાલિસિસ મશીન ખૂબ જ ઓછા દરે આપી શકશે નહીં. આ કંપની આ પ્રકારના મશીન માત્ર હૈદ્રાબાદમાં શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાના ટ્રસ્ટને જ આપી શકે. કેમકે તેઓ ફ્રેજીનેસ કંપનીના એક મોટા ગ્રાહક છે. બિલ વગેરે પણ હૈદ્રાબાદ ટ્રસ્ટના નામનું બનશે તેમ તેઓએ જણાવેલ હતું. જો કે આ અગાઉ તે કંપનીએ શ્રી ક.જૈ.સે.સ.નો ઓર્ડર મંજૂર રાખેલ હતો. આ પરિસ્થિતિ જરૂરી નિર્ણય લેવા વિચારણા માગી લે છે.

★ ટેકનિશિયન શ્રી અંકિત દવેને શ્રી અશ્વિનભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના ડાયાલિસિસ સેન્ટરની જગ્યા પર લઈ ગયેલ હતા અને ત્યાં સાઈટ પર તેમની સાથે અનેકવિધ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૨૧-૩-૨૦૧૪**

★ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી કે.આર. શાહ પ્રથમ ગાંધીનગર ખાતે શ્રી હરખચંદ સાવલાની રૂબરૂ મુલાકાતે ગયેલ હતા. તેઓ તા. ૨૯-૩-૨૦૧૪ના ૬ મહિના માટે અમેરિકા જવાના છે. તેમની સાથે ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આપવામાં આવનાર લોન અંગે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. આ પ્રશ્ને તેઓનું વલણ ખૂબ જ સાનુકૂળ રહેલ હતું. ડાયાલિસિસ સેન્ટર માટે તેઓએ પાંચ દિવસના નકરાનો સ્વીકાર પણ કરેલ હતો.

★ ત્યારબાદ આ ટીમે ગાંધીનગર ખાતે જ શ્રી રમેશ કુંવરજી સાવલાની મુલાકાત તેમની ફેક્ટરી પર રૂબરૂ લીધેલ હતી અને તા. ૨૦-૪-૨૦૧૪ના કાર્યરત કરવામાં આવનાર નવા ડાયાલિસિસ સેન્ટરના નકરા અંગે તેમની સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. તેમનું વલણ ખૂબ જ સાનુકૂળ રહેવા પામેલ હતું.

★ આજરોજ સુરતથી શ્રી કૌશિક મોહનલાલ શાહ ભવન પર પધારેલ હતા. એ સમયે શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી અશોકભાઈ મહેતા ઉપસ્થિત રહેલ હતા. શ્રી કૌશિકભાઈને તા. ૨૦-૪-૨૦૧૪ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા રૂબરૂમાં આમંત્રિત કરવામાં આવેલ હતા.

★ આજરોજ શ્રી પીયૂષ પારેખ અંદાજિત ૧૭,૦૦૦ ચોરસ ફૂટના એક ફ્લોરવાળી, કલગી ચાર રસ્તા પરની એક તૈયાર યોજનાને લઈને તેના પ્લાન સાથે હોસ્પિટલના અનુસંધાને ચર્ચા કરવા ભવન પર પધારેલ હતા.

- **શનિવાર, તા. ૨૨-૩-૨૦૧૪**

★ શ્રી કિરણભાઈ એમ. ત્રેવાડિયાનો આજરોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ માટે ઈન્ટરવ્યૂ લેવામાં આવેલ હતો. આ બાબતે કોઈ નિર્ણય લેવામાં આવેલ ન હતો.

★ ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટનની આમંત્રણ પત્રિકા છપાઈને આજરોજ ભવન પર આવી ગયેલ હતી.

★ શ્રી સુશીલ ધીરજલાલ કાપડિયા સાથે ડાયાલિસિસ મશીન માટે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

- **રવિવાર, તા. ૨૩-૩-૨૦૧૪**

★ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના નેજા હેઠળ 'ઈન્વેસ્ટમેન્ટ પ્લાન' અંગેનો એક સેમિનાર ભવન પર યોજવામાં આવેલ હતો. ૩૦ની સંખ્યાના લોકો આ સેમિનારમાં ઉપસ્થિત રહેલ હતા.

- **સોમવાર, તા. ૨૪-૩-૨૦૧૪**

★ ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટન નિમિત્તેની અંદાજિત ૩૫૦ આમંત્રણ પત્રિકા આજરોજ મોકલી આપવામાં આવેલ હતી.

★ ડાયાલિસિસ મશીન માટે શ્રી સુશીલભાઈ કાપડિયા તથા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી સાથે આજરોજ જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. ■

**અર્થશાસ્ત્રીની પત્ની : 'કહું છું, આ ફુગાવો એટલે શું?'**

**અર્થશાસ્ત્રી : 'પહેલાં તું ૩૬-૨૪-૩૬ની હતી. આજે ૪૨-૪૦-૪૨ની છે. તારી પાસે પહેલાં કરતાં બધું જ વધારે છે છતાં તારી વેલ્યું ઓછી છે! બસ, આનું નામ ફુગાવો!'** ☺

*જીવન એ પ્રભુ સુધી પહોંચવાનો એક સરળ રસ્તો છે.*

## ઊડતી નજરે....

**ફેબ્રુઆરી-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>જેમાંથી – | **૧૧,૩૩૯** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૫૬૯** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૮૩** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........ **૧૯** | |
| | (ગ) | સોનોગ્રાફી ........ **૯૨૭** | |
| | (ઘ) | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........ **૩૩** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ **૪૪૯** | |
| | (છ) | અન્ય ........ **૯,૨૫૯** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૦૯૮**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ ........ **૫,૨૭૦**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ........ **૩૫૮**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........ **૧,૫૧૮** | **૯,૨૪૪** |
| ૩. | | માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૭૪૮**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૩,૬૯૪** | **૪,૪૪૨** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૪૨૧** | **૪૨૧** |
| | | ફેબ્રુઆરી-૨૦૧૪ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | **૨૫,૪૪૬** |

## પ્રાચીન પ્રેરકકથા

એક શેઠની મોટી હવેલી. એમાં ઘણાં નોકર-ચાકર કામ કરે. ઘરમાં કામ કરનારાં વધારે હોય તો ઈર્ષ્યા - અદેખાઈ - ખટપટ - તારીમારી એ બધું પણ આવે. હવેલી એમાંથી બાકાત ન હતી.

શેઠનો પ્રિય વિશ્વાસુ મુનીમ. બધા જ નોકર ચાકર પાસેથી સખત કડકાઈથી કામ લે. કોઈને નવરા બેસવા ન દે. નોકરીનો આંખમાં મુનીમની કડકાઈ અને મુનીમ ખટકે. પણ મુનીમનો દોષ મળે નહીં.

એક ખૂબ જ ખણખોદિયા નોકરે ધ્યાનથી જોયું કે મુનીમ દરરોજ રાત્રે એક ઓરડીમાં જઈ ઓરડી બંધ કરી એમાંથી પાંચ મિનિટ પછી નીકળે છે. નોકરોને વહેમ ગયો. શેઠના કાન ભંભેર્યા. શેઠ અને નોકરોએ એક દિવસ ભેગા મળી મુનીમ ઓરડીમાં ગયો કે તરત બારણું ખટખટાવ્યું.

ઓરડીમાં નાની પેટી આસપાસ અગરબત્તી કરવામાં આવી હતી. શેઠે પેટી ખોલવા દુરાગ્રહ કર્યો. મુનીમે આનાકાની પછી પેટી ખોલી.

અંદરથી જૂનાં ફાટેલાં એક ઝભ્ભો-ધોતિયું નીકળ્યા. મુનીમ કહે, આ પહેરી તમારે ત્યાં નોકરીએ આવ્યો હતો. એ જ મારી મૂડી હતી. મને અભિમાન ન આવે તેથી દરરોજ તેને જોઈ અગરબત્તી કરું છું.


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
COOKWELL
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON
100% Safe Water
High Performance Mineral Water System
Big Capacity
NANO Ceramic Candle
Silica Sand
Silver Activated Carbon
Activated Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
COOKWELL
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય

## નવભારત સાહિત્ય મંદિર

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૦

પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

mail : info@navbharatonline@gmail.com
website : www.navbharatonline.com

– ગુજરાતી ભાષાના જાણીતા લેખકો દ્વારા લખાયેલાં
– તમામ વિષયોનાં પુસ્તકો
– તમામ પ્રકાશકોનાં પુસ્તકો
– ગુજરાતી ભાષાની ક્લાસિક કૃતિઓ
– વિપુલ બાળસાહિત્ય
– ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં પુસ્તકો
– બે વિશાળ એ.સી. શો-રૂમ
– જીવનને બદલી નાખનાર ઉત્તમ વિપુલ સાહિત્ય

ગુજરાતી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
એક જ સ્થળેથી મેળવવા માટે પધારો છો ને?

**આપને મનગમતાં કોઈ પણ પુસ્તક માટે સંપર્ક કરો તથા અમારા બે સેન્ટ્રલ એ.સી. શો-રૂમની મુલાકાત લો.**

## TOYCRA
play to grow

TOYCRA, 2nd Floor,
Indraprashth Corporate House,
Opp. Relaince Petrol Pump,
Prahlad Nagar Road,
Satellite, Ahmedabad-380015

Ph: (079) 66170265, Mo. : 98791 10650

mail : toycra@gmail.com
facebook link : facebook.com/toycra

– ઇન્ટરનેશનલ બ્રાન્ડના અવનવાં અદ્‌ભુત ટોય્ઝ
– વિશ્વની ૪૦ જાણીતી બ્રાન્ડનાં રમકડાં
– વૈવિધ્યસભર રમકડાંઓ ડેમો સહિત
– વિશ્વની જાણીતી ગેમ્સ
– એજ્યુકેશનલ - નોલેજ બુક્સ
– ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
– પુસ્તકો, ટોય્ઝ, ગેઇમ્સ જોવા, બેસવાની ઉત્તમ સુવિધા
– ૧૨૦૦૦ ક્વેર ફૂટમાં પથરાયેલ વિશાળ એ.સી. શો-રૂમ
– તમામ ઉંમરના લોકો માટેની બ્રાન્ડ્સ

અમદાવાદના સૌથી ટોયઝના સૌપ્રથમ આવા
વિશાળ એ.સી. શો-રૂમમાં પધારો છો ને?

**વિશ્વની જાણીતી બ્રાન્ડનાં ટોય્ઝ, ગેઇમ્સ મેળવવા અમારા વિશાળ એ.સી. શો-રૂમની આજે જ મુલાકાત લો.**



# GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office** : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**



પ્લોટ્સ અને વિલા ૧૫ લાખથી શરૂ
બુકીંગ ચાલુ છે.
સેમ્પલ વિલા તૈયાર છે.
Kalpavriksha
abode
Plots & Villas
@ પંચાસર
શંખેશ્વર
પ્લોટ સાઇઝ- ૫૦૦ વાર અને વધુ ના પ્લોટ્સ
● ૧ BHK - વિલા - ૯૬.વાર
● ૨ BHK - વિલા - ૧૧૫.વાર
સાઈટ એડ્રેસ :
કલશ કુબેરની બાજુમાં, પંચાસર ગામ, શંખેશ્વર, ગુજરાત
ઓફીસ એડ્રેસ :
ચોથો માળ, અંજલી હાઉસ, લાલ બંગલોની સામે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
Contact :
M : +91 99099 44034 | Ph. : 079 2642 7001/7
Web : www.kalpavrikshaabode.com
ડેવલોપર :
DIAMOND
realty





Gala
NO DUST BROOM
iska bhusa nahi nikalta!
No 'new broom dust'
3X Longer lasting
Washable
Superior Cleaning Guaranteed

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**


**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY

ROMAN
GROUP

Give Your Society The Best!



Pest Control

Water Purifier

Water Proofing

Building Facilities

Silicon Acrylic Paint

Water Treatment Plant

Rain Water Harvesting

Solar Water Heating Systems

Tank And Ringwell Cleaning

Property Redevelopment And solutions

Landscaping And Play Equipment For Gardens

Roman Group of Companies
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**
**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,